પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ચુંમોતેરમું
સળંગ અંક ૮૮૨

માહે જૂન
બે હજાર એક

કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ



'કુમાર' શબ્દનો ઉપયોગ કરી તૈયાર કરેલી પેપર-કટ ડિઝાઇન
(કૃષ્ણવદન જેટલી)



ઘનવાદની શૈલીએ તૈયાર કરેલું વાદ્યવાદિનીનું તૈલરંગી ચિત્ર

[ચિત્રકાર : જગુભાઈ શાહ]

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૪મું

અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.

★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જૂન ૨૦૦૧

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ, અમદાવાદ ફોન : ૫૭૩૫૨૪૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

ભારતના રાષ્ટ્રપતિ શ્રી કે.આર. નારાયણના શબ્દોમાં સ્ટીફન હૉકિંગ એટલે 'VICTORY OF MIND OVER MATTER.' (ભૌતિક સૃષ્ટિ પર મનની જીત.) સ્ટીફન હૉકિંગના બે લઘુ ચરિત્રો છે.

(૧) સ્ટીફન હૉકિંગ - 'અ લાઈફ ઈન સાયન્સ' માઈકલ વ્હાઈટ એન્ડ જૉન ગ્રિબિન, ૧૯૯૩, ૧૯૯૭

(૨) 'સ્ટીફન હૉકિંગ્સ યુનિવર્સ' - જૉન બાંસ્લાં ૧૯૮૫

એમના અદ્યતન જીવનચરિત્રનું પ્રકાશન આવશ્યક છે. શ્રી. પ્રહ્લાદ પટેલનું કથન છે, 'આજથી બાર વર્ષ પહેલાં તેમણે 'અ બ્રીફ હિસ્ટરી ઑફ ટાઈમ 'નામનું પુસ્તક લખ્યું.' (કુમાર, માર્ચ, ૨૦૦૧) વાસ્તવમાં પ્રસ્તુત પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૬૮માં પ્રકાશિત છે, સંશોધિત સંવર્ધિત આવૃત્તિ ૧૯૮૮માં પ્રકાશિત થઈ. પુસ્તકનો છેલ્લો ફકરો છે :

'However, if we do discover a complete theory.. it would be the ultimate triumph of Human Reason – for then we would know the Mind of God.'

એમના ઈશ્વર વિશેના વિચારોએ ચકચાર જગાડી છે. પ્રથમ પત્ની જેન સાથે છૂટાછેડાનું એક કારણ (ભલે એકમાત્ર કારણ નહિ). હૉકિંગની ઈશ્વર વિશે વિચારણા. (માઈકલ વ્હાઈટ, પૃ. ૧૬૭-૮) મુખ્ય કારણ અહીં અપ્રસ્તુત છે.

સર ફ્રેડ હૉયલ (ઈ. ૧૯૧૫ - બ્રિટિશ ઍસ્ટ્રૉનોમર) ડૉ. જયંત નારલિકર (વર્તમાનમાં પૂણે)ના ગુરુ, 'સ્ટેડી સ્ટેટ થીઅરી'ના પ્રણેતા, કંઈક મજાકમાં, કંઈક તિરસ્કારમાં 'Big Bang' સંજ્ઞાના પ્રયોજક.

શ્રી નારલિકર દ્વારા હૉકિંગ હૉયલની થીઅરીથી વાકેફ થાય છે, હોયલ લંડનમાં 'ધ રૉયલ સોસાયટી'ની સભામાં થીઅરી પ્રતિપાદિત કરે છે, હૉકિંગ ઉપસ્થિત છે, વક્તવ્યને અંતે હૉયલ પ્રશ્નો આવકારે છે.

હૉકિંગ : (હૉયલને સંબોધે છે) 'The quantity you're talking about diverges.'

હૉયલ : Of course it doesn't divrge How do you know ?'

હૉકિંગ : 'Because I worked it out.' (માઈકલ વ્હાઈટ, પૃ. ૬૭-૬૮)

હૉકિંગ યુવાવસ્થાથી સ્વતંત્ર વિચારક, અન્યની શેહમાં તણાય એ બીજા.

હૉકિંગ 'હૉકિંગ પ્રોસેસ' યા 'હૉકિંગ રેડિએશન'ના સંશોધક છે ('Black holes cane mit hot particles')

(-અ ડિક્શનરી ઑફ સાયન્સ, ૧૯૯૯, પૃ. ૩૬૯) (- અ ડિક્શનરી ઑફ સાયનટિસ્ટ્સ, ૧૯૯૯, પૃ. ૨૪૨ ૩

(- ધ ન્યૂયોર્ક પબ્લિક લાઈબ્રેરી સાયન્સ ડેસ્ક. રેફરન્સ, ૧૯૯૫, પૃ. ૨૭૮, ૩૫૭)

શ્રી પ્રહ્લાદ પટેલનું કથન છે, 'નાનપણમાં જ મોટર ન્યૂરોન ડિસીઝ (MND) અથવા એમિઓટ્રોફિક લેટરસ સ્કલેરોસિસ (ALS) નામના જીવલેણ રોગના હુમલાના ભોગ બન્યા.' વાસ્તવમાં ૧૮વર્ષની વયે ઈ. ૧૯૬૦માં પ્રસ્તુત રોગના ભોગ બન્યા. ત્યારે ભવિષ્ય ભાખવામાં આવેલ કે લાંબું જીવશે નહિ, પરંતુ ૪૨ વર્ષો બાદ પણ જીવીત છે. (જન્મ ૧૯૪૨). વિજ્ઞાનનું સદ્ભાગ્ય, વિશ્વનું સદ્ભાગ્ય.

હૉકિંગને હજુ સુધી નોબેલ પારિતોષિક એનાયત થયેલ નથી. એનાયત થશે ત્યારે પારિતોષિકની ગરિમા ઝળહળી ઊઠશે.

વર્તમાનમાં 'બ્લૅક હોલ્સ'ની બોલબોલા છે. (અ બ્રીફ હિસ્ટરી ઑફ ટાઈમ, પ્રકરણ ૬)

'Supermassive black holes once dominated the universe, sucking in gas, dust and whole stars and erupting with surges of x rays that have journeyed for billions of years through space'

સંશોધનનો યશ NASAની 'ચન્દ્ર ઑબ્ઝરવેટરીને. ૧.૫ અબજ ડૉલરનું ટેલિસ્કોપ, જૂન, ૧૯૯૯થી અંતરીક્ષમાં વિહરી રહ્યું છે. ('ચન્દ્ર' એટલે અસલમાં ભારતીય નાગરિક શ્રી સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખર, ૧૯૧૦ - ૧૯૯૫, નોબેલ પારિતોષિક ઈ. ૧૯૮૩)

અદ્યતન સંશોધન અનુસાર Glial cells મગજના ચાકર નથી, પરંતુ મગજ પર હકૂમત ધરાવે છે, (Glue-Glia - Glial). આ કોષો પરસ્પર સંદેશાઓની આપલે કરે છે, મગજનાં Neuronsને સંકેતો પાઠવે છે, સંકેતો મેળવે પણ છે.

સૂક્ષ્મદર્શકયંત્ર હેઠળ મગજની બીમારીનાં દર્દીઓનાં મગજમાં (ALZMEIMER. PARKINSON, EPILEPY GLIOSIS'નું પ્રમાણ અધિકતર નીરખવામાં આવ્યું છે.

સ્ટીફન હૉકિંગ Lou Gehrig રોગપીડિત છે (Motor Neuron). અદ્યતન અનુમાન છે કે પ્રસ્તુત રોગમાં આ કોષો કારણભૂત છે. 'ન્યૂ સાયનટિસ્ટ' સાપ્તાહિક અને 'સાયન્સ' સાપ્તાહિક આધારિત તા. ૧-૪-૨૦૦૧ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં વૃત્તાંત છે.)'

-વી.બી. ગણાત્રા (મુંબઈ)

•

'કુમાર' માસિક જો કે છેલ્લાં ૭૪ વર્ષોથી પ્રકાશિત થાય છે, પણ તેના પરિચયમાં હું હમણાં જ આવી અને અલ્પ પરિચયમાં જ પ્રભાવિત થઈ. એનસાઈક્લોપિડીઆ જેવું આવું સભર સામયિક કોઈ અન્ય ભાષામાં પ્રગટ થતું હોવાનું મારી જાણમાં નથી. આવા ઉત્કૃષ્ટ કક્ષાના માસિકનું સફળ સંચાલન કરવા માટે અભિનંદન.

'કુમાર'ની આટલી લાંબી મજલની માહિતી મળતાં તેની જૂની ઢબ-છબ જોવાની લાલસા જાગી. આને કારણે મેં 'કુમાર'ના જૂના અને અતિજૂના અંકો મેળવ્યા અને તેમાં ખૂબ રસથી ડોકિયું કર્યું. આ જૂના અંકો તથા હાલના અંકો સરખાવતાં આંખોને ઊડીને વળગે તેવો કેટલોક તફાવત મને જણાયો અને તેથી આ લખવા પ્રેરાઈ છું.

સિક્કાની બન્ને બાજુઓની રજૂઆત કરું છું. 'કુમાર'નું જૂનુ અને નવું વાચન બન્ને માહિતીપ્રચુર છે. જૂના પ્રકાશનમાં પકવાનની સાથે સલાડ, ચટણી, રાઈતું, છાશ વ. પિરસાતાં હતાં. હાલના અંકોમાં પકવાનનો અતિરેક દેખાય છે. આધુનિક કળા, સાહિત્ય, વિજ્ઞાન વ. ને લગતા લેખો આવકાર્ય છે પણ સાથેસાથે લોકભોગ્ય અને 'સામાન્ય' જનસમૂહને રસ પડે અથવા તો તેમની પણ ચાંચ ડૂબી શકે તેવા લેખો પણ આવે તો 'કુમાર' વધુ લોકપ્રિય બનશે.

પ્રચૂર માહિતીપ્રધાન લેખોમાં અતિરેક ન થવો જોઈએ. એક નીતિ તરીકે નક્કી કરી શકાય

(અનુસંધાન પૃ. ૩૭૫)

ક્યાં છે ?/ ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

તારું મૂળ જોઈએ મૂળ,
અહીં આ ધરતીમાં
તે ક્યાં છે ? ક્યાં છે ?
તારું ફૂલ જોઈએ ફૂલ,
અહીં આકાશે મઘમઘ,
ક્યાં છે ? ક્યાં છે ?

ક્યાં છે તારી હવા હેતની,
ક્યાં હૈયાનું હાસ ?
ક્યાં છે તારાં ખૂલવાં-ખીલવાં
વસંતનો જ્યાં વાસ !
તારાં નાજુક નમણાં પગલાં
ધૂળિયે પથે ઝણકતાં
ક્યાં છે ? ક્યાં છે ?

ક્યાં છે તારી લટે લ્હેરતો
મનનો મોહક છંદ ?
ક્યાં છે તારી ચખે ચમકતો
ચારુ બીજનો ચંદ ?
અહીં તો બારી બંધ,
બારણાં બંધ,
બધુંયે તંગ:
બધુંએ ભેદી,
મારા રણને નંદન કરતું,
ટહુકા સરખું,
ગીત સરીખું,
આર્દ્ર છલકતું અઢળક તારું ક્યાં છે ?
ક્યાં છે ? ક્યાં છે ?

બે હાઈકુ
પરાગ ત્રિવેદી

મૂળ કૂંડાના
છોડનું, કૂંડું તોડી
આવ્યું બહાર !

ઊડે આકાશે
પંખી તોયે સતત
જુએ જમીને !

કોણે ?/ યોસેફ મૅકવાન

(ગાન)

છુટ્ટે હાથે કોણે વાવ્યું આકાશ ?
એની કેટલી રે ઊગી સુવાસ !

અંધારે અંધારે નીલરંગી છાયું,
અજવાળું થઈને એ આંખે મલકાયું,
શ્વાસોની આસપાસ એનો ઉલ્લાસ.... છુટ્ટે૦

રંગોમાં પડઘાતો એનો અણસાર છે,
મૌન પણ વાણીનો મીઠો ટહુકાર છે.
શબ્દોની જેમ છે એનો સહવાસ.... છુટ્ટે૦

છાતીમાં ફરકે પતંગિયું રે શાન્ત,
ભીતરનું ભર્યું ભર્યું લહેરે એકાન્ત,
રગરગમાં મહેકે છે જાણે લાલાશ.... છુટ્ટે૦

આલેખ લખતી/ દેવેન્દ્ર દવે

(શિખરિણી • સૉનેટ)

'નહીં હોઉં કાલે ક્વચિત તમને જો સ્મરણમાં
ચડી આવું જેવા ગગનમહીં અશ્વો ઊછળતા
શકે ના કો' નાથી દળ પર દળો વાદળતણાં !
પુકારો પ્હાડોમાં અડીખમ ખડા મૌન ભજતા-
સદીઓથી પાછા ત્વરિત પડઘા જેમ મળતા;
પણે ઊંડે ખીણે અવિરત વહે સૌમ્ય સરિતા,
ઝગે બ્રહ્માંડોમાં અનવરત સૂર્યો - તિમિરના
ખસે ક્યાં કૂંડાળાં ? ધગધગત જ્વાળામુખી સદા...'

'પ્રિયે ! એવું એવું અશુભ અવ શાને તપ મુખે
વદો ? આવો ચાલો ઘડીક દુનિયાને વિસરીને
પ્રસારીને લાંબા ભુજ; નજીક આલિંગન દિયો.
જુઓ, જીવ્યાં જે જે ક્ષણ, સ્મરણ આહ્લાદક બને !
દઉં પાક્કી ખાત્રી વણકલમ આલેખ લખતી
નથી શ્વાસો ઝાઝાં તદપિ તમને હું વલખતી !'

ટમટમે છે
સતીન દેસાઈ 'પરવેઝ'

(ગઝલ)

સતત સૂર્ય જેની જ પાછળ ભમે છે,
મને ગોદમાં લૈ એ છાંયો રમે છે.

તમે દસ દિશાના પ્રવાસી છો માન્યું,
શરૂઆત મારી તો અગ્યારમે છે.

હવે મૌન મંત્રો બધુંયે ફગાવું,
કશામાં ન હોવાનું આખર ગમે છે.

બીડો ત્યાં લગી હોય જ ઝળહળ પરંતુ
ઊઘડતાની સાથે જ એ આથમે છે.

મને એ જ શબ્દોથી કરજે તિલક તું
ગઝલમાં જે તારા અભાવો ખમે છે.

પહાડો શું થીજે હથેળીમાં ખીણો,
બધાં અંજળોના ય પડઘા શમે છે.

ખબર કે ફિકર ક્યાં છે સામાપણાને,
બધી આંખ પાછળ કિરણ કમકમે છે.

સદા એ અજંપે જ ડૂબે છે સૂરજ,
સમી સાંજે પ્હાડો મને શેં નમે છે ?

ખરેલાં કિરણને હું પ્રોવી લઉં છું
કે સ્વાગતમાં અંધારું પ્હેલા ક્રમે છે !

બધાયે રવોમાં અરવ હોવું મારું,
રવો લુપ્ત થાતા તરત ધમધમે છે.

હજીયે હવડ મ્હેલ જેવી ક્ષિતિજમાં
કશું રિક્ત અણસાર શું ટમટમે છે.

<u>ક્યાં છે ?</u> મનુષ્ય એનાં મૂળ ગુમાવી બેઠો છે. એને એની તલાશ છે. આજે હેતની હવા કે હૈયાનું હાસ, ખીલતી વસંત, મુક્ત વિહરતું મન – આ બધું મધુર અને મૂળ સૌન્દર્ય ગુમાવ્યાની આજના માનવીની દર્દચીસ આ ગાનમાં સંભળાય છે. <u>કોણ ?</u> આકાશ, જે નથી તેં, કોણે વાવ્યું ? આવા ગૂઢ પ્રશ્નથી શરૂ થતું ગીત અન્તે રગરગમાં લીલા પ્રકાશની મહેક માણવા સુધી પહોંચી જાય છે. અહીં ગૂઢની ઝંખના અને તેના અનુભવનો આનંદ વ્યક્ત થયો છે. <u>ટમટમે છે.</u> વિવિધ શેરોમાં અલગારી અનુભૂતિને વૈવધ્યસભર અભિવ્યક્તિ મળેલી આ ગઝલમાં માણી શકાશે. <u>આલેખ લખતી.</u> સૉનેટના પ્રથમ અષ્ટકમાં નાયક જો અને જ્યારે પોતે નહીં તો અને ત્યારે નાયિકાને કેવો દુઃખદ અનુભવ થશે તે જણાવ્યું છે, ત્યારે ષટ્કમાં નાયિકા પોતાના સમગ્ર અસ્તિત્વથી નાયકને જ ઝંખી રહી છે, તેને જ વલખતી રહી છે એવો ઉત્તર આપી નાયકની ઉદાસીનું જાણે નિવારણ કરવા મથે છે. -ધી.પ.

સૂત્રસાર

પરમ વિનયનો દાવો ના શોભે...

રાધેશ્યામ શર્મા

> અભિમાનથી ઊંચે ઊઠવું એ સરસ વાત છે,
> પરંતુ એના માટે પણ
> તમારે અભિમાન હોવું જોઈશે.
>
> -જ્યૉર્જિઝ બર્નાનોસ

'ધ ડાયરી ઑફ અ કન્ટ્રી પ્રિસ્ટ'માં આ સૂત્ર ચમકી રહ્યું. અપવાદ વગર જગતના સર્વ ધર્મો, સંપ્રદાયો, શાસ્ત્રો, ઉપદેશકો એક બાબતમાં સંમત છે : મનુષ્યે અભિમાનનો ત્યાગ કરવો જોઈએ.

કોઈ પણ દેશનો ધર્મગ્રન્થ ખોલી જુઓ. અભિમાન વિરુદ્ધ વચનો મળ્યા વિના નહિ રહે.

આદમની ઓલાદમાં આ વસ્તુ જ ના હોત, નામે અભિમાન જ ના હોત, તો વિશ્વ સમસ્તનાં શાસ્ત્રો અને સંપ્રદાયો, ફિરકાઓ અને ફાંટાઓ અપ્રસ્તુત અને કાલગ્રસ્ત તથા નક્કામાં બની જાત.

અભિમાન ના હોત તો રાવણનું બહુપરિમાણી પાત્ર કેટલું ફિક્કું લાગત? દર્પ ના હોત તો શિશુપાલ કે કંસ કે દુર્યોધન કેવા દયામણા દેખાત ? ગર્વરસ ના હોત તો હિટલરની હયાતિ જ વ્યર્થ ના જણાત ? (અભિમાનનો આભાર હો !) અભિમાન અને અહંકારની જુગલબંધીથી જ જગતનું 'કેકોફોનિક' - વિસંવાદી - સંગીત વાગતું રહ્યું છે, વગાડતું રહ્યું છે સૌને !

અભિમાનને અરિ માની એનો નાશ કરી નાખવા માટે કેટકેટલા શબ્દો વપરાયા હશે. પણ બનાવનારા કદાચ બ્રહ્માજીએ જ મનુજ કૃતિની સર્જનક્ષણે જ આ અભિમાનની સભાનતાનું ઈંજેક્શન આપી મેલ્યું છે. જાણે કે અભિમાન નહિ તો જીવન નહીં ! ઉત્થાન પછી પતનની અનુક્રમણિકાના સાતત્યની જાળવણી માટે આ જરૂરી હશે.

ચઢે તે પડે જ. અને ? અને પડે તે પાછો ચઢે જ. અભિમાન આરોહણ કર્યા બાદ સ્વાભાવિક ક્રમે પતન તો થવાનું જ — જેમ જીવન બાદ મરણ, ચઢાણ પછી ઊતરાણ અનિવાર્યપણે આવે જ. ત્યારે શું ? પતન પછીના પુનઃ ઉત્થાન આરોહણ માટેય અભિમાનની જરૂર પડવાની !

સૂત્રનો અર્ક અને તર્ક વિલક્ષણ છે. માણસ ઉત્કર્ષ કરે, એમાં પોતે કશુંક કર્યાનું અભિમાન લે એ તો સમજી શકાય.

પછી ક્રમે કરી, કાલે કરી અધઃપતન થાય ત્યારે સદ્‌ભાગ્યે સમજ પડે કે કર્તાપણાનું અભિમાન ખોટું હતું. માટે અભિમાનની મનોદશાને જ અવદશા અને અધઃપતન જાણી એવી સ્થિતિમાંથી ઊંચે, ઊર્ધ્વગમન કરવાનો વિચાર આવ ત્યારે શું સમજવું ? સૂત્રકાર તો વાસ્તવિકતાનો સ્વીકાર કરી કહી દે છે કે અભિમાનમાંથી ઉપર જવાનું પણ, અભિમાન વિના શક્ય નથી ! અશક્યવત્ છે.

જે. કૃષ્ણમૂર્તિ જેવા તો ત્યાં સુધી કહે કે અભિમાનથી ઊંચે ઊઠવાનો વિચાર કોઈ નિરાભિમાન અવસ્થાથી નહિ પણ અભિમાનનો જ ભાવ-ભાગ છે !

વિનોબા કહે છે કે, 'હું અભિમાન નથી કરતો' કહીને વર્તનારો પણ અભિમાની જ છે.

અભિમાની તરીકેની પ્રતિષ્ઠા વગોવણી કરાવે છે માટે લાવો આમાંથી નીકળી જઈએ અને નિરાભિમાની બનવા અભિમાનથી ઊંચે ઊઠીએ. આવો વિચાર કોને ક્યાંથી કેમ આવ્યો ? અભિમાનમાંથી જ અથવા તો નિરાભિમાનપણાની સગવડે પસંદગી કરતા અભિમાનીને જ આવો સંકલ્પ ઊઠ્યો.

અભિમાન અનેક છેતરામણા છદ્મ વેશો લઈને હાજરી પુરાવે છે. ક્યારેક તો તે નિરાભિમાની બનવાની કુશાગ્ર કુશળતા પણ પ્રદર્શિત કરે છે.

જુદા જુદા ત્રણ મઠના ત્રણ સ્વામી-સાધુઓ એક વાર ભેટી ગયા. પહેલો કહે, 'અમારા આશ્રમમાંથી જેવા શાસ્ત્ર ટીકાકાર પંડિતો પાક્યા છે એવા કોઈ સ્થાને જાણ્યા નથી.'

બીજા સ્વામી બોલ્યા : 'ભલે અમારા આશ્રમમાંથી પંડિતો પેદા ના થયા પણ અમારે ત્યાંથી એવા ત્યાગી તપસ્વીઓ નીકળ્યા છે જેમનાં નામ જગતખ્યાત થયાં છે.' ત્રીજા સ્વામી ઉવાચ, 'અમારા મઠમાંથી ના તો પંડિતો પાક્યા, કે ના તો ત્યાગીઓ પાક્યા છે.

અમારે ત્યાં તો એવા પરમ વિનમ્ર સ્વામીઓ નીપજ્યા છે કે ન તો તેમને વિદ્વત્તાનું ગુમાન છે કે ન તપત્યાગનું.

પરમ વિનય અને વિનમ્રતામાં અમારો કોઈ મુકાબલો નહિ કરી શકે. તમે બંને આશ્રમવાળાનો પણ આમાં દાવો નહિ ચાલે વગેરે વગેરે.' પાંડિત્ય અને ત્યાગવાળાની વાત તો સમજાશે, પણ આ પરમ વિનય અને વિનમ્રતાવાળાના નિરાભિમાનીપણાની વાત અટપટી છે. પરમ વિનમ્રતાનો દાવો કરનાર વિશે શું કહેવું ? થાય કે પરમ અભિમાન ક્યારેક પરમ નિરાભિમાનીનું રૂપ લે તો નવાઈ નહિ ! ❒

ઓગણીસમી સદીમાં જન્મી વીસમી સદીના એક મહાન વૈશ્વિક આંદોલન 'નાનું કુટુંબ સુખી કુટુંબ' માટે સંતતિનિયમનનાં આદ્ય પ્રણેતાં અને જીવનભર ઝઝૂમનાર મહાન સન્નારી



માર્ગરિટ સૅંગર

(ગતાંકથી પૂરું)

— કમલા પરીખ —

માર્ગરેટે વિલિયમ સૅંગર સાથે ૧૯૨૦માં છૂટાછેડા લીધા હતા. તેની પ્રત્યે આકર્ષાયેલ નોહ સ્લી (Noah slle) સાથે તે લગ્ન કરવા તૈયાર થઈ. તેણે કેટલીક શરતો સ્લી સમક્ષ મૂકી અને જો એ શરતો સ્લીને મંજૂર હોય તો તે લગ્ન માટે તૈયાર હતાં. માર્ગરેટને તેની મિલકત સાથે કોઈ લેવાદેવા નહોતી. હવે આપણે તેની શરતો જોઈએ : (૧) તે બંને એક ઘરમાં રહેશે પણ માર્ગરેટનું અપાર્ટમેન્ટ અલગ રહેશે, (૨) તેઓ એકબીજાંનાં જીવનમાં દાખલ નહીં કરે, (૩) સંતતિનિયમનની ચળવળમાં તે માર્ગરેટ સૅંગર તરીકે ઓળખાવાનું ચાલુ રાખશે જ્યારે સામાજિક બાબતમાં તે શ્રીમતી સ્લી તરીકે પોતાની જાતને ઓળખાવશે. આમ તો બન્ને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ સમાન હતાં; પણ સ્લીને તેણે ઉપાડેલી ચળવળ માટે માન હતું. માર્ગરેટની બધી શરતો તેણે સ્વીકારી અને ૧૯૨૨માં તેઓ લગ્નગ્રંથિથી જોડાયાં. ઘણાં વર્ષો પછી માર્ગરેટે કબૂલ કર્યું હતું કે સ્લીના જીવનપંથમાં તેણે ઘણા અવરોધો નાખ્યા હતા.

તેને અનેક સ્ત્રીઓના પત્રો મળતા, જેમાં તેઓ જણાવતી કે બાળકોથી તે કંટાળી ગઈ છે, સુવાવડમાં પગ ગુમાવ્યો છે, વારંવાર ગર્ભપાત કરવો પડે છે. આ પત્રો વાંચતાં માર્ગરેટને લાગ્યું કે (ક્લિનિકલ રિસર્ચ બ્યુરો) દાક્તરી સંશોધન કેન્દ્રની જરૂરીઆત છે. પ્રથમ તો તેઓ પત્ર લખનાર સ્ત્રીઓને ફૅમિલી લિમિટેશન પૅમ્ફલેટની નકલ મોકલી આપી. ત્યાર બાદ જે ડૉક્ટરો મિત્ર જેવા હતા તેમની પાસે આ સ્ત્રીઓને મોકલવામાં આવી ઐતિહાસિક ઉત્ક્રાંતિની ચળવળનાં આઠ વર્ષો વીતી ગયાં હતાં. ૧૯૨૩ના જાન્યુઆરીમાં બે ઓરડામાં બર્થ કંટ્રોલ લીગની ઑફિસ શરૂ કરવામાં આવી, તેના બારણા પર ફક્ત 'ક્લિનિકલ રિસર્ચ' 'દાક્તરી સંશોધન'—આ બે શબ્દો લખેલું પાટિયું લગાડવામાં આવ્યું. આ દવાખાનામાં પતિપત્નીનો વ્યવસાય, આવક, રાષ્ટ્રિયતા, ધર્મ વગેરેનો રેકૉર્ડ રાખવામાં આવતો, તદુપરાંત કસુવાવડ, ગર્ભપાત વગેરેની નોંધ કરવામાં આવતી. પ્રથમ વર્ષમાં આ સંસ્થાએ સાચી પ્રગતિ કરી. આ કેન્દ્રમાં બીજી બેત્રણ સેક્રેટરી રાખવામાં આવી. આના ફલરૂપે શિકાગોમાં ૧૯૨૩ની ૨૦મી ઑક્ટોબરે મિડવેસ્ટર્ન સ્ટેટ્સ બર્થ કૉન્ફરન્સ યોજાઈ. બીજું, 'ધ શિકાગો બર્થ ક્લિનિક' અસ્તિત્વમાં આવ્યું. ન્યૂ યૉર્કના દવાખાનામાં થોકબંધ સ્ત્રીઓ આવવા લાગી. માર્ગરેટ જાપાનથી હવે ચીન જવા ઊપડી. નોહ સ્લી ન્યૂ યૉર્કમાં ઑઈલ કંપનીનો પ્રેસિડંટ હતો. તેની મુલાકાત માર્ગરેટને પ્રથમ વખત પૅરિસમાં થઈ હતી. સંતતિનિયમનની ચળવળનો ઉત્સાહ અને માર્ગરેટ પ્રત્યેની લાગણીથી તે તેના પ્રત્યે આકર્ષાયો હતો. તે તેની દરેક સભામાં જતો હતો. માર્ગરેટને પણ તેનો સહવાસ ગમતો હતો. સ્લીનું લગ્નજીવન દુ:ખી હતું. તેની પત્નીએ ત્રણ બાળકો સાથે તેનો ત્યાગ કર્યો હતો. સ્લી માર્ગરેટ સાથે ચીનની સફરમાં જોડાયો. માર્ગરેટે ચીનમાં લાખો લોકોને રસ્તામાં ફરતાં જોયાં, જેમની પાસે શરીર ઢાંકવા પૂરતાં કપડાં પણ નહોતાં. સૌ બારથી ચૌદ કલાક કામ કરતાં. માર્ગરેટને ફરીથી અનુભૂતિ થઈ કે ગરીબાઈ અને વસ્તીવધારો એકમેકનાં સાથી છે. ત્યાં તેણે સાતઆઠ વર્ષની છોકરીઓને દસથી બાર કલાક કામ કરતી જોઈ. રસ્તા પર કેટલીયે સ્ત્રીઓ ભીખ માગતી જોવા મળી. એક જગાએ તો તેણે જોયું કે રસ્તા પર એક સ્ત્રી બાળકને જન્મ આપી રહી હતી અને ટોળું ભેગું થઈ તે જોતું હતું. ચીની સ્ત્રીઓ છોકરીઓને બોજારૂપ ગણતી તેથી સદીઓ સુધી છોકરીઓને ડુબાડી દેતી અથવા ગૂંગળાવીને મારી નાખતી હતી. ક્યારેક છોકરીઓ ત્રણચાર વર્ષની થાય ત્યારે વેશ્યાગૃહે વેચી દેવામાં આવતી હતી. જો છોકરીઓ ત્યાંથી ભાગી જાય તો તેમને પકડીને ક્રૂરતાથી માર મારી પગનાં હાડકાં ભાંગી નાખવામાં આવતાં. આ બધું જોઈ માર્ગરેટનું હૃદય વેદના અને દયાથી ભરાઈ ગયું. તેણે પેકિંગ નૅશનલ યુનિવર્સિટીમાં આમંત્રણ મળતાં ૨૦૦૦ વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપ્યું. તેની તો એવી જાદૂઈ અસર થઈ કે માર્ગરેટે આપેલ મર્યાદિત કુટુંબની પુસ્તિકાનું વિદ્યાર્થીઓએ ચીની ભાષામાં ભાષાંતર કર્યું અને તેની ૫૦૦૦ નકલો વહેંચાઈ. ચીનમાં સંતતિનિયમનની આ પ્રથમ ચિનગારી હતી. માર્ગરેટ તેમના કેસની વિગતો લેતી અને પછી સંતતિનિયમનના સિદ્ધાંતો સમજાવતી. ક્લિનિકની પ્રવૃત્તિઓ ધીમે ધીમે વધવા લાગી. સંતતિનિયમનની સંશોધનપદ્ધતિ વધુ જલદ બનાવવા માટે તેણે ડૉ. હન્ના સ્ટોનની નિમણૂક કરી. ૧૯૨૫માં દર્દીઓની સંખ્યા ૧૬૫૫ હતી તે વધીને ૧૯૨૯માં ૯૭૩૭ થઈ. આ દર્દીઓમાં આડત્રીસ ટકા પ્રોટેસ્ટંટ, બત્રીસ ટકા યહૂદીઓ અને છવ્વીસ

ટકા કેથોલિક સ્ત્રીઓ હતી. ૧૯૨૫માં સમગ્ર દેશમાંથી ડૉક્ટરોના ૧૦,૦૦૦ પત્રો આવ્યા, જેમાં ગર્ભનિરોધક સાધનોની માહિતી આપવા જણાવ્યું હતું. આ હેતુ સિદ્ધ કરવા ૧૯૨૫માં છઠ્ઠી પરિવાર નિયોજનની આંતરરાષ્ટ્રિય પરિષદનું આયોજન થયું. ઘણા ડૉક્ટરોએ આ પરિષદમાં ભાગ લીધો અને ડૉક્ટરોની સંખ્યા વધી જતાં બીજી બેઠક યોજવી પડી. છેવટે તારણ એ આવ્યું કે સૌથી વધારે અસરકારક રીત ડાયાફ્રામ (diaphragm) નામના સંતતિનિયમનના એક સાધનની છે, જે માર્ગરેટ ૧૯૧૫માં હૉલૅન્ડમાંથી લાવી હતી. આ ડાયાફ્રામ જુદા જુદા માપના આવતા. તેને સ્ત્રીના શરીરના માપ પ્રમાણે શરીરમાં યોગ્ય રીતે ગોઠવવામાં આવતાં. આ કામ તાલીમ પામેલી નર્સો કરી શકતી. આ પદ્ધતિને સુરક્ષિત બનાવવા માટે કેમિકલ જેલીનો ઉમેરો અગત્યનો બની ગયો. ૧૯૨૮માં બાલ્ટિમોર, ડેટ્રોઇટ, ક્લીવલૅન્ડ અને શિકાગોમાં બે નવાં દવાખાનાં શરૂ થયાં. આમ, ૧૯૩૦ સુધીમાં બાર રાજ્યો અને ત્રેવીસ શહેરોમાં પંચાવન દવાખાનાં અસ્તિત્વમાં આવ્યાં. આથી માર્ગરેટનાં ખંત, ધગશ, અને ધારેલું કામ પાર પાડવાના ઉત્સાહને વધુ વેગ મળ્યો. તેણે ૧૯૨૯માં બર્થ કંટ્રોલ ક્લિનિકને બર્થ કંટ્રોલ લીગથી અલગ કર્યું.

માર્ગરેટના પતિ સ્લીએ તેને લગ્નની ભેટ તરીકે વિલો લેક (Willow Lake) નામનું સુંદર ભવ્ય મકાન આપ્યું. આ મકાનમાં તે પોતાનાં અને સ્લીનાં પ્રસંતાનોને રહેવા લઈ આવી. સ્લીની પૌત્રીએ તો એક વખત લખ્યું હતું કે માર્ગરેટ એક ગાંડ-મધર છે. કેવું સુંદર અને યોગ્ય આ માન માર્ગરેટ માટે હતું ! ધ્યેય અને ફરજ પ્રત્યે કડક રહેનાર માર્ગરેટના હૃદયમાં એક સ્ત્રીનું સ્નેહસભર હૈયું પણ સમાયેલું હતું. તે અણનમ અને દુર્દમ પતિ સ્લીમાં પણ ધીરે ધીરે પરિવર્તન લાવી શકી હતી. સ્લી પોતે પણ આ ચળવળમાં પૂરેપૂરો સામેલ થવા લાગ્યો હતો. ૧૯૨૫માં સંતતિનિયમનની પ્રવૃત્તિ માટે તેણે ૧૫૦૦૦ ડૉલર આપ્યા હતા. તે સાચા અર્થમાં માર્ગરેટે આદરેલી આ પ્રવૃત્તિનો ખજાનચી બની ગયો હતો.

ડૉક્ટરો પણ હવે આ ચળવળમાં જોડાયા હતા. પણ માર્ગરેટને એક પ્રશ્ન મૂંઝવતો હતો કે ડૉક્ટરો ગર્ભનિરોધક સાધનો ક્યાંથી મેળવી શકે ? અમેરિકામાં કોઈ કંપની ડાયાફ્રામ બનાવતી નહોતી, અને અમેરિકન કસ્ટમના કાયદાની રૂએ તેની આયાતની મનાઈ હતી. તેમ છતાં સંતતિનિયમન લીગની કેટલીક સ્ત્રીઓ તેમના યૂરપના પ્રવાસમાંથી પાછી ફરતાં ડાયાફ્રામની દાણચોરી કરીને અમેરિકા લાવતી હતી. જર્મની ડાયાફ્રામ સારા બનાવતું હતું અને યૂરપમાં પણ તે મળતા હતા. તેથી સંતતિનિયમનના સમર્થકો યૂરપથી પાછા ફરતાં તેમના પાકીટમાં, હૅન્ડબૅગમાં, અને હાથ ગરમ રાખવા માટે પહેરેલાં મોજાંમાં છુપાવીને લાવતા હતા. એક સ્ત્રી તો કમર પર વીંટાળી મોટો જથ્થો લાવી હતી. જર્મન કંપનીએ ન્યૂ યૉર્કમાં ડાયાફ્રામ બનાવવાનું શરૂ કર્યું. માર્ગરેટને લાગ્યું કે અમેરિકામાં ઘણાંબધાં દવાખાનાં હોવાથી એક નવી કંપની ડાયાફ્રામના ઉત્પાદન માટે આવશ્યક છે. તેનું આ સ્વપ્ન પણ ફળીભૂત થયું. સાઈમન્ડ્ઝ નામના એક ઇજનેરે ભાગીદારીમાં સ્લીની આર્થિક મદદથી એક ઑફિસ ખોલી અને ડાયાફ્રામ બનાવવાની કંપની શરૂ કરી. ૧૯૨૧માં ટાઉનહૉલમાં કૅથોલિક પાદરીઓએ રેડ પાડેલી. તેઓએ નવી નીતિ અપનાવી - જ્યાં જ્યાં માર્ગરેટનું ભાષણ ગોઠવાતું ત્યાં ત્યાં હૉલનું બુકિંગ રદ કરવામાં આવતું. તેની દરેક સભાને કૅથોલિક બ્લૉક દ્વારા ગેરકાયદેસર કરવામાં આવતી. પરિણામે માર્ગરેટે ઘેરઘેર ફરી આ ઝુંબેશને પ્રબળ બનાવી નગરને જાગૃત કર્યું. આ સંદર્ભમાં તેણે છઠ્ઠી આંતરરાષ્ટ્રિય નવ્ય માલ્થુઝીઆઝમ અને સંતતિનિયમન પરિષદ યોજવાનું નક્કી કર્યું.

૧૯૧૫ના માર્ચ મહિનાની ૨૫મી તારીખે તેનું ઉદ્‌ઘાટન થયું. તેમાં ભાગ લેવા ૧૮ દેશોમાંથી ૮૦૦ પ્રતિનિધિઓ આવ્યા હતા. અમેરિકાના ઇતિહાસમાં આ સૌપ્રથમ બનાવ હતો કે જેમાં ભાગ લેવા જુદાજુદા દેશોમાંથી વસ્તીવધારાની સમસ્યાની ચર્ચા કરવા સ્ત્રીપુરુષો આવ્યાં હતાં. દરેક બેઠકમાં વસ્તી અને વિજ્ઞાન આ મુદ્દા પર વિચારગોષ્ઠી થતી; પણ સંતતિનિયમનના મુદ્દાની ચર્ચા કરવા ફક્ત ડૉક્ટરોને એ દાક્તરીય બેઠકમાં હાજરી આપવાની હતી. આ જાતની ચર્ચાથી સંતતિનિયમનની ચળવળને એક નવો વૈજ્ઞાનિક ઝોક મળ્યો. સમગ્ર દેશમાં આ સિદ્ધિની નોંધ ૮૦૦ લેખો દ્વારા પ્રગટ થઈ. આ સભાના ફળ સ્વરૂપે પ્રથમ આંતરરાષ્ટ્રિય સંતતિનિયમન મંડળની રચના કરવામાં આવી. તેના પ્રેસિડંટ તરીકે મિશિગન યુનિવર્સિટીના ડૉ. સી.સી. લીટલની નિમણૂક કરવામાં આવી. આ સમય દરમિયાન માર્ગરેટના લકવાગ્રસ્ત પિતા માઈકલ હિગિન્સનું અવસાન થયું.

માર્ગરેટ ઇંગ્લંડ અને જીનીવાના પ્રવાસે ગઈ હતી તે દરમિયાન ન્યૂ યૉર્કમાં કૉનઝર્વેટિવ બ્લૉકની મહિલાઓ જે સામાજિક મોભાવાળી હતી તેમના મત પ્રમાણે જાણવા મળ્યું કે સંતતિનિયમનની ચળવળ પૈસાપાત્ર અને ગણનાપાત્ર વ્યક્તિઓના હાથમાં જવી જોઈએ. આમ, અંદરોઅંદર ફાટફૂટ થઈ હતી. માર્ગરેટ છેલ્લા શ્વાસ સુધી આ માટે લડવા તૈયાર હતી પણ આ સંઘર્ષથી જનતામાં મતમતાંતર વધશે તેવા ડહાપણભર્યા વિચારથી તેણે ક્લિનિકલ રિસર્ચ બ્યુરોમાંથી કોઈ પણ જાતના દ્વેષ કે કડવાશ વગર રાજીનામું આપી દીધું. તેની સાથે બીજી પાંચ મહિલાઓ જેઓ પ્રારંભે માર્ગરેટને ચળવળમાં સહકાર આપી રહી હતી તેમણે પણ રાજીનામાં આપ્યાં.

હવે આફતોનાં વાદળો ઘેરાવાનાં હતાં. માર્ગરેટના સંદર્ભમાં પણ આફત આવે છે ત્યારે એકલદોકલ નહીં પણ સમૂહમાં આવે છે તેવું બન્યું. ૧૯૨૯ના માર્ચ મહિનાની ૨૩મી તારીખે એક ટ્રક ડ્રાઈવરની પત્ની તેના દવાખાનામાં આવી અને તેણે જણાવ્યું કે તે ત્રણ બાળકોની માતા છે અને પૂરતી આવક નથી, તો બાળજન્મ અટકાવવા શું કરવું ? દવાખાનામાં કામ કરતાં ડૉ. ઇલિઝાબેથ પિસકોર્ટે તેનો કેસ તૈયાર કરી તેને માફક આવે તેવાં સંતતિનિયમનનાં સાધન અને તેના ઉપયોગ વિશે માહિતી આપી. ૧૫મી એપ્રિલે દર્દીનો ઢોંગ કરી આવેલી મહિલા પોલીસ રેડ પાડવા કાફલા સાથે દવાખાનામાં જઈ પહોંચી. માર્ગરેટને આ સમાચાર મળતાં તે દવાખાનામાં પહોંચી ગઈ. તેને દવાખાનામાં દાખલ થતી અટકાવવામાં આવી, પણ ઉચ્ચ અધિકારીની પરવાનગીથી તે દવાખાનામાં જઈ શકી, પરંતુ તેણે ત્યાં જે જોયું તેથી હેબતાઈ ગઈ. તેણે જોયું કે ડાં. હન્ના સ્ટોન, ડૉ. ઇલિઝાબેથ પિસકોર્ટ અને ત્રણ નર્સોની ધરપકડ કરવામાં આવી હતી. તદુપરાંત ડિટેક્ટિવ આમતેમ ધમાલ કરતા હતા. પંદર સ્ત્રી દર્દીઓ ગભરાઈ ગઈ હતી અને તેમનાં નામ અને સરનામાં આપવા માટે દબાણ થઈ રહ્યું હતું. આ જોતાં માર્ગરેટે સ્ત્રીદર્દીઓને હુકમને તાબે ન થવા હાકલ કરી. પોલીસો ચારે બાજુ ડાયાફ્રામ, ભીંત પરનાં ચિત્રો, સંતતિનિયમનનાં સાધનો વગેરે ફેંદતા હતા. દર્દીઓના કેસની વિગતો તેઓ ફાઈલોમાંથી કાઢવા જતા હતા ત્યારે માર્ગરેટે તેનો સખત વિરોધ કર્યો, કારણ કે તે રેકોર્ડ્ઝમાં મહિલા દર્દીઓની અત્યંત ખાનગી એવી

કબૂલાતો હતી. આ વિગતો પવિત્ર વિશ્વાસ મૂકીને આપવામાં આવી હતી. પતિના જાતીય રોગો અથવા પાગલપન જેવી બાબતો તેમાં જણાવેલ હતી. તેથી જો આ જાહેર થાય તો તેનો ગેરલાભ ઉઠાવાય. માર્ગરેટે જુસ્સાભર્યા અવાજથી આ રેકોર્ડ્ઝને હાથ અડાડવાની મનાઈ ફરમાવી. તેણે ઍકેડેમી ઑફ મેડિસીનના ડૉક્ટર રૉબર્ટને ફોન કરી બોલાવ્યા અને ડૉક્ટરે આ કાયવાહી અટકાવવા મોરીસ નામના વકીલને બોલાવ્યા. આમ, આ બાબત થાળે તો પડી પણ બે ડૉક્ટરો અને ત્રણ નર્સોને પોલીસ-વેગનમાં બેસાડી મહિલા પોલીસ રવાના થઈ ગઈ. આ બધાનાં આંગળાંની છાપ લેવાનો હુકમ થયો. બાર વર્ષ પહેલાં આ જ બાબત માટે માર્ગરેટે વિરોધ કર્યો હતો તે જ રીતે તેણે ડૉક્ટરો અને નર્સોને આંગળાંની છાપ આપવા ના પાડી. છેવટે એ આગ્રહ પડતો મૂકવામાં આવ્યો. સમાચારપત્રોમાં આ વિગતો પ્રગટ થઈ. અને પોલીસખાતાની આકરી ટીકા થઈ. ૩૦૦ ડૉલરના બૉન્ડ પર તેઓને મુકત કરવામાં આવ્યાં. આમ, બધું સંકેલાયું પણ સ્ત્રીદર્દીઓ પર અજ્ઞાત અને ભેદી ટેલિફોન આવતા જો તેઓ દવાખાનામાં જશે તો તેમના કેસની વિગતો વર્તમાનપત્રોમાં પ્રગટ કરવામાં આવશે. છાપો મારવાની આ કાર્યવાહીથી એક મોટો ફાયદો એ થયો કે પ્રથમ વખત શહેરના જાણીતા ડૉક્ટરો અને મેડિકલ એસોસિએશને સંતતિનિયમનની ચળવળને સમર્થન આપ્યું. આ સમર્થનના સ્વપ્નને સાકાર કરવા માર્ગરેટ કેટલાંયે વર્ષોથી રાહ જોતી હતી તે ફળીભૂત થયું. દવાખાના પર રેડ પાડવાનો કેસ કોર્ટમાં ચાલ્યો ત્યારે ડૉક્ટરોએ દવાખાનાની તરફેણમાં પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં. છેવટે ચુકાદો આવ્યો કે જો ડૉક્ટર જાણતો હોય કે દર્દી પરિણીત છે અને તેની તબિયતને ધ્યાનમાં રાખી સારા આશયથી ગર્ભનિરોધક માટે સલાહ આપે કે સહાય કરે તો તે ગુનો બનતો નથી. આમ, પરિણામ શુભ જ આવ્યું. પછીનાં આઠ વર્ષોમાં કૅનેડામાં પંચાવન દવાખાનાં હતાં તે વધીને ૩૭૪ થયાં. તદુપરાંત સંતતિનિયમન ઘણાં રાજ્યોમાં જાહેર સ્વાસ્થ્ય સેવાઓનો અંતર્ગત ભાગ પણ બનવાનો હતો. આમ, માર્ગરેટે હારને જીતમાં પલટાવી, દવાખાનામાં નવા દર્દીઓનો ઉમેરો થવા લાગ્યો. તેને મહાન અને બહાદુર મહિલા તરીકે બિરદાવવામાં આવી. તેના પતિ સ્લીએ ૧૯૩૦માં માર્ગરેટને દવાખાના માટે ચાર માળનું મકાન ભેટ આપ્યું.

માર્ગરેટ પર અમેરિકન માતાઓ તરફથી આવેલ પત્રો તેણે 'મધરહુડ ઈન બૉન્ડેજ' નામના પુસ્તકમાં છપાવ્યા. તેમાંના થોડાક નમૂના આપણે જોઈએ. એક સ્ત્રી લખે છે કે જેની સારસંભાળ રાખી શકાય નહીં તેવાં બાળકોને દુનિયામાં અવતારવાના ઘોર પાપમાંથી બચવાનો કોઈ ઉપાય બતાવો. બીજી સ્ત્રી લખે છે કે નાના ચોરસ ઓરડામાં અમે ચાર માણસો ખડકાયેલાં છીએ. તો વળી એક સ્ત્રી જણાવે છે કે એક પછી એક અવતરતાં બાળકોની સંભાળ હું લઈ શકું તેમ નથી તો મહેરબાની કરી. મને મદદ કરો. કેટલીક સ્ત્રીઓ તો આત્મહત્યા કરવા પણ તૈયાર હતી આ પત્રો માર્ગરેટ અને માતૃત્વની સાંકળરૂપ હતા. આ એક રહસ્યમય જોડાણ હોય તેમ લાગતું. માર્ગરેટે એક વખત કહેલું કે મારું મન હમેશાં મારા કાર્ય કરતાં દસ વર્ષ આગળ કામ છે !

માર્ગરેટને હવે લાગ્યું કે ડૉક્ટર્સ બિલની આવશ્યકતા છે. સેનેટમાં તેણે આ બિલનો પ્રસ્તાવ રજૂ કરવાનો નિર્ધાર કર્યો. આ માટે તેણે 'નૅશનલ કમિટી ફૉર ફેડરલ લેજિસ્લેશન ફૉર બર્થ કૉન્ટ્રોલ'ની રચના કરી. આ કમિટીના સભ્યોએ દરેક ગામ અને નગરમાં જઈ અમેરિકન માતાઓને



વર્ધામાં ગાંધીજી અને માર્ગરેટ (ફેબ્રુઆરી, ૧૯૩૬)

કાનૂની બેડીઓમાંથી મુક્ત થવા, કૉમસ્ટૉકના કાયદાનો વિરોધ કરવા અને ડૉક્ટર્સ બિલને સમર્થન આપવા માટે જાગૃત કરવાનું કામ કરવાનું હતું. આ બિલ માટે ઘણી વ્યક્તિઓ તરફથી સારું એવું સમર્થન મળ્યું. ઈંગ્લૅન્ડમાં ચર્ચના બિશપે સંતતિનિયમનની તરફેણ કરી. માર્ગરેટના વિજયનો આ ગાળો હતો. આ બધા સમર્થનથી રોમન કૅથોલિક પ્રવક્તાઓ ગુસ્સે થયા. માર્ગરેટ તેના સાથીદારો સાથે ડૉક્ટર્સ બિલ માટે મત મેળવવા મહિનાઓ સુધી ઑફિસે ઑફિસે ફરી. કેટલાંયે અપમાન સહન કર્યાં. છેવટે કૉંગ્રેસ સભ્યોને મળવાની સફળતા પણ મળી. બે વર્ષની આ અથાગ મહેનતનું શું પરિણામ આવે છે તે મુદ્દો અગત્યનો હતો. સેનેટમાં બિલ રજૂ કરવામાં આવ્યું. માર્ગરેટે સેનેટ સમક્ષ કેટલાંયે રાષ્ટ્રિય અને ધાર્મિક સંગઠનો, તબીબી અને સામાજિક સંગઠનોનું આ બિલ માટે સમર્થન છે તે વાંચ્યું. ૧૮૮૩માં કૉમસ્ટૉકના ઘડાયેલા કાયદાએ કેટલીયે માતાઓનો ભોગ લીધો હતો, જેનું કારણ ગર્ભપાત હતો એ વાત સ્પષ્ટપણે જણાવી. આ બિલનો મુખ્ય મુદ્દો ગર્ભપાતને હઠાવી સંતતિનિયમનની માહિતી અને સાધન તબીબી વ્યવસાય દ્વારા સ્ત્રીઓને પ્રાપ્ત થાય તે હતો. તેણે દલીલ કરી કે માતાઓ જગતને તંદુરસ્ત અને મજબૂત મનમાળાં બાળકોને જન્મ આપવા ઈચ્છે છે. પરંતુ રોમન કૅથોલિકો દ્વારા આનો સખત વિરોધ થયો. તેમણે રજૂઆત કરી કે આ બિલ પસાર કરવામાં આપણે કુદરત, ઈશ્વર, બાઈબલ અને રાષ્ટ્રનું હિત અને નૈતિકતાનો વિરોધ કરી રહ્યાં છીએ. માર્ગરેટે સખતાઈથી વળતો જવાબ આપ્યો કે, આ કાયદાનું કૅથોલિકો પર કોઈ દબાણ નથી, તેઓ ઇચ્છે તો આત્મસંયમ કેળવી શકે છે. તેણે વધારામાં જણાવ્યું કે તેત્રીસ ટકા પ્રોટેસ્ટંટ, બોંતેર ટકા કૅથોલિક અને એકત્રીસ ટકા યહૂદી સ્ત્રીઓનો આ પોકાર છે. તેઓ બાળકો ઇચ્છે છે, પણ સારી રીતે તેમને ઉછેરી શકાય તેવી તક મળતી નથી; કારણ કે તરત બીજું બાળક જન્મતાં આગળ જન્મેલાં બાળકો સુંદર જીવનનો લાભ ગુમાવે છે. આ બધી દલીલો છતાં પણ બિલ પસાર ના થયું. માર્ગરેટના

પ્રયત્નો નિષ્ફળ ગયા. તેણે હવે નવી ઝુંબેશ શરૂ કરી. જે સ્ત્રીઓ તેને પત્ર લખતી હતી તે દરેક સ્ત્રીને એક માહિતીપત્ર મોકલતી જેમાં તેને કેટલાં બાળકો હયાત છે, કેટલાં મૃત્યુ પામ્યાં છે, કેટલી વખત ગર્ભપાત કરાવ્યો છે, પતિ કેટલું કમાય છે – આ બધી વિગતો ભરી સેનેટ સભ્યોને મોકલી આપવા જણાવ્યું. ફરીથી બહુમતીના અભાવે માર્ગરેટના પ્રયત્નો સફળ ના થયા. છતાં માર્ગરેટને તેની સિદ્ધિઓ માટે સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. આ સન્માનપત્રનાં થોડાંક વાક્યો આપણે જોઈએ જે તેની સિદ્ધિ માટે પૂરતાં છે : **'Against her stood the church, the schools, the press and society : she has fought that battle single handed – a pioneer of pioneers'** (તેની વિરુદ્ધમાં હતાં ચર્ચ, શાળાઓ, વર્તમાનપત્રો અને સમાજ : તેણે એકલે હાથે જ સામનો કર્યો - અગ્રેસરોની અગ્રેસર.)

માર્ગરેટે હવે પૂર્વના દેશો તરફ નજર દોડાવી અને ભારત જવાનું નક્કી કર્યું. ભારતમાં બે લાખ સ્ત્રીઓ બાળકજન્મને લીધે મૃત્યુ પામતી હતી. કેટલાંયે બાળકો પ્રથમ વર્ષગાંઠ પહેલાં મૃત્યુને ભેટતાં. સત્તાણું ટકા માણસો પેટપૂરતું ભોજન પામી શકતાં નહોતાં. બાળકજન્મનો દર કૂદકે અને ભૂસકે વધી રહ્યો હતો. પરિણામે રોગ, ભૂખમરો અને મૃત્યુની ત્રિપુટી હાથ અજમાવી રહી હતી. માર્ગરેટે ભારત તરફ પ્રયાણ કર્યું. ૧૯૩૫ના નવેમ્બરની નવમી તારીખે તે 'વાઈસરૉય ઑફ ઈંડિયા' નામની આગબોટમાંથી મુંબઈ ઊતરી. તેને સન્માનવા જાણીતા ડૉક્ટરો, ફોટોગ્રાફરો અને સંવાદદાતાઓ બંદર પર આવ્યા હતા. ફૂલ અને હારથી તે ઢંકાઈ ગઈ. મુંબઈમાં બૉમ્બે યુનિવર્સિટીની તબીબી વિદ્યાશાખાએ અને મુંબઈ મેડિકલ યૂનિયને કાવસજી જહાંગીર હૉલમાં તેને સન્માનવાનો સમારંભ ગોઠવ્યો હતો. હૉલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. રેડિયો પર પણ તેને બોલવા માટે આમંત્રણ મળ્યું. મુંબઈ મહાનગરપાલિકાએ મીટિંગ બોલાવી તેને આમંત્રી. પરંતુ માર્ગરેટને આ બધી બાબતોમાં રસ નહોતો. તેને તો અભણ અને વહેમ તથા અજ્ઞાનમાં સબડતા તથા ભૂખમરો વેઠતા મજૂરો અને ખેડૂતોને મળવું હતું. મુંબઈની ઝુંપડપટ્ટીઓ અને ચાલીઓમાં તે ફરી અને જ્યાં જ્યાં તે ફરી ત્યાંની સ્ત્રીઓને બાળકોના સંદર્ભમાં પૂછેલા પ્રશ્નોના જવાબમાં તેઓ જણાવતી કે તેઓ વધારે બાળકો ઇચ્છતી નથી. વડોદરામાં તો એક ડૉક્ટરે તેને જણાવ્યું કે તેની વાત અજ્ઞાનથી ઘેરાયેલી સ્ત્રીઓને તે સમજાવી નહીં શકે. પરંતુ માર્ગરેટ ગરીબોના વિસ્તારમાં પહોંચી ગઈ. ત્યાં કેટલીયે સ્ત્રીઓ હારબંધ ઊભી હતી. તેમણે માર્ગરેટને વિનંતી કરી કે બાળજન્મને અટકાવવા તેમણે શું કરવું જોઈએ તે સમજાવે. આ દૃશ્ય જોઈને પેલા ડૉક્ટર તો અચંબો પામી ગયા; કારણ કે તેમણે તો માર્ગરેટને જણાવ્યું હતું કે બાળકોને જન્મ આપવા માટે જ આ સ્ત્રીઓનો ઉછેર થયો છે, તેથી સંતતિનિયમન વિશે સાંભળતાં તેઓ શરમાશે. પણ માર્ગરેટની મુલાકાત દરમિયાન ડૉક્ટરને જુદું જ ચિત્ર જોવા મળ્યું !

ત્યાર બાદ તે ગાંધીજીને મળવા વર્ધા આશ્રમમાં ગઈ. ગાંધીજીએ મુક્ત હાસ્યથી તેને આવકારી પણ તેણે જણાવેલ સંતતિનિયમનનો સ્વીકાર ના કર્યો. તેના બદલે તેમણે સંયમ પર ભાર મૂક્યો. મર્યાદિત કુટુંબમાં તેઓ માનતા હતા પણ તેમના મત પ્રમાણે લોકોને નૈતિકતા શિખવાડવાની જરૂર છે. ત્રણ કે ચાર બાળકોથી વધારે બાળકો ઉત્પન્ન કરવાં તે અનૈતિકતા છે, અને આ પછી જો બાળક જન્મે તો પતિપત્નીએ અળગાં રહેવું જોઈએ. ગાંધીજીની આ વાત સાંભળી માર્ગરેટ ચોંકી ઊઠી. તેણે આ વાતનો વિરોધ કર્યો કે ગાંધીજીની સલાહ વ્યવહારુ નથી, કારણ કે આ નૈતિકતાના આગ્રહનું પરિણામ છૂટાછેડામાં આવી શકે. માર્ગરેટે જાતીય પ્રેમ (sex love) અને કામવાસનાનો (lust love) ભેદ બતાવી કહ્યું કે જાતીયતા પતિપત્નીને એકસૂત્રે જોડનારું તત્ત્વ છે. ગાંધીજી કામવાસના પર ભાર મૂકતા હતા. તેઓ તો મનને સંયમિત રાખી નૈતિકતાને અનુસરવામાં માનતા હતા, જોકે સંતતિનિયમનને તે અનુમોદન આપતા હતા. વિશ્વની આ બે મહાન વ્યક્તિઓને માનવતાવાદ અને આધ્યાત્મિક આકાંક્ષાને અનુસરવા કેટલાંયે લોકો મળ્યાં હતાં, પણ આ બન્નેનો અભિગમ જીવનની મૂળભૂત સમસ્યાના સંદર્ભમાં તદ્દન ભિન્ન હતો.

ત્યાંથી માર્ગરેટ કલકત્તા, બનારસ, અલ્હાબાદ ગઈ. અલ્હાબાદમાં પંડિત નેહરુનાં બહેન મેડમ રણજિત સીતારામની મહેમાન બની. વડોદરામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડની મહેમાનગતિ પણ તેણે માણી. ત્યાં જનરલ હૉસ્પિટલમાં તેણે વ્યાખ્યાન આપ્યું. વડોદરાથી ત્રાવણકોર ગઈ અને ત્યાંનાં મહારાણીને મળી. ત્યાં અખિલ હિંદ મહિલા પરિષદ, જેનાં પ્રમુખ સ્વયં મહારાણી પોતે હતાં તેમાં તે ભાગ લેવાની હતી. પણ ત્યાં રાજમહેલના સામાજિક મંત્રી કેથોલિક હતા, તેઓ તથા બીજા પ્રતિનિધિઓએ સંતતિનિયમન સિવાયના બીજા કોઈ વિષય પર તેને બોલવાની છૂટ આપી. અહીં પણ તેને પેલું કેથોલિસિઝમ નડ્યું. ત્યાંથી તેણે મદ્રાસ, મૈસુર, અને હૈદરાબાદની પણ મુલાકાત લીધી. દક્ષિણમાં તેને સારો સહકાર મળ્યો. ત્રિવેન્દ્રમથી તે જ્યારે ટ્રેનમાં આગળ જઈ રહી હતી ત્યારે સત્યાવીશ વર્ષની એક ગરીબ બાઈ તેના ડબ્બામાં ચઢી ગઈ. તે ૧૫૦૦ માઈલ દૂરથી તેને મળવા આવી હતી. બચાવેલા પૈસામાંથી ફર્સ્ટક્લાસની ટિકિટ કઢાવી તે માર્ગરેટના ડબ્બામાં પહોંચી ગઈ. પોતાની કથની કહેતાં તેણે જણાવ્યું કે, ૨૭ વર્ષની ઉંમરમાં તેને સાત બાળકો થયાં, જેમાંથી ત્રણ મરી ગયાં છે, અને હવે જો બીજું બાળક અવતરશે તો તેની તબિયત ટકી નહીં શકે. તેથી ગર્ભ રહેતો અટકાવવા તેણે માર્ગરેટની સલાહ માગી. માર્ગરેટે તેને સંતતિનિયમન વિશે સમજાવ્યું અને તેનું સાહિત્ય તથા સાધનો પણ આપ્યાં. તે સ્ત્રીના ચહેરા પર અભિવ્યક્ત થયેલી આભારની લાગણી માર્ગરેટ ક્યારેય ભૂલી શકી નહીં. માર્ગરેટ ભારતમાં રવીન્દ્રનાથ ટાગોર, એની બેસંટ તથા રમણ મહર્ષિ જેવા તેજસ્વી મહાનુભાવોને પણ મળી હતી. તેને લાગ્યું કે પશ્ચિમના દેશો કરતાં ભારતની સ્ત્રીઓએ તેની ઉચિત પ્રશંસા કરી. ભારતમાં આમ નવા ઉત્સાહનો ઉદ્ભવ થયો. ભારતથી તે રંગૂન, મલાયા, બર્મા અને હોંગકોંગ પહોંચી ગઈ. પણ આ દોડાદોડીમાં તેના પર પિત્તાશયના દર્દનો હુમલો થયો તેથી ચીનમાં સારવાર લઈ તે અમેરિકા પાછી ફરી. એક મોટી પેટી ભરીને તેને ભેટસોગાદો મળી હતી. ૧૯૩૫માં સંતતિનિયમનની ચળવળનાં એકવીસ વર્ષ પૂરાં થયાં. આ મહિલાનો જુસ્સો જેવોતેવો નહોતો, તે આ એકવીસ વર્ષનો ગાળો પુરવાર કરે છે. ડૉક્ટર્સ બિલની ફરીથી સેનેટમાં રજૂઆત થઈ, પણ તે પસાર થયું નહીં. ૧૯૩૫ના માર્ચ મહિનામાં 'ન્યૂ યૉર્ક ટાઈમ્સે' લખ્યું કે જવાબદારી નિભાવી શકાય નહીં તેવા વર્ગમાં બાળજન્મ કૂદકે અને ભૂસકે વધી રહ્યો છે. માર્ગરેટને હવે સંતતિનિયમનની તાતી જરૂર જણાઈ. ચારે બાજુથી સામાજિક સંસ્થાઓ, તબીબી મંડળો અને વ્યક્તિઓ તરફથી સંતતિનિયમન માટે જબ્બર પોકાર ઊઠ્યો. માર્ગરેટ પર ઢગલાબંધ પત્રો આવવા લાગ્યા. ફરીથી ડૉક્ટર્સ બિલની ઝુંબેશ શરૂ થઈ. ૩૦૦ શહેરો અને ૩૫ રાજ્યોમાં લાખો લોકોની સહી ભેગી કરવામાં આવી. બિલ પસાર થવાની આશા બંધાઈ. માર્ગરેટે જોયું કે કોર્ટો સંતતિનિયમન દ્વારા સામાજિક વિકાસની તરફેણમાં હતી,

પરંતુ ધારાસભાના બંધનને કારણે આ શક્ય બન્યું નહીં. ન્યાયાધીશો પણ જનતાના અભિપ્રાયો અને સામાજિક ફેરફારો માટે તૈયાર હતા તો પણ લાચાર હતા. આમ, ત્રીજી વખત પણ આ બિલ સેનેટમાં પસાર ના થયું !

જપાનની પેસરીના (pessary) નમૂના જપાનને ન્યૂ યૉર્ક મોકલવા વિનંતી કરી, પણ કસ્ટમ કલેક્ટરે તે પકડ્યા. ફરીથી માર્ગરેટે નમૂના મંગાવ્યા પણ ફરીથી તે જ પરિણામ આવ્યું. ડૉ હન્ના સ્ટોન પર આ નમૂનાઓ મોકલવામાં આવ્યા હતા તેથી તે કોર્ટે ચઢી. સંતતિનિયમન વિશે શ્રીમતી સ્ટૉપ્સે લખેલો નિબંધ પણ કસ્ટમમાં જપ્ત કરવામાં આવ્યો. વૈજ્ઞાનિક પરિભાષામાં લખાયેલા આ નિબંધને અનૈતિકતા કે અશ્લીલતા સાથે કોઈ સંબંધ જ નહોતો તેથી ન્યાયાધીશે જેના પર તે મોકલવામાં આવ્યો હતો તેને સુપરત કરવાનો હુકમ કર્યો. જપાનથી પેસરીના જે નમૂનાની આયાત થઈ હતી તેના પર મુકદમો ચાલ્યો ત્યારે ડૉક્ટરોએ કહ્યું કે સંતતિનિયમનનાં સાધનો માતાઓ અને બાળકોના જીવન માટે સલામત છે. પરિણામે ડૉ. હન્ના સ્ટોન પર આવેલ પેસરીનું પૅકેટ તેને સુપરત કરવામાં આવ્યું. આ કાયદેસરનો વિજય હતો. પરિણામ સ્વરૂપે ડૉક્ટરોને ગર્ભનિરોધક સાધનો અને તે સંબંધી સાહિત્ય દરિયાપારથી અને સ્થાનિક ટપાલ દ્વારા પ્રાપ્ત કરવાની છૂટ મળી. આમ, સંતતિનિયમનને તબીબી વ્યવસાય માટે આવરી લેવામાં આવ્યું. માર્ગરેટને આ વિજય માટે ઘણાં સન્માન પ્રાપ્ત થયાં. ૧૯૩૦ના જાન્યુઆરીની ચોવીસમી તારીખે જે ટાઉનહૉલમાં ૧૯ વર્ષ પહેલાં તેને વક્તવ્ય આપવાની મનાઈ ફરમાવી હતી તે જ ટાઉનહૉલ ક્લબ તરફથી તેને વાર્ષિક ચંદ્રક અર્પણ કરવામાં આવ્યો. આ ચંદ્રક પર શબ્દો લખ્યા હતા : **'for contribution to the enlargement and enrichment of life'** (જીવનના સુવિકાસ અને સમૃદ્ધિ માટેના પ્રદાન બદલ). અંતિમ વિજય ૧૦મી જૂને આવ્યો. અમેરિકન મેડિકલ એસોસિએશને એટલાંટિક સિટીના અધિવેશનમાં સંતતિનિયમનને માન્યતા અને સમર્થન આપ્યું. ડૉક્ટરોને સંતતિનિમયનની સાચી સલાહ અને સમજ દર્દીને આપવાનો અધિકાર આપવામાં આવ્યો. આ બધી મથામણમાં બે વર્ષ બાદ તેને પથરીનું ઑપરેશન કરવામાં આવ્યું. તેણે ક્યારેય શરીરની દરકાર કરી નહોતી. તેને માટે તો કર્મ એ જ પૂજા હતી. જાણે એમ લાગે કે કૃષ્ણના કર્મયોગને તેણે બરાબર પચાવ્યો હતો. ૧૦૩ ડિગ્રી તાવ હોવા છતાં પણ તેણે કેટલાંયે ભાષણો આપ્યાં હતાં. થોડાં વર્ષો સંધિવાથી પણ તે પીડાઈ હતી. પણ કાખઘોડીની મદદથી કામ કર્યે જતી હતી. જો કે સંધિવાના રોગમાંથી તે ત્રણ મહિનામાં મુક્ત થઈ હતી. માનવ જીવનની મર્યાદાઓનો તેણે ક્યારેય સ્વીકાર કર્યો નહોતો. જ્યારે તેનું પથરીનું ઑપરેશન થયું ત્યારે એચ.જી વેલ્સ જેઓ તે સમયે અમેરિકામાં હતા તેમણે માર્ગરેટના સંદર્ભમાં લખ્યું હતું કે, હું જે જે વ્યક્તિઓને મળ્યો છું તેમાં તમે સુંદરતમ અને ઉત્તમ છો. માર્ગરેટના સતત પ્રયાસથી જાહેર આરોગ્ય અધિકારીઓ, હૉસ્પિટલો, રાહતકાર્ય કરતી સંસ્થાઓ હવે કાયદાના બંધનમાંથી મુક્ત હતાં. અમેરિકામાં ૩૨૦ જેટલાં સંતતિનિયમનનાં કેન્દ્રો થયાં. ૧૯૩૮માં સાઉથ કેરોલીના, વર્જિનિયા, ફ્લોરિડા, જ્યોર્જિયા અને મિસિસિપીમાં જાહેર આરોગ્ય કેન્દ્રોમાં સંતતિનિયમનના સેવાકાર્યની શરૂઆત થઈ. પરંતુ આ દવાખાનામાં ખાસ કરીને જે ડાયાફ્રામ અને જેલીની ટેકનિક ખપમાં લેવાતી તે ગૂંચવણભરી હતી અને ખર્ચાળ પણ હતી, ગરીબ અને અશિક્ષિત માતાઓને ગ્રામવિસ્તારમાં આ પોષાય તેમ નહોતું. તેથી તેના બદલે એવી ટેકનિક



માર્ગરેટ યુવાનવયે

હોવી જોઈએ કે જે સાદી, સસ્તી, વિશ્વસનીય અને માનસિક રીતે સ્વીકાર્ય હોય. જાતજાતનાં ગર્ભનિરોધક સાધનોના અસ્તિત્વ વચ્ચે માર્ગરેટનું વર્ષોથી સેવેલું સ્વપ્ન હતું કે જો ગર્ભનિરોધ માટે કોઈ પ્રકારની ગોળીઓ શોધાઈ શકે તો તે લેનારને સરળ અને સલામત બની રહે, તદુપરાંત તે સસ્તી અને સુપ્રાપ્ય પણ હોય. આ ગોળીની શોધ માટે તેણે સંશોધકો અને ડૉક્ટરોને આર્થિક સહાય મેળવી આપવાનો પ્રબંધ પણ કર્યો. પરિણામે ગઈ સદીના છઠ્ઠા દાયકામાં એક પ્રકારની આવી ગોળીઓ અસ્તિત્વમાં આવી કે જે પદાર્થોની તે બનેલી હતી તેને ઇન્જેક્શન દ્વારા પણ મહિલાઓ લઈ શકતી હતી. માર્ગરેટને લાગતું કે ગોળીઓ લેવા કરતાં એ ગર્ભનિરોધક પદાર્થો ઈંજેક્શન દ્વારા લેવાય તો વધારે હિતકર બની રહે. કારણ કે ઇન્જેક્શનની અસર લગભગ ત્રણેક મહિના સુધી કામયાબ નીવડે, જ્યારે ગોળીઓ અવારનવાર ચોક્કસ સમયાંતરે લેવાની હોવાથી જો મહિલાઓ તે લેવાનું ચૂકી જાય તો ગર્ભનિરોધનો તેનો પ્રયાસ જોખમાઈ જાય. માર્ગરેટનું આ સ્વપ્ન આજના યુગમાં સંપૂર્ણ સાકાર થયું છે. તેણે દર્શાવેલી ગર્ભનિરોધક ગોળીઓ આજે કામયાબ નીવડી રહી છે. અલબત્ત, ગોળીઓને જેટલી સફળતા મળી છે તેટલી ઇન્જેક્શનને મળી નથી, કારણ કે આ પ્રકારનાં ઈંજેકશનોથી આડઅસરના સંભવ રહે છે. અને તેથી જે દરદીને આ ઈંજેકશનથી આડઅસર થતી ના હોય તેવાને માટે જ તેનો ઉપયોગ થઈ શકે છે એવું આજનું તબીબી વિજ્ઞાન માને છે. આથી આજે ઇન્જેક્શન કરતાં ગોળીઓનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. તદુપરાંત સંતતિનિયમનનાં સાધનો પણ ઉપલબ્ધ છે તેથી વસ્તીવધારા પર નિયંત્રણ લાવી શકાય છે.

માર્ગરેટને આ ચળવળમાં અનુમોદન આપનાર હેવલૉક એલિસ હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામ્યો. પચીસ વર્ષ સુધી તેણે માર્ગરેટને સાથ આપ્યો હતો. ડૉ. હન્ના સ્ટોન જે શરૂઆતથી માર્ગરેટની સહાયક બની રહી હતી તેનું પણ અવસાન થયું. ભાગ્ય જાણે રૂઠ્યું હોય તેમ માર્ગરેટના પતિ શ્રીમાન નોહ સ્લી લકવાગ્રસ્ત અવસ્થામાં મૃત્યુ પામ્યા. તેના અંતિમ સંસ્કાર વખતે માર્ગરેટના બન્ને દીકરા લશ્કર અને નૌકાદળમાંથી આવી પહોંચ્યા હતા. આ માણસે માર્ગરેટના જીવનને સુંદર ઓપ

આપવાનું કામ કર્યું હતું. તેની ગેરહાજરી હવે માર્ગરેટને સાલવા લાગી. બધા મિત્રો, પતિ સહુ ચાલ્યા જતાં તે સાવ એકલવાઈ થઈ ગઈ હોય તેમ તેને લાગવા લાગ્યું. તેના બન્ને દીકરાઓને યુદ્ધ તેનાથી દૂર લઈ ગયું. યુદ્ધના સમયમાં તે પૌત્રો અને પૌત્રીઓમાં ખોવાયેલી રહેતી હતી. દરમિયાન એચ.જી. વેલ્સ કિડની, મધુપ્રમેહ અને હૃદયની બીમારીનો ભોગ બન્યા. માર્ગરેટ આ સમાચાર જાણી ઈંગ્લંડ પહોંચી ગઈ. તેની હાજરીમાં ૧૯૪૬ની ૧૩મી ઑગસ્ટે એચ.જી. વેલ્સે છેલ્લા શ્વાસ લીધા. આમ, માર્ગરેટના બધા દિલોજાન સાથીઓ એક પછી એક વિદાય થયા. માર્ગરેટ સાવ એકલી પડી ગઈ.

તેના નજીકના મિત્રો માર્ગરેટને સાઠ વર્ષ પૂરાં થયાં હોવાથી આ બધી પ્રવૃત્તિઓમાંથી તે નિવૃત્ત થાય તેમ ઈચ્છતા હતા, પણ વયમર્યાદા તેની પ્રવૃત્તિને અટકાવી શકે તેમ હતું જ નહીં, કારણ તેનું મનોબળ મજબૂત હતું. ૧૯૨૭માં માર્ગરેટની વાતને ધ્યાનમાં લેવામાં આવી નહોતી, પણ યુદ્ધના પરિણામથી જર્મની, જપાન વગેરેને સમજાયું કે વસ્તી અને યુદ્ધને કેટલો ગાઢ સંબંધ છે ! જપાનમાં ૧૯૨૨માં ૬૦ મિલ્યન વસ્તી વધીને ૮૦ મિલ્યન થઈ હતી, ભારતમાં ૫૦ મિલ્યન વસ્તીમાં વધારો થયો હતો. આટલાં બધાં લોકોને નિભાવવા, ખોરાક અને જીવન-જરૂરિયાતો પૂરી પાડવી તે કાંઈ સહેલી વાત નહોતી, તેમાં વળી પ્લેગ અને મલેરિયાની દવાની શોધથી લોકોના જીવનનો ગાળો લંબાયો હતો. ત્યારે એક એવો અંદાજ કાઢવામાં આવ્યો કે જો આમ ચાલશે તો ભારતની વસ્તી વધીને પછીના પંદરવીસ વર્ષોમાં ૧૦૦ મિલ્યન થઈ જશે. અને આજે ૨૦૦૧માં છેલ્લી વસ્તીગણતરી પ્રમાણે ભારતની વસ્તી એક અબજ બે કરોડ સુધી પહોંચી ગઈ છે. આમ, માર્ગરેટની આગાહી સાચી પડેલી આપણે જોઈ શકીએ છીએ. અલબત્ત, આ વસ્તીવધારા પર નિયંત્રણ લાવવાના પ્રયત્નો શરૂ થયા હતા. સ્વતંત્ર ભારતની રચના થતાં પંચવર્ષીય યોજનામાં જવાહરલાલ નેહરુએ વસ્તીનિયમનને અગ્રિમ સ્થાન આપ્યું હતું. આ પૂર્વે લેડી રામારાવના અધ્યક્ષપદે ઈંડિયન પ્લાનિંગ એસોસિએશનની રચના કરવામાં આવી હતી. મ્યુનિસિપાલિટીમાં અને રાજ્યોમાં નવાં દવાખાનાં ખોલવામાં આવ્યાં હતાં. માર્ગરેટને જ્યારે લાસ્કર ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો ત્યારે તેણે કહેલા શબ્દો આ પ્રમાણે હતા : **'Induce, strive, awaken. We must induce men and women to strive for a better civilization for themselves and their children's childrens.'** (પ્રેરો, પુરુષાર્થ કરો, જાગ્રત થાવ. આપણે સ્ત્રીપુરુષોને પોતાને સારુ અને પોતાનાં સંતાનો અને તેમનાં સંતાનો સારુ બહેતર સભ્યતા માટે પુરુષાર્થ કરવા પ્રેરવાં જોઈએ.)

માર્ગરેટનું સ્વપ્ન સ્ટૉકહોમમાં ૧૯૪૬માં સાકાર થયું. ત્યાં સંતતિનિયમન અને જાતીયતાના જ્ઞાનની ચર્ચા કરવા આંતરરાષ્ટ્રિય સંમેલનનું આયોજન થયું. જપાનમાં ૧૯૪૯માં ગર્ભપાતને કાયદેસર બનાવવામાં આવ્યો. જે માતા પોતાના કુટુંબને મર્યાદિત રાખવા ઈચ્છતી હોય તેને ગર્ભપાતની છૂટ મળી. આમ, જપાને આ બાબતમાં પહેલ કરી. ભારતમાં નવી સરકાર અસ્તિત્વમાં આવી જેમાં પંડિત જવાહરલાલ નેહરુએ પંચવર્ષીય યોજનામાં સંતતિનિયમનને સમર્થન આપ્યું. સમગ્ર દેશમાં આ માટે દવાખાનાં ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ માટે ભારતમાં પરિષદનું આયોજન થયું. ધી ઇન્ડિયન ફૅમિલી પ્લાનિંગ એસોસિએશનને માન્યતા મળી.. મુંબઈમાં આ સંમેલન નવેમ્બર માસમાં ભરાયું જેમાં ભાગ લેવા માર્ગરેટને નિમંત્રણ પાઠવવામાં આવ્યું. તેણે ભારત આવી આ સંમેલનમાં ભાગ લીધો. આ એક અદ્‌ભુત પ્રકારનો વિજય હતો. જપાનમાં લોકોનું બળ આની પાછળ હતું, જ્યારે ભારતમાં સૌપ્રથમ સરકારનું બળ હતું. જ્યારે સંમેલન ભરાયું ત્યારે માર્ગરેટને રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણની બાજુમાં વ્યાસપીઠ પર બેસવાનું સન્માન મળ્યું.

હવે તે પોતાનું વિલો લેક, જે તેના પતિ સ્લીએ તેને માટે બંધાયેલું તે, વેચી ટસ્કન રહેવા ગઈ. તેની પૌત્રીનું નામ પણ માર્ગરેટ રાખ્યું હતું. તેનાં પ્રસંતાનો માર્ગરેટને મિમિ કહેતાં હતાં, જ્યારે તેના સંબંધીઓ તેને શ્રીમતી સંગર કહેતાં. ન્યૂ યૉર્કમાં બર્થ કૉન્ટ્રોલ મુવમેન્ટ સેન્ટર માર્ગરેટનું પોતાનું હતું. તેમાં છેલ્લા દસકામાં ઘણા ફેરફાર થયા હતા. તેનું નામ બદલાઈને 'માર્ગરેટ રિસર્ચ બ્યુરો' થયું હતું. આ મકાન તેના પતિએ તેને ભેટ આપ્યું હતું. અહીં દર્દીઓ પાસે બહુ જ થોડી ફી લેવામાં આવતી. પરિણામે ખોટ જવા લાગી. આ આર્થિક સમસ્યા હલ કરવાનું માર્ગરેટ માટે મુશ્કેલ હતું. વળી, તે હવે ટસ્કન રહેવા જતી રહી હતી તેથી ૧૯૫૦માં એ મકાન ચળવળના સમર્થકોના સમૂહ માટે તબદીલ કરવામાં આવ્યું. ડૉ. અબ્રાહ્મ સ્ટોન પાંચ વર્ષ માટે તેના ડિરેક્ટર તરીકે ચૂંટાયા. જો કે માર્ગરેટને આ માટે વિનંતી કરવામાં આવેલી, પણ તેણે ના પાડી. તે સહડિરેક્ટર અને ટ્રસ્ટીમંડળનાં સભ્ય તરીકે રહી. ૧૯૫૪માં ૪૫ ડૉક્ટરોનો સ્ટાફ થયો, જેઓ અઠવાડિયામાં થોડા કલાક આવી દર્દીઓને ગર્ભનિરોધકની માહિતી આપતા. ઘણી સ્ત્રીઓએ આનો લાભ લીધો. નવા સંશોધન પ્રમાણે પુરુષોને પણ ટ્રીટમેન્ટ આપવાનું વિચારાયું. બ્યુરોની નીતિ પ્રમાણે ફક્ત દંપતીઓને સહિયારી સારવાર આપવાનું સ્વીકારાયું. હવે યુવાન સ્ત્રીઓ લગ્ન પછી તરત જ કુટુંબનિયોજન માટે સલાહ લેવા આવવા માંડી. માર્ગરેટની ઝુંબેશના પ્રતાપે અમેરિકામાં ઠેરઠેર દવાખાનાં ખૂલ્યાં. સંતતિનિયમનને કાયદેસર બનાવવામાં આવ્યું. જોકે કૅથોલિકોએ આનો વિરોધ ચાલુ રાખ્યો તેથી અમુક જગાએ તેના પર કાયદેસર પ્રતિબંધ હતો. પરંતુ આ બધું બાદ કરતાં માર્ગરેટને મળેલી સફળતા અદ્વિતીય હતી. ભારતમાં સંતતિનિયમનને પંચવર્ષીય યોજનામાં દાખલ કરવામાં આવ્યું.

માર્ગરેટનું માતૃત્વની સ્વતંત્રતાનું સ્વપ્ન સફળ થયું. ઑસ્ટ્રેલિયા, ગ્રેટબ્રિટન, હૉલૅન્ડ, હૉંગકૉંગ, ભારત, ઈટલી, પાકિસ્તાન, જપાન, સિંગાપોર, સ્વીડન, સાઉથ આફ્રિકા, અમેરિકા અને વેસ્ટ જર્મનીએ આ ઝુંબેશના હાર્દને સ્વીકાર્યું. આ કાંઈ નાનીસૂની સિદ્ધિ નહોતી. માર્ગરેટનો આ ભવ્ય વિજય હતો. સંતતિનિયમન કૌટુંબિક સુખાકારી માટે એટલું મહત્ત્વનું બની ગયું કે જેનું સુફળ આપણે આજે ભોગવી રહ્યાં છીએ. એ માટે માર્ગરેટ ધન્યવાદને પાત્ર છે.

૧૯૧૨થી તેણે આ ઝુંબેશ શરૂ કરી હતી. કેટકેટલા વિરોધોનો સામનો કર્યો હતો ! તબિયતની દરકાર કર્યા વગર વિવિધ દેશોમાં આ ઝુંબેશને પ્રબળ અને સફળ બનાવવા માટે ઘૂમી હતી. અમેરિકામાં બર્થ કૉન્ટ્રોલ ક્લિનિક ખોલવાની પ્રથમ પહેલ કરનાર આ સન્નારી હતી. કેટલાંય અપમાનો સહન કર્યાં હતાં. આઠ વખત ધરપકડ વહોરી હતી, નવ વખત જેલવાસ ભોગવ્યો હતો. આ એક એવી મહિલાની કહાની છે કે જેણે માનવજાતના ઇતિહાસમાં પોતાની અમર છાપ અંકિત કરી છે. એચ.જી. વેલ્સે જે શબ્દોથી તેને નવાજી તેમાં આપણે પણ આપણો સૂર પુરાવીએ તો કશું જ ખોટું નથી :

'Alexander the great changed a few boundaries

(અનુસંધાન પૃ. ૩૪૩)



(ગતાંકથી પૂરું)

રવીન્દ્ર ભટ્ટ

પોલીસ કમિશનર અને મહેન્દ્રસિંહજી બન્નેને લાગ્યું કે આફ્રિકા ગયેલ મનસુખલાલ ધીરજલાલને મુંબઈ બોલવવો અને તે પહેલાં તેના તથા મોહન ઠક્કરના, વીમા, જો ઉતરાવ્યા હોય તો, તેની નકલ મેળવી વિગતો જોઈ જવી.

તે મેળવીને જોતા જણાયું કે મનસુખલાલે એકવીસમે વર્ષ પૉલિસી ચાલુ કરાવેલી અને ત્રીસમે વર્ષ પેઇડ-અપ. કંપનીના બે વિભાગીય અધિકારીને, ટ્રસ્ટ નીમી અને કાગળ લખી સહી કરી સીલ કરીને આપેલો કે પોતાને કંઈ થાય કે હયાતી ન રહે તો લિખિત સૂચના પ્રમાણે અમલ કરવો. એ વાતને પાંચ વર્ષ થઈ ગયાં હતાં અને આફ્રિકામાં હજી હયાત મનહરલાલે એમ શા માટે કર્યું હશે એ સવાલ ઊભો થયો. પોલીસની દાક્તરી તપાસમાં નોંધાવેલું કે ડાબે હાથે કોણી ઉપર અડધો ઇંચ એક નાનો તલ છે.

મોહન ઠક્કરે પણ વીમો ઉતરાવેલો. ત્રેવીસમા વર્ષથી છેલ્લું પ્રિમિઅમ છ મહિના પહેલાં જ ભરાયું હતું એટલે કે અગિયાર પ્રિમિઅમ ભરાયાં હતાં. આમ, એની પૉલિસી ચાલુ હતી. દાક્તરી તપાસમાં નોંધાવેલું કે ડાબે હાથે કોણી પાસે તલ છે. ચોક્કસ ક્રમે તે નહીં નોંધાયેલું.

પૉલિસીની વિગતોની માહિતી પ્રમાણે ૩૪-૩૫ વર્ષ પહોંચેલ અને કોઈ અગમ્ય કારણ કે કારણોને લીધે મનસુખલાલે પૉલિસી પેઇડ-અપ કરાવી લીધેલી. પોલીસખાતાએ અને મહેન્દ્રસિંહજીએ એની જે માહિતી મેળવેલી તે પણ વિચિત્ર. આફ્રિકામાં તેની આબરૂ પ્રામાણિક વ્યક્તિ તરીકેની. યોગ્ય સ્થાને કે વ્યક્તિને દાન પણ આપતો રહેતો. એની ત્યાંની બૅન્કમાં આબરૂ પણ સારી હતી. લગ્ન કેમ નહોતાં કર્યા તે કોઈ જાણી નહોતું શક્યું. એનામાં ફેરફાર એ થયેલો કે અમદાવાદ કાયમ રહેવાની વ્યવસ્થા કર્યા પછી આફ્રિકા એ ધંધો સંકેલી લેવા જ આવેલ; પણ એક ગામમાં ન રહે. હળવામળવાનું ટાળે ! પહેલા એમ નહોતું.

આ ફેરફાર શા માટે ?

મહેન્દ્રસિંહજી એકદમ ખુરશીમાં ફર્યા, 'આ બંને ઠક્કરો-લોહાણા ગૃહસ્થો અમદાવાદના...' આગળ કંઈ કહે ત્યાં એક પોલીસ એક રજિસ્ટર્ડ કાગળ આપી ગયો. કમિશનરે હળવેકથી ખોલીને વાંચ્યો. ભવાં જરા ઊંચાં થયાં. 'લ્યો વાંચો.' એમણે કાગળ મહેન્દ્રસિંહજીના હાથમાં મૂક્યો અને ગંભીર થઈને બોલ્યા : 'જેમ જેમ માહિતી મળતી જાય છે તેમ ઘડીક તો ખબર નથી પડતી કે એ ખૂન રહસ્યના ઉકેલ તરફ આપણને લઈ જાય છે કે કશુંક છુપાવે છે.'

મહેન્દ્રસિંહજીએ કાગળ વાંચ્યો. અમદાવાદથી જ વીમા કંપનીનો હતો. સંબંધિત અધિકારીએ લખ્યું હતું : 'શ્રી મોહનભાઈ ઠક્કરની તમે જે માહિતી મેળવી તેમાં ઉમેરવાનું કે હવેનું પ્રીમિઅમ એમના મુંબઈવાળા ભાગીદાર ભરવાના છે એ મતલબનું લખાણ એમના પોતાના હસ્તાક્ષરમાં એમના ખૂનની વાત પ્રકટ થઈ તે પહેલા જ અમને મળેલું. ગફલતથી તમને તે આપવાનું રહી ગયેલું. ત્યાર પછી અને તે ખૂનની રાત્રે મુંબઈ જવા ઊપડેલા તે પહલાં જ એક બીજો સીલબંધ કાગળ આપી ગયેલ જેમાં ઉપર લખેલું 'પ્રીમિઅમ ભરાઈ જાય પછી ખોલવાનું. આ બીજો કાગળ જે સંબંધિત અધિકારીને આપેલો તે રજા ઉપર હોવાથી તરત ન મોકલી શકાયો તે બદલ ક્ષમા કરશો.'

'હં... અં.' મહેન્દ્રસિંહજી એમ કહીને કમિશનરને જોઈ રહ્યા : 'તમારી વાત સાચી. એટલું ખરું કે આ ખૂન પાછળ કોઈ અજબ પરિબળો કામ કરી ગયાં છે.' પછી જરા અટકી, 'હું તમને જે આ અમદાવાદના ઠક્કરભાઈઓ વિશે કહેતો હતો તે અંગે તે બેને સંબંધ તો નહિ હોય ને ?' તમારી પાસે મોહન ઠક્કરનો છેલ્લો ફોટો છે. આપણે હવે અમદાવાદની પાસપોર્ટ ઑફિસમાંથી મનસુખલાલનો ફોટો મંગાવી લઈએ. એની નકલ ત્યાં સચવાઈ હશે.'

ફોટાની નકલ મળી ગઈ. ત્યાર બાદ મોહન ઠક્કરનો છેલ્લો ફોટો મોટો કરાવાયો અને મહેન્દ્રસિંહજીએ પોતાના એક જૂના કલાકાર મિત્રને એ આપી, અમદાવાદથી આવેલ મનસુખલાલના ફોટા ઉપરથી એ જ મોટા માપમાં એનું ચિત્ર તૈયાર કરવાની સૂચના આપી. ચિત્રકારે ત્રણચાર દિવસની મુદત માગી.

નિયત સમયે ચિત્ર તૈયાર થતા પોલીસ કમિશનરની ખાનગી ઑફિસમાં જ મીટિંગ ગોઠવાઈ. મહેન્દ્રસિંહજીએ ચિત્રકાર મિત્રને એક તરફ બોલાવી કંઈક સૂચના આપી અને ચિત્રકારે એક ખૂણે દૂર ટેબલ ઉપર મૂકેલ મોહન ઠક્કરના ફોટા સામે જોઈ મનહરલાલના પોતે દોરેલા ચિત્ર ઉપર નાનાનાના ફેરફારો કરવા માંડ્યા.

તે દરમિયાન મહેન્દ્રસિંહજી પોલીસ કમિશનર સાથે બેઠેલા એક ડિટેક્ટિવને ખૂન કેવી રીતે થયું હોય તે સમજાવી રહ્યા હતા.

ફેરફાર પછી ચિત્ર તૈયાર થતા એને અને બધાને દેખાય તેમ મોહન ઠક્કરના મોટા કરેલા ફોટા પડખે મૂકવામાં આવ્યું.

બધા જોઈ રહ્યા. 'અરે, આ તો બંને સરખા છે !'

ચિત્રકારે સમજાવ્યું કે મોહનભાઈને દાઢી અને મૂછ નથી. ભ્રમર ધ્યાન ખેંચે એવી નથી. સામાન્ય હોય તેવી જ છે. આંખો જરા મોટી છે. મનસુખલાલમાં તેમ ન હોતાં એટલા ફેરફાર કર્યા. આંખોમાં ફેરફાર કરવો મુશ્કેલ હતો એટલે ગૉગલ્સ જેવા રંગીન ચશ્માં પહેરાવ્યાં છે. એવાં જ ચશ્માં જો મોહનભાઈના ફોટા ઉપર દોરી શકાય તો બંને સરખા લાગે. મનસુખભાઈને પણ દાઢી-મૂછ નથી, પરંતુ હડપચી જરા જુદી પડે છે.

'આમેય તે ઘણું મળતાપણું છે,' હાજર રહેલ ડિટેક્ટિવે કહ્યું, 'અમને ચહેરાનો અભ્યાસ હોય જ અને યાદ પણ રાખીએ, જેથી બદમાશો ચહેરામાં નાનામોટા ફેરફારો કરતા રહે તો પણ, અમારું ધ્યાન જાય.'

પોલીસ કમિશનર અને મહેન્દ્રસિંહજી એકબીજાની સામે જોઈ રહ્યા. બંનેના મનમાં એક જ શંકા હતી. 'મને લાગે છે' મહેન્દ્રસિંહજીએ કહ્યું 'કે અમદાવાદના આ બે લોહાણા ગૃહસ્થો ભાઈઓ હોવા જોઈએ અને-

'પછી જુદા પડ્યા હોય' પોલીસ કમિશનરે એ જ શંકા આગળ ધરી, 'અને એકે બીજાનું ખૂન કર્યું એવી રીતે કે આળ રમેશ ઝવેરી ઉપર આવે.'

'બસ, તો ભેગા કરો પેલા 'ઈ' ખાનાના ત્રણ જે ગુજરાતી નથી અને એમની સાથે જ પ્રવાસ કરનાર મનસુખલાલ ધીરજલાલ જેના વર્તન-વ્યવહારમાં ફેરફાર થયો છે.'

એ તાત્કાલિક પોલીસપદ્ધતિથી કરવામાં આવ્યું. પેલા ત્રણ એક બંગાળી એક મદ્રાસી અને એક આન્ધ્ર પ્રદેશનાને થોડી જ વારમાં ગેંગેં ફેફે થઈ ગયા અને ગુનો એવી રીતે કબૂલ કર્યો કે સાંભળનારઓને શંકા ન રહી તો પણ આશ્ચર્ય તો થયું જ. કારણ?

મનસુખલાલને જુદી ચેમ્બરમાં લઈ જવામાં આવેલ, જ્યાં કમિશનર અને મહેન્દ્રસિંહજી એની રાહ જોતા હતા. એ જ ખંડમાં એક ખૂણે ટેબલ-ખુરશી ગોઠવેલ. ખુરશી પર એક ભાઈ બેઠા હતા. મનસુખલાલ જે રીતે આવ્યા અને ધીમેથી બેઠા તેમાં કશીક આંતરવેદના સાથે લાચારી અને સમર્પણના ભાવો વર્તાતા હતા.

'તમે જ મનસુખલાલ ધીરજલાલ?'

'જી, નામથી શું ફેર પડવાનો હતો?'

'જુઓ' કમિશનરે કડક અવાજે કહ્યું 'સરખી રીતે જવાબ આપો. ખૂનનો ગંભીર મામલો છે. અને તમારા ઉપર આરોપ આવી શકે તેમ છે. બોલો, તમે જે કાંઈ કહેશો તે આ બેઠેલા ભાઈ લખતા જશે. કહો, તમારે મોહન ઠક્કરના ખૂન વિશે શું કહેવાનું છે?'

'જી' બોલનારનો અવાજ બદલાયો. 'હું જે કંઈ કહીશ તે ઈશ્વરની સાક્ષીએ જ કહીશ. મારું નિવેદન નોંધી લ્યો. ખૂન થયું છે તે હકીકત છે. તે ન થાય એમ મારી ઇચ્છા હતી. જે ખૂન થયું તે મોહન ઠક્કરનું નહિ. હું જ મોહન ઠક્કર અને ખૂન થયું છે તે –' એમ કહી એ બેઠેલ વ્યક્તિએ સંભાળપૂર્વક, ધીરે ધીરે પોતાનાં દાઢીમૂછ કાઢી નાખ્યાં. તે કૃત્રિમ હતાં. માથે વિગ હતી તે પણ કાઢી નાખી. પહેરેલાં ઘેરા રંગનાં ચશ્માં ઉતારી લીધાં.

જોનારા સમજી ગયા કે મરનારથી જુદા લાગવા માટે કામચલાઉ ઉપયોગ કર્યો હશે. આપણા ગયા પછી નહિ.

કમિશનર મહેન્દ્રસિંહજી જોઈ રહ્યા. નિવેદન લખનાર પણ આશ્ચર્યથી જોઈ રહ્યો. તાજા જ જોયેલા બે ભાઈઓ - મોહન અને મનસુખલાલ - ના ફોટા સાથે સામ્ય દેખાયું.

કમિશનરે હાથથી નિશાની કરી એટલે નિવેદન આગળ ચાલ્યું.

'મરનાર મનસુખલાલ મારા મોટાભાઈ. અમારી મા જુદી. મારા બાપા પાવરધા, પણ કાયદાનો ભંગ ન કરે. નાનપણમાં કુટુંબમાં તે બચુભાઈ કહેવાતા એટલે નામ મેં મોહન બચુભાઈ રાખેલું. હું ખોટે રવાડે ચડી ગયેલો. જુગાર અને દાણચોરીના માલની હેરાફેરી. બાપા ઘણા ખીજાયા અને મને ઘરમાંથી કાઢી મૂક્યો. નજીકની પોળમાં જ બીજા એક બચુભાઈ રહેતા. પોળના બધા જ જુવાનીઆઓ સાથે એને બને. મને એણે સાચવી લીધો. સૂવાની, બેસવાની, જમવાની બધી જ સગવડ કરી આપી. એમના ધંધામાં સાથે ફેરવતા થયા.'

'અમારા બેય ભાઈઓનાં મોઢાં સરખાં. અમે બાપા ઉપર ઊતરેલા. મારો ભાઈ સીધો માણસ. નાનપણમાં જ એની મા મરી ગયેલી એટલે લાડમાં ઉછરેલો, પણ લાડથી એ બગડ્યો નહિ. સમજણો થયો. સાચી વેપારી બુદ્ધિ પણ એનામાં ખીલી. અમને બેય ભાઈઓને ડાબા હાથે તલ. ભાઈને કોણી ઉપર, મને નીચે. ભાઈ પ્રામાણિક અને મારી આબરૂથી ત્રાસી જઈને થોડો સમય તો એણે દાઢીમૂછ રાખેલી પણ પછી કાઢી નાખેલી.

ભાઈ વેપારી દુનિયામાં ઘણો આગળ આવી ગયો અને થોડા સમયમાં જ આફ્રિકામાં ધંધો જમાવ્યો. મારામાં એવા, સીધા પ્રામાણિક રસ્તે કશું કરવાની આવડત નહીં એટલે ભાઈની ઈર્ષા આવવા માંડી. એટલે સુધી કે...' બોલનાર અટકી ગયો. અવાજ ઢીલો પડી ગયો.

'કહો, કેમ અટકી ગયા?' મહેન્દ્રસિંહજીએ પૂછ્યું.

'કેટલે સુધી તે આજે અત્યારે હું કહી શકું તેમ નથી.'

તે વખતના મારા આડા ધંધામાં મારા ભાઈબંધો કોઈનું ખૂન કરવાનું પણ વિચારી શકતા. સમજી ગયા? મને એવી પ્રેરણા આપેલી. એટલું ખરું કે ભાઈની અને એના ધંધાની હું બધી જ માહિતી મેળવતો હતો. ભાઈનું એક નાણાખાનું અમદાવાદની બેન્કમાં પણ હતું, જ્યાં મારે ઓળખાણ હતી. અમારો ધંધો જ એવો કે ઘણી ઓળખાણ થાય. એ ઓળખાણને લીધે ભાઈ પોતાની ચેકબુકમાં સહી કેવી રીતે કરે છે તે જાણી શક્યો. સહીની નકલ હું આબેહૂબ કરી શકું છું. આપને વાંધો ન હોય અને ખાતરી કરવી હોય તો લખી આપો ગમે તેવી સહી.

કમિશનરે ગરબડિયા અક્ષરવાળી એક સહી કરી આપી અને મોહન ઠક્કરે થોડી જ વારમાં અટક્યા વગર તે સહીની આબેહૂબ નકલ કરી આપી. પછી મહેન્દ્રસિંહજીએ ચીપીચીપીને એક સારા અક્ષરોની બીજી સહીનો નમૂનો આપ્યો. તે પણ મોહન ઠક્કરે અટક્યા વગર આબેહૂબ કરી આપી. તે પછી મોહને કહ્યું, 'આપને કહી દઉં કે એવી સહીનો ગેરલાભ મેં લીધો નથી, પણ ભાઈ વિશેના નઠારા વિચારો - એને દૂર કરી આફ્રિકાનો ધંધો મારે પચાવી પાડવો એ મારા મગજમાં સળવળતા રહેતા. બીજું, મુંબઈની નગીનદાસની કંપનીએ મારું અપમાન કરી મને નોકરીમાંથી કાઢી મૂકેલો. જે વાત હું ધારું છું તમારી જાણમાં છે - એ પણ મને ખટક્યા કરતું હતું.'

એમાં એક દિવસ હું અમદાવાદ સ્ટેશને મુંબઈ જવાના વિચારથી રિઝર્વેશન કરાવવાના વિચારથી બેઠો હતો ત્યારે જવું-ન જવું એ ગડમથલમાં હતો. કાઉન્ટર ઉપર નહોતો ગયો. ત્યાં જ રમેશ ઝવેરીને જોયો અને રિઝર્વેશન કરાવીને એ ગયો: હજી હું ઊભો થાઉં ત્યાં ભાઈ મનસુખ આવ્યો અને એ પણ પોતાનું રિઝર્વેશન કરાવીને ગયો. બંનેએ મુંબઈ જવા માટે ગુજરાત મેલમાં રિઝર્વેશન કરાવ્યું હશે તેની મને શંકા નહોતી. હું એવી જગ્યાએ બેઠેલો અને વળી આસપાસને ગિરદી એટલે એ બે જણાએ મને જોયેલો નહિ. એ બેને જોતાં મારા મગજમાં ઝબકારો થયો. હું કાઉન્ટર ઉપર ગયો અને રિઝર્વેશન કલાર્ક રમણ દેસાઈ પણ મારો ઓળખીતો જ હતો. મેં એને કહ્યું 'મારે થોડી મુંબઈની ટિકિટો જોઈએ છે. હમણાં એક ભાઈ ગયા રમેશ ઝવેરી. હું એમને ઓળખું છું. એમની સાથે ટિકિટ મળે તો વાતો થાય.'

'રમેશભાઈની ટિકિટ બે બર્થના 'એફ' કમ્પાર્ટમેન્ટમાં છે. ઉપરની ખાલી છે તે મળે.' એ ટિકિટ મેં બુક કરાવી લીધી. પછી વધુ ત્રણ ટિકિટો, મારે, મારા સાગરીતો માટે, લેવી હતી. એક હતો બંગાળી, એક મદ્રાસી અને એક આન્ધ્રપ્રદેશનો. એ ત્રણ ટિકિટો પડખેના 'ઈ' કમ્પાર્ટમેન્ટમાં મળે તો મારી મનસુખ વિશેની મગજમાં ઘૂમતી યોજના એ સાગરીતોની સહાયથી અમલમાં મૂકી શકાય તેમ હતું. મેં ત્રણ ટિકિટો બાજુના 'ઈ' કમ્પાર્ટમેન્ટમાં માગી. રમણે કહ્યું કે એ કમ્પાર્ટમેન્ટમાં એક જ નીચેની બર્થ મનસુખભાઈ નામના એક ભાઈ હમણાં જ બુક કરાવી ગયા છે. મુંબઈ સ્ટેશને ગાડીમાંથી જલદી બહાર નીકળી જવાય એમ જણાવી ટિકિટ લીધેલી. મેં તરત જ એ જ ખાનામાં ત્રણ ટિકિટો મારા ત્રણ સાગરીતોના નામે લઈ લીધી અને એ ત્રણને જાણ પણ કરી દીધી. એ ત્રણ ત્યારે

અમદાવાદમાં જ હતા. ભારે ભારાડી માણસો. કોઈને પતાવી દેવામાં એમનું રુંવાડુંએ ન ફરકે.

તે દિવસે સ્ટેશને તો મારા મગજમાં જે ઝબકારો થયેલો તે એ કે મોટાભાઈ પ્રવાસમાં સાથે છે તો મારા સાગરીતો દ્વારા એનો નિકાલ કરી શકાય અને રમેશ ઝવેરી ઉપર આરોપ આવે એમ એને મારી બર્થ ઉપર ફેરવી શકાય. પછી આફ્રિકા જઈ ભાઈને નામે ધંધો કરી શકાય. અમારા ચહેરા તો મળતા જ હતા. સહીની તકલીફ નહોતી.

આમ,, આટલે સુધી પહોંચેલા વિચારો હતા. પ્રવાસનો દિવસ આવતાં તો જીવમાં થવા માંડ્યું 'ભાઈને કંઈ મારી નખાય ? ભાઈ શું કામ ? કોઈ પણ હોય. સાહેબો, ખરું કહું છું કે જેમજેમ આવી ગડમથલ વધતી ગઈ તેમતેમ હું ઢીલો પડતો ગયો.

મહેન્દ્રસિંહજી અને કમિશનર, નિવેદન સાંભળવામાં મશગૂલ, બંનેને એકસાથે આશ્ચર્ય થયું : 'આ માણસ જુદી જ માટીનો લાગે છે !'

નિવેદન આગળ ચાલ્યું. એ પહેલાં મોહન ઠક્કરે થોડું પાણી પીધું.

'આમ વિચારો બદલાતા હતા, ત્યાં પ્રવાસનો દિવસ - મુંબઈ જવાનો દિવસ આવ્યો. સ્ટેશને વહેલા જઈને પ્રવાસીઓનું લિસ્ટ જોયું. રમેશભાઈ અને મનસુખભાઈનાં નામો હતાં. મારા સાગરીતો તો આવવાના જ હતા. રમેશભાઈ હજી આવ્યા નહોતા.

'કોઈ મને જોઈ ન શકે એવી જગ્યાએ હું બેઠો. પોણા દસ ઉપર થયું એટલે મારા કમ્પાર્ટમેન્ટમાં મારી બૅગ ઉપર મૂકી ઓઢવાનું બૅગમાંથી લઈ ઓઢીને સૂઈ ગયો. મારું ધ્યાન મારી રેડિયમ ડાયલવાળી ઘડિયાળ ઉપર જ હતું. દસમાં દસ - દસમાં પાંચ - નવ સત્તાવન - નવ અઠ્ઠાવન થયું કે રમેશભાઈએ મુંબઈ જવાનું બંધ રાખ્યું હશે. ત્યાં તો બારણું ઝડપથી ઊઘડ્યું, સામાન બર્થ નીચે મુકાયો અને ઊઘડતી ગાડીએ બારણું બંધ કરી મજૂર ઊતરી ગયો તેમ લાગ્યું. નીચેની બર્થ ઉપર - રમેશભાઈ જ હોય - ફસડાઈ પડ્યા અને ગાડીની ઝડપ વધતી ચાલી.

'ઝડપથી આગળ વધતી ગાડીમાં જેમજેમ મારી યોજનાનો સમય નજીક આવતો ગયો અને જે યોજનાથી હું મૂંઝાતો હતો તે નજીક આવતા હું વધારે મૂંઝાવા માંડ્યો. 'નથી કંઈ કરવું' એમ જ્યાં વિચાર આવ્યો ત્યાં યાદ આવ્યું કે વડોદરા આવે તે પહેલાં પડખેના ખાનામાં સૂતેલા મારા ભાઈને બેભાન કરવાની સૂચના આપી દીધેલી અને એ સમય જ ત્યારે હતો.'

'બેભાન કરવાની ક્રિયા કેવી રીતે કરવાની હતી ?'

'એક ખાસ પ્રકારના ઓશીકાથી, જે દેખાવમાં તો આપણે પ્રવાસમાં વાપરીએ તેવું જ. ફૂંક મારીને હવા ભરવાની. પણ ઓશીકામાં અડધાથી વધારે ભાગ હવા ભરવા માટે અને નીચેના ભાગમાં ઘેન જેવો ઊંઘમાં નાખી દે તેવો વાયુ. ઉપર હવા ભરવા માંડીએ એટલે નીચેની કોથળી દબાતા, ઓશીકાને નીચેને છેડે નાજુક વાલ્વ હોય તે ઊઘડી જાય. વાલ્વનો બહારનો નીચેનો છેડો નાનો થતો જાય એવી ગોળાકાર નળીવાળો. એમાંથી ગૅસ નીકળવા માંડે તે કોઈ સૂતેલ વ્યક્તિના નાક નજીક હોય તો તેની ઊંઘ ઘેન જેવી થાય. કોઈ નુકસાન ન કરે પણ ઓછામાં ઓછી ત્રણેક કલાક એ વાયુની અસર રહે અને માણસ જાગી ન શકે. ઓશીકાથી એવો ગૅસ અડધી મિનિટ માંડ સૂંઘાડવાનો. ઓશીકામાં હવા ભરનાર વ્યક્તિને કશું ન થાય. ફૂંક મરાતી હોય એટલે શ્વાસ લેવાની પણ ન હોય. લશ્કરમાં કામ કરેલ મારા એક મિત્રે આવા વાયુઓની માહિતી આપેલી અને વાયુ ભરાવેલ ઓશીકાં પણ કરાવી આપેલાં. બોલનાર મોહન ઠક્કર અટક્યો. સિલિંગ પંખાની ફરતી હવા એના, પોલીસ કમિશનરના અને મહેન્દ્રસિંહજીના વાળને આમતેમ ફેરવતી રહી.'

'મારી વિનંતી છે કે ઓશીકાનું નિવેદન, જેમ બોલ્યો છું, તે પ્રમાણે જ નોંધી લેશો. એની સંપૂર્ણ વિગત તમારા રેકર્ડ માટે હું જુદી છેવટે લખાવીશ. આપ બંને સમજી શકયા ? શા માટે ?'

'યસ, એમ જ કરશું, કેરી ઑન' પોલીસ કમિશનરે કહ્યું.

'હું હળવેકથી નીચે ઊતર્યો. રમેશભાઈ ભરઊંઘમાં જ છે એ ખાતરી થઈ અને મેં એ ખાસ પ્રકારનું ઓશીકું હાથમાં લીધું અને હવા ફૂંકથી ભરવા માંડી. નીચેથી ગૅસ નીકળે છે એમ લાગ્યું. ત્યાં રમેશભાઈ ઝબકી ગયા. કંઈક ગભરાયેલા લાગ્યા. એવું કંઈક સ્વપ્ન આવ્યું હશે. હું તો દિશા બદલવાની તૈયારીમાં જ હતો પણ ત્યાં તો રમેશભાઈ એના ઓશીકા પર ફસડાઈ પડ્યા. ગૅસની અસર થઈ ચૂકી હતી. મેં ફૂંક મારવાનું બંધ કર્યું એટલે નીચેના ગૅસનો વાલ્વ આપોઆપ બંધ થઈ ગયો. ડબામાં એની થોડી ગંધ ફેલાઈને પછી ઊડી ગઈ. ઓશીકું મારી બર્થ ઉપર મૂકી સંભાળપૂર્વક બાજુના કમ્પાર્ટમેન્ટમાં ગયો. મેં ધારેલું તેમ ભાઈને ભર-ઊંઘમાં મૂકી દેવાયેલો. ભાઈથી મારો ચહેરો જુદો લાગે તે માટે માથે વિગ, ખોટી મૂછ અને જાડા ઘેરા રંગનાં ચશ્માં પહેરી લીધાં. ત્યાં વડોદરા આવ્યું.

'ત્યાં રોકાણ દરમિયાન મારા બે સાગરીતોએ રબરનાં મોજાં પહેરી લીધાં. ગાડી ઊપડી. ભાઈને હું જોઈ નહોતો શકતો. શું ભાઈને કરવાનું હશે તેનું અનુમાન તો તમે કર્યું જ હશે.'

'હા,' મહેન્દ્રસિંહજીએ કહ્યું. રબરનાં મોજાં પહેરેલ વ્યક્તિ એનું ગળું દાબે — હવાના અવરોધથી જીવ જાય ત્યાં સુધી. પછી એને બાજુના 'એફ' કમ્પાર્ટમેન્ટમાં લઈ જઈ ઉપલી બર્થ ઉપર સુવાડી દેવાનો. તમારું ઓઢવાનું એને ઓઢાડી દેવાનું.'

'બરાબર. પણ માનસિક અવસ્થા બદલાઈ ગયેલી તે તમને કહી ચૂક્યો છું. તે વખતે મારા સાગરીતોને જો હું કશું કરવું નથી, ભાઈ ભલે નિરાંતે સૂતો એમ કહું તો, એ ત્રણેને મારી ઉપર જ શંકા જાય અને અનુમાન કરે કે મારે પોલીસવાળા સાથે સાંઠગાંઠ છે એટલે હું તેમને ફસાવીશ. તેથી મેં નક્કી કર્યું કે જ્યાં એ રબરનાં મોજાં પહેરી ગળું દાબવા ભાઈ નજીક જાય ત્યારે એને ના પાડવી. સમજાવવું કે આમ ખૂન કરવું અને શબને બાજુના કમ્પાર્ટમેન્ટમાં લઈ જવું સહેલું નથી. પોલીસ તો ઊંડી તપાસ કરવાની જ. એકલા રમેશભાઈ ઉપર આરોપ મૂકી સંતોષ નહીં લે. આપણને પણ શંકાની દૃષ્ટિથી જોશે અને આ સૂતેલ છે તેને પણ. આમ નક્કી કરેલું. કામ ન કરવા માટે દોઢા પૈસા તરત જ આપવાની તૈયારી દર્શાવી પૈસાની બૅગ પણ બતાવવી.'

બસ, પછી એ રબરનાં મોજાં પહેરેલ મદ્રાસીને બે હાથ પહોળા કરી ભાઈ પાસે જવા દીધો. તરત જ હું એની પાછળ એને અટકાવવા ગયો ત્યાં જ ગાડીને જોરથી બ્રેક લાગી અને એના બંને હાથ ભાઈના ગળા ઉપર પછડાઈ દબાયા. પાછળ હું એની ઉપર પડ્યો એટલે ગળું પૂરેપૂરું દબાઈ ગયું. ભાઈને આંચકો તો આવેલો જ, પણ....' મોહન અટક્યો. એનું ગળું રૂંધાયું.

સાંભળનારા થોડા સ્તબ્ધ થયા. ગાડીનું બ્રેકને લીધે અચાનક અટકવું એ પુરાવો તો શેરદલાલ રમણીકલાલે પૂરો પાડ્યો જ હતો.

'પછી તો' નિવેદન આગળ ચાલ્યું, જે કરવાનું હતું તે કર્યું. શબને

બાજુના 'એફ' કમ્પાર્ટમેન્ટમાં લઈ જઈ મારી બર્થ ઉપર સુવાડી દેવાનું મારે નછૂટકે સાથ આપવો પડ્યો. પહેલા ખાતરી કરેલી કે કોરિડૉર ખાલી છે પણ બહાર નીકળ્યા તો એક ભાઈને 'ડી' કમ્પાર્ટમેન્ટમાંથી બહાર નીકળતા જોયેલા, જે અમને જોઈને બીજી દિશામાં ચાલી ગયેલા. બાથરૂમમાં જવું હશે.

'કોચ બેરર ?' પોલીસ કમિશનરે પૂછ્યું.

'તે રાત્રીએ નહોતો'. 'હોત તો ?'

એક ખાસ પ્રકારની સિગારેટ આવે છે જે ફૂંકવાથી તેમાંથી નીકળતા ધુમાડા સામેની વ્યક્તિને ઘેનમાં નાખે. વળી, એની ગંધ પણ સરસ. અલબત્ત, ઘેન નરમ પ્રકારનું. થોડા જ સમયનું. એવી જ સિગારેટ મારા પેલા લશ્કરમાં કામ કરી ચૂકેલા મિત્રે જ પૂરી પાડેલી. જરૂર પડ્યે મારો બંગાળી સાગરીત એ કામ કરવાનો જ હતો.

'આફ્રિકા જતાં પહેલાં મારા મુંબઈના બૅન્ક ખાતામાંથી અડધી ઉપરની રકમનો ડ્રાફ્ટ ભાઈના નામે એટલે કે મનસુખલાલ ધીરજલાલના નામે કઢાવી લીધેલો. મુંબઈની બેંકમાં મારું નામ મનુભાઈ બચુભાઈ રાખેલું. સરનામું મુંબઈના ભાગીદારનું.'

થોડું અટકી મોહન ઠક્કરે નિવેદન આગળ ચલાવ્યું :

'કચ્છના બંદરે જે દાણચોરીનો માલ મારી સૂચનાથી ઉતારવામાં આવેલો તેમાં જે મોટી રકમ નફાની મળી તેમાંથી મારા ભાગીદારનો ભાગ જુદો કાઢી બાકીની રકમ મારે સંબંધિત કસ્ટમ ખાતાને આપી દેવી છે. એ નાજુક કામ તમને સોંપી શકું ? મદદ કરશો ?'

સાંભળનારાઓએ ડોકું હલાવી હા પાડી.

'નિવેદનમાં આ વાત ન લેવા વિનંતી. બસ, વધારે મારે કંઈ કહેવું નથી. કાયદા પ્રમાણે કાર્યવાહી શરૂ કરાવો. જો સજા થશે તો ભોગવી લઈશ.'

મોહન ઠક્કર ઊભો થયો. પોલીસ કમિશનર મહેન્દ્રસિંહજી આ અજબ આદમીને જોઈ રહ્યો.

પોલીસ જ્યારે એને લઈ જવા માંડી ત્યારે બારણા પાસે અટકતા એ બોલ્યો, 'હું પરણ્યો નથી. ભાઈની મને ખબર નથી, પણ જો એણે કન્યા પસંદ કરી હોય તો જાહેરખબરથી તપાસ કરવા વિનંતી કરું છું. જાહેરખબરનો ખર્ચ મારો. જો કન્યા હોય તો તેના નામે ભાઈનું બંક ખાતું ફેરવી શકાય.' એટલું કહી એ ઝડપથી બહાર નીકળી ગયો.

પોલીસ કમિશનર અને મહેન્દ્રસિંહજી એકબીજાને જોઈ રહ્યા.

કેસ લાંબો ચાલ્યો. આવા વિચિત્ર પ્રકારના ખૂનમાં જનતાને ઘણો રસ પડ્યો. મોહન ઠક્કરને ઓછી સજા થઈ. સૌથી વધુ મદ્રાસીને, જેણે ગળું દાબેલું.

જ્યારે વર્તમાનપત્રોમાં વિગતો છપાઈ અને સ્પષ્ટ થયું કે ખૂન કોનું થયું છે ત્યારે વડોદરાની અલકા સોસાયટીમાં, એક નાની બંગલીના ઉપરના ગોખલે ઉભેલી એક કન્યા શૂન્યમનસ્ક થઈ ગઈ. એકાએક કંઈક સૂઝ્યું હોય એમ, માતાપિતા તથા મોટાભાઈને વાત કરી મુંબઈના પોલીસ કમિશનરને એક કાગળ લખવા બેસી ગઈ. કટકે કટકે, આંખમાં ઊભરાતાં આંસુ સાથે એ લખાયો. થોડી વાર પછી બિડાઈને ટપાલમાં પણ ગયો.

તે જ દિવસે અમદાવાદના રાયપુર વિસ્તારમાં જાણીતા જ્યોતિષી જગનભાઈ પંડ્યા જમ્યા પછી આરામ ખુરશીમાં આડા પડ્યા છાપું વાંચવા માંડ્યા. એ એમની ટેવ. સવારે છાપું આવી ગયું હોય તો પણ છાપું ન વાંચે. પહેલે પાને કંઈક મોટા અક્ષરે લખાયેલ મથાળું જોતાં એ ચમક્યા. એ વાંચીને તરત જ છાપું બંધ કરી ખોળામાં મૂકી એક મોટો નિઃશ્વાસ નાખ્યો. વિચારે ચડ્યા ! આ અકાળ આકસ્મિક મૃત્યુનું ભવિષ્ય તો મેં જ ભાખેલું. બિચારો કેવો ! એના ઉપર સ્નેહ ઊપજે તેવો યુવાન હતો ! લગ્ન માટે પૂછવા આવેલો. મારે ના પાડવી પડી. થોડાં વર્ષો થોભી જવા કહેલું. અરેરે !' એ જ્યોતિષીનો જીવ બળવા માંડ્યો. ખરેખર જે નું ખૂન થયેલું તેનું નામ મનસુખલાલ પણ એને યાદ આવ્યું. સિંહ રાશિ જન્માક્ષરે ગ્રહો કેવા અજબ પડ્યા હતા ! અગત્યની નાજુક મુલાકાતે આવેલો એ યુવાન યાદ આવતાં એમને થયું 'આકસ્મિક મૃત્યુ ? પણ ખૂન ?. સમાચારમાં કશુંક ખૂટે છે. આકસ્મિક મૃત્યુમાંથી એ યુવાન બચી શક્યો હોત, જન્માક્ષરમાં એ સૂચન હતું જ. ખેર ! વિધાતા બળવાન છે.' કંઈક આવું વિચારતા બબડતા એ ઊભા થયા અને મુંબઈના પોલીસ કમિશનરને કાગળ લખવા બેઠા. ઘાતથી વિશેષ એ યુવાનની ટૂંકી આયુમર્યાદાની નોંધ પણ લખી.

એ કાગળ રવાના થયો ત્યારે વડાદરાની પેલી કન્યા - નામે અરુંધતી - એનો કાગળ તો ટપાલમાં રવાના થઈ ચૂકેલો.

આ બે કાગળો મુંબઈ પહોંચતાં મહેન્દ્રસિંહજીને પોલીસ કમિશનર તરફથી નિરાંતે મળી જવા આમંત્રણ મળ્યું. મહેન્દ્રસિંહજી પહોંચ્યા.

'જુઓ મહેન્દ્રસિંહજી' કમિશનરે શરૂઆત કરી. પડખે ટેબલ ઉપર વડોદરા-અમદાવાદના બે કાગળો પડ્યા હતા. 'તમે મને ઠીક ઠીક વાર કહ્યું છે કે' ટેબલ ઉપર કાગળો પડખે મુકાયેલ ચાના બે કપમાંથી એક કપ મહેન્દ્રસિંહજીને આપતાં કહ્યું, 'માણસ શ્રેયને માર્ગે પુરુષાર્થ માંડે છે તો તેને ઉપકારક થાય એવું જ એનું પ્રારબ્ધ ઘડાય છે, પણ આ બિચારો મનસુખલાલ ! સીધો માણસ, ધર્માદા કરતો રહેતો. શ્રેયને માર્ગે ચાલનારો ! તો પછી એની આવી ગતિ કેમ ?'

'મને એ વિચાર આવેલો.' મહેન્દ્રસિંહજીએ જવાબ આપ્યો : 'વિધાતા જેમ જન્મ આપે છે તેમ મૃત્યુ પણ આપે છે. સારું કરનારને જિવાડે જ એમ નથી બનતું. આપણા આ મહારાષ્ટ્રમાં તો કહેવત છે કે શાણા માણસો ઝાઝું જીવતા નથી. વળી, કોઈને કેન્સર થાય છે. કોઈ અકસ્માતમાંથી બચી જાય છે તો કોઈ નથી બચતા...'

'That's it. Just a moment' કમિશનરે વાત અટકાવી ટેબલ ઉપર પડેલા પેલા બે કાગળ કાઢ્યા. એક હતો વડોદરાથી અને બીજો હતો અમદાવાદથી. પેલા જ્યોતિષીનો કમિશનરે સૂચના કરી, 'એ જ્યોતિષીનો કાગળ પહેલો વાંચો.'

મહેન્દ્રસિંહજીએ તે ઉઘાડી વાંચવા માંડ્યો. ઉપર સરનામું રાયપુર વિસ્તારનું હતું. જ્યોતિષીનું નામ પણ હતું 'જગનભાઈ પંડ્યા' એમણે લખ્યું હતું, 'વર્તમાનપત્રથી સાચા સમાચાર જાણી આ કાગળ લખું છું. મરનાર મનસુખલાલ લગ્ન માટે વિચારતા હોવાથી મને પોતાના જ જન્માક્ષર બતાવવા આવેલા. એમની કુંડળી વિગતે જોતાં મને લાગેલું કે મનસુખભાઈનું આયુષ્ય ઝાઝું નહોતું. મને બતાવવા આવ્યા ત્યારે તેમની વય બત્રીસ વર્ષની હશે. છત્રીસ-સાડત્રીસથી વધારે આયુષ્ય દેખાતું નહોતું. તે પહેલાં એક ઘાત હતી જેથી આકસ્મિક મૃત્યુ થાય. તેમાંથી બચે તો પછી, મોડામાં મોડું સાડત્રીસ વર્ષની આસપાસ મૃત્યુ થાય જ. હૃદયરોગની સંભાવના હતી. તે મેં એમને કહેલું નહીં, પણ થોડાં વર્ષો થોભી જવા કહેલું. લગ્ન હમણાં કરવાં નહિ એમ કહેલું.'

બીજો જે કાગળ વડોદરાથી હતો તે એક અરુંધતી નામની કન્યાનો હતો. લખ્યું હતું કે વર્તમાનપત્રથી જાણ્યું કે મનસુખભાઈ હવે આ દુનિયામાં

નથી. મારો વિવાહ એમની સાથે થવાનો હતો, પણ મને બેચાર વર્ષો થોભી જવા કહેલું, લગ્ન માટેનો તે સમય અનુકૂળ નથી તેમ જણાવીને, મને વહેમ છે કે એમણે કોઈ જોશીની સલાહ લીધી હશે. જે હોય તે. મારું તો એ દુર્ભાગ્ય થયું. એમના માટે કે એમના વેપાર માટે કે બીજું કંઈ કામ હોય તો જણાવશો.' પછી આગળ ઉમેરેલું, 'મોહનભાઈને થયેલી સજા ઓછી થાય તેમ મારી વિનંતી ન્યાયાલયમાં યોગ્ય વ્યક્તિને જણાવશો. જરૂર હશે તો જુદું લખી આપીશ. તમારી સલાહ પ્રમાણે કરીશ. ગમે તેમ તોય જો મારાં લગ્ન થયાં હોત તો, મોહનભાઈ મારે સંબંધથી...'

મહેન્દ્રસિંહજી આગળ વાંચી ન શક્યા. 'આ તો...' કાગળ સંકેલીને પાછો આપતાં બોલ્યા 'જે સાત્ત્વિક પ્રકૃતિનો જીવ ગયો તે પાછળ પણ કેવી સુવાસ મૂકતો ગયો છે! હવે આપણે મોહન ઠક્કરે નિવેદનમાં સૂચના આપી છે તેનો અમલ કરીએ. અને... અને આ કન્યા વિશે પણ વિચારવું પડશેને ?'

તે વિશે જે વિચારણા બે વચ્ચે થઈ તેથી બંનેને સંતોષ અને આનંદ થયા.

* * *

બે દિવસ પછી કિરીટ વડોદરા પહોંચ્યો અને અરુંધતીનાં માતાપિતાને મળી, તેમની પરવાનગી લઈ, કન્યાને મુંબઈ લઈ આવ્યો. ઉપર જે, મહેન્દ્રસિંહજી અને પોલીસ કમિશનર વિશે થયેલી વિચારણા વિશે લખ્યું છે, તેમ ગામદેવીમાં નગીનદાસભાઈને ત્યાં સૌ ભેગાં થયાં. રમેશ અને અરુંધતીને ભેગાં કરવામાં આવ્યાં પ્રથમ મુલાકાતે જ બંનેનાં મન મળી ગયાં. નગીનભાઈ તો પારખતો ઝવેરી. અરુંધતીને એ પારખી ગયા. એમને અને તારાબહેને પણ, કોણ જાણે કેમ, જીવમાં સારું લાગવા માંડ્યું. નગીનભાઈ તો ગળગળા થઈને બોલ્યા, 'રમેશ ઉપર આળ આવે એટલે બિચારા મનસુખભાઈનો જીવ લેવાયો, ત્યારે એણે જ પસંદ કરેલી કન્યા રમેશને મળે એ તો ઋણ અદા કરવા જેવું. વળી, અરુંધતીને મેં પારખી છે. જેટલી ઊજળી સોહામણી છે એવું જ એનું હૈયું ઊજળું હશે.'

વડોદરા ફોનથી જાણ કર્યા પછી વિવાહનું નક્કી થયું. અરુંધતીને પાછી વડોદરા પહોંચાડવાનું કામ કિરીટને જ સોંપાયું. મોહન ઠક્કરને આ શુભ સમાચાર જેલમાં અપાયા.

મીઠું મોઢું કરી, રમેશ-અરુંધતીને આશીર્વાદ આપી, બધાની રજા લઈ પોલીસ કમિશનર અને મહેન્દ્રસિંહજી, 'ઝવેરીસદન'માંથી બહાર આવી મોટરમાં બેસવા જતા હતા ત્યાં ગાડીનો દરવાજો ઉઘાડી કમિશનર અટક્યા. સ્મિત કરી બોલ્યા, **'All is well that ends well. Correct ?'** (સંપૂર્ણ)

અનુસંધાન] માર્ગરેટ સૅંગર [પૃ. ૩૩૮થી

and killed a few men, both he and Napolean were forced into fame by circumstances outside of themselves and by current of the time, but Margerat Sanger made current and circumstances. When the history of our civilizations is written, it will be a biological history and Margerat Sanger will be its heroine'

(મહાન સિકંદરે કેટલીક ભૂમિસીમાઓ બદલી નાખી અને થોડાં માનવીઓનો વધ કર્યો, તે અને નેપોલિયન બન્નેને તેમના વશબહારના સંજોગોએ અને સમયના પ્રવાહે સફળ બનાવ્યા હતા, પરન્તુ માર્ગરેટ સૅંગરે તો પ્રવાહ અને સંજોગોને ઘડ્યા હતા. જ્યારે આપણી સભ્યતાનો ઇતિહાસ લખાશે ત્યારે તે જીવવિદ્યાનો ઇતિહાસ હશે અને માર્ગરેટ સૅંગર તેની નાયિકા હશે.)

આવી એક મહાન આંદોલનકાર મહિલા માર્ગરેટનું ૧૯૬૬ના સપ્ટેમ્બરની છઠ્ઠી તારીખે ટસ્કન ખાતેના નર્સિંગ હોમમાં ૮૭ વર્ષની ઉંમરે અવસાન થયું ત્યારે જગતભરમાં એણે આરંભેલી સંતતિનિયમનની જેહાદે મહદંશે સાફલ્ય પ્રાપ્ત કર્યું હતું અને તેને વિશ્વસ્વીકૃતિ મળી હતી. એના આ આંદોલનને પ્રતાપે સમગ્ર માનવજાતને સંયમિત વસ્તીના કલ્યાણપથની ભેટ પ્રાપ્ત થઈ હતી. આમ, ગત સદીની એક મહત્ત્વની સામાજિક ક્રાન્તિનાં અગ્રયાયી માર્ગરેટ સૅંગરનું નામ આવનારી અનેક સદીઓ સુધી અમર રહેશે. ❒

ચેસ-કૉર્નર : કોયડો-૭

કાળું



સફેદ

કાળા મહોરાની ચાલ અને સફેદ રાજાને બે ચાલમાં મહાત કરવાનો **(Black to play and mate in two))**.

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે.

સફેદ : **Kf1, Qe1, Rg1, Bf2, Kb3, Ra5, Pb2, Pe3, Ph4, Pg5**

કાળું: **Kg8, Qd8, Re8, Bg7, Bb7, Bb-5, Rc4, Pf7, Ph7, Pb5, Pe4.**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (e-mail **shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ઑગસ્ટ મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના એપ્રિલ ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં - પનો ઉકેલ.

સફેદ	કાળું
(૧) ------------------	**R h 4**
(૨) **Bh3**	**Qg1 #**

આ વખતે વાચકોનો પ્રતિભાવ સારો રહ્યો છે. ઉકેલ મોકલનારનાં નામ (૧) જશવંત ગઢવી (જામનગર) (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા (અમદાવાદ) (૩) મહેશ મ. વૈદ્ય (મુંબઈ).

ફિલ્માકાશ - ૬

ધ ન્યૂ થીએટર્સ
અહા, તાલીમબદ્ધ અને પ્રખર પ્રતિભાશાળી કલાકારોનો એ યુગ !

રજનીકુમાર પંડ્યા


એમ કહેવાય છે કે દરેક કલાકારને પોતાનો એક દસકો હોય છે. આ વાત કોઈ સંસ્થા માટે પણ એટલી જ સાચી છે. ધ ન્યૂ થીએટર્સે સ્થપનાકાળથી જ ચલચિત્રોને નર્યાં તમાશાસ્વરૂપમાંથી બહાર કાઢીને સાહિત્યકીય, રસકીય તેમ જ કલાકીય એમ સર્વાંગી રીતે ઉચ્ચ ધોરણોનું માધ્યમ બનાવવા માટે કમર કસી હતી. આ કામ ધારીએ તેટલું સરળ નથી, કારણ કે કાગળ ઉપર એક ઉત્કૃષ્ટ કૃતિનું સર્જન કરવું અને કચકડા ઉપર કરવું એ બન્ને વચ્ચે કલમ અને કેમરાની કિંમત કરતાં પણ અનેક ગણો લાંબો તફાવત છે. સમય શક્તિ અને નાણાંની રીતે કચકડા પરનું સર્જન ભારે મજબૂત કલેજું માગી લે છે. એકલી પ્રતિબદ્ધતા એમાં માર ખાઈને જમીનદોસ્ત થઈ જાય છે.

બી.એન. સરકારે આ બધું સમજીવિચારીને જ ધ ન્યૂ થીએટર્સની સ્થાપના કરી હતી. શરૂઆતનાં એમનાં ચિત્રો ટિકિટબારી ઉપર ખાસ સફળ ન થયાં, પરંતુ એ કરજની ઊંડી ગર્તામાં ઊતરી જાય એટલી બધી હદે નિષ્ફળ પણ થયા નહોતા. વળી, અત્યારના યુગમાં જે મીડિઓક્રેસી અથવા સબસ્ટાન્ડર્ડનેસ (ધોરણહીનતા) પ્રવર્તે છે તેવી તે યુગમાં હરગિઝ નહોતી. બ્રિટિશ શાસન છતાં આપણી આગવી ભારતીય સંસ્કૃતિ રસ રુચિની ઉચ્ચ કક્ષા સાહિત્યસંગીત અને અન્ય કલાઓના ઊંચા માનકો પ્રજાની ચેતનામાં રોપાયેલા હતા. એટલી હદ સુધી કે લગ્ન પૂર્વે સ્ત્રીપુરુષમાં પ્રણયનો આવિર્ભાવ, તેની અભિવ્યક્તિ કે પ્રદર્શન બધું જ અપરાધભાવથી જોવાતું હતું. લગ્નબાહ્ય સંબંધોની તો વાત કરાતી જ નહીં, પરંતુ લગ્નગાંઠથી સંકળાયેલાં સ્ત્રી-પુરુષના પ્રેમને પણ બહુ ગોપનીય ગણવામાં આવતો. આવા યુગમાં ધ ન્યૂ થીએટર્સે રવીન્દ્રનાથ ટાગોર કે શરદબાબુની કથાઓ પરથી શરૂઆતથી જ ચલચિત્રો બનાવીને ઉપરના દરેક પ્રકારના પ્રણયની ગરિમા સ્થાપી આપવાનું કપરું કામ પાર પાડ્યું. કેટલાયે ઉન્નતભ્રૂ લોકોએ નાકનું ટીચકું ચડાવ્યું પણ મોટા ભાગના જનસમાજે તેનો, તેની પવિત્રતાનો સ્વીકાર કર્યો. ધ ન્યૂ થીએટર્સનું આ બહુ જ નોંધપાત્ર પ્રદાન ગણાય, જે એણે આર્થિક નુકસાનીનો ખોફ વહોરીને પણ કર્યું તેમ કહી શકાય. અલબત્ત, સાહિત્યિક કૃતિઓની સાથોસાથ તેણે પૌરાણિક અને સંતકેન્દ્રી ચિત્રો પણ બનાવ્યાં જેમાં સાવ નિષ્ફળ જવાની સંભાવના બહુ પાતળી રહેતી. હકીકતમાં તો આવાં ચિત્રોમાં પણ તેમણે કલાસૌંદર્ય અને સાત્ત્વિકતાનાં ઉચ્ચ ધોરણો જાળવ્યાં. વાહિયાત, વેવલા, અંધશ્રદ્ધાભર્યા, પોચટ, કૃતક ભક્તિવાળા ઘટનાક્રમોને બદલે જીવનની સાચી છબી રજૂ કરે તેવાં પૌરાણિક કે સંતકેન્દ્રી ચિત્રો બનાવ્યાં, જેમાં કોઈએક ચોક્કસ પૌરાણિક પાત્રનું ચરિત્ર અથવા સંતકથા હોય તો જે તે સંતનું ચરિત્ર, એની લોકોત્તરતા બરોબર ઊપસી આવવાં.

આવી જ શૃંખલામાં ધ ન્યૂ થીએટર્સે બંગાળીમાં 'ચંડીદાસ' (૧૯૩૨), 'કપાલ કુંડલા', 'મીરાંબાઈ, 'સીતા' (૧૯૩૩) અને હિંદીમાં 'રાજરાણી મીરાં' અને 'પૂરણ ભક્ત' (૧૯૩૩)મા બનાવ્યા. અગાઉ લખ્યું તેમ 'પૂરણ ભક્ત' એના અનન્ય સંગીત અને કે.સી.ડે. અને સાયગલનાં ગીતોને કારણે, તેમ જ તકનિકી સ્ટાફના કારણે સફળતાને વર્યું, પરંતુ એનાથી કોઈ નવો કીર્તિમાન સ્થપાયો હતો એમ ન જ કહી શકાય.

પણ ૧૯૩૪માં એ જ સંતકથાની પરંપરામાં આવેલી ધ ન્યૂ થીએટર્સની ફિલ્મ 'ચંડીદાસ' તો બેશક નવો જ કીર્તિમાન સ્થાપિત કરી ગઈ. ધ ન્યૂ થીએટર્સની, આજની ફિલ્મી પત્રકારિત્વની પરિભાષામાં કહીએ તો સૌથી પહેલાં વહેલાં 'સુપરડુપર હિટ' તે 'ચંડીદાસ' (હિંદી) જ. એનું દિગ્દર્શન અને ફોટોગ્રાફી બન્ને નીતિન બોઝે જ સંભાળ્યાં હતાં. ધ્વનિમુદ્રણ તેમના જ નાના ભાઈ મુકુલ બોઝનું હતું અને સંગીત, રાબેતા મુજબ જ, આર.સી. બોરાલનું. નિતીન બોઝ તો અત્યાર સુધી એટલે કે ૧૯૩૦-૩૧માં ધ ન્યૂ થીએટર્સમાં જોડાયા ત્યારથી જ કેમરા સંભાળતા હતા. દિગ્દર્શનમાં મોટા ભાગે પ્રેમાંકુર અટોર્થી અથવા દેવકી બોઝ રહેતા. પણ ૧૯૩૩માં અચાનક મનઃદુખ થવાથી દેવકીબાબુ ધ ન્યૂ થીએટર્સ છોડીને કલકત્તાની કંપની માદન થીએટર્સમાં 'સીતા' (હિંદી) બનાવવા માટે જોડાઈ ગયા અને પરિણામે નીતિનદાને 'ચંડીદાસ'ના દિગ્દર્શનનો મોકો સાંપડ્યો. આ માટે બીજી એક વિશિષ્ટ વાત એ કહી શકાય કે એમાં પ્રથમ વાર જ સાયગલને શિર્ષસ્થ ભૂમિકા, એટલે ખરા અર્થમાં નાયકની, 'ચંડીદાસ'ની, ભૂમિકા મળી. અગાઉ 'યહૂદીકી લડકી'માં અને 'દુલારી બીબી'માં એમનું નામ ટાઇટલ્સમાં સર્વપ્રથમ હતું ખરું, પણ એ ભૂમિકાઓ ટાઇટલ રોલની ન કહી શકાય.

જો કે ફિલ્મની વાર્તા સબળ હતી. ગોપીનાથ નામના એક જુલમગાર જમીનદારે રાણી નામની નર્તકીના કરાવેલા અપહરણની કહાણી હતી કે જે ચંડીદાસ નામના સંતપૂજારીના પાગલ પ્રેમમાં હતી. ૧૯૩૨માં ધ ન્યૂ થીએટર્સે બનાવેલી બંગાળી 'ચંડીદાસે' પણ લગાતાર અડસઠ અકવાડિયાં ચાલીને અગાઉનો ટિકિટબારીનો વિક્રમ તોડ્યો હતો. એના દિગ્દર્શક દેવકી બોઝ હતા. એટલે એનું શ્રેય એમને ફાળે ગયું હતું. હિંદી 'ચંડીદાસ'માં દેવકીબાબુ નહોતા તેથી સરકારના મનમાં સંશય હતો કે એ ચાલશે કે કેમ. પણ હિંદી આવૃત્તિ પણ જબરદસ્ત લોકપ્રિયતાને



'ચંડીદાસ' ફિલ્મમાં સાયગલ અને ઉમાશશી

પામી. આ જ ફિલ્મે સાયગલનું સ્થાન પણ ગાયક અભિનેતા તરીકે સુદૃઢ કર્યું. અભિનેતા તરીકે તો એ મુખ્ય ભૂમિકામાં હતા જ. એમાં એમના ચહેરાની જન્મજાત માસૂમિયત અને સાત્ત્વિકતા તો કામ કરી જ ગઈ (જેવી પાછળનાં વર્ષોમાં અભિનેતા ભારત ભૂષણની સિકલ પર હતી), પણ એમણે સાંસારિક સંઘર્ષનાં દૃશ્યોમાં આંખોની કીકી અને પાંપણો દ્વારા હૃદયની ગૂઢ સ્થિતપ્રજ્ઞતાને સચોટ રીતે અભિવ્યક્ત કરી. આ ઉપરાંત એમણે બે એકલ, એક દ્વંદ્વગીત ગાવા ઉપરાંત એક ગીત ઉમાશશી અને પહાડી સન્યાલ સાથે ગાયું હતું (પ્રેમકી હો જય જય). આ બધામાં તેમણે ગાયેલાં બે એકલ ગીતોમાંથી 'તરપત બીતે દિન રૈન' તેમની શાસ્ત્રીય રાગ પરની પકડનો અનન્ય નમૂનો હતું. ભારતીય હિંદી ફિલ્મ સંગીતના ઇતિહાસમાં એ ગીતમાં સાયગલે જે અપૂર્વ, નાટકીય મીંડનો અનુભવ કરાવ્યો છે તેવો હજી સુધી ક્યાંય સાંભળવા મળ્યો નથી. બીજું ગીત 'દેખત વાકો હી રૂપ પ્રેમપૂજારી' સામાન્ય તરજને કારણે બહુ જાણીતું ન થયું. પણ ગીત 'પ્રેમનગરમેં બનાઉંગી ઘર મૈં' તો ભારતભરમાં ઘેર ઘેર ગુંજતું થઈ ગયું એટલી પ્રચંડ લોકપ્રિયતાને વર્યું. એ ગીતની શરૂઆત ઉમાશશીના સ્ત્રી સ્વરથી થાય છે. અતિ ભાવઝંકૃત કરી દે તેવી વાદ્ય અને સ્વરથી શરૂઆત થઈ હતી. પણ ગીતની અધવચમાં, ખરેખર તો અંતની શરૂઆતમાં સાયગલની સપ્તકના સૌથી ઉચ્ચ સ્વરમાં થયેલી 'એન્ટ્રી' પછી એની પ્રભાવકતાનું સમગ્ર પરિમાણ જ સમૂળું બદલાઈ જાય છે. સાંભળનારની સમગ્ર ચેતનામાં સાયગલનો સ્વર એટલી બધી હદે સમરસ થઈ જાય છે કે તમે નારીસ્વરને સહેલાઈથી અવગણી શકો. ગીતોના રચયિતા પણ આગા હશ્ર કાશ્મિરી જેવા સમર્થ કવિ હતા. પણ આ ગીત પૂરતા તો એમના શબ્દો પર સાયગલનો સ્વર છવાયેલો રહ્યો. અને છ-સાત દાયકાઓ પછી પણ એ ગીતોની પ્રભાવક્તા લેશમાત્ર ઓસરી નથી.

એક વાતનું સ્મરણ કરવું અહીં જરૂરી છે કે ૧૯૩૨માં ધ ન્યૂ થીએટર્સે બંગાળીમાં જે ફિલ્મ 'ચંડીદાસ' બનાવી હતી તેના કોઈ જ પાસાંઓ આમાં ફરી વાપરવામાં નહોતા આવ્યા એટલું જ નહીં, સંગીત બન્નેમાં આર.સી. બોરાલનું હોવા છતાં બન્ને ચિત્રોનાં ગીતોની બંદીશોમાં પણ સામ્ય નહોતું. બંગાળી 'ચંડીદાસ'થી જ ફિલ્મોમાં પાર્શ્વસંગીતની શરૂઆત થઈ હતી. પાત્રોના મનોગતને કે પછી પરિસ્થિતિના, દૃશ્યના ભાવોને નર્યા વાદ્યોની પાર્શ્વભૂમાં બજતી યોગ્ય સૂરાવલીથી ઉઠાવ આપવાની શરૂઆત એ ફિલ્મથી (કમસે કમ ભારતમાં તો) થઈ. આ રીતે ફિલ્મનિર્માણને એ સંસ્થા માત્ર એક વ્યવસાય-ધંધો માનવાને બદલે એક મિશન, નવા નવા આવિષ્કારો માટેની પ્રયોગશાળા માનતી હતી એ નિઃશંકપણે માનવું જોઈએ.

આ ચિત્રની નાયિકા ઉમાશશી વિશે બહુ ઓછી માહિતી ઉપલબ્ધ છે. ૧૯૧૪માં બંગાળના ઉચ્ચ પરિવારમાં જન્મેલી આ પ્રતિભાવાન ગાયિકા અભિનેત્રીએ ધ ન્યૂ થીએટર્સની હિંદી ફિલ્મ 'પૂરણભક્ત' (૧૯૩૩)થી પહેલી જ વાર ફિલ્મોમાં પ્રવેશ કર્યો હતો. પણ એની શ્રેયનામાવલિમાં એનું નામ બહુ દૂરના ક્રમે હતું. મતલબ કે ભૂમિકા નાની હતી. પણ એમાં એની ભાવપ્રવણ કંઠકુમાશનું હીર પારખીને દિગ્દર્શક નીતિન બોઝની ભલામણથી બી.એન. સરકારે એને 'ચંડીદાસ'માં નાયિકાની ભૂમિકા આપી હતી જે એણે સરસ નિભાવી. એનાં ગીતો પણ પ્રખ્યાત થયાં પણ માત્ર 'ધરતીમાતા' (૧૯૩૮) સુધી જ એ આ ક્ષેત્રમાં રહી. દુનિયા 'રંગરંગીલી' ગીતમાં કે.સી.ડે. અને સાયગલની સાથે એનો સ્વર હતો. મોટા ભાગે એ ગીતોમાં વધુ ખીલતી



પહાડી સન્યાલ

હતી. 'માયા' (૧૯૩૬)નું 'આજ સખી આઈ' અને 'ધરતીમાતા' (૧૯૩૮)નું 'જાગ સજનિયા જાગ' એ એનાં નોંધપાત્ર એકલ ગીતો કહી શકાય. ૧૯૩૮ પછી એણે બંગાળના વિખ્યાત સૉલિસિટર ગુરુસહાય દેવ કે જે એના કંઠને કારણે એના આશિક બન્યા હતા, તેની સાથે પરણી. આઠ-નવ સંતાનોની માતા બની એટલે પછી સ્વાભાવિકપણે જ એને ફિલ્મક્ષેત્ર છોડવું પડ્યું. અલબત્ત, જૂના ફિલ્મ સંગીતના ચાહકો, એ યુગનો ઉલ્લેખ થાય ત્યારે એનું સ્મરણ કર્યા વગર રહેતા નથી. એટલી એની સંગીતક્ષેત્રે દેણગી રહી.

આવી જ રીતે ધ ન્યૂ થીએટર્સની આ સીમાચિહ્ન રૂપ ફિલ્મમાં એ સમયના વિખ્યાત ગ્રામોફોન સિંગર પહાડી સન્યાલની પણ અતિમહત્ત્વની ભૂમિકા હતી. એમને પણ લોકો આજ લગી ભૂલ્યા નથી. છેલ્લે રાજકપુરની ફિલ્મ 'જાગતે રહો' (૧૯૫૬)માં એ એક નાનકડી ભૂમિકામાં દેખાયા હતા. આમ તો એમણે ધ ન્યૂ થીએટર્સમાં ફિલ્મ 'યહૂદી કી લડકી' (૧૯૩૩)થી પ્રવેશ કર્યો હતો. પણ એવી કોઈ નોંધમાત્ર ભૂમિકા ભજવી નહોતી, કારણ કે મુખ્યત્વે એ ગાયક જ રહેવા માગતા હતા. આમ છતાં નવાઈની વાત એ છે કે એ ફિલ્મમાં એમનું તો એક પણ ગીત નહોતું. આગળ ઉપર ફિલ્મ 'વિદ્યાપતિ' (૧૯૩૭)માં અતિશય મહત્ત્વની અને ગીતોવાળી ભૂમિકા ભજવનાર પહાડી સન્યાલને પ્રથમ વાર ગળાનું જૌહર બતાવવાની તક મળી આ ફિલ્મ 'ચંડીદાસ'થી જ. એમાં એક ગીત ઉમાશશી સાથે (મરુંગી મરુંગી સખી, નિશ્ચય મરુંગી), એક ગીત ઉમાશશી અને સાયગલ સાથે (પ્રેમ કી હો જય જય) અને બે એકલ ગીતો ગાવાની તક મળી. ('છાઈ બસંત, આઈ બસંત' અને 'તોરે પ્રકાશસે નાશ હો સકલ અહંકાર'). પહાડી સન્યાલનું મૂળ નામ હતું નગેન્દ્રનાથ સન્યાલ, પણ પહાડી વિસ્તારમાં જન્મ્યા હોવાને કારણે એમનું નામ 'પહાડી' પડી ગયું હતું. ૧૯૦૬ની બાવીસમી ફેબ્રુઆરીએ દાર્જિલિંગમાં જન્મેલા સન્યાલ મહાશયને સંગીતની અભિરુચિ નાનપણથી જ હોવાના કારણે તેમણે તે સમયના વિખ્યાત સંગીતશિક્ષક અશોક સેન પાસેથી સંગીત શિક્ષણ લીધું હતું. આગળ ઉપર લંડનની મોરીસ સ્કૂલ ઑવ્ મ્યૂઝિક (હવે ભાતખંડે વિદ્યાલય)માંથી તેમણે સંગીતનું પદ્ધતિસરનું પ્રશિક્ષણ

લીધું, પણ નોકરી લીધી અયોધ્યાના મહારાજાને ત્યાં તેમના પ્રાઈવેટ સેક્રેટરીની. એ જ દરમિયાન કોઈ કારણવશાત અયોધ્યા આવેલા દેવકી બોઝ સાથે તેમને પરિચય થયો અને એમના જ આશ્રયથી ધ ન્યૂ થીએટર્સમાં જોડાયા. આ વિખ્યાત ગાયક અભિનેતાનું ૧૯૭૪ની દસમી ફેબ્રુઆરીએ અવસાન થયું. પણ તેમણે ગાયેલા 'ઈસ જીવન કી ફુલવારી', 'પ્રીતકી રીત', 'યહ કૂચકે વક્ત' (કારવાંને હયાત) 'નિરાશ મુસાફીર' (અધિકાર), 'ગાયે જા ગાયે જા' (માયા), 'મસ્ત પવન મસ્ત પવન (હારજીત), ગીતો ચિરસ્મરણીય બન્યાં છે. તેમની પુત્રી લુકુ સન્યાલ ઘણાં વર્ષો સુધી દૂરદર્શન મુંબઈ ઉપર ન્યૂઝ રીડર હતી. ફરી 'ચંડીદાસ'ની વાત પર આવીએ તો કહી શકાય કે નીતિન બોઝને ભલે એનું દિગ્દર્શન દેવકી બોઝની ધ ન્યૂ થીએટર્સમાંથી અણધારી વિદાયને કારણે મળ્યું, પણ એમના મનમાં એ ઇચ્છા તો વર્ષોથી સળવળતી હતી. પાછળથી એ ભારતીય સિનેમા ટેક્નિકના પિતામહ ગણાયા તે આ એમનામાં પડેલી જન્મજાત પ્રતિભાને કારણે જ. એની જરા વિગતે વાત કરીએ તો બહુ રસિક જીવનકથા સામે આવે એમ છે. ૧૮૯૭ની ૨૭મી એપ્રિલે કોલકત્તામાં ખાધેપીધે સુખી પરિવારમાં જન્મેલા નીતિનને એમના પિતાએ નાનપણમાં મુવી કૅમેરા ખરીદી આપેલો, કારણ કે એમને થયું હતું કે નવ પુત્રોમાંથી બીજાને જ્યારે ક્રિકેટનો શૉખ હતો ત્યારે નીતિન અને મુકુલને ફોટોગ્રાફીનો શૉખ હતો. અને ખાસ તો એ જમાનામાં જે. એફ. માદન (પાછળથી માદન થીએટર્સ નામની ફિલ્મનિર્માણ સંસ્થા સ્થાપનાર) દ્વારા તંબુઓમાં બતાવાતી મૂગી ફિલ્મો-બાયોસ્કોપ-જોવાનો ગાંડો શૉખ હતો. નીતિન-મુકુલના પિતા ખુદ હેરઑઇલ બનાવવાથી માંડીને એ યુગમાં જેના ઉપર ધ્વનિમુદ્રણ થતું તે મીણના નળાકારો બનાવવાનો વ્યવસાય કરતા હતા. રાયચંદ બોરાલના પિતા લાલચંદ બોરાલના સંગીતનું રેકોર્ડિંગ એમણે છેક ૧૯૦૪માં કર્યું હતું. નીતિન-મુકુલ ભાગ્યશાળી હતા કે એમના પિતા એમને એમની અભિરુચિને અનુકુળ કૅમેરા જ નહીં, પણ ઈંગ્લૅંડ-અમેરિકામાં પ્રગટ થતાં તે વિષયનાં પુસ્તકો મંગાવી આપતા. અને ૧૯૧૪માં તો તેમને બન્ને પુત્રોને નાનકડું સિનેમા પ્રોજેક્ટર પણ મંગાવી આપ્યું અને સમજાવ્યું કે એનું યંત્ર કઈ રીતે કામ કરે છે. સત્તર વર્ષની વયે પહોંચતાં સુધીમાં તો નીતિન પાસે પોતાના આગવો કૅમેરા, પ્રોજેક્ટર અને પ્રિન્ટિંગ મશિન આવી ગયાં હતાં. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના એકમાત્ર' પુત્ર રથીન્દ્ર એટલે રથીનદા એમના અંગત મિત્ર થઈ ગયા અને એ જ એમને શાંતિનિકેતન લઈ ગયા ને કવિવરની ઓળખાણ કરાવી. કવિવરે તરત જ એમને મકરસંક્રાતિના દહાડે શાંતિનિકેતનની કન્યાઓ દ્વારા થતા ઉત્તરાયણ નૃત્યના ચિત્રીકરણનું કામ સોંપ્યું. નીતિનદાએ જરા સંકોચ સાથે એ સ્વીકાર્યું, પણ એવા કૌશલ્યથી પાર પાડ્યું કે સત્તર મિનિટની એ ફિલ્મ કવિવરે વારંવાર જોઈ અને કન્યાઓને બતાવી. એટલે નીતિનને ભોજનનું નિમંત્રણ આપ્યું અને એ પ્રસંગે એમને જાહેરમાં શાબાશી આપી ત્યારે નીતિનદાથી રડી જ પડાયું. આ ક્ષણોએ નીતિનદાને જે પ્રોત્સાહન અને આત્મવિશ્વાસ બક્ષ્યાં તે એમને જીવનપર્યંત કામ આવ્યાં. ૧૯૧૯માં જ એનો પરચો મળ્યો.

બેલ્જિયમનાં રાજા અને રાણી ભારતની મુલાકાતે આવ્યાં. એમના રિસેપ્શનનું ચિત્રીકરણ કરવાનું કામ નીતિનદાને મળ્યું. આ કામ પણ નિતીનદાએ તેમની માત્ર બાવીસ વરસની વય હોવા છતાં એવી સુંદર રીતે પાર પાડ્યું કે હોલીવુડની વિખ્યાત કંપનીના વિલિયમ ફૉક્સે એ નાનકડી ડોક્યુન્ટરી પણ ખરીદી લીધી 'આ એ જ વિલિયમ ફૉક્સ કે જેમણે પાછળથી 'ટ્વેન્ટિએથ સેન્ચ્યુરી ફૉક્સ' નામની જગમશહુર ફિલ્મ-નિર્માણ સંસ્થાની સ્થાપના કરી.



મુકુલ બોઝ

આ સફળતાઓ પછી જ નીતિનદાને ફિલ્મ ફોટોગ્રાફીને વ્યવસાય તરીકે અપનાવવાનો વિચાર આવ્યો. ૧૯૨૦માં જ તેમને પહેલું કામ ત્રિપુરાના ખેડા જંગલમાં હાથીઓનાં ટોળાંની ગતિવિધિઓનું ચિત્રીકરણ કરવાનું ત્યાંના મહારાજા તરફેથી મળ્યું (વાચકો જાણતા જ હશે કે વિખ્યાત સંગીતકાર સચીનદેવ બર્મન એ રાજકુટુંબના જ નબીરા હતા) અને એ કાર્ય પણ એણે ત્રીપુરાના જંગલમાં પોતાના વફાદાર સાથી કરીમબક્ષ સાથે અઢી માસ લગી ભટકીને પાર પાડ્યું. હાથીઓનાં ટોળાં પાછળ કૅમેરા લઈને ઘૂમવું એમાં અનિશ્ચતતાઓ તો હતી જ, પણ જીવનનું પણ જોખમ હતું. એ ફિલ્મ પણ વિલિયમ રેન્ડોલ્ફ હર્સ્ટ (હોલીવુડ) દ્વારા ખરીદીને ન્યૂ યૉર્કના ઈંટરનૅશનલ ન્યૂઝ રીલ કૉર્પોરેશનના દ્વારા પ્રદર્શિત કરવામાં આવી. એ ફિલ્મ માટે નીતિનદાને એક ફૂટના એક ડૉલરના ભાવે મામૂલી મહેનતાણું ચૂકવવામાં આવ્યું હતું. અને એ જમાનામાં ડૉલરનો ભાવ બે રૂપિયા સાડાદસ આના હતો. જો કે ત્યારે એક આનામાં નીતિનદા બંગાળી હોટેલમાં જઈને મચ્છી-ભાતનો 'જલસો' કરી લેતા! એમનાં વૃદ્ધા માતાએ આમ છતાં પણ સલાહ આપી કે હવે તું કરના ચામડાની નિકાસનો ધંધો સમેટી લે (એ ધંધો પણ નીતિનદા કરતા હતા!) અને તારા સ્વર્ગસ્થ બાપની જેમ આ કૅમેરાના હુનરથી કમાઈ લે.

એ પછીના નીતિનદાની યાત્રાના પડાવો ઘણા રોમાંચક રહ્યા. ૧૯૨૪માં બૉમ્બે ટૉકિઝવાળા હિમાંશુ રાયની મૂક ફિલ્મ 'લાઈટ ઑફ એશિયા'માં મદદનીશ રહી ચૂકેલા દક્ષિણ ભારતીય ગૃહસ્થ જયગોપાલ પિલ્લાઈએ એમને મળીને (હકીકતમાં તો નીતિનદાની માતાની મંજૂરી મેળવ્યાં પછી જ) નીતિનદાને પોતાની ફિલ્મ 'પુનર્જન્મ'માં કૅમરામેન અને ફિલ્મ પ્રોસેસિંગનું કામ સોંપ્યું. એ ફિલ્મમાં કોમ્ફી હેયડ નામની બંગાળી આંગ્લ-ઈંડિયન કન્યા કેદાર ચૅટરજી સામે હિરોઈનનું પાત્ર ભજવતી હતી. નીતિનદાના કૅમરાએ એના સૌંદર્યને બરોબર ઉજાગર કરતું કૅમરાવર્ક કર્યું. શૂટિંગ જયપુરમાં થયું અને ૧૯૨૫માં એ મૂક ફિલ્મ ધરમતલ્લામાં રજૂ થઈ અને અદ્દભુત રીતે સફળતાને વરી, એનું મોટા ભાગનું શ્રેય નીતિનદાની છબીકલાને ફાળે જાય છે.

૧૯૨૬માં નીતિનદાએ મૂક ફિલ્મ 'દેવદાસ'ની છબીકલાનું કામ સંભાળ્યું, જેના દિગ્દર્શક હતા નરેશ મિત્ર. લક્ષ્મીવિલાસ હૅર ઑઇલ કંપનીના માલિક નાગેન બોઝે એ ફિલ્મને આર્થિક બળ પૂરું પાડ્યું, જેને પરિણામે નીતિનદા મોંઘી કીમતનાં સાધનો વાપરીને શ્રેષ્ઠ પરિણામ નિપજાવી શક્યાં, (આગળ ઉપર ૧૯૩૫માં ધ ન્યૂ થીએટર્સે બનાવેલી

(અનુસંધાન પૃ. ૩૪૮)



સંમુખ સાગરમઠ-૨૯
ઘડીમાં તો રૂપ-પરિવર્તન

—— પ્રીતિ સેનગુપ્તા ——

ઢોળાવો ચઢતાં, પહાડો વળોટતાં, મેદાનો જોઈ હરખાતાં અમે તિબેટના એકના એક મહામાર્ગ પર પશ્ચિમે જતાં આવેલાં. ગુત્સુઓ અને ખોઝો નામની નાનકડી વસાહતો ક્યારે આવી, ક્યારે ગઈ. નિએન નદી સીધી પશ્ચિમે વહેતી રહી. અમારો રસ્તો દક્ષિણ તરફ વળ્યો. હિમ-મુકુટથી શોભતી ગિરિમાળા ક્યારની દેખાતી રહેલી. બસ હાંફતી હાંફતી ઘણા ઊંચા ઢોળાવો ચઢી હતી. ફરી એક વાર, અને આ મુસાફરીમાં આ છેલ્લી વાર, રસ્તો અત્યુચ્ચ બિંદુ પર પહોંચ્યો હતો.

'લાલુન્ગ લા' ૫,૦૫૦ મિટર ઊંચો પર્વતીય ઘાટ હતો. પંદર હજાર ફીટથી પણ વધારે. એને 'ન્યાલામ પાસ' પણ કહે છે. એનાથી પણ ઊંચો 'લ્હાપ્કા લા' અમે આગલે દિવસે પસાર કરેલો. ઓહો, જાણે કેટલો બધો વખત થઈ ગયો. દરેક દિવસ ખૂબ લાંબો બને છે આ પ્રવાસમાં, કારણ કે મુસાફરી ઘણા કલાકોની હોય છે. લાલુન્ગ લા પરના સૌથી ઊંચા સ્થાને અમે ઊભાં રહ્યાં. ધવલ શૃંગો ધારણ કરેલી લાંબી ગિરિપંક્તિ ત્યાંથી દેખાતી હતી. આપણે તો ફક્ત એવરેસ્ટ અને કૈલાસનાં નામ જાણીએ, પણ એ સિવાય બીજાં કેટલાંયે જાજ્વલ્યમાન શિખરો હિમાલયના શૈલ-સંકુલમાં સમાયેલાં છે.

અહીંથી હવે સાગરમઠ દૃષ્ટિગત નહોતો, પણ એ મહાપ્રતિસ્પર્ધીની ગેરહાજરીમાં અન્ય અદ્રિગણને પ્રવાસીઓનો અહોભાવ પામવાની તક મળતી હતી. ઘણાં ઊંચાં હતાં એ શિખરો, પણ ચોકિસઆમ (૭,૩૧૬ મીટર) મેન્લુન્ગત્સે (૭,૧૮૧ મી.) ગૌરીશંકર (૭,૧૩૪ મી.) ફોલાગાન્ચેન (૭,૬૬૧ મી.) અને તિબેટીમાં 'શિશાપાન્ગ્મા,' પરન્તુ નેપાલી ભાષા અને લોકજીવનમાં 'ગોસાંઈથાન' કહેવાતો ઉત્તુંગ પર્વત તો ૮,૦૧૫ મીટર ઊંચો હતો. આવા બધા પ્રભાવશાળી પર્વતોનું અવલોકન વિશદ ગગનને લીધે અમે કરી શક્યાં.

સૂર્યના પરિષ્કાર તેજને કારણે ધરતી પરના બધા રંગ નિખરી ઊઠતા હતા. નજીક હતા તે ઢોળાવો આછા ઘાસથી લીલચટ્ટા હતા, જરા દૂર રહેલા તે જાંબલી-ભૂખરા દેખાતા હતા, ને ટોચ પર સોહતો હતો શ્વેત બરફ. વારંવાર મનમાં હું કહ્યા જ કરું કે કેવા જુદા જ પરિમાણનું વિશ્વ છે આ. અહીંનું બધું - ઊંચાઈ, વિસ્તાર, સ્વરૂપ, વાતાવરણ બધું જ - અલૌકિક છે, અદ્‌ભુત છે. દેવોને વસવું ગમે તેવો આખો આ પ્રદેશ છે, તે નિઃશંક છે. કદાચ એથી જ, એ જ દેવોએ એને મનુષ્ય જીવન માટે આટલો કઠિન, આટલો દુષ્કર બનાવ્યો હશે.

તિબેટનો જન-સમૂહ તો છતાંયે એ દેવોનું પૂજન કરતો જ રહે છે. લાલુન્ગ લાના સર્વોચ્ચ સ્થળે રંગરંગીન વાવટા બાંધીને લોકોએ એક સ્થાનક રચ્યું હતું. ત્યાં બુદ્ધની નહીં, પણ નિસર્ગના ઈશ્વરીય તત્ત્વની સ્થાપના થયેલી હતી. કોઈએ ત્યાં યાક પ્રાણીનાં શીંગડાં ભેટ તરીકે પધરાવ્યાં હતાં. પવન જાણે મોટેથી સિસોટી વગાડતો હતો, અને જોરશોરથી સોટીઓ વીંઝતો હતો. દિવસ તો ઘણા ઉજાસવાળો ને સરસ તડકાળો હતો, પણ પવન એટલો બધો હતો કે ખૂબ લાંબો વખત બહાર ઊભા રહેવું અઘરું હતું. એના ઝપાટા અને ઠંડી હવામાં અમે થરથરતાં હતાં. મનની અંદર એ અગણ્ય ઊંચાં ને વધુ ઊંચા શિખરોના અનન્ય સાક્ષાત્કારનું કંપન સર્જાયું હતું.


ત્યાંથી નીકળ્યાં કે એમ જ તરત જાદુ સમેટાઈ જવા માંડ્યું. ઘાટ ઊતરતો રસ્તો એ પારલૌકિક વિશ્વને છોડીને જવા માંડ્યો. ભૂખરા, સૂકા પહાડો, નદી, ઝરણાં — કશાં નવાં પાનાં ખૂલવા માંડ્યાં.

અડધાએક કલાકે વસાહતો આવવા માંડી. બે ઘર, ચાર-પાંચ ઘર. 'પો' નદીના ગોળાશ પડતા કિનારે ખૂબ ખેતી કરેલી-ભીની જમીનનાં ચોસલાં ચોસલાંમાં. એમાં પીળો, પીળચટ્ટો, પોપટી, લીલો એવા તાજા રંગો ઊગેલા હતા. વચ્ચે કાળી માટીની પાળીઓ કરેલી હતી. નાની નદીની બને તરફ, બેએક માઈલ સુધી, ચોરસ આકારોથી ઉપસાવેલી સુંદર આવી જાજમ હતી. કેટલા બધા દિવસે આ રંગો જોયા ! આ સાથે જ તિબેટના અતિવિસ્તૃત હાર્દ સમો એનો સૂકો, બરડ, રાખોડી તળ-પ્રદેશ વિછૂટી ગયો હતો. હાય, મેં સરખી રીતે એની વિદાય માગી હતી કે નહીં ?

ઘરો ઝૂમખાં થઈને રહેલાં હતાં. બહારની દીવાલો પર શેવાળવાળા પથ્થરો ગોઠવેલા હોય, ઘાસનાં છાપરાં પર બળતણ માટેનાં લાકડાં સંઘરી મૂકેલાં હોય. દૂર ભેખડ પરથી નીચે જોતાં તો આ વસાહતો બહુ ચિત્રાત્મક લાગે. ફોટા પાડવાનું મન બહુ થાય, પણ એવી શક્યતા ઓછી હોય. એક વાર ઊભાં રહીએ એટલે ખૂબ સમય નીકળી જાય છે, ને રસ્તો ખૂટતો જ નથી હોતો. તિબેટના રસ્તા પર અંતર ઓછું હોય ત્યારે પણ લંબાણ ઘણું થઈ જાય છે.

લગભગ સાડા ત્રણ વાગ્યે આખરે ન્યાલામ ગામ આવ્યું. એની ઊંચાઈ સવા અગિયાર હજાર ફીટ. બસ, હવે પછી નીચે ને નીચે જ ઊતરવાનું હતું. ભૂમિ-માર્ગે નેપાલ પાછાં જવાનું હતું, ને એ માર્ગ ખતરનાક હતો. આમ તો એ વાહન-માર્ગ હતો, પણ કહેવાતો જ. દર વર્ષે એવો વરસાદ પડે કે એ રસ્તો ભાંગી ને તૂટી જ પડે. એને સરખો, ને સલામત, કરવાના પૈસા તિબેટ ક્યાંથી કાઢવાનું હતું ? ને ચીની સરકાર પણ શું કરવા ખર્ચે ? આથી અમારી બાકીની મુસાફરી જુદી જ રીતે થવાની હતી. ખરું સાહસ હવે આવશે !

ન્યાલામ ગામ 'મોટું' કહેવાય. તદ્દન ગામડિયું નહોતું લાગતું એ. ત્યાંની એક વીશીમાં નૂડલ-સૂપ ખાઈ લીધો. પછી ખાવાનું ક્યારેય મળે.



ધુમ્મસમાં ઢંકાઈ ગયેલો પર્વતીય પરિસર

ઉપરાંત, પાંચ કિ.મી. ચાલવું પડશે, એમ જાણ થયેલી. એટલી માનસિક તૈયારી તો રાખેલી, પણ પાછો એ વાતમાં એવો ઉમેરો થયો કે જ્યાંથી રસ્તો તૂટી ગયો હતો ત્યાં સુધી જો અમારી બસ જાય તો એને પાછી વાળવા જેટલી જગ્યા કે મોકળાશ પણ ત્યાં હતી નહીં. કદાચ આ બહાનું પણ હોય. કોને ખબર, પણ બસ હવે આગળ જવાની નહોતી. કહેવામાં આવ્યું કે એક ખુલ્લી ટ્રકમાં સામાન મુકાશે, ને અમારે પણ એમાં જ જવું પડશે. કશા તર્કને કે દલીલને અવકાશ જ નહોતો. અજાણ્યાં લોકોએ, અજાણી ભાષામાં આ નક્કી જ કરી દીધેલું.

દિવસ દરમ્યાન ગાઈડ યુ જાલે અમને બધાંને એક એક પરિપત્ર આપેલો એમાં અમારે એના કામની ગુણવત્તા વિશેના મત લખવાના હતા. એની તો સરકારી નોકરી. લ્હાસા પાછો જાય ત્યારે કાર્યાલયમાં આ બધા કાગળ આપવા પડે. પ્રવાસી જો અસંતોષ દર્શાવે તો એની નોકરી જાય તરત જ. પણ એનામાં ઘણી કચાશ હતી. એ આળસુ, ઊંઘરેટો હતો. એનું અંગ્રેજી સાવ કાચું હતું, ને ઉચ્ચારો અસ્પષ્ટ. આવું કશું તો મેં નોંધ્યું નહીં. પણ 'એને અંગ્રેજી ભાષાની વધારે તૈયારી કરાવશો', એટલું લખવું તો મેં જરૂરી ને ઉચિત માન્યું. અમે બધાંએ બક્ષિસના પૈસા ભેગા કરીને યુ જાલ તથા ડ્રાઈવરને આપ્યા, અને આવજો કહ્યું.

અમારાં ચૌદ જણાનો સામાન બસમાંથી કાઢીને ટ્રકમાં મુકાયો. પછી અમારે ચઢવાનું હતું. ખૂબ ઊંચી એવી ટ્રકમાં માંડ માંડ ચઢાયું. કેટલાક સાથીઓએ એમ વિચાર્યું હતું કે ટ્રકમાં ઊભાં રહેશે. પણ ટ્રક શરૂ થતાં જે આંચકા આવ્યા તે પરથી બધાંને બેસી જવું જ હિતાવહ લાગ્યું. ટ્રકની ફર્શ જેવી હતી તેની પર જ બેસી જવાનું હતું. પવન પણ થોડો તો હતો જ. મેં શાલ માથે વીંટી, તો એ પીઠ પર લાગવા માંડ્યો. એ આખી બપોર બહુ જ વિચિત્ર, ચિંતાજનક ને કઠિન વીતી. તિબેટમાંના બધા જ દિવસો દરમ્યાન રહેલી સરસ ઋતુ તથા ઉચ્ચ સ્થાનોને અનુરૂપ શાંતતા જાણે ક્ષણોની અંદર ક્યાંયે ચાલી ગયાં. સહેજ વારમાં જાણે બધું બદલાઈ ગયું—પ્રકૃતિ, પ્રદેશ, સમગ્ર વાતાવરણ.

ટ્રક પહાડ ઊતરતી જતી હતી, પણ એ જેટલી નીચે જતી હતી તેટલે નીચે ભીનાં, ધુમ્મસિયાં વાદળ ઊતરી આવતાં હતાં. પછી તો થોડી જ મિનિટોમાં રસ્તો લપસણો અને જોખમી બન્યો, અને એક સાંકડી, ઊંડી ખીણ આવી લાગી. નીચા અંશાંક પરનો ભૂ-ભાગ હતો એટલે વૃક્ષ-વનસ્પતિ પણ શરૂ થઈ ગયાં હતાં. લીલ, શેવાળ ને આછા ઘાસની જગ્યા છોડ ને ઝાડ લઈ બેઠાં, જે પછીથી ગીચ જંગલમાં પરિણમ્યાં. બંને તરફ પહાડ, ને ખૂબ નજીક નજીક. પર્વતોની દરેક સળે સળે એક એક ધોધ પડતો હતો. ધુમ્મસ, ભીનાશ, વનસ્થળી, રૂપેરી પાણી આ બધું દેખાતું હતું ખૂબ સુંદર, પરન્તુ એની જીવન-શક્તિની પ્રબળતા અને સક્રિયતા આપત્તિકારક થઈ શકતાં હતાં. સૂરજને તો વાદળોએ હંફાવી દીધો લાગતો હતો. એ હતાં તો સફેદ, હલકાં ને ધુમ્મસિયાં, પણ એમણે ભેગાં થઈને સૂરજને આખો ઢાંકી દીધો હતો ખરો.

ધોધનો તો કોઈ પાર ના હતો. દરેક પહાડના પૃષ્ઠભાગ, ને વક્ષઃસ્થળ, ને ભુજાઓ પર થઈને જળ-પ્રપાત નીચે તરફ નીકળી પડ્યા હતા. એ પંદરેક માઈલના અંતરમાં મેં ચાલીસથી પણ વધારે રજત-પ્રવાહો જોયા હશે. કોઈ મૃદુ ને કમનીય, તો કોઈ શક્તિમાન, કોઈ સરકતા જતા, તો કોઈ પછડાતા જતા. કોઈ દેખાય ને સંભળાય નહીં, તો કોઈ સંભળાય ને દેખાય. નહીં વરસાદનાં છૂપાં ચિહ્ન અનુભવાતાં હતાં. મેં આશા રાખી કે વરસાદ પડે નહીં. સાવ ખુલ્લી ટ્રક હતી. પાણી વરસે તો અમે શું કરીએ ?

કાદવિયો, લપસણો, સાંકડો, સીધા ઢાળ પડતો રસ્તો, ને એના પર સાંકડા, સર્પાકાર, સંકટપૂર્ણ વળાંકો આવ્યે જાય. આટલા બધા દિવસ હજારો ફીટની ઊંચાઈ પર પણ ભદ્ર-કોમળ ઢોળાવો અને ઘાટને અમે માણ્યા હતા, સતત પ્રશંસ્યા હતા. અચાનક હવે અમે હિંસ્રભાવે અધઃપતન પામતી ભેખડો અને શિલાઓવાળા પરિસરની વચ્ચે ફેંકાઈ ગયાં હતાં. અતિનિકટ હોવાને કારણે ભીંસતા લાગતા પર્વતોના પહોળા પાષાણ-પટલ પર ભીનાશ વળગી રહેલી જણાતી હતી. ધોધનાં રૂપેરી વહેણ જ નહીં, પણ કાળમીંઢ પર્વતીય દીવાલોની દીવાલો ભીની ને જળનીતરતી હતી. આખી સૃષ્ટિ જ જળ-સિક્ત હતી જાણે.

ક્યારેક કોઈ ધોધની ઉતાવળી, અણસમજુ ધારા શિલાઓ પરથી સીધી રસ્તા પર પટકાતી, અને ખુલ્લી ટ્રકમાં જેમ-તેમ નીચે બેઠેલાં અમારાં પર છંટાતી. ટ્રકની ગતિ, પવનનો વેગ, અને હવાની ભીનાશ દ્વારા ખાસ્સી ઠંડી તો લાગતી જ હતી, ને એની ઉપર આ જળ-સિંચન.

'શું થશે ? શું કરીશું ?' એ ચિંતામાં દૃશ્યપટની ધુમ્મસ-ઘેરી, ચીની લાક્ષણિકતા કહી શકાય તેવી, પ્રાદેશિક સુંદરતા પણ માણી ના શકાઈ ! (ક્રમશઃ)

અનુસંધાન] ફિલ્માકાશ [પૃ. ૩૪૬થી

બોલતી ફિલ્મ 'દેવદાસ'માં પણ છબીકલાનું સુપરવિઝન એમણે કર્યું હતુ.

ધીરે ધીરે નીતિનદાનું નામ છબીકલાના ક્ષેત્રે ટોચનું ગણાવા લાગ્યું એટલે ધ ન્યૂ થીએટર્સના બી.એન. સરકારની પૂર્વ સંસ્થા ઈંટરનેશનલ ફિલ્મંક્રાફ્ટમાં તેમને મુખ્ય સિનેમેટોગ્રાફીની કામગીરી સંભાળી લેવાની ઑફર મળી અને એ કામગીરી અંતર્ગત જ તેમણે 'ચોરકાંટા' અને 'ચાસેર મેયે'ની છબીકલા કરી. ૧૯૩૦-૩૧માં સવાક ચિત્રોના આગમન સાથે ધ ન્યૂ થીએટર્સની પ્રથમ બોલતી ફિલ્મ 'દેના પાવના' (લેણદેણ)નું કૅમરાવર્ક એમણે સંભાળ્યું. અલબત્ત, બોલતી ફિલ્મની છબીકલાની વિશેષ તાલીમ લેવા માટે એમણે ભારતની પ્રથમ સવાક ફિલ્મ 'આલમ આરા'ના નિર્માણવેળા તેના નિર્માતા અરદેશર ઈરાની પાસે મુંબઈમાં દોઢ મહિનો રહીને તાલીમ હાંસલ કરી હતી. એ જ દરમિયાન એમના નાનાભાઈ મુકુલ બોઝે પણ અમેરિકાથી આવેલા રેકૉર્ડિંગ નિષ્ણાત વિલિયમ ડેમિંગ પાસેથી રેકોર્ડિંગની તાલીમ ગ્રહણ કરી હતી. અલબત્ત, મુકુલ બોઝે તો ઇલેક્ટ્રોનિક્સમાં રિસર્ચ સ્કૉલર હતા જ અને તેમના દાદા જે.સી. બોઝની ઇન્સ્ટિટ્યૂટમાં એની તાલીમ ગ્રહણ કરી ચૂક્યા હતા અને એટલે જ વિલિયમ ડેમિંગ એના થોડા પરિચય પછી તરત જ બોલી ઊઠ્યા હતા, 'આ છોકરાને હું તે શું શિખવાડવાનો હતો.' અલબત્ત, મુકુલ બોઝ તો આગળ ઉપર અંધકારની ગર્તામાં ખોવાઈ ગયા, પણ નીતિન બોઝ લાંબુ જીવ્યા. ૧૯૭૮માં તેમને દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ મળ્યો. ૧૯૮૬માં અવસાન પામ્યા. આમ, ધ.ન્યૂ થીએટર્સની 'ચંડીદાસ' (૧૯૩૪) સુધીની અને તે પછીની વિજયયાત્રામાં આ બે બંધુઓ – નીતિન બોઝ અને મુકુલ બોઝ – જેવા કેવા કેવા તાલીમબદ્ધ અને કર્મઠ લોકોનો પ્રતિભાફાળો હતો તે આ બધી વાતો પરથી સ્પષ્ટ થાય છે. 'ચંડીદાસ'માં તેનો ઉન્મેષ પરાકાષ્ઠાએ જોવા મળ્યો.

અલબત્ત, તે જ વર્ષની બીજી ફિલ્મ 'રૂપલેખા' બંગાળી અને 'રૂપલેખા' હિંદીમાં પણ પ્રથમેશ બરુઆના આ નામના પ્રખર પ્રતિભાશાળી કલાકારનો ઉદય થયો. એ પણ કેવા અનુભવી યુવાન, રંગીલા અને વિશિષ્ટ જીવનશૈલીવાળા હતા અને તેમણે પણ ધ ન્યૂ થીએટર્સની ઉજ્જ્વલ છબીને વધુ ઉજ્જ્વલ બનાવવામાં કેવો ફાળો આપ્યો તેની વાત હવે પછી. (ક્રમશઃ)

આથમતાં અજવાળાં - ૮

વૈશાખી વીંઝણો

ભગીરથ બ્રહ્મભટ્ટ

વૈશાખની એંધાણી હવે તો તડકા પૂરતી જ મર્યાદિત રહી ગઈ છે. આજે તો નગરજનોનો વૈશાખનો અનુભવ કેરી-ગુંદાંનાં અથાણાં અને આઇસ્ક્રીમ-લસ્સી અને ઠંડાં પીણાંના સ્વાદમાં સમેટાઈ ગયો છે.

વૈશાખનો એ ઠાઠમાઠ હવે તો ગયો. પહેલાં તો વૈશાખ એટલે ઘોડે ચઢવાનો મહિનો. લગ્નની મોસમ. લગ્નની એ મોસમમાં તમને એકએકથી ચઢિયાતા વરરાજાઓ જોવા મળે. એકએકથી ચઢિયાતા જાનૈયાઓનો પરિચય થાય. વેવાઈઓ, વેવાણો, વરઘોડાઓ, જાનૈયાં, આણાં, ઝિયાણાં, ગાનારીઓ અને ગોરમહારાજાઓથી ખચિત એ વૈશાખ મહિનાનો રોફ અને દમામ જ નોખા. કોઈનું વેલડું સશક્ત બળદોના શણગારથી વેગીલું વહી આવતું હોય, તો કોઈનું વેલડું મડદાલ બળદોથી ખેંચાતું હોય... ઠાકોર જેવી કોમમાં તો ખાંડું આવે, ખાંડું એટલે વરરાજા એમાં ન હોય, એક તલવાર હોય એ તલવાર વરરાજાનો પર્યાય બને... જાનૈયાઓ હોય અને લગ્નો થાય.

'સરકારી કાયદા, વૈશાખી વાયરા વાયા કિયા ભઈ પરણ્યા વિના કેમ ચાલશે ?
કહો તો કિયા ભૈ ઘોડીલા મંગાવું, હાથીડાં મંગાવું પરણ્યા વિના કેમ ચાલશે ?'

ઢોલ ઢબૂકતા હોય, તડકો પડતો હોય, શરણાઈઓ ગુંજતી હોય અને ચારેકોર ગાણાં ગવાતાં હોય. 'હઠ લીધી હઠ છોડો ધીરુભાઈ, પરણ્યા વિના કેમ ચાલશે ?' 'સસરાને સંપત્ત નથી ધીરુભાઈ, પરણ્યા વિના કેમ ચાલશે ?...' પરણવાનો પરવાનો આપતો મહિનો જ જાણે વૈશાખ. આકરા તાપમાં બે જીવોને જોડી આપતો વૈશાખ એક અર્થમાં સંયોજક છે. આમેય ઠંડી અને વર્ષાનો સંયોજક પણ એ જ છે ને ?

વૈશાખમાં જ પ્રસંગો ઉકેલાતા, ખેડૂતો ખેતીકામમાંથી પરવારી સહેજ નિરાંતનો દમ લેતા, બળદો અને ખેડૂતો ઉભયને પોરો ખાવાનો મહિનો, પણ ખેડૂતો જંપે શાના ? વૈશાખમાં પાછા સમાજના પ્રતિનિધિ થઈને નવાં ખેરવાળાં થપાડાં-ખમીશ પ્હેરી નીકળી પડ્યા હોય ! કોઈની જાનમાં કે કોઈના મામેરામાં. ખેતરોય ઠાલાં થઈ ગયાં હોય, આકાશનો તડકો ભરપેટ ખેતરો પીતાં હોય પહેલાં તો ક્યાં પાણીની સગવડ હતી ? આકાશનો તડકો ભરપેટ ખેતરો પીતાં હોય. પહેલાં તો ક્યાં પાણીની સગવડ હતી ? માત્ર ચોમાસા ઉપર જ ખેતીનો આધાર રહેતો. વૈશાખી દિવસોમાં ખેડૂતો ખેતરોને તૈયાર કરતા. વાડકાંટો કરતા.. શેઢા વાળતા... ખેતરો ખેડતા, ખાતર વેરતા... અને એ બધાંની વચ્ચે સમાજજીવનમાંય જીવને ઝબોળતા લગન હોય કે સામૈયું. વાસ્તુ હોય કે નવચંડી, કથા હોય કે પારાયણ - વૈશાખના દિવસોમાં જ એ બધામાં હાજર રહેવાનું શક્ય બનતું. વૈશાખના દિવસો ઘણી મોકળાશવાળા લીમડાના છાંયે માંચા ઢાળીઢાળીને મહેમાનો આડા પડ્યા હોય ! કસુંબાપાણી થતાં હોય ! ત્યારે તો ભણતરનો ક્યાં મહિમા હતો ? કોક ભણેલો છોકરો વૈશાખ મહિનામાં અભણ છોકરીને ટેસથી પરણી જતો. એવા તો કેટલાય ડૉક્ટરો, એન્જિનીઅરો, શિક્ષકો અભણ સ્ત્રીઓના સુખી પતિરાજો તરીકે આજેય મોજૂદ છે. મારું ન માનો તો પૂછી જુઓ ભોળાભાઈને, રઘુવીરને ! છોકરા-છોકરીને તે વળી પૂછવાનું હોય જ શાનું ? ગામ, ગોળ, ખોરડું અને ખાનદાની જ લગ્નસંસ્થાના માનદંડ. એનો મેળ પડે એટલે સંધાઈ જાય. એ સ્થિતિમાં પણ આજના જેટલા છૂટાછેડાના બનાવો નહોતા બનતા. નાની ઉંમરમાં પરણવાના ગેરફાયદા હશે, પણ ફાયદા નહોતા એવું નથી. ઉભય પાત્રોને જગતને જોવાસમજવાની પાંખ ફૂટે તે પહેલાં કન્યા પોતાના પતિને પરમેશ્વર માનવા માંડે અને પતિ પોતાની પત્નીને પણ સમજવા માંડે... સમય જતાં સેટ થઈ જવાતું. પરિણામે પોતીકાં થવાનો અને પોતીકાં કરવાનો ખાસ્સો અવકાશ મળી રહેતો. આજે તો ગ્રીનકાર્ડ સાથે સંયોજાઈ ગયેલી આપણી માનસિકતા, ઉતાવળિયા નિર્ણયો, ઉતાવળાં લગ્નો અને ઝટપટ બધું આટોપી દેવાની ધમાલે આપણી લગ્નસંસ્થાનું નિકંદન કાઢી નાખ્યું જાણે ! મને હજુ નથી સમજાતું કે વૈશાખને વળોટી જઈને થતાં આ ઉતાવળિયાં લગ્નોને કારણે આપણી લગ્નસંસ્થા બળવત્તર બને છે કે કડડભૂસ થઈ રહી છે ! એમ.એ. પીએચ.ડી. થયેલો હું અને એમ.એ. બી.એડ. થયેલી મારી પત્ની જ્યારે જ્યારે ગામડે જઈએ છીએ ત્યારે અમારા ગામના વૈદ્ય જોઈતાકાકા અને અભણ મણિમાના દામ્પત્યજીવનને જોઈને મોંમાં આંગળાં નાખી દઈએ છીએ. એકમેકને તાકી રહીએ છીએ. જીવન જીવવાની સમજણ કેવળ શિક્ષણમાંથી નથી આવતી એ વાત તરત અમને સમજાય છે.

વૈશાખ બધા મહિનાઓમાં વરણાગીઓ વધારે. પીળાંચટક ફૂલોનાં તોરણ લટકાવી મ્હાલતો હોય ગરમાળો અને રાતાં ફૂલે દીપી ઊઠતો હોય ગુલમહોર ! પણ ઉત્તરગુજરાતના અમારા એ પરિવેશમાં તો ઝાઝા લીમડા જ. લીમડે લીમડે લીંબોળી રૂપે વૈશાખ વળગ્યો હોય ! કેરીઓને કારણે વૈશાખ કેવો ખટસવાદીઓ લાગે છે – વૈશાખનો તાપ કેરીની અંદર મધુર રસ થઈને સંક્રાન્તિ પામ્યો હોવો જોઈએ, નહિ તો ખાટી કેરી મધુર કેવી રીતે ? નિરાંતે, છાંયે, ભીનામાં બેસી રહેલાં કૂતરાં વૈશાખના દિવસોમાં મોં પ્હોળું કરી, જીભ બહાર કાઢી હાંફતાં તમે જોયાં છે ? ગાયો, ભેંસો અને બળદો પણ છાંયે બેસી હાંફવાની કે વાગોળવાની પ્રવૃત્તિમાં હોય તેની તો તમને ક્યાંથી ખબર હોવાની ? બરફગોળો લેવા ખુલ્લા પગે દાઝતા બાળકને તમે જોયું છે ? બપોરીવેળામાં વૃક્ષોમાં લપાઈ ગયેલાં પંખીની ભાષા ક્યારેય સાંભળી છે ? અરે, આકાશના પલટાતા રૂપને ધ્યાનથી નિહાળ્યું છે વૈશાખમાં ? વૈશાખની તો વાત જ ન્યારી. એ લઘુતમ નહિ, ગુરુતમનો મહિમા કરે છે. સંકોચ નહિ, વિસ્તારને વ્હાલાં કરે છે. એના પ્રખર તાપમાં ગુરુતમનો અને એના લાંબા દિવસોમાં વિસ્તારનો મહિમા તરત જ સમજાય છે. પવનને પણ કોઈએ બાંધી રાખ્યો હોય તો વૈશાખ પોતાની સાખે જાણે કે છોડાવી લાવે છે ! આમ, વાયુની સાખ ઉપરથી વૈશાખ નામકરણ નહિ થયું હોય ! આ તો કલ્પના-વલ્લભ વિદ્યાનગરના રસ્તાઓ ઉપર કેસૂડા જ કેસૂડા. સવારે ફરવા નીકળો ત્યારે ગુલમ્હોર ઉપરથી ખરતા કેસૂડા દેખી શકો. ફૂટપાથ ઉપર ઢગલે ઢગલા જોવા મળે ! એનીય એક ખાસ પ્રકારની ગંધ હોય છે. એમાં મને વૈશાખની વાસ વરતાય છે. ગરમાળાં તો સુકુમાર પીળાં ઝુમ્મરિયાં તોરણ લટકાવીને જે અદાથી ઊભો હોય, એમાં મને વૈશાખના સ્વાગતનો ભાવ દેખાય છે. તમે નક્કી કરીને નીકળો કે મારે શિરીષના ફૂલને નથી અડકવું ત્હોય એ ઝાડ નીચેથી નીકળો એટલે તમે એની એક કલગી હાથમાં લીધા વગર ન રહી શકો... બ્રાહ્મમુહૂર્તમાં કોયલબહેનનાં કૂજનનો લ્હાવો શહેરીજનોના ભાગ્યમાં તો હોય પણ ક્યાંથી ? બપોરનો તાપ કોયલના કૂજનમાં કૂણો લાગે !

પીતાંબર પહેરી નીકળેલા દુર્વાશા ઋષિ જેવો વૈશાખનો મધ્યાહ્ન

આકરો ખરો. 'વૈશાખનો બપોર' જેવું કાવ્ય કવિ 'શેષ'ને થયેલી વૈશાખની અનુભૂતિનો પરિચય કરાવે છે. 'વૈશાખનો ધોમ ધખ્યો જતો'તો — થી પ્રારંભી ચપ્પુ-છરીની ધાર કાઢવાવાળાની, પંખા નીચે પોઢેલાં સામેનો પરિસ્થિતિ- વિરોધ રચી કવિ વૈશાખ પાસેથી કેવું કામ કઢાવી જાય છે ? અરે, 'ઋતુસંહાર'માં પણ' 'પ્રચંડ સૂર્ય' જેવો ગ્રીષ્મનો મહિમા ક્યાં નથી ? મામા-કાકાને ત્યાં વેકેશન ગાળવા નીકળી પડતાં બાળકો, પિયર પોરો ખાઈ આવતી નવોઢાઓ, લાલ તરબુચ અને રાતીપીળી રાયણના એ દિવસો એમ ભૂલ્યા ભુલાતા નથી. આજે તો કાકા, મામાને ત્યાં જવાનું ઓછું થતું જાય છે. ભાવના જ ક્યાં રહી છે કશી ? આજે તો વિવિધ પ્રકારની વેકેશન બેચીઝે બાળપણનેય હડપ કરી લીધું જાણે !

આજે તો આ નગરજનો વૈશાખમાં ધાણાજીરૂ ખંડાવતાં હોય, મરચાં ખંડાવતાં હોય કે કેરીઓનો ભાવતાલ કરતા હોય કે બરફગોળા ચૂસતાં હોય અથવા વાસી આઇસ્ક્રીમ ખાઈ તાજગી લીધાનો રોફ મારતા હોય, ક્યાંક શીખંડ કે ક્યાંક રસનાં ભોજનની વાસ આવતી હોય, પાછળ પડી ગયાં હોય તો ઘઉં સાફ કરતાં કે કરાવતાં હોય, ચાળણા પછાડતા હોય, નણંદભાણેજિયાં આવ્યાં હોય તો મોં મચકોડતાં હોય, એ.સી.માં કે પંખા નીચે વૈશાખનો મહિમા એમને ક્યાંથી સમજાય ? એને માટે તો ખુલ્લા મને પાછા વળવું પડે... પાછળ રહી ગયેલી ભાવનાઓને પાછી લાવવી પડે. પણ એ તો ક્યારે ?....

વૈશાખના પવનોની સુગંધ વિશે ક્યારેય કશી ધારણા તમે તો શાના કરી શકો ? અમારા ઢબોભા વૈશાખના પવનોની સુગંધ પારખતા, અને કહેતા, હવે 'બાવીસમે દા'ડે વરહાદ. એટલે એ સાચું જ પડતું ! બાવીસમે દહાડે આવ્યો જ હોય મારો બાપો !

વૈશાખ મહિનામાં ખેડૂતો ગાડાંમાં ખાતર ભરીને ખેતરમાં ઠાલવે એ દૃશ્ય તમે જોયું છે ? બળદગાડું, ભરાતા ઉકરડા, ઉકરડામાંથી નીકળતા વીંછી, ઉકરડામાંથી મળી આવતી ખોવાઈ ગયેલી દીવી, રકાબી... ખેતરમાં થતી ખાતરની ઝીણી ઝીણી ઢગલીઓ - જાણે અન્નકુબેરની પગલીઓ ! એ પછી ખેડૂત ખંપાળી વડે ખતેરમાં ખાતર વેરી નાખે. છાણિયું ખાતર આખા ખેતરમાં પથરાઈ જાય. ખેતરની માટીમાં ખાતર ભળી જતાં ખેતરો ફળદ્રુપ બનતાં. 'ઉકરડો ભર્યો', 'ખાતર વેર્યું' એવા પ્રયોગોથી એ ઘટના ઓળખાતી. ઉકરડા ખાલી થઈ જાય પછી એ ખાડા પણ જોવા જેવા હોય ! જાણે કોઈ હબસીએ માથે મુંડી કરાવી !

વૈશાખ મહિનામાં ખેડૂતપ્રિય તહેવાર અખાત્રીજ વૈશાખ સુદ ત્રીજે આવે. વણજોયેલું મુહૂર્ત. ખેડૂતોની દિવાળી. બધા હિસાબો કરવાનો દિવસ. ખેતરની સાંથ ચૂકવવાની હોય, વાણિયાનો હિસાબ કરવાનો હોય, અખાત્રીજનો દિવસ જ વાયદાનો દિવસ. બળદોની પૂજા થાય. ખેતરોમાં શુકન થાય. હળ ચલાવાય. ઘરમાં કંસાર રંધાય. ગોળધાણા વહેંચાય. નવા વર્ષનાં આયોજન ગોઠવાય. ચૈત્ર ઊતરવા માંડે અને ખેડૂતના ચહેરા ઉપર નવી રોનક ઊતરી આવે. ખેતરમાં રાખેલા સાથીનો હિસાબ, વાણિયાનું કરજ ચોપડે મંડાય, મોદીની દુકાનનો હિસાબ થાય, ખેતરોના બર પ્રમાણે નવા વર્ષના પાક વિશેનો વિચાર પણ ગોઠવાય. ચારપૂળા અને બળદો પલળે નહિ એટલે એમને માટે વ્યવસ્થાઓ ગોઠવાય.

આજે તો શરણાઈના સૂરો અને ઢોલત્રાંસાના અવાજો બૅન્ડવાજાં અને કસેટોના કકળાટમાં સાવ વિલાઈ રહ્યા છે. એટલે લગ્નોત્સવનો કોઈ મહિમા જ ક્યાં રહ્યો છે ! 'વૈશાખી વાયરા વાચા ચંચીબુનનો' એ લ્હેકો, લય તમે સાંભળી જ ક્યાં શકવાના ? ગાનારાં અને ઝીલનારાં ક્યાં રહ્યાં છે ? પહેલાં તો કાચી કુંવારી છોકરીઓ જાન આવતાં બે પક્ષમાં વહેંચાઈ જતી. ગાણાં-ફટાણાંની કંઈ રમઝટ જામે કંઈ રમઝટ જામે... 'આવ્યા ચૈતરવૈશાખના દા'ડા છોડી વીંઝણો શું ના લાવી !' એ દિવસો હવે ઘણા દૂરના થઈ રહ્યા છે. ઘોડા ઉપર બેઠેલા વરરાજાઓના વરઘોડાઓનાં દૃશ્યોને બદલે 'મારુતિ'નો માહોલ રચાયો છે. વેલનું પૈડું સિંચી, શ્રીફળ વધેરાતું તેને મારુતિના વ્હીલ નીચે વધેરાતું જોઉં છું ને મને થાય છે : હે યંત્રસંસ્કૃતિ, તું માનવીની કેટકેટલી અસલિયતોને ભરખી જઈશ ?' ❐

ગણિતગમ્મત

આ ગણિતગમ્મત તમને એ નક્કી કરવામાં ઉપયોગી નીવડવા સંભવ છે કે તમે ગાડરિયા પ્રવાહની સાથોસાથ ચાલનારા, અઠ્ઠાણું ટકા સાધારણ સમૂહનો ભાગ છો કે સામા પ્રવાહે તરવાનું પસંદ કરનારી બાકીની બે ટકા વ્યક્તિઓનો.

તમારે જો એ જાણવું હોય તો

૧. બે કે વધુ અંકોની કોઈ પણ સંખ્યા લઈ તેમાંથી તે સંખ્યાના અંકોનો સરવાળો બાદ કરો.

૨. નવી મળેલી સંખ્યાના અંકોનો સરવાળો કરો. (જો આ સરવાળાની રકમ બે અંકોની કે તેથી મોટી હોય તો તે અંકોનો ય છેવટે એક અંક મળે ત્યાં સુધી, સરવાળો કરો).

૩. આ પ્રમાણે સરવાળો કરતા મળેલ અંકમાંથી પાંચ બાદ કરો.

૪. આ બાદબાકી કરતા મળેલ સંખ્યા પરથી અંગ્રેજી મૂળાક્ષરોના પહેલા નવ અક્ષરોમાંથી ૧ = A , ૨ = B ......૯ = I એમ ક્રમવાર I સુધી આવતા મૂળાક્ષર પરથી કોઈ પણ એક દેશનું નામ વિચારો (ઉદા.ત. ૨ B, B =, પરથી BANGLADESH)

૫. તે દેશના નામની અંગ્રેજી જોડણીના છેલ્લા અક્ષર પરથી શરૂ થતા (અંગ્રેજી)નામવાળા કોઈ પણ પ્રાણીનું નામ વિચારો (ઉદા.ત. H પરથી HYENA)

૬. એ પ્રાણીના નામની અંગ્રેજી જોડણીના છેલ્લા અક્ષર થી શરૂ થતા (અંગ્રેજી) નામવાળા કોઈ પણ એક ફળનું નામ વિચારો (ઉદા.ત. A પરથી APPLE)

૭. તમારો ઉકેલ ક્રમવાર (દેશ-પ્રાણી-ફળ) લખો.

તમારી ઉત્કંઠાનો ઉકેલ તમને આ અંકમાં જ પૃષ્ઠ સંખ્યા ૩૫૨ પર મળી શકશે.

-જ્યોતિ ભટ્ટ

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૫

યોગેન્દ્ર માંકડ

જ્ઞાનપ્રકાશયુગીન મૂલ્યો (ચાલુ)

ટેક્નોલૉજી વિકસાવવાની. ત્રીજું, ઔદ્યોગિકીકરણ એ ઝડપી, અવિરત અને કાયમી વિકાસની ચાવી છે. સ્પર્ધા દ્વારા ગુણવત્તા અને વિકાસમાં મહત્તમમાં મહત્તમમાં વધારો થઈ શકે. આથી કુદરતને નાથીને મનુષ્યના કાયમી વિકાસ માટે તને જોતરી શકાય. એટલે જ્ઞાનપ્રકાશયુગ અન્વયે પ્રગતિ વિકાસનો જે ખયાલ અસ્તિત્વમાં આવ્યો તેમાં કુદરત સાથે તાદાત્મ્યના વિચારનું કોઈ ખાસ મહત્ત્વ નથી. પશ્ચિમી વિકાસવિચારમાં કુદરત સાથેનો સંબંધ મનુષ્યના તેના પરના નિયંત્રણ અને આધિપત્ય પર આધારિત છે. પ્રગતિ-વિકાસની આ સિદ્ધાંતતરેહ લગભગ ઓગણીસસો સાઠના દાયકા સુધી પ્રભાવક રહી. માર્ક્સવાદી સમાજવાદમાં પણ મૂડીવાદ સામે આક્રમક પ્રત્યાઘાત તેમજ વૈશ્વિક વિકલ્પનો દાવો પડેલો હોવા છતાં તેનું વિકાસનું મૉડલ કુદરત અને તેનાં સંસાધનોની બાબતમાં મૂડીવાદથી જુદું નથી. વીસમી સદીના ઉત્તરાર્ધમાં પર્યાવરણના પ્રશ્નોએ વિકારળ સ્વરૂપ ધારણ કર્યું ખાસ કરીને પ્રદૂષણ અને જાહેર સ્વાસ્થ્યની બાબતમાં અને તેની સાથે ઔદ્યોગિકીકરણ આધારિત આર્થિક આધુનિકીકરણના મૉડલમાં તિરાડો પડવા માંડી અને અન્ય ગંભીર પ્રશ્નો પણ ઊભા થયા. પર્યાવરણીય તકાજાઓ ધ્યાનમાં લીધા વગર આર્થિક વિકાસનું કોઈ પણ મૉડલ આજે ચાલી શકે તેમ નથી તે લગભગ સર્વસ્વીકૃત અને પ્રસ્થાપિત થયેલી હકીકત છે. એ અર્થમાં પર્યાવરણીય તકાજાઓ મૂડીવાદ અને વિકલ્પ તરીકે લુપ્ત થવાનાં એંધાણ આપતા સમાજવાદ આધારિત વિકાસના મૉડલોને અતિક્રમે છે. અલબત્ત, જ્ઞાનપ્રકાશયુગના આર્થિક પ્રથાકારોને પર્યાવરણ, વસ્તીવધારો, અનિયંત્રિત ઔદ્યોગિકીકરણ કે શહેરીકરણના પ્રશ્નો નડતા નહોતા તે જુદી બાબત છે.

આનો અર્થ એવો નથી કે આ પહેલાં મનુષ્યને પોતાની શક્તિમાં વિશ્વાસ નહોતો. પરંતુ અઢારમી સદીમાં તે વધુ દશ્યમાન બન્યો. ઇતિહાસમાં કદાચ સૌપ્રથમ વાર આત્મવિશ્વાસ વાસ્તવવાદનો સંગી બન્યો. આ નવો, આત્મવિશ્વાસ નવા આશાવાદનો સારથિ બન્યો. માનવનિર્મિત યુટોપિયાના પ્રથમાંકુર ફૂટવાની આ નાની પરંતુ અત્યંત મહત્ત્વની શરૂઆત હતી.

અલબત્ત, જૂની આફતો ચાલુ રહી. યુદ્ધ, વ્યાધિ, ભૂખમરો, અસલામતી, અન્યાય વગેરેથી મનુષ્ય ઘેરાયેલો રહ્યો. પ્રગતિની એક કિંમત હોય છે અને તેના નવા શિકાર પણ હોય છે. જે સુધારાઓ કેટલાકને માટે લાભકારક પુરવાર થયા તેણે અન્ય કેટલાકની મુશ્કેલીમાં વધારો પણ કર્યો. આ પરિસ્થિતિનું વર્ણન ગિલ્બર્ટ મરે નામના વિદ્વાને રોચક રીતે કર્યું છે. માણસની આંતરિક તાકાત અને રેશનાલિટીનું ખવાણ તે આ શબ્દોમાં મૂકે છે. 'સ્વનિગ્રહ, અતાર્કિકતા અને નિરાશાવાદનું આધિપત્ય, સાંપ્રત જીવન અને મનુષ્યયત્નમાં આત્મવિશ્વાસનો અભાવ, અમોઘ સાક્ષાત્કાર માટે પોકાર અને રાજ્યના કલ્યાણ પ્રત્યે ઉદાસીનતા; બીજા શબ્દોમાં, આત્માનો ઈશ્વરમાં વિલય.' ગિલ્બર્ટ મરે આ માનસિક અવસ્થાને **'failure of nerve'** તરીકે ઓળખાવે છે. પરંતુ અઢારમી સદીનો અનુભવ પીટર ગેના શબ્દોમાં **'recovery of nerve'**નો હતો. કારણ કે કે અઢારમી સદી એ અકળના ધોવાણની સદી હતી, જીવન અને મનુષ્યયત્નમાં વિશ્વાસની સદી હતી, પરીક્ષણ અને સમાલોચનાની સદી હતી, સામાજિક સુધારામાં રસની સદી હતી અને બિનસાંપ્રદાયીકરણ અને જોખમ ખેડવાની ઇચ્છાશક્તિની સદી હતી.

'Recovery of nerve' અનેક પરિબળોનું પરિણામ હતું. કુદરતી વિજ્ઞાનોના ઉજ્જ્વળ ભાવિનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. મેડિસીન અને ચિકિત્સા ક્ષેત્રે હરણફાળ શરૂ થઈ ચૂકી હતી. પરંપરાગત સામાજિક સૌપાનિક વ્યવસ્થાઓનો ધીરેધીરે ધ્વંસ થવા માંડ્યો હતો વગેરે. દેકાર્તના શબ્દોમાં 'વિજ્ઞાન તેની શોધખોળો માટે જ માત્ર ઇચ્છનીય નથી. પરંતુ વિશેષ મહત્ત્વનું તેને કારણે સ્વાસ્થ્યનું જતન જે સઘળાં શ્રેયોમાં પ્રથમ શ્રેય છે અને સાંપ્રત જીવનનો પાયો છે તે માટે પણ ઇચ્છનીય છે. આથી વિજ્ઞાન દ્વારા મનુષ્ય કુદરત પર કાબૂ મેળવી તેનો સ્વામી બની શકે.

અઢારમી સદીમાં નવાં વિજ્ઞાનોનો યુગ શરૂ થયો. જ્ઞાનપ્રકાશયુગ નવાં નૈતિક વિજ્ઞાનો,' સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, રાજકીય અર્થકારણ, આધુનિક શિક્ષણનો યુગ હતો અને નવાં વિજ્ઞાનો નવા યુગનો તકાજો હતો. વહીવટી ફેરફારો અને તે અન્વયે અસ્તિત્વમાં આવેલી આંકડાશાસ્ત્રી પદ્ધતિઓ સ્વાભાવિક રીતે પ્રમાણમાં ઘણી પછાત હતી, પરંતુ આધુનિક કલ્યાણ રાજ્યનાં બીજ તેમાં પડેલાં છે. બીજી રસપ્રદ બાબત એ હતી કે તરફ મહાજન અને ખ્રિસ્તી ધર્મપ્રણિત વ્યવસ્થાના વિલયની શરૂઆત થઈ અને બીજી તરફ ઔદ્યોગિક વ્યાપારી મૂડીવાદીનાં મંડાણ થયાં. અલબત, મૂડીવાદપ્રેરિત મુક્ત બજાર આધારિત આર્થિક વ્યવસ્થાની પાછળ પાછળ સરકારી નિયંત્રણો પણ આવ્યાં. સુપેરે ચલાવી શકાય તેવાં નાનાં ઉત્પાદકીય એકમો, પ્રમાણમાં જડ કહી શકાય તેવી સામાજિક સૌપાનિક વ્યવસ્થા અને ખ્રિસ્તી સખાવતી આદર્શો એ મધ્યયુગીન યુરોપીય સમાજનાં પ્રમુખ લક્ષણો હતાં. આમ છતાં અઢારમી સદીમાં, ખાસ કરીને યુરોપીય ઉપખંડમાં આ સંદર્ભમાં મહત્ત્વના ફેરફારો થવાની શરૂઆત થઈ. દા.ત. જર્મનીમાં હાપ્સબુર્ગ શાસકોએ જેસુઇટો (Jesuits)ની મિલકત જપ્ત કરી જાહેર સેવાઓ માટે તેનો ઉપયોગ શરૂ કર્યો (**jesuits** અથવા **Society of Jesus** રોમન કૅથોલિક ચર્ચની અંદરની એક ધાર્મિક વ્યવસ્થા છે, જેની સ્થાપના ૧૫૩૪માં સંત ઇગ્નેશ્યસ લોયોલાએ કરી હતી અને ૧૫૪૦માં પોપ પૉલ ત્રીજાએ તેને માન્યતા આપી હતી. મૂળ લૅટિન **Ad majorem dei gloriam** – 'ઈશ્વરની મહાન કીર્તિને સમર્પિત' – તેનું મુખ્ય સૂત્ર છે. ઉપદેશ અને શિક્ષણ દ્વારા ચર્ચનો પ્રચાર અને સમયે સમયે ચર્ચની તાતી આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી ઘટતું બધું જ કરવું એ તેનો મુખ્ય હેતુ છે. શરૂઆતથી જ શિક્ષણ તેની મુખ્ય પ્રવૃત્તિ રહી છે. તે ઉપરાંત ધર્મકારણ અને અભ્યાસનાં સેક્યુલર ક્ષેત્રોમાં પણ તેનું પ્રદાન છે). બિનસાંપ્રદાયિક ચેતનાની હવા શનૈઃ શનૈઃ જામતી જતી હતી.

આ પરિવેશનું સમય જતાં એક એવું પરિણામ આવ્યું કે જેની યુરોપીય સમાજ અને સંસ્કૃતિ ઉપર બહુવિધ અને દૂરગામી અસરો પડી. તેમાંથી એક અસર હતી જ્ઞાનનું સંસ્થીકરણ (**Instituionalization of knowledge**). આ પ્રક્રિયાના ભાગ રૂપે પ્રબુદ્ધ વિચારોના સંસ્થીકૃત વાહકો તરીકે જે બે અકાદમીઓ અસ્તિત્વમાં આવી તેમાં એક હતી ફ્રેંચ અકાદમી, જેની સ્થાપના ૧૬૩૫માં કરવામાં આવી હતી અને બીજી હતી

રૉયલ સોસાયટી ઑફ લંડન જેની સ્થાપના ૧૬૪૫માં કરવામાં આવી હતી - ખાસ કરીને વિજ્ઞાન અને કલાના અભ્યાસ માટે સત્તરમી સદીમાં સ્થપાયેલ આ વૈજ્ઞાનિક અકાદમીઓની સ્થાપના પાછળનો હેતુ અધિકૃત ટેકનિકલ માહિતીના પ્રચાર અને આદાનપ્રદાનનો હતો. જ્ઞાનપ્રકાશયુગ એ અકાદમીઓનો યુગ હતો મેડિસીન, કૃષિ અને સાહિત્યની અકાદમીઓ અને તેની સાથે સંકળાયેલા પુરસ્કારો, જર્નલો અને સભાઓ એટલું જ નહિ, અકાદમીઓની અંદર અને બહાર ફેક્ટરીઓ, કારખાનાંઓ અને કૉફી હાઉસોમાં પરંપરાની બેડીમાંથી જ્ઞાને મુક્ત થઈ જાણે કે વિહરવાનું શરૂ કર્યું, વાસ્તવિક પ્રશ્નો અને પરિણામો સાથે નાતો ઊભો કર્યો, વિજ્ઞાનીઓ સાથે સંપર્ક પ્રસ્થાપિત કર્યો.

'Recovery of nerve' સાર્વત્રિક હતી અને તેનો પ્રતિકાર થઈ શકે તેમ નહોતો. અલબત્ત, આધુનિક ધોરણોની સરખામણીમાં અઢારમી સદીની ટેક્નોલૉજિ પ્રાથમિક કક્ષાની હતી, શહેરી જીવન બહુ આરામદાયક નહોતું, સામાજિક કલ્યાણના ખયાલો પ્રમાણમાં નબળા હતા, વાહનવ્યવહાર અને પ્રત્યાયન કંટાળાજનક હતાં અને મેડિસીનનો ઉપયોગ સ્વાસ્થ્ય સાથે જુગાર ખેલવા જેવો હતો. એ અર્થમાં 'ફિલોસોફીસ' પૂર્વઆધુનિક માનસિક અવસ્થામાં જીવતા હતા. આધુનિકતાનો આવિર્ભાવ માટેનો સંઘર્ષ હજી ચાલુ હતો. પરંતુ અગાઉની સરખામણીમાં સ્વાસ્થ્ય, સવલતો, સલામતી, સરળતા અને **predictability** ની દૃષ્ટિએ જીવન ઝડપથી બદલાતું જતું હતું, એટલે કે વધુ રૅશનલ બનતું જતું હતું. આમસમુદાયોનો મદાર શું બની ગયું હતું તેના પર નહિ, પરંતુ શું બનવાનું હતું તેના પર હવે વધતો જતો હતો.

વૈજ્ઞાનિક ક્રાંતિ **'recovery of nerve'**ની સૌથી શક્તિશાળી વાહક હતી. આ ક્રાંતિએ પરંપરાગત વિચારો સામે ઉદ્દામવાદી પ્રતિવિચારો મૂક્યા. તેમાંય ટેક્નોલૉજિ અને નૈતિક વિજ્ઞાનોનું પ્રદાન અને અસર સવિશેષ હતાં. પરંતુ અઢારમી સદીના 'ફિલોસોફીસ' માટે મેડિસીનના ક્ષેત્રમાં કરાયેલી પ્રગતિ તેમના વિશ્વાસ માટે સૌથી મહત્ત્વનું કારણ હતી, કારણ કે બીજાં કોઈ પણ ક્ષેત્ર કરતાં મેડિસીનના ક્ષેત્રમાં થયેલી પ્રગતિ ઉડીને આંખે વળગે તેવી હતી. આ પ્રગતિ અનુભવાશ્રિત દર્શનના ખ્યાલની દ્યોતક હતી. રસપ્રદ બાબત એ છે કે 'ફિલોસોફીસ' ખ્રિસ્તીધર્મ સામેનાં પોતાના આંદોલનને રોગ સામેનું આંદોલન ગણતા. તેમના વિચાર પ્રમાણે ખ્રિસ્તીધર્મ એક પ્રકારનો 'ચેપ' હતો — પવિત્ર ચેપ - કે માંદા માણસનું સપનું હતું. તેનાં જિવાણુંઓ સુષુપ્ત પણ અત્યંત ખતરનાક અને ઘાતક હતાં અને ગર્ભિત રીતે મૂળભૂતવાદ, ધાર્મિક સતામણી અને યાતનાની મહામારી ફેલાવવાની ક્ષમતા ધરાવતાં હતાં. જ્ઞાનપ્રકાશયુગીન અત્યોક્તિપૂર્ણ વિચાર પ્રમાણે કુદરત પર વિજય અને ખ્રિસ્તીધર્મ પર વિજય એ બન્ને એક જ બાબત હતી. એ અર્થમાં 'ફિલોસોફીસ' મેડિકલ મિશનરીઓ હતા.

સ્વાભાવિક રીતે પ્રબુદ્ધ ચિંતકોએ તૈયાર કરેલ વિચારસાહિત્ય આધુનિક મેડિસીન અને ફિલૉસૉફી વચ્ચેના ગાઢ સંબંધ અંગેના દાવાઓથી ભરપૂર છે. પરંતુ તેમાંય ૧૭૯૮માં તે જમાનાના જાણીતા ફિઝિશયન કાર્લ ઓસ્ટરહાઉઝને લખેલો નિબંધ તેની ચરમસીમા છે. 'મેડિસીનમાં જ્ઞાનપ્રકાશ વિશે' (મૂળ જર્મન યુબર મેડિસીનીશે ઔફકલેરુંગ') નામના શીર્ષકવાળા તેમના નિબંધનું શીર્ષક કાન્ટના મૂળ નિબંધ 'જ્ઞાનપ્રકાશ એટલે શું ?' (મૂળ જર્મન' વાસ ઈસ્ટ ઔફકલેરુંગ ?')ની સમજપૂર્વકની નકલ છે અને આ નકલને શક્ય તેટલે અંશે ઉજાગર કરવાનો ખ્યાલ તેની પાછળ હતો. ઓસ્ટરહાઉઝને મેડિસીનના વ્યવસાય માટે સહેતુક કાન્ટની પ્રબુદ્ધતાની વ્યાખ્યાનું અનુકરણ કરવાનું નક્કી કર્યું અને લખ્યું, 'મેડિકલ એનલાઇટમેન્ટ એ માનવીની શારીરિક સુખાકારી સંલગ્ન બાબતો પરના આધારમાંથી મુક્તિ છે.' આથી વધુ સારી સ્પષ્ટતા બીજી કઈ હોઈ શકે ? એટલે સરવાળે સમીકરણ કંઈક આવું હતું : મેડિસીન એટલે વ્યવહારમાં ચરિતાર્થેલું દર્શન અને દાર્શનિક ચિંતન એટલે વ્યક્તિ અને સમાજની મેડિસીન.

અલબત્ત, આનો અર્થ એવો નથી કે આ બધું એકદમ સરળ હતું. મેડિકલ ક્ષેત્રના સંક્રમણની દૃષ્ટિએ કેટલાક આગવા પ્રશ્નો પણ હતા. આ સમય દરમ્યાન ઘણા ઊંટવૈદોએ દર્દીઓ પાસેથી મબલખ પૈસા પડાવ્યા અને તેમની જીવાદોરી પણ ટૂંકાવી. તેનાથી પણ ખરાબ, ઘણા જવાબદાર અને ભણેલાગણેલા તથા જરૂરી લાયકાત ધરાવતા ડૉક્ટરો પણ વાસ્તવમાં ગૂંચવાયેલા અને અજ્ઞાની વ્યક્તિઓ હતા. રૂઢિવાદી અને છતાંય રોગ અને ઈલાજ અંગેના જ્ઞાન અને ચિકિત્સાપદ્ધતિનો ઈજારો ભોગવતા મેડિકલ સંઘો પણ નવા વિચારો અને સાધનોનો વિરોધ કરતા. વ્યાવસાયિક મતભેદો અને ઘર્ષણોમાં ઘણીવાર તાવ માપવાના થર્મોમિટર કે લોહીનું દબાણ માપવાના યંત્ર જેવી પ્રાથમિક બાબતોનો ઉપયોગ પણ ભૂલી જવાતો. મેડિકલ ક્ષેત્રે પ્રગતિના અનેક દાવાઓ હોવા છતાં અલ્પાયુષ્ય અને યુવામૃત્યુ અઢારમી સદીના પૂર્વાર્ધની વિકરાળ હકીકત હતી. લગભગ બધા જ પ્રબુદ્ધ ચિંતકો અપૂર્વાનુમાનિત, આકસ્મિક મૃત્યુના ભયથી પીડાતા હતા. ગરીબોનું મોટી સંખ્યામાં મૃત્યુ થવું સામાન્ય બાબત હતી અને સંપન્ન માણસો પણ એમ માનતા હતા કે લાંબું આયુષ્ય સુખદ અકસ્માત કે નિયતિની દેન હતાં.

આ પ્રશ્નો હોવા છતાં સામાન્ય લોકોના સ્વાસ્થ્યની ગુણવત્તા અને આયુષ્યમાં વૃદ્ધિ એ અઢારમી સદીના ઉત્તરાર્ધમાં પ્રસ્થાપિત હકીકત હતી. ૧૭૯૦ અને ૧૮૦૦ના દાયકા સુધીમાં કેટલાક આંકડાઓ જુદું જ ચિત્ર આપતા હતા. ઉદાહરણ તરીકે બ્રિટનની **Lying-in-Hospit**ોમાં ૧૭૪૯થી ૧૭૫૯ સુધીના દાયકામાં દર પંદર બાળકે એક બાળકનું મૃત્યુ થવું સામાન્ય બાબત હતી. પરંતુ ૧૭૯૯ સુધીમાં આ આંક ઘટીને દર એકસોઅઢાર બાળકે એકનો થઈ ગયો હતો. આ જ સમયગાળા દરમ્યાન માતાઓનો મૃત્યુદર દર એક હજારે ૨૬.૭થી ઘટીને ૨.૪નો થઈ ગયાં હતો. ટાઇફોઈડ અને શીતળા જેવી મહામારીઓ લગભગ અદૃશ્ય થઈ ગઈ હતી. એનેટોમી, રોગોનું વર્ગીકરણ, શસ્ત્રક્રિયાનું વ્યાવસાયીકરણ, સલામત પ્રસૂતિ વગેરે મેડિસીનના ક્ષેત્રમાં ભરાયેલી હરણફાળોની દ્યોતક હતી. **'Recovery of nerve'** દ્વારા ઊભી કરાયેલી આશા અનેક જગાએ અને અનેક બાબતોમાં વ્યક્ત થતી હતી. (ક્રમશઃ)

ગણિતગમ્મતનો ઉકેલ

તમે વિચારેલ નામ જો ડેન્માર્ક, કાંગારૂ અને ઓરેન્જ હોય તો તમે પેલી બે ટકા વિચક્ષણ વ્યક્તિઓમાંની એક નથી.

૯ ના અંક સાથે સંબંધિત 'ગણિતગમ્મતો' કદાચ સૌથી વધુ હશે. ઉપરની 'ગમ્મત' પણ એ પ્રકારની જ છે; પરંતુ નવા વાઘા પહેરેલ સ્વરૂપે રજૂ થઈ છે એ જરા વિચાર કરતાં કે બે-ત્રણ જુદી જુદી રીતે પ્રયત્ન કરવાથી સમજાઈ જશે.

-જ્યોતિ ભટ્ટ

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

જમણા હાથની કામગીરી અને બાયેં હાથકા ખેલ

તા. ૧૨-૧૨-૮૩. સરકારની પણ બલિહારી છે. બાઈબલનું એક વાક્ય છે **'Let your left hand not know what your right hand does'** તમારો જમણો હાથ શું કરે છે તેની ડાબા હાથને પણ ખબર પડવા ન દો. અમારી સરકાર આ બાઈબલ-વાક્ય બરાબર પાળે છે. તેનું એક ખાતું કાંઈ નિર્ણય લે ત્યારે બીજાં ખાતાંએ શું કર્યું છે તેનો વિચાર જ ન કરે. રેલવે, પોલીસ, તાર-ટપાલ ખાતાંએ નક્કી કર્યું કે હવે કર્મચારીઓને ખાદીના યૂનિફૉર્મ આપવા નહિ, મિલના કાપડનો ગણવેશ આપવો. પણ સરકારમાં એક ગ્રામ-વિકાસ (**rural development**)નું ખાતું છે તેણે ગ્રામ-બેકારી-નિવારણ યોજના શરૂ કરી અને આ યોજના નીચે ગામના બેકારોની મંડળી રચી, અંબર ચરખા આપી રોજી કમાતા કરવાનું નક્કી કર્યું. જમણા હાથે ગામડે ગામડે અંબર ચરખો ગાજતો કર્યો અને પરિણામે મબલખ સૂતર અને ખાદી તૈયાર થઈ. ડાબા હાથને તો, બાઈબલની ઉક્તિ પ્રમાણે, આ કશી ખબર નથી. તેણે ખાદીના સૌથી મોટા ગ્રાહકો રેલવે અને તારટપાલ ખાતાંને ખાદી લેતાં બંધ કર્યાં! પરિણામે આજે કરોડો રૂપિયાની ખાદીનો ભરાવો થયો છે. બિચારો જિસસ ક્રાઈસ્ટ! તેની ઉક્તિનો આવો 'વ્યવહારુ' ઉપયોગ થશે તેની તો તેને કલ્પના જ ક્યાંથી હોય!

એવી જ બીજી વાત છે વનસ્પતિ ઘીમાં ગાયની ચરબીની વાત. આ ચરબી (tallow)ની આયાતની છૂટ તો ઘણાં વર્ષોજૂની છે. સાબુમાં આ ટેલો વપરાય છે. તેની આયાત માટે લાયસન્સ લેવું જરૂરી વસ્તુની યાદીમાં કોઈક ઑફિસરે આ ટૅલોનું નામ મટન ટૅલો (**Mutton tallow**) એમ મૂક્યું અને એ નામ ચાલતું આવતું હતું. પછી જનતા સરકારે ટૅલોની આયાત માટે લાયસન્સ જરૂરી નથી એમ ઠરાવ્યું, એટલે કે તેને ઓપન જનરલ લાયસન્સમાં મૂક્યું. તે વખતે સરકારનો ડાબો હાથ પેલી જરૂરી લાયસન્સની યાદીમાંથી મટન ટૅલો નામ કાઢી નાખવાનું ભૂલી ગયો. ખુલ્લા લાયસન્સમાં ટૅલોનું નામ મૂકતી વખતે કોઈકે ધ્યાન દોર્યું કે મટન ટૅલો તો હજુ લાયસન્સ-જરૂરી યાદીમાં છે! એટલે જમણે હાથે નક્કી કર્યું કે ખુલ્લી યાદીના ટૅલોને મટન ટૅલો નહિ, પણ બીફ ટૅલો (**Beef tallow**) કહીશું. હાઉં, ખુલ્લા લાયસન્સની યાદીમાં બીફ ટૅલો નામ આવ્યું. મટન એટલે માંસ અને બીફ એટલે પણ માંસ એમ પેલાએ વિચાર્યું હશે, પણ બીફ એટલે તો ગાયનું માંસ એ તેને ખબર નહિ હોય! હાઉં, વિદેશોમાં કતલખાનાંની આડ-પેદાશ આ ટૅલો છે અને તે ગાયનાં, બકરાંના કે ડુક્કરના માંસની એવા કોઈ ભેદ નથી. પણ જમણા હાથે બીફ ટૅલો લખ્યું એટલે ગાયની ચરબી ભેળવી છે એવો ઊહાપોહ થયો, અને આખી પરિઘટનામાં રાજકારણ પ્રવેશ્યું! છે ને બાઈબલની ઉક્તિની બલિહારી!

ક્રિકેટ અને બિલિયર્ડ

તા. ૨-૧-૮૪. હમણાં રમતના જગતમાં બે નોંધપાત્ર બનાવો બની ગયા. ક્રિકેટમાં સુનીલ ગાવસ્કરે બે નવા વિશ્વવિક્રમ સર્જ્યા. ટેસ્ટ મૅચોમાં, ૧૯૪૮માં રિટાયર થયેલા બ્રેડમેને ૨૯ સદીઓ કરી હતી. ગયે અઠવાડિએ મદ્રાસની ટેસ્ટમૅચમાં ગાવસ્કરે ૩૦મી સદી નોંધાવી, ૩૫ વર્ષ જૂનો ડૉન બ્રેડમેનનો રેકોર્ડ તોડ્યો અને ગાવસ્કરને રિટાયર થવાની હજી તો ઘણી વાર છે. તે પહેલાં તેણે કુલ રન કરવાનો જ્યોફ બૉયકોટનો ૮૦૧૬ રનનો રેકોર્ડ તોડ્યો હતો. આજ સુધીમાં ગાવસકરે ૮૩૨૭ રન કર્યાં છે!

બિલિયર્ડની રમતમાં ભારતનો માઈકલ ફરેરા સતત ત્રીજી વખત વિશ્વ ચૅમ્પિયન થયો છે. આ રમતમાં ભારતીયો ઘણાં વર્ષથી મોખરે રહ્યા છે. માઈકલ ફરેરા પહેલાં એક વિલિયમ જોન્સ વર્લ્ડ ચૅમ્પિયન હતો. અરે, આ વર્ષની ચૅમ્પિયનશિપ મૅચોની એ વિશેષતા હતી કે ફાઈનલ મૅચ બે ભારતીયો વચ્ચે રમાઈ, ફરેરા અને અગ્રવાલ વચ્ચે! અને આ બધું હોવા છતાં આપણે ત્યાં ક્રિકેટની વધુ કિંમત છે, બિલિયર્ડની નહિ તમને તો કદાચ ખબરે નહિ હોય કે બિલિયર્ડ કેમ રમાય છે. આમ કહો તો બિલિયર્ડ્સ એ કેરમનું શાસ્ત્રીય સ્વરૂપ છે. મખમલ-જડેલા ટેબલ ઉપર ટેબલ ટેનિસના દડા જેવડા આરસના દડાઓને તાકીને લાકડી વડે એવી રીતે મારવા કે દડા દડીને ટેબલને ખૂણે આવેલી ગબ્બીમાં જઈ પડે.

ગાવસ્કરને સરકારે પદ્મભૂષણનો ખિતાબ આપ્યો અને માંઈકલ ફરરાને પદ્મશ્રીનો. તે ફરેરાએ તે ખિતાબ પાછો મોકલ્યો. તેણે છાપાંમાં એક નિવેદન આપ્યું છે કે દુનિયાના ૮ દેશો જ ક્રિકેટ રમે છે જ્યારે પચાસ ઉપરાંત દેશો બિલિયર્ડ ચૅમ્પિયનશિપમાં રમે છે. આ બધા વચ્ચે ચૅમ્પિયન થવું તે કાંઈ નાનુંસૂનું કામ ન કહેવાય. ભારત સરકાર ક્રિકેટને વધુ પડતું મહત્ત્વ આપે છે અને અન્ય રમતોમાં તેથી વધુ સિદ્ધિ મળે તો પણ સરકાર દાદ દેતી નથી તેવી તની ફરિયાદ છે. આ વખતે તેણે ત્રીજી વાર ચૅમ્પિયન થવું જ છે એમ નક્કી કર્યું હતું અને તે પ્રમાણે જ તૈયારી કરી હતી, જેથી ભારત સરકારની આંખ ઊઘડે.

હવે કદાચ ૨૬મી જાન્યુઆરીના ઍવૉર્ડમાં ફરેરાને પદ્મભૂષણ આપશે એવું લાગે છે, કારણ કે તે ત્રીજી વાર ચૅમ્પિયન થયો ત્યારે, ચૅમ્પિયનશિપ કપ સાથે તેને મળવા વડાં પ્રધાન ઇન્દિરાજીએ ખાસ વખત કાઢ્યો અને ફોટા પડાવ્યા!

આંગડીઆ સર્વિસ

તા. ૧૭-૨-૮૪. ડોલીબહેને મોકલેલી દવા આંગડીઆ મારફત આવી ગઈ. અમારી આંગડીઆ સર્વિસ અમેરિકન પદ્ધતિએ ચાલે છે. જેમ ત્યાં ટેલિફોન માટે ક્લેક્ટ કૉલ (**collect call**) થાય છે તેમ આ આંગડીઆ ક્લેક્ટ પાર્સલ પદ્ધતિ ચલાવે છે. **Home delivery collect** પાર્સલ સર્વિસ! ઘેર આવીને પાર્સલ આપી ગયો અને સર્વિસ ચાર્જ રૂ. ૩-૫૦ ક્લેક્ટ કરી ગયો! આ આંગડીઆ પદ્ધતિ તો 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ આંગડીઆ સેવા' જેવું છે. ગુજરાતમાં તો નાનાંમોટાં ગામો વચ્ચે આ સર્વિસ તો ચાલે જ છે, પણ આ વખતે અમે કલકત્તાથી પાછા આવતાં હતાં ત્યારે અમારા ડબ્બામાં પણ આંગડીઆઓ મોટા થેલા લઈને બેઠા હતા! કલકત્તા અમદાવાદ વચ્ચે પણ આંગડીઆ ચીજવસ્તુ અને નાણાંની હેરફેર કરે છે!

પણ આ તો ગુજરાતના આંગડીઆ! કાયદેસરની ચીજ-વસ્તુની હેરફેર તો કરે પણ સાથે કાળા બજારની વસ્તુની હેરફેર પણ કરે. બે-ચાર દિવસ પહેલાંનો કિસ્સો છે. કસ્ટમવાળાને શંકા ગઈ કે અમુક આંગડીઆના થેલામાં દાણચોરીનો માલ છે. રેલવેના ડબ્બામાંથી તેનો

(અનુસંધાન પૃ. ૩૫૯)

ભૂચર મોરીનું યુદ્ધ

ગો.પુ. મકવાણા

પ્રાચીન ગુજરાતના અણહીલવાડ પાટણના રાજા કરણ વાઘેલાને હરાવી દિલ્હીના સુલતાન અલાઉદીન ખીલજીએ ગુજરાતમાં મુસ્લિમ સામ્રાજ્યની સૌપ્રથમ વખત સ્થાપના કરી હિંદુ-આર્ય ક્ષત્રિય વંશના રાજ્યશાસનનો અંત આણ્યો હતો. સમય જતાં દિલ્હી સલ્તનતની સત્તા નબળી પડતાં દિલ્હીના સૂબાએ પોતાને સ્વતંત્ર સુલતાન તરીકે જાહેર કરી ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનત સ્થાપી હતી. ગુજરાતના સુલતાન અહમદશાહે આશાવલના રાજા આશા ભીલને હરાવી સાબરમતી નદીના કિનારે અહમદાબાદ શહેરની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૫૭૩ સુધી ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતનું અસ્તિત્વ રહ્યું હતું. ગુજરાતમાં છેલ્લા સુલતાન મુજફ્ફર શાહને હરાવી દિલ્હીના મોગલ બાદશાહ અકબરે ઈ.સ. ૧૫૭૩માં ગુજરાત કબજે કર્યું હતું, અને ગુજરાતમાં પુનઃ દિલ્હીના મુસ્લિમ સામ્રાજ્યનું પુનરાવર્તન થયું હતું. ગુજરાતને હિંદુસ્તાનના વિશાળ મોગલ સામ્રાજ્યમાં જોડી અમદાવાદમાં મોગલ સામ્રાજ્યના ગવર્નરની નિમણૂક કરી હતી. હારેલા સુલતાન મુજફ્ફરશાહને કેદ કરી દિલ્હી લઈ ગયા હતા.

ઈ.સ. ૧૫૮૦માં મુજફ્ફરશાહ દિલ્હીની કેદમાંથી છૂપાવેશે ભાગીનેગુજરાત આવ્યો હતો અને તે ગુજરાતમાં જુદાં જુદાં સ્થળોએ જંગલો, પહાડો, કોતરોમાં ભટકતો હતો. તેની શોધમાં અકબરનુંલશ્કર તેની પાછળ ફરતું હતું, મુજફ્ફર શાહ ગુજરાતના જમીનદારો, ભાયાતો, રજવાડાંઓ પાસેથી સૈન્ય અને માલમિલકત એકત્ર કરી અકબર સામે યુદ્ધ કરી ગુજરાતને પાછું મેળવવા પ્રયત્ન કરતો હતો. મુજફ્ફરશાહ દસ વર્ષ સુધી ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ અકબરના લશ્કરથી બચવા છૂપાતો ફરતો હતો. આ વખતે સૌરાષ્ટ્રમાં જૂનાગઢમાં મુસ્લિમ સૂબો અને હાલારના જામ રાજવી મુખ્ય શક્તિશાળી સત્તાધીશ હતા. જામ રાજવીની સત્તા જૂનાગઢ કરતાં પણ વિશેષ હતી. સોરઠના સૂબા જામ રાજવીને ખંડણી આપતા હતા. ઈ.સ. ૧૫૯૦માં છેવટે સુલતાન મુજફ્ફરશાહ જામ રાજવીના નવાનગરમાં શરણે આવ્યો હતો અને જામ સતાજીએ એક શૂરવીર અને ક્ષત્રિય રાજવી તરીકે શરણે આવેલા નિઃસહાયનું રક્ષણ કરવા આશ્રય આપ્યો હતો. દિલ્હીના બાદશાહ અકબરના લશ્કરે પરાજિત કેદીને સુપરત કરવા જામ સતાજીને ફરમાન કર્યું હતું છતાં ક્ષત્રિય ધર્મનું પાલન કરવા તેના આશ્રયે આવેલા નિઃસહાયને સુપરત કરવાને બદલે રાજ્યસત્તા કે જાનમાલની પરવા કર્યા વિના મોગલ લશ્કરનું ફરમાન ઠુકરાવી ભીષણ યુદ્ધ લડી લેવાનું કબૂલ કર્યું હતું.

આ ભૂચર મોરીના ઐતિહાસિક યુદ્ધ માટે મુખ્ય બે પરિબળો જવાબદાર હતાં. પ્રથમ પરિબળ એ હતું કે જૂનાગઢ પાસે અકબરના લશ્કરને જામના લશ્કરે હંફાવ્યું હતું. અકબરના લશ્કર ઉપર છાપા મારી તેના હાથી અને કેટલીક કિંમતી યુદ્ધ-સામગ્રી લૂંટી લીધી હતી અને જામના સૈન્ય સામે હાર કબૂલ કરી મોગલ સૈન્યનો સેનાપતિ મીરઝાંખાન ગુજરાત પાછો ફર્યો હતો. બીજું પરિબળ એ હતું કે દિલ્હીના કેદી મુજફ્ફરશાહને જામ સતાજીએ પોતાનાં રાજ્યમાં દિલ્હીની નાફરમાની છતાં આશ્રય આપીને મોગલ લશ્કરને પડકાર્યું હતું. આમ, મોગલ સામ્રાજ્ય માટે પડકાર રૂપ જામ સતાજીને પાઠ ભણાવવા અને સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં મોગલ સત્તા મજબૂત કરવા ધ્રોલ પાસે ભૂચર મોરીના મેદાનમાં જામ સતાજી અને મોગલ સૈન્ય વચ્ચે ભયંકર મહા વિનાશક ભીષણ યુદ્ધ થયું હતું. પાણી પતના યુદ્ધ પછીનું હિંદુ રાજ્ય અને મોગલો વચ્ચેનું આ બીજું યુદ્ધ હતું.

જૂનાગઢમાં જામનું મોગલ સૈન્ય સામે અને જૂનાગઢના સૈન્ય સામે આક્રમણ અને વિજય

જૂનાગઢના સૂબા અમીનખાન પાસેથી સત્તા છીનવી લેવા તેના લશ્કરી અધિકારી ફતેહખાને ગુજરાતના ગવર્નર શાહબુદીન અહમદખાન સાથે સંધિ કરી હતી. શાહબુદીને પોતાના ભાઈ મીરઝાંખાનને જૂનાગઢ ઉપર આક્રમણ કરવા સૈન્ય સાથે મોકલ્યો હતો. અકબરનું લશ્કર જૂનાગઢ આવતાં સૂબો અમીરખાન ઉપરકોટના કિલ્લામાં છુપાઈ ગયો હતો. પણ જૂનાગઢનો લશ્કરી અધિકારી ફતેહખાન કોઈ અસાધ્ય આકસ્મિક બીમારીને કારણે મૃત્યુ પામતાં મોગલના લશ્કરે જૂનાગઢ ઉપરથી ઘેરો ઉઠાવી માંગરોળ પાસે પડાવ નાખ્યો હતો. આ દરમ્યાન અમીનખાનના પુત્ર દોલતખાને નવાનગરના રાજવી જામ સતાજીને જૂનાગઢનું રક્ષણ કરવા બોલાવ્યા હતા. રસ્તામાં અનેક યાતનાઓ વેઠી જામ સતાજીનો કુંવર ભારોજી, જામનો વજીર જશાજી અને ખેરડીનો લોમો ખુમાણ વગેરે બાર હજારનાં સૈન્ય સાથે જૂનાગઢ આવી મજેવડી પાસે પડાવ નાખ્યો હતો. પરંતુ જૂનાગઢના સૂબાને એવો ખોટો ભય હતો કે જામ તેનો દાવેદાર છે અને જો તેને જૂનાગઢના કિલ્લામાં પ્રવેશવા દઈશું તો જામ જૂનાગઢ કબજે કરી લેશે આવા ભ્રમથી પ્રેરાઈને સૂબાએ ખોટી યુક્તિ વાપરી જામને. સંદેશો મોકલ્યો કે, હાલ જૂનાગઢ અને બાદશાહના લશ્કર વચ્ચે સંધિ ચાલે છે તો તમારી મદદની જરૂર નથી માટે તમારે પાછા જવું. આ સંદેશામાં જામને છળકપટ અને શંકા લાગતાં તુરત જ જામના લશ્કરે જૂનાગઢ ઉપર આક્રમણ કર્યું અને જૂનાગઢને હરાવ્યું. જામને જૂનાગઢના સૂબાએ ૩૬ ગામો (સોરઠનાં) આપી સંધિ કરી હતી.

ત્યાર બાદ જામનું લશ્કર જૂનાગઢથી પાછું ફરતાં રસ્તામાં મોગલ સૈન્યના પડાવ ઉપર અચાનક છાપા મારીને તેને હંફાવ્યું અને તેના હાથી અને કેટલીક કિંમતી યુદ્ધસામગ્રી, લશ્કરી સરંજામ વગેરેની લૂંટ કરી હતી. જામના વિશાળ સૈન્ય સામે મોગલ લશ્કર ટકી ન શકતાં હાર કબૂલ કરી મીરખાન લશ્કર લઈને ગુજરાત પાછો આવ્યો હતો, જે અકબર જેવા મહાન સામ્રાજ્યના સમ્રાટ માટે એક મોટું ઐતિહાસિક કલંક હતું.

મુજફ્ફરશાહની લૂંટફાટ, લશ્કરી હુમલા અને રાજ્યાશ્રય

ઈ.સ. ૧૫૮૪-૮૫માં મુજફ્ફરશાહ રાજપીપળાથી અણહીલવાડ પાટણ આવ્યો હતો અને થોડુંઘણું લશ્કર એકઠું કરી અકબરના લશ્કર ઉપર હુમલા કર્યા હતા, પરંતુ તેમાં તે ટકી ન શકતાં ત્યાંથી ભાગીને ઈડરના ડુંગરામાં ભરાઈ ગયો હતો. થોડો વખત ત્યાં રહીને પછી ફરી પાછો કાઠિયાવાડમાં ખેરડીના લોમા ખુમાણ પાસે આશ્રય લીધો હતો. અહીંયાં પણ બાદશાહનું લશ્કર પાછળ આવતું જાણીને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. બીજા વરસે તે જૂનાગઢ આવ્યો હતો. ત્યારે દિલ્હીનું લશ્કર અમદાવાદ પાછું ફર્યું હતું. આ તકનો લાભ લઈ મુજફ્ફરશાહ મોરબી ગયો હતો અને ત્યાંથી રાધનપુર પંથકમાં લૂંટફાટ કરી હતી.



સૌરાષ્ટ્રમાં ધ્રોળથી જોડિયાની સડકે જતા નિર્જન એકાંતમા આવેલુ ભૂચર મોરીનું રણમેદાન



મીંઢોળબંધા જુવાનજોધ અજા જામ તથા તેની સતી થયેલી રાણીના પાળિયાનું મંદિર, જેની નીચેના ભાગમાં નાગડા વજીરના પાળિયા સાથે અન્ય પાળિયા દેખાય છે.



એક સામાન્ય શત્રુ અકબરના મુઘલ સૈન્ય સામે લડેલા સૌરાષ્ટ્રના હિંદુ-મુસ્લિમોનું ઐક્ય દર્શાવતા સૂરજ ગોરીના સ્થાનમાંના પાળિયા અને કબરો.

'ભૂચર મોરી' એ તો મૂળ નામ છે એક 'ભૂચર' નામના માણસનું, અને 'મોરી' તેની શાખ હતી. ઓખામંડળનો એ રજપૂત માલધારી હતો અને લાંબો વખત તે સ્થળે રહ્યો એટલે પરિણામે 'ભૂચર મોરીનો ટીંબો' તરીકે તે સ્થળ જાણીતું થયું. વખત જતાં તો જડ અને ચેતન વચ્ચેનો ભેદભાવ દૂર થયો અને એ સ્થળ જ ભૂચર મોરી તરીકે જાણીતું થયું. રાજકોટથી ઉત્તરમાં ૩૨ માઈલ દૂર આવેલા ધ્રોળ ગામથી જોડિયાની સડકે જતાં બે માઈલ દૂર જેટલે પશ્ચિમમાં એક વેરાન સ્થળે બે ત્રણ દેરીઓવાળું એક જર્જરિત મકાન દેખાય છે. પાંચપાંચ માઈલના પડથારમાં પથરાએલું એ નિર્જન મેદાન જાણે કુદરતે જ કોઈ ભવ્ય કબ્રસ્તાન બનાવ્યું હોય તેવું જઈને ઊભા રહેતાં જ લાગે છે. અગ્નિ ખૂણે ધ્રોળનાં મકાનો સિવાય તથા ઉત્તર અને પશ્ચિમમાં ક્ષિતિજ સિવાય કશું દેખાતું નથી. આજે લગભગ સાડા ત્રણ સો વર્ષે પણ આ સ્થળે ઊભા રહો એટલે અહીં ખેલાએલા માનવસંહારની ભીષણ લીલાના પડછંદા ભેંકાર બનેલી દિશાઓમાં હજુ સુધી પછડાતા હોય તેવો ભાસ થાય છે. યુદ્ધમાં ઝંપલાવેલા મીંઢોળબંધા અજા જામના ક્રોધના હુતાશની અગ્નિશિખાઓ હજુ યે જાણે પ્રજ્વલિત હોય તેમ લાગે છે. સૌરાષ્ટ્રના પ્રાચીન ખમીરની પ્રતિકૃતિ સમા વૃદ્ધ જેસા વજીર, ભાણજી દલ અને ડાહ્યા લાડકનો પુરુષાર્થ હજુ યે ધૂળની ડમરીઓની જેમ વંટોળ મારતો દેખાય છે. ગિરનારના કોઈ અણનમ શિખર જેવા નાગડાનો હુતાત્મા હજુ યે માનવ-પ્રગલ્ભતા ઉપર અટ્ટહાસ્ય કરતો સંભળાય છે. સૌરાષ્ટ્રની સલામતી અને મહેમાનગતિ ખાતર મરણિયા બનેલા સૌરાષ્ટ્રના હજારો યોદ્ધાઓની પ્રેતવાસનાઓ નિર્જન દિશાઓને હજુ સુધી ભરખી ખાતી હોય તેવું લાગે છે. સૌરાષ્ટ્રના શૂરા સુડતાલીસ હજાર સૈનિકોની તલવારના વીજળી જેવા ઝબકારા, યુદ્ધે ચડેલા નાગડા બાવાની જમાતના ચીપિયાઓના ખણખણાટ, બૂંગિયા ઢોલની ધ્રાંસ તથા મરણિયા હોકારા વચ્ચે જાણે યુદ્ધ ફરી શરૂ થતું હોય તેમ આજે પણ લાગે છે...

આજે તો આ શૌર્ય-કથા, ભેંકાર ભૂચર મોરીમાં, કારમા કાળના અનંત વહેણ અને માનવ-વિસ્મૃતિ વચ્ચે, ત્યાંના પાળિયા નીચે લખેલા માત્ર નીચેના ત્રણ દુહામાં પૂરી થાય છે.

સંવત સોળ અડતાલિસે સાવણ માસ ઉદાર,
જામ અજો સુરપુર ગયા વદ સાતમ બુધવાર.
જેસો ડાયો, નાગડો, મેરામણ દલ ભાણ,
અજમલ ભેળા આવટે પાંચે જોધ પ્રમાણ.
આજમ કોકો મારિયા સૂબા મન સાઈ,
દળ કેતાં ગારદ કરે રણ ધણ રચાઈ.

['કુમાર' અંક ૩૬૫, માહે મે, ૧૯૫૪માં પ્રકટ થયેલા શ્રી હરકાન્ત શુક્લના 'ભૂચર મોરી' લેખમાંના થોડાક અંશ તથા ચિત્રો અત્રે ઉદ્ધૃત કર્યા છે]

પોતાનું રાજ્ય દિલ્હી પાસેથી પાછું લેવા તેણે સૌરાષ્ટ્રના ગરાસદારો, રજવાડાં, ભાયાતો વગેરે પાસે મદદ માગી હતી. પરંતુ તે દરમ્યાન અકબરનું લશ્કર તેની પાછળ આવતું જાણીને તે પાછો ગુજરાત તરફ ભાગી છૂટ્યો હતો. છેવટે બાદશાહનું લશ્કર તેને પકડવામાં કંટાળી જતાં જૂનાગઢના સૂબા અને જામને આદેશ કર્યો હતો કે, જો મુજ્જફરશાહ તમારી પાસે હોય તો લશ્કરને સોંપી દેવો. પરંતુ તે ગુજરાતમાં ભાગી છૂટ્યો હોવાથી તે અંગેની સાચી હકીકત મોગલ લશ્કરે જણાવી હતી. બાદશાહના લશ્કરને બાતમી મળી હતી કે મુજ્જફરશાહ તેનાં બાળકોને જામના આશ્રયે મૂકીને ગયો છે, જેથી લશ્કરે જામ ઉપર આક્રમણ કરવાનું નક્કી કર્યું હતું, ત્યારે જામે યુદ્ધ અટકાવવા બાદશાહના લશ્કર સાથે સંધિ કરી એક હાથી અને કેટલીક કિંમતી ચીજવસ્તુઓ તેમને આપી હતી અને પોતાના કુંવરને મોકલી આ યુદ્ધ અટકાવ્યું હતું.

ઈ.સ. ૧૫૯૦માં સુલતાન મુજ્જફરશાહ રાજ્યાશ્રમ માટે જામ સતાજી પાસે નવાનગર આવ્યો હતો. અને તે જૂનાગઢ અને નવાનગરના જામના લશ્કરના ત્રીસ હજાર ઘોડેસવાર અને વીસ હજારના પાયદળની મદદથી મોગલ સામ્રાજ્યના અમલ હેઠળના વિસ્તારોમાં આક્રમણ અને લૂંટફાટ કરતો હતો તેની જાણ મોગલ સૂબા અજીજકોકાને અમદાવાદમાં થતાં તેણે લશ્કરની સાથે કૂચ કરી વીરમગામ પાસે પડાવ નાખ્યો હતો. વીરમગામમાં તેણે હળવદના રાજા ચંદ્રસિંહજી, કરણ પરમાર (?) ફતેહખાન (કદાચ રાધનપુરના હોઈ શકે) સાથે વાટાઘાટો કરી હતી, પછી અજીજકોકાએ તેના સેનાપતિ નવરંગખાન અને સૈયદકાસમને મોરબી મોકલી જામ સતાજી ઉપર ફરમાન મોકલ્યું કે જો દિલ્હીનો કેદી મુજ્જફરશાહ તમારી પાસે હોય તો બાદશાહના લશ્કરને સોંપી દેવો. પરંતુ ક્ષત્રિય ધર્મનું જીવના જોખમે પણ પાલન કરતાર શૂરવીર જાડેજા વંશના રાજવી જામ સતાજીએ છેવટે આશ્રયે આવનારનું રક્ષણ કરવા વિધર્મી મુસ્લિમ માટે યુદ્ધ કરવાનું યોગ્ય માની બાદશાહના લશ્કરને પડકાર્યું હતું.

સમગ્ર હિંદુસ્તાન ઉપર મોગલ સામ્રાજ્યનું વર્ચસ્ હતું, અને ઘણા શક્તિશાળી રાજવીઓને અકબરે હરાવ્યા હતા. એવા વિશાળ સામ્રાજ્યના લશ્કર સામે જામ સતાજીએ કોઈ પણ જાતની પરવા કર્યા વિના યુદ્ધઘોષણા કરી હતી, જેના કારણે યુદ્ધનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું છે. આ યુદ્ધની ઘોષણા થઈ ત્યારે સૌરાષ્ટ્રમાં ચોમાસાની શરૂઆત થઈ હતી, જે બાદશાહના લશ્કર માટે વિઘ્નરૂપ હતું. જામના લશ્કર સાથે જૂનાગઢનું લશ્કર, ખેરડીના લોમા ખુમાણનું સૈન્ય, રાવ ભારમલનું સૈન્ય અને ખાસ નોંધનીય બાબત એ હતી કે જામના લશ્કર સાથે અતીત બાવાની જમાત, જે દ્વારકાની યાત્રાએ જતી હતી તે, પણ તેમનાં ત્રિશૂલો સાથે ધર્મયુદ્ધમાં જોડાઈ હતી.

યુદ્ધની શરૂઆતમાં જામના લશ્કરે સામેથી આવતા બાદશાહના લશ્કરનો અનાજપાણી પુરવઠો બંધ કર્યો, જેના કારણે દુશ્મનનું લશ્કર ભૂખ-તરસથી હેરાનપરેશાન થવા લાગ્યું હતું. જામનું લશ્કર તેની ઉપર વારંવાર છાપા મારીને લૂંટફાટ કરતું હતું. વળી, ચોમાસાના લીધે રસ્તામાં થતાં કાદવ-કીચડથી પણ અકબરનું લશ્કર ત્રાસી ગયું હતું અને એથી લશ્કરને આગળ વધવામાં મુશ્કેલીઓ પડતી હતી, છેવટે ઝનૂની બનેલા બાદશાહના લશ્કરે વ્યૂહાત્મક નીતિ ઘડી તાત્કાલિક અચાનક નવાનગર પહોંચી જવા નિર્ધાર કર્યો હતો, જેથી તેની ઝડપી કૂચથી જામનું લશ્કર સલામત જગા છોડી બાદશાહના લશ્કરની સામે આવે ત્યારે તેને રસ્તામાં હંફાવવું એવી વ્યૂહરચના કરી બાદશાહનું લશ્કર જામના લશ્કરની નજીક આવતું ગયું. પણ બાદશાહનું લશ્કર ધ્રોળ પાસે પહોંચતાં પહેલાં તો જામના લશ્કરે અને રાવ ભારાના સૈન્યે આમરણની સલામત જગા છોડી બાદશાહના લશ્કર ઉપર અણધારી તરાપ મારી હતી અને આ રીતે ધ્રોળ નજીક ભૂચર મોરી પાસે ભીષણ અને ભયાનક યુદ્ધની શરૂઆત થઈ ગઈ હતી. જેમાં શરૂઆતમાં બાદશાહનું લશ્કર સખત હાર ખાતું હતું. જામનું લશ્કર યુદ્ધમાં દુશ્મનોને પરાસ્ત કરતું આગળ વધતું હતું.

પરંતુ ભારતના રાજપૂત રાજવીઓના ભૂતકાળની ઘટનાઓમાં જેમ બનતું હતું તેમ અહીંયાં પણ તેમનાં અંદરોઅંદરનાં કુસંપ-વેરભાવ-ઈર્ષ્યાં જોવા મળતાં હતાં. ખેરડીનો રાજપૂત રાજવી લોમા ખુમાણને પણ જામની વિજયકૂચની ઈર્ષ્યાં થવા લાગી કે જો આ યુદ્ધમાં જામ વિજયી થશે તો સૌરાષ્ટ્રનો ધણી બની જશે અને તેને જામના ખંડિયા રહેવું પડશે. આવી ઈર્ષ્યાવૃત્તિ અને ભયથી પ્રેરાઈને યુદ્ધભૂમિમાંથી દગો દઈને છટકી જવાનું વિચાર્યું હતું.

આવી જ ઈર્ષ્યા અને ભયથી પિડાતા જૂનાગઢ સોરઠના મુસ્લિમ સૂબાએ પણ આ યુદ્ધમાં મોગલ સૈન્યના હાથે જામને પરાશ્ત કરવા વિશ્વાસ-ઘાત કરી પોતાના લશકરને યુદ્ધભૂમિમાંથી ખસેડી લઈને છટકી જવાનું, રાજપૂત રાજવી લોમા ખુમાણ સાથે મળીને કાવતરું કર્યું હતું. જૂનાગઢના સૂબાને કદાચ આ અગાઉ જૂનાગઢ મુકામે જામના લશ્કરે જૂનાગઢને હરાવ્યું હતું તેની દાઝ પણ મનમાં હોવાની શક્યતા રહેલી હતી. તેનો બદલો લેવાની આ એક તક તેણે જોઈ હશે. આમ, આ બંને દગાખોર યોદ્ધાઓ દુશ્મન સાથે હાથ મિલાવી પોતાનાં રાજ્યોની સલામતીના બદલામાં કે લાલચમાં દુશ્મનના બાતમીદાર બની ગયા હતા, જે જામના લશ્કર માટે પીઠ પાછળનો કારમો ઘા હતો. આ બંને દગાખોરોએ બાદશાહના લશ્કરને જણાવ્યું હતું કે તેઓ જામના લશ્કરના મુખ્ય સૂત્રધાર અને વીર યોદ્ધાઓ છે. જો અમો યુદ્ધભૂમિમાંથી અણીના સમયે ખસી જઈશું તો તમારી ચોક્કસ જીત થશે અને જામનો કારમો પરાજય થશે. માટે જ્યારે અમે ચાલુ યુદ્ધે અમારાં સૈન્યો લઈને રણમેદાનમાંથી ખસી જઈએ ત્યારે જામના લશ્કર ઉપર પૂરા બળથી વાવાઝોડાની માફક ત્રાટકવું. આવી કુટનીતિ દુશ્મન સાથે ઘડીને બંને દગાખોર પોતાનાં સૈન્ય લઈને ચાલુ યુદ્ધમાંથી ભાગી છૂટ્યા હતા, અને બાદશાહના લશ્કરને તેની જાણ કરી હતી. આમ, જામને દગો કરીને આ બંને ભાગી જતાં જામના લશ્કરમાં મોટું ભંગાણ પડ્યું હતું. જામનું લશ્કર હતાશ થઈ ગયું, તેનું મનોબળ તૂટી ગયું હતું. આ તકનો લાભ લઈને બાદશાહનું લશ્કર તીવ્ર ગતિ અને પૂરી તાકાતથી જામના લશ્કર ઉપર ત્રાટક્યું હતું, જેના કારણે હવે જામનું લશ્કર યુદ્ધમાં હારવા લાગ્યું હતું. પોતાની હારનો અણસાર પામી જનારા જામ સતાજી તુરત જ હાથી ઉપરથી નીચે ઊતરી ઘોડા ઉપર ચઢીને મારતે ઘોડે યુદ્ધભૂમિમાંથી નવાનગર પહોંચ્યા અને પોતાનાં કુંવરો અને રાણીઓને વહાણ માં બેસાડી તાત્કાલિક કચ્છ બાજુ મોકલી દીધાં હતાં. અહીંયાં યુદ્ધભૂમિમાં જામના વજીર જશાજીએ દુશ્મનો સાથે સાંજ સુધી ટક્કર લીધી હતી અને બાદશાહના લશ્કરને આગળ વધતું અટકાવ્યું હતું. આ યુદ્ધની ઘોષણા થઈ તે વખતે નવાનગરમાં જામના કુંવર અજાજીનાં લગ્ન લેવાયાં હતાં. યુદ્ધભૂમિમાં જામનું લશ્કર પીછેહઠ કરે છે અને હારે છે, જામનાં અંગત વિશ્વાસુ માણસોએ દગો કર્યો છે એવી ખબર મળતાં કુંવર અજાજી લગ્ન મંડપમાં મહાલવાનું છોડી યુદ્ધભૂમિમાં પહોંચી ગયા.

જામના બે વિશ્વાસુ સાથીદારોએ દગો કરતાં અકબરના વિશાળ મોગલ સૈન્ય સામે જામનાં લશ્કરને ટકવું મુશ્કેલ બની ગયું હતું. અને અકબર સામે જામની કારમી હાર થઈ હતી.

આ યુદ્ધમાં જામનો કુંવર અજાજી, જેના હાથે મીંઢણ બાંધ્યાં હતાં તે, પણ લોહીની પથારીમાં પોઢ્યો હતો અને વીરગતિને પામ્યો હતો. અજાજીની સાથે જામનો વજીર જશાજી પણ રણમેદાનમાં વીરગતિને પામ્યો હતો. તેમની સાથે હજારો રાજપૂત સૈનિકો, અતીત બાવા વગેરે લડતાં લડતાં પોતાની માતૃભૂમિની રક્ષા કાજે શહીદ થયા હતા અન દુશ્મન સૈન્યના હજારો સૈનિકો, યોદ્ધાઓ પણ આ યુદ્ધમાં મૃત્યુ પામ્યા હતા. હજારો સૈનિકો રણમેદાનમાં જખ્મી થયા હતા. લોહીથી ખરડાયેલા, લોહીનાં ખાબોચિયાંમાં પડેલા, જખ્મી, ઘવાયેલા હજારો વીર યોદ્ધાઓની વેદનાભરી ચીસોથી, ભૂચર મોરીનું રણમેદાન ભયંકર, ભીષણ અને ભયભીત લાગતું હતું. ગીધડાં અને જંગલી પશુઓ મૃત સૈનિકોનાં મડદાં ચૂંથતાં હતાં.

ભૂચર મોરીના યુદ્ધમાં પોતાની કારમી હાર થતાં જામ સતાજી અને મુજફ્ફરશાહ યુદ્ધભૂમિમાંથી દુશ્મનોના હાથે પકડાતાં પહેલાં ભાગી છૂટીને ડુંગરાઓમાં છુપાઈ ગયા હતા. અકબરનો આ યુદ્ધમાં વિજય થતાં તેના સૂબાએ નવાનગર કબજે કરીને નગરમાં લૂંટફાટ કરી હતી અને નગરની પ્રજાને ખૂબ જ રંજાડી હતી. નવાનગરનું નામ બદલીને ઈસ્લામનગર રાખવામાં આવ્યું હતું. ત્યાં અજીજકોકાને નાયબ સૂબો નિયુક્ત કર્યો હતો. આમ, પ્રથમ વાર પોતાનાં ઘર આંગણે જાડેજા રાજવીની હાર સૌરાષ્ટ્રના ઈતિહાસમાં થઈ હતી, જે ભારતવર્ષના ક્ષત્રિય કુળ માટે એક મહાન કલંક હતું. આ યુદ્ધમાં જામ સતાજીની હાર થતાં જામના આશ્રયમાંથી સુરક્ષિત રીતે મુજ્જફરશાહ કચ્છ બાજુ ભાગી છૂટ્યો હતો. બાદશાહના લશ્કરને આ અંગેની બાતમી મળતાં ગુજરાતના સૂબાએ કચ્છના રાવ ભારાને પોતાનો કેદી સુપરત કરવા ફરમાન કર્યું હતું. ભૂચર મોરીની કારમી હારથી કચ્છરાજવી વાકેફ હતો. પોતાની દુર્દશા પણ એવી ન થાય તે માટે કચ્છના રાવે મુજ્જફરશાહને બાદશાહના લશ્કરના હવાલે કરી દીધો હતો. બાદશાહનું લશ્કર તેને લઈને અમદાવાદ આવતું હતું ત્યારે રસ્તામાં મુજ્જફરશાહે પોતાની કટારથી કુદરતી હાજતે જવાના બહાને દૂર ઝાડીમાં જઈને આત્મહત્યા કરી હતી. આમ, હજારો ક્ષત્રિય સૈનિકોનાં વીર બલિદાન પછી મુજ્જફરશાહનો કરુણ અંત આવ્યો હતો, જેને બચાવવા આ વીરોનાં બલિદાન લેવાયાં હતાં. ગુજરાત-સૌરાષ્ટ્રનાં છેલ્લાં લગભગ ચારસો વર્ષના ઈતિહાસમાં આ એક સૌથી મોટામાં મોટું અને ભયંકર યુદ્ધ હતું.

વિશ્લેષણ

દિલ્હીના મોગલ સામ્રાજ્ય અને હાલારના જામ સતાજી વચ્ચે થયેલું આ યુદ્ધ ઘણું ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. યુદ્ધની ભયાનક અને વિનાશક ઘટનાઓને લીધે હજારો નવયુવાન સૈનિકોનાં બલિદાનના કારણે સૌરાષ્ટ્રની શૌર્યગાથામાં ભૂચર મોરીનું યુદ્ધ સીમાચિહ્નરૂપ છે. આ યુદ્ધની ઐતિહાસિક મહત્તા એટલા માટે છે કે મોગલ સામ્રાજ્ય કરતાં ઘણો નાનો રાજવી એવા હાલારના જામે હિંદુસ્તાનના મોગલ બાદશાહ સાથે યુદ્ધનો પડકાર ફેંક્યો હતો અને તેને હંફાવ્યો હતો. અકબર જેવા શક્તિશાળી સમ્રાટ સામે યુદ્ધ કરી જામ સતાજીએ ભારતના ક્ષત્રિય રાજવીઓના ઈતિહાસમાં મેવાડના રાણા પ્રતાપ જેવા રાજપૂત રાજવી પછી પોતાના વંશનું, ક્ષત્રિયકુળના રાજપૂતોનું, નામ રોશન કર્યું હતું. હિંદુસ્તાનમાં અકબરને કદાચ આ બંને ક્ષત્રિય રાજપુતોએ પડકારેલ હશે. જામ સતાજીએ આ અગાઉ જૂનાગઢ મુકામે પણ અકબરના લશ્કરને હરાવ્યું હતું.

આ યુદ્ધની વિશેષતા એ હતી કે, જામ સતાજીએ તેના રાજ્યને બચાવવા કે તેના રાજ્યનો વિસ્તાર વધારવા આ યુદ્ધ કર્યું ન હતું, પણ પોતાના આશ્રયે આવેલા પરાજિત અને તે પણ વિધર્મી મુસ્લિમ સુલતાનનું રક્ષણ કરવા માટે આ યુદ્ધ કર્યું હતું.

આ યુદ્ધની બીજી વિશેષતા એ હતી કે, આ યુદ્ધમાં જામની પડખે ઘણા બીજા ક્ષત્રિય યોદ્ધાઓએ ક્ષત્રિય ધર્મના રક્ષણ માટે બલિદાનો આપ્યાં હતાં. તેમજ અતીત બાવા જેવા વૈરાગી સાધુઓએ પણ આ યુદ્ધમાં પોતાનાં બલિદાન આપ્યાં હતાં. જે ખરેખર યુદ્ધની ઐતિહાસિક તવારીખોમાં પ્રેરણારૂપ છે, જેનાં કારણે યુદ્ધભૂમિમાં વીર યોદ્ધાઓને માતૃભૂમિની રક્ષા કરવાની પ્રેરણા મળતી હતી.

ભૂચર મોરીના યુદ્ધની એક મહત્ત્વની ઘટના એ હતી કે, વિધર્મી મુસ્લિમ સુલતાનને બચાવવા હિંદુ રાજપૂત રાજવી જ્યારે યુદ્ધ કરવા તૈયાર થયો હતો અને મુસ્લિમ ધર્મી જૂનાગઢનો સૂબો તેના જ ધર્મના ભાઈને બચાવવાને બદલે પોતાના અંગત રાજકીય સ્વાર્થ ખાતર દગો કરતો હતો. જૂનાગઢના સૂબાએ જામ સતાજીનો આ યુદ્ધમાં વિશ્વાસઘાત કર્યો હતો. આ યુદ્ધમાં જામ સતાજીને દુશ્મનના હાથે હરાવી પોતાના અગાઉના વેરની વસૂલાત પણ કદાચ જૂનાગઢનો સૂબો કરતો હતો, કારણ કે આ યુદ્ધ અગાઉ જામે જૂનાગઢમાં જ જૂનાગઢને હરાવ્યું હતું અને સોરઠનાં ૩૬ ગામો જામે સંધિમાં પડાવી લીધાં હતાં.

આ યુદ્ધમાં રાજપૂત ક્ષત્રિય રાજવીઓનાં અંદરોઅંદરનાં કુસંપ, વેરભાવ અને ઈર્ષ્યાના કલંક્તિ પ્રસંગો જોવા મળ્યા હતા. ખેરડીનો રાજપૂત રાજવી ખુમાણ જામનો ખંડિયો હતો. જો જામ આ યુદ્ધમાં હારી જાય તો સૌરાષ્ટ્ર-હાલારમાં તેની પ્રતિષ્ઠા અને રાજકીય સત્તાનો અંત આવે અને પોતાનું રાજકીય વર્ચસ્ જળવાઈ રહેવાની લાલચે બાદશાહના બાતમીદાર બની જામને આ યુદ્ધમાં દગો દીધો હતો અને પોતાના સૈન્યને લઈને ભાગી છૂટ્યો હતો. જામને આ યુદ્ધમાં હરાવવામાં દુશ્મનને મદદ કરી હતી.

જૂનાગઢનો સૂબો અને ખેરડીનો રાજપૂત રાજવી લોમો ખુમાણ આ યુદ્ધની યુદ્ધભૂમિમાંથી દગો કરી ભાગી છૂટ્યા ન હોત તો કદાચ આ યુદ્ધમાં જામની જીત થઈ હોત અને અકબરની પ્રતિષ્ઠા અને તેના સામ્રાજ્યના પાયા આ યુદ્ધ પછી હચમચી ગયા હોત અને અકબરને કલંક લાગ્યું હોત. જામ ગુજરાત-સૌરાષ્ટ્રમાં પુનઃ સુલતાનને સ્વતંત્ર શાસક તરીકે બેસાડી શક્યા હોત.

જામનું પણ એવું દૃઢ મનોબળ હતું કે આ યુદ્ધમાં દિલ્હી જેવા શાસકને આસાનીથી પોતાના સાથીદારોના સાથથી હરાવી શકીશ, કારણ કે આ અગાઉ જૂનાગઢ મુકામે જામે અકબરના લશ્કરને ભારે શિકસ્ત આપી હતી. પરંતુ જૂનાગઢ અને ખેરડીના લોમા ખુમાણને એવો ભય હતો કે જો જામ આ યુદ્ધમાં પણ વિજયી થશે તો જામ ગુજરાત અને કાઠિયાવાડમાં સર્વોપરી સત્તાધીશ બની જશે અને તેમને બંનેને કાયમી તેના ખંડિયા તરીકે રહેવું પડશે. આવા ડરને લીધે પણ કદાચ તેમણે દગો કર્યો હશે.

ભૂચર મોરીના યુદ્ધે દિલ્હીના મોગલ સામ્રાજ્યના પાયા હચમચાવી મૂક્યા હતા. જો તેમાં અકબરનો પરાજય થયો હોત તો કદાચ હિંદુસ્તાનનો ત્યાર પછીનો ઈતિહાસ કંઈક જુદો જ હોત. મોગલોનું પાણીપતના યુદ્ધ પછીનું આ બીજું ભયાનક અને વિનાશક યુદ્ધ હતું. અકબર જેવા મહાન સમ્રાટ માટે તેની પ્રતિષ્ઠાનું યુદ્ધ હતું, પરંતુ જામના દગાખોર સાથીદારોના કારણે જ અકબરની આ યુદ્ધમાં જીત થઈ હતી.

ભૂચર મોરીના યુદ્ધમાં અકબરનો પરાજય થયો હોત તો ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી મોગલ સામ્રાજ્યનો અકાળે અસ્ત થયો હોત અને વિશ્વના ઈતિહાસમાં પણ અકબરને મહાન સમ્રાટ તરીકે સ્થાન મળ્યું ન હોત.

આ યુદ્ધમાં જામ સતાજીનો વિજય થયો હોત તો તે સૌરાષ્ટ્રનો સર્વસત્તાધીશ બની ગયો હોત અને ફરીથી દિલ્હીના મોગલ શાસકો ગુજરાત તરફ આવવાની હિંમત ન કરત. દગાખોરીના કારણે હિંદુ રાજપૂત રાજવી જામ માટે આ યુદ્ધ કલંક્તિ બની ગયું હતું.

જો આ બંને દગાખોરોની માફક જામે પણ યુદ્ધ કરતાં પહેલાં અકબર સાથે સંધિ કરી ક્ષત્રિય ધર્મમાં પીછેહઠ કરી સુલતાન મુજ્જફરશાહને દિલ્હીના હવાલે કર્યો હોત તો કદાચ અકબર જામને ઘણી રાજકીય સત્તાઓ અને ઘણાં માનપાન આપીને ગુજરાતનો સર્વોપરી બનાવ્યો હોત, પણ જામે તેમ કર્યું નથી અને તે ઈતિહાસમાં અમર બની ગયો છે. ❐

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર ૨૫મી માર્ચ ૧૯૪૩
પ્રિય કિટી,

હું માર્ગટ અને મમ્મી-પપ્પા અમે ચાર આરામથી કાલ રાત્રે બેઠાં હતાં, ત્યાં અચાનક પીટર આવ્યો અને ધીમે સાદે એણે પપ્પાના કાનમાં કંઈક કહ્યું. એમાંથી ફક્ત 'વખારમાં એક પીપ ગબડી ગયું.' અને 'દરવાજા સાથે કોક ખટપટ કરે છે' એટલા જ શબ્દો હું સમજી શકી.

મારા ગભરાટનો પાર ન રહ્યો. ઉપરની વાત તો માર્ગટે પણ સાંભળી હતી છતાં એણે મને શાંત કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો. પપ્પા અને પીટર નીચે ગયા અને અમે ત્રણ ઉપર એમની રાહ જોતાં બેઠાં. નીચે શ્રીમતી વૅનડાન રેડિયો સાંભળતાં હતાં, પીમે એમને રેડિયો બંધ કરી ઉપર બિલ્લીપગે જતાં રહેવાની સલાહ આપી. થોડી જ ક્ષણોમાં એ ઉપર આવી પહોંચ્યાં. પણ જ્યારે આપણે અવાજ કરવા ઇચ્છતાં ન હોઈએ ત્યારે સૌથી વધારે અવાજ થાય એ તું જાણે જ છે. એ જ ન્યાયે શ્રીમતી વૅનડાન ઉપર આવ્યાં ત્યારે સીડીએ બમણા જોરથી કિચૂડ કિચૂડ અવાજ કર્યો. પાંચેક મિનિટમાં પપ્પા અને પીટર ઉપર આવ્યા. એમના મોં પરથી રંગ ઊડી ગયો હતો.

નીચે જઈ બંને જણ દાદરની નીચે ઊભા રહ્યા..થોડી વાર સુધી તો કોઈ પ્રકારનો અવાજ થયો નહિ. ત્યાં અચાનક એમણે ધડામ દઈને જોરથી બારણું બંધ થવાનો અવાજ સાંભળ્યો. પીમ ઉપર આવ્યા અને ત્યારે પીટર નીચે ડસેલને સાવધ કરવા ગયો. થોડી વારે ડસેલસાહેબ પધાર્યા, બબડાટ કરતા.

શ્રી વૅનડાનને ભયાનક શરદી થઈ હતી. અમે એમની આસપાસ બેઠાં અને દબાતે સાદે અમારી શંકાઓ વિશે ચર્ચા શરૂ કરી. દરમ્યાન, જેવા શ્રી વૅનડાન ઉધરસ ખાતા કે હું અને શ્રીમતી વૅનડાન ગભરાઈ જતાં. ત્યાં છેવટે કોઈને એમને કોડીન આપવાનું સૂઝ્યું. કોડીન આપ્યું અને એમની ઉધરસ શમી ગઈ.

પછી તો ફરી કોઈ અવાજ થાય તો સાંભળવા અમે કાન દઈને બેસી રહ્યાં. પણ અમને કાંઈ સંભળાયું નહિ. છેવટે અમે એવા નિષ્કર્ષ પર આવ્યાં કે ઉપરથી શાંત જણાતા મકાનમાં અમારાં પગલાંનો અવાજ સાંભળીને ચોર ભાગી ગયા. પણ હવે ખરો પ્રશ્ન એ હતો કે નીચેની ખાનગી ઑફિસમાં રેડિયાની આસપાસ ગોઠવેલી ખુરશીઓ એમની એમ જ હતી અને રેડિયો ઇંગ્લંડના બેન્ડ પર મૂકેલો હતો. હવે જો દરવાજો ચોરે તોડ્યો હોય, એ તરફ રસ્તે ફરતા સૈનિકનું ધ્યાન જાય અને પોલીસને ખબર કરે તો તો ભારે થાય. એટલે પપ્પા અને સાથે કોટ-પેન્ટ ચડાવીને શ્રી વૅનડાન નીચે ગયા. એમની પાછળ (એક મોટા હથોડા સાથે, વખત પડ્યે કામ આવે એવા હેતુથી) પીટર પણ નીચે ગયો. અમે સ્ત્રી-મંડળ (માર્ગટ અને મારા સીખ્ખે) એમની રાહ જોતાં ઉપર બેઠાં. પાંચેક મિનિટમાં એ લોકો પાછાં આવ્યાં અને જણાવ્યું કે આખાય મકાનમાં કોઈ જ જાતના અવાજ સંભળાતા નથી. અમે નક્કી કર્યું કે રાત્રે પાણી કે ફલશનો ઉપયોગ કરવો નહિ. પણ આ'બધાંને કારણે બધાંનાં પેટમાં ગડબડ શરૂ થઈ ગઈ હતી અને એક પછી એક કરતાં બધાં જ જાજરૂની મુલાકાત લઈ આવ્યાં. તું જ કલ્પના કર કે ત્યાંથી કેવી દુર્ગંધ મારતી હશે !

આવું બને ત્યારે બીજા અણગમતા પ્રસંગો પણ સાથે લઈને આવે. આ વખતે પણ એમ જ બન્યું. રાત્રે મને હંમેશાં સધિયારો આપતા ડંકાઓ એ જ રાતથી વેસ્ટરયેરેન ઘડિયાળે વગાડવા બંધ કર્યા. બીજી વાત એમ હતી કે એ સાંજે વોસ્ક્યુલ જલદી ઘેર ગયા હતા. જતાં પહેલાં એમણે ઑફિસની ચાવીઓ બેપને આપી હતી કે નહિ અને એ સંજોગોમાં બેપે ઑફિસને તાળું માર્યું હતું કે નહિ એની અમને ખાતરીપૂર્વક ખબર નહોતી.

જો કે હવે એ વાતનું ઝાઝું મહત્ત્વ રહ્યું નહોતું. રાત પડી ગઈ હતી. આગળ શું થશે એ વિશે અમને કાંઈ જ સૂઝતું નહોતું. એક વાતની ખાતરી હતી, પહેલી વાર અવાજ સાંભળ્યો-અને અમારી જિંદગી જોખમમાં મુકાઈ-ત્યારથી તે રાતના સાડા દસ વાગ્યા સુધી અમે કોઈ જ પ્રકારનો અવાજ સાંભળ્યો નહોતો. વધુ વિચાર કરતાં અમારા ધ્યાનમાં આવ્યું કે વહેલી રાતે ચોર તાળું તોડીને ઑફિસમાં પેસી જાય એ અશક્ય હતું, કારણ કે ત્યારે લોકોની રસ્તા પર અવરજવર પણ ચાલુ હતી. આ સિવાય અમને વિચાર આવ્યો કે બાજુની કંગ કંપનીની વખારનો મૅનેજર ત્યારે કદાચ કામ કરતો હોય, પ્રમાણમાં દીવાલ પાતળી હોવાને લઈને અને ગભરાટને લીધે ત્યાંનો અવાજ સાંભળીને પણ સહેલાઈથી ભૂલ થઈ જાય. ભયની પળોમાં તમારી કલ્પના પણ તમને ઘણી વાર ભૂલ ખવરાવી શકે.

એટલે અમે બધાં સૂવા ગયાં. પથારીમાં તો પડ્યાં પણ કોઈને નીંદર આવી નહિ. મમ્મી-પપ્પા અને ડસેલ તો આખી રાત જાગતાં હતાં. અને મેં પણ મટકું માર્યું નહોતું એમ કહું તો ચાલે.

આજે સવારે પુરુષ-મંડળી બધી નીચે જોવા ગઈ પણ દરવાજો બંધ હતો અને બધું જ સહીસલામત હતું.

અમે ઑફિસનાં બધાં જ લોકોને મુદ્દાસર આખી બીના કહી સંભળાવી, જે કહેતાં અમારાં મન ખિન્ન થઈ ગયાં હતાં. હવે, ઘટના થઈ ગયા પછી એની પર હસવું બહુ સહેલું છે. અને બધાંમાં બેપ એક જ એવી હતી જેણે અમારી વાત ગંભીરતાપૂર્વક સાંભળી.

લિ. ઍન.

તા.ક. આજે સવારે જાજરૂ ભરાઈ ગયું હતું. એટલે પપ્પાને એમાં એક વાંસડો નાખીને લગભગ કિલો એક મળ અને સ્ટ્રોબેરી રેસિપિના કાગળો (જેનો આજકાલ ટૉયલેટ પેપર તરીકે ઉપયોગ થાય છે) કાઢવાં પડ્યાં. પછી વાંસડાને અમે બાળી નાખ્યો.

શનિવાર ૨૭મી માર્ચ ૧૯૪૩
પ્રિય કિટી,

અમારો શૉર્ટહૅન્ડનો કોર્સ પૂરો થયો છે અને હવે અમારી ઝડપ વધારવા તરફ અમે પ્રયત્નશીલ છીએ. એમ તો અમે પણ હોંશિયાર છીએ, નહિ ? હું તમને અમારા 'સમય પસાર કરવાનાં સાધનો' વિશે થોડી વધુ વાત કહું (આ નામ મેં ખાસ તો મારા કોર્સ માટે રાખ્યું છે. કારણ કે અમારી અહીંની વિવિધ પ્રવૃત્તિનો એકમાત્ર હેતુ સમય જલદી પસાર કરવાનો છે. જેથી આ અજ્ઞાતવાસના અંતની અમે વધુ નજીક પહોંચતાં જઈએ.) મને પુરાણકથાઓ બહુ ગમે. એમાં પણ ગ્રીક અને રોમન દેવો વિશેની તો ખાસ. અહીં બધાં એમ માને છે કે મારો આ રસ થોડા સમયની ઘેલછા છે, કારણ કે કિશોર વયે કોઈને સાચા અર્થમાં પુરાણકથામાં રસ હોય એવું એ માનતાં નથી. પણ આનો અર્થ એમ પણ થાય કે હું એવી પહેલી વ્યક્તિ છું !

શ્રી વૅનડાનને શરદી થઈ છે અથવા તો કહો કે ગળું છોલાય છે. પણ એ તો પોતાની જરા વધારે પડતી જ સારવાર કરે છે. કેમોમીલાની ચાના પાણીના કોગળા, ગળામાં માયર્રનાં ટિંક્ચરનો લેપ, છાતીએ, નાકે પેઢાંએ ને જીભે વીકનો લેપ બધું કરે. વળી સ્વભાવેય બગડી ગયો છે.

રાઉટર નામના એક જર્મનનું થોડા વખત પહેલાં ભાષણ સાંભળ્યું : 'જર્મન હસ્તગત પ્રદેશમાંથી બધા જ યહૂદીઓને હાંકી મૂકવાના છે.' ૧ એપ્રિલ થી ૧ મેના સમયગાળામાં યુટ્રેખ્ટના વિસ્તારમાંથી યહૂદીઓ સાફ થઈ જવા જોઈએ (જાણે કે યહૂદીઓ વંદા-ઢગણસારી ન હોય!) અને ૧મેથી ૧ જૂન દરમ્યાન હૉલૅન્ડનાં ઉત્તર તથા દક્ષિણનાં રાજ્યો યહૂદીઓથી સાફ થઈ જવાં જોઈએ.' બિચારા યહૂદીઓને ઢોરની જેમ કસાઈવાડે હાંકી મૂકવામાં આવે છે. પણ હું આ વિષય પર વધુ કાંઈ જ કહેવા માગતી નથી. મારા જ વિચારો મને ડરાવે છે.

એક સારા સમાચાર : ભાંગફોડિયાઓએ મળીને મજૂર-બજારને આગ લગાડી. થોડા દિવસ પછી રજિસ્ટર ઑફિસને પણ ફૂંકી મારી. જર્મન પોલીસનો વેશ ધારણ કરીને ચોકીદારને મોંએ દાટો મારી, બાંધીને કેટલાક મહત્ત્વના દસ્તાવેજો બાળી નાખ્યા.

લિ. ઍન.

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૩૫૩થી

થેલો ઉતરાવીને જડતી લીધી તો દાણચોરીનો માલ તો ન નીકળ્યો પણ ૮ લાખ રૂપીઆની નોટો નીકળી. કસ્ટમવાળાએ કેસ ઇન્કમટૅક્સવાળાને સોંપ્યો. તપાસ કરતાં ખબર પડી કે નાણાં મોકલનાર અને નાણાં લેનાર બન્નેનાં નામ નકલી હતાં. કોઈ એ ૮ લાખ રૂપીઆનો માલિક થવા તૈયાર નહોતું ! આમ, ગુજરાતની આંગડીઆ સર્વિસ કાળા નાણાંની હેરફેર પણ કરે છે !

આંગડીઆ સર્વિસ તો બિનસરકારી (**unofficial**) ટપાલ સર્વિસ છે. પણ ગુજરાતની સરકારી ટપાલ સર્વિસ પણ આવી હેરફેર બિનસરકારી રીતે કરે છે અને તે પણ આજકાલ નહિ પણ ઠેઠ અંગ્રેજોના જમાનાથી કરતી આવી છે. અંગ્રેજ રાજના જમાનામાં, મુંબઈ, સુરત બન્દરે સરકારની જકાત લાગે પણ કચ્છ-કાઠિયાવાડનાં દેશી રજવાડાંના બન્દરે જકાત નહિ. તેથી વિદેશી સ્ટીમરો માલ કચ્છ-સૌરાષ્ટ્રનાં બંદરે ઉતારે અને પછી બ્રિટિશ હકૂમત નીચેના ભારતમાં ઘુસાડવાનો પ્રયત્ન કરે. કાંડા-ઘડિયાળ, ખિસ્સા-ઘડિયાળ જેવી વસ્તુઓ તો રેલવે મેલ સર્વિસના ટપાલના ડબ્બામાં ટપાલના થેલા સાથે પૅક થઈને આવે અને મુંબઈ, અમદાવાદ, સુરત વગેરે સ્થળે પહોંચી જાય. પોસ્ટ માસ્તર, ટપાલી, સોર્ટર બધાંનું જ સહિયારું !

લઘુકથા

ગુરુ બજુવાનું સ્ટૅચ્યૂ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવા પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવતા શહેરના એક અતિ શ્રીમંત શ્રેષ્ઠી તેમના માણસો સાથે ગુરુ બજુવાને લાખો રૂપિયાનું દાન દેવા આશ્રમમાં આવ્યા.

ગુરુ બજુવાને પ્રણામ કરી, તેમનાં ચરણોમાં રૂપિયાથી ભરેલી થેલી મૂકતાં શ્રેષ્ઠીએ કહ્યું : 'આપના આશ્રમના સર્વાંગી વિકાસ માટે આ રકમ પૂજ્ય—નમ્રભાવે આપને અર્પણ કરું છું.'

'મને મારા આશ્રમના વિકાસમાં નહીં, પણ આમજનતાના વિકાસમાં રસ છે, એટલે આ રકમ તમે બીજી શહેરની પ્રજા માટે વાપરી શકો તો એમને વિશેષ આનંદ થશે...'ને બજુવાએ રૂપિયાની થેલી શ્રેષ્ઠીના હાથમાં મૂકી દીધી.

શ્રેષ્ઠીને દુઃખ થયું. થોડો વિચાર કરીને પાછો બજુવાને અનુરોધ કર્યો : 'તો આપ કહો એ રીતે આપના વતી શહેરની પ્રજા માટે આ રકમ વાપરવા ઇચ્છું છું. તો આ રકમ ક્યાં અને કેવી રીતે વાપરવી તે અંગે આપ સૂચન ન કરી શકો ?'

'હું તો કહું છું વિશાળ જમીન ખરીદીને તેમાં શહેરની પ્રજા માટે એક સુંદર બગીચો બનાવી શકો તો ખરેખર મને આનંદ થશે.' બજુવાએ સૂચન કર્યું.

'ભલે, અમે વિશાળ બગીચો બનાવી આપીશું. પણ એક વાતની તો આપે અમને સંમતિ આપવી જ પડશે, બગીચાની વચ્ચોવચ આપનું સ્ટૅચ્યૂ મૂકવાની !' શ્રેષ્ઠીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

બજુવા હસી પડ્યા : 'મારું સ્ટૅચ્યૂ રાખો કે ન રાખો એથી શું ફેર પડવાનો છે ? સ્ટૅચ્યૂ રાખવા જ માંગતા હો તો સ્વામી વિવેકાનંદ કે રામકૃષ્ણ પરમહંસનું રાખો...'

'અમારા માટે તો આપ જ અમારા વિવેકાનન્દ છો, ને આપ જ અમારા રામકૃષ્ણદેવ છો.' બધાએ પોતાની લાગણી વ્યક્ત કરી.

આખરે બધાના અતિ આગ્રહને વશ થઈને બજુવાએ બગીચામાં પોતાનું સ્ટૅચ્યૂ મૂકવા માટે સંમતિ આપી દીધી : 'ભલે, તમને આનંદ થતો હોય તો ખુશીથી રાખો.... આથી મારા સ્ટૅચ્યૂને પણ બગીચાનાં વૃક્ષોની અને પંખીઓની સાર-સંભાળ રાખવાની કે લેવાની તક મળી શકશે.' ને તેઓ હસી પડ્યા.

બજુવાની વાત સાંભળી બધાને આશ્ચર્ય થયું. એક ભાઈએ પૂછ્યું : 'આપનું સ્ટૅચ્યૂ વળી બગીચાનાં વૃક્ષોની અને પંખીઓની કેવી રીતે સાર-સંભાળ રાખી શકશે ?' બજુવાએ હસતાં હસતાં સ્પષ્ટતા કરી, 'ધ્યાનમાં જો હું 'સ્ટૅચ્યૂ' બની શકતો હોઉં તો સ્ટૅચ્યૂની અવસ્થામાં પણ હું ધ્યાની તો બની રહેવાનો જ... પછી આ ધ્યાન મારા સ્ટૅચ્યૂમાં પણ શું પ્રાણપ્રતિષ્ઠા ન કરી શકે ? ધ્યાનનો કરિશ્મા જ એવો છે કે એ પથ્થરને પણ સંજીવનીનું વરદાન આપી શકે, પથ્થરને પણ ચેતનમય બનાવી શકે છે ધ્યાન.'

ગુરુ બજુવાની વાત સાંભળીને બધા આનંદ-રોમાંચ અનુભવતા બોલી ઊઠ્યા : તો તો અમને એકીસાથે બે ગુરુ બજુવા મળશે. એક અમારું ધ્યાન રાખવાવાળા અને બીજા વૃક્ષો-પંખીઓનું ધ્યાન રાખવાવાળા !

ઈતિહાસધારા

અશોક હર્ષ

અમદાવાદથી ૮૭ માઈલ અને વડોદરાથી ૨૫ માઈલ પર આવેલો ચાંપાનેરનો કિલ્લો ગુજરાતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ૨૦૫૦ ફૂટ ઊંચી ડુંગરમાળ પર ઊભેલો આ ઐતિહાસિક કિલ્લો અનેક રાજકીય ચડતીપડતીઓનો સાક્ષી છે. કિલ્લાના ગુંબજોથી માંડી દીવાલો સુધીનાં એકેએક અંગ પર કાળના ઉઝરડા સ્પષ્ટ વરતાય છે.

ચાંપાનેરનો કિલ્લો ગુજરાતના સુલતાન અહમદશાહના પૌત્ર મહમૂદ બેગડાએ બંધાવેલો. માત્ર તેર વર્ષની વયે ગાદીએ આવેલ મહમૂદે જૂનાગઢ અને પાવાગઢના બે મોટા કિલ્લા જીત્યા તે પરથી તે 'બેગડો' કહેવાયો એમ મોટા ભાગની માન્યતા છે. ગુજરાતના સોલંકી રાજવંશના ગૌરવરૂપ આ કિલ્લો જીતનાર મહમૂદ બેગડા વિશે અનેક વાતો જાણીતી છે, જેમાંની એક એ છે કે તેને નાનપણથી થોડું થોડું ઝેર ખાવામાં આપવામાં આવતું, પરિણામે એનું શરીર એટલું ઝેર પચાવી ચૂક્યું હતું કે એના શરીર પર બેસતાંવેંત માખી પણ એ ઝેરથી તત્ક્ષણ મરી જવા પામતી.

મહમૂદ બેગડાએ ઈ. ૧૪૮૪માં ચાંપાનેર કબજે કર્યું અને પોતાના નામ પરથી તેનું નામ મહમૂદાબાદ પાડ્યું. અહીંનાં હવાપાણી તેને એટલાં, ગમી ગયાં કે તેણે અહીં જ વસી જઈને ચાંપાનેરને ખૂબ વિકસાવ્યું. ઈ. ૧૫૩૫માં હુમાયૂએ મહમૂદાબાદ પર ચડાઈ કરી તે લૂંટેલું. ઈ. ૧૫૩૬માં શાસનનું કેન્દ્ર બનતાં ચાંપાનેર અથવા મહમૂદાબાદની જાહોજલાલીનાં પાણી વળતાં થયાં અને સત્તરમી સદી સુધીમાં તો આ પરિત્યક્ત શહેરની આસપાસ જંગલ છાઈ વળ્યું, જેમાં વાઘ તથા હાથી મુક્તપણે વિહરતા.

અઢારમી સદીમાં મરાઠાઓએ જંગલ પાર કરીને ચાંપાનેર જીતી લીધું. પણ તેઓ તે પર ખાસ કશું જ લક્ષ આપતા નહિ, પરિણામે ઈ. ૧૮૦૩ની ૧૭મી સપ્ટેમ્બરે અંગ્રેજોએ તે કબજે કરી લીધું.

ચાંપાનેરના કિલ્લાથી ૫૦ વારના અંતરે આવેલ જુમ્મા મસીદની ગણતરી ગુજરાતની સૌથી ભવ્ય મસ્જિદ તરીકે થાય છે. મસ્જિદના મુખ્ય પ્રવેશદ્વાર ફરતા ૧૦૦ ફૂટ ઊંચા મિનારાઓની વિશાળ પથ્થર પરની કોતરણી આજે પણ છક કરી દે છે. તેના મધ્ય ભાગના ગુંબજ પર કરવામાં આવેલું બારીક નકશીકામ પથ્થર પર કંડારાયેલી કવિતા સમાન છે. ૧૬૯ ફૂટ લંબાઈ અને ૮૧ ફૂટ પહોળાઈમાં પથરાયેલા મસ્જિદના પટમાં કલાકોતરણીવાળા ૧૭૨ થાંભલાઓ આવેલા છે. મસ્જિદમાં ૯ ફૂટ ઊંચો પથ્થરનો જાળીદાર મેહરાબ અને આગળના ભાગમાં સભાખંડ આવેલ છે. છેવાડે નમાજ પહેલાં વજૂ કરવા માટેનું મોટું તળાવ આવેલ છે. પુરાતત્ત્વખાતાએ ઐતિહાસિક સ્મારક તરીકે તેની જાળવણી કરેલી છે.

સંયુક્ત આરબ અમીરાતોમાંની એક અમીરાત શારજાહના શાસક શેખ સુલતાન બિન મુહમ્મદ કાસિમીએ તાજેતરમાં બહાર પાડેલા તેમના પુસ્તકમાં જણાવ્યું છે કે, કેટલાક ઇતિહાસકારો માને છે તેમ ભારતની શોધમાં નીકળેલો પોર્ટુગાલના વાસ્કો ડા ગામાને ભારતનો માર્ગ બતાવનાર અરબ ખલાસી ઈબ્ન મજીદ નહોતો પણ એક ગુજરાતી ખ્રિસ્તી કાનાણી હતો. ઈ. ૧૪૯૮ ના ઑગસ્ટમાં આફ્રિકાની કેપ હોર્ન ભૂશિર થઈને ભારત પહોંચેલા સુલતાને પુસ્તકની પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે, અનેક દસ્તાવેજી પુરાવા મળ્યા પછી પોતે આ ઐતિહાસિક ભૂલ સુધારી છે, જેથી સરખો ઇતિહાસ વિદ્યાર્થીઓને શીખવવામાં આવે.

મધ્ય ભારતમાં હૈહ્ય અથવા કલચુરિ ક્ષત્રિયોનો પ્રભાવ ક્ષીણ થતાં ત્યાંની આદિવાસી જાતિ ગોંડના નાના નાના સરદારોને લઈને પોતાનો પ્રદેશવિસ્તાર વધારવા માંડ્યો. આવા ગોડ રાજવીઓમાં સૌથી પ્રતાપી ગઢાનો રાજવી હતો. તેના વંશમાં સોળમી સદીમાં થયેલા સંગ્રામશાહે સ્વપરાક્રમે બાવન કિલ્લાઓ સર કરીને બાવન ગઢાધિપતિનું બિરુદ મેળવેલું. ગોંડ રાજવંશનો એ સુવર્ણકાળ હતો.

સંગ્રામશાહના અવસાન પછી ગાદીએ આવેલા દલપતશાહનું ભરજુવાનીમાં અવસાન થતાં એ સમુદ્ધ રાજ્ય પોતાના સામ્રાજ્યમાં જોડી દેવા માટે મુઘલ સમ્રાટ અકબરની દાઢ સળકી દલોલ શાહની વિધવા રાણી દુર્ગાવતીએ મુઘલ સેનાનો મુકાબલો કર્યો પણ તે યુદ્ધભૂમિ પર જ મારી ગઈ. મુઘલો પછી મરાઠા અને પછી અંગ્રેજોના અમલ નીચે ગોંડ રાજવંશના શંકરશાહ પાસે જબલપુર નજીક આવેલા પરવા ગામની જમીનદારી રહી હતી.

ઈ. ૧૮૫૭ એમાં અંગ્રેજો સામે પહેલો વિપ્લવ મેરઠ મુકામેથી શરૂ થયો. અંગ્રેજી હકૂમતે ભારતીય રાજવીઓ પર સખત જાપતો રાખવા માંડ્યો. વિપ્લવ દરમિયાન શંકરશાહનો કારભારી ગિરધારીદાસ અંગ્રેજો સાથે ભળી ગયો. અંગ્રેજોએ શંકરશાહના નિવાસસ્થાનની ઝડતી લીધી હતી શંકા કરવા જેવું કોઈ પ્રમાણ હાથ લાગ્યું નહિ એ પછી ત્યાંના અંગ્રેજ અફસરે શંકરશાહને મળવા બોલાવ્યા, અને મળવા ગયેલા શંકરશાહ તથા તેના પુત્રને તોપના મોંએ બાંધી ઉડાવી દેવામાં આવ્યા. ❐

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

ભારતના એક નંબરના કાર્ટૂનિસ્ટ ગણાતા આર.કે. લક્ષ્મણ, જે વિષયમાં નાપાસ થવાનું અઘરું છે એવા ઇતિહાસને કારણે મૅટ્રિકમાં એક વાર નાપાસ થયેલા. પછી મૅટ્રિક પાસ કરી લક્ષ્મણે મુંબઈની જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાં દાખલ થવા પ્રયત્ન કર્યો હતો, અને પોતે ચીતરેલ ડ્રૉઈંગના નમૂના પણ રજૂ કર્યા હતા, જે જોઈને તેમને કહેવામાં આવેલું કે તારામાં કોઈ ખાસ પ્રતિભા જેવું દેખાતું નથી. તેમને ઍડમિશન નહોતું અપાયું. પછી તો આર.કે. લક્ષ્મણ કાર્ટૂનિસ્ટ લેખે ભારતભરમાં પ્રતિષ્ઠા પામ્યા ત્યારે એક વાર તેમને જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાં, ઇનામ. વિતરણના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બોલાવવામાં આવેલા. પોતાના વક્તવ્યમાં તેમણે સંચાલકોને જણાવ્યું : 'ભગવાનનો પાડ કે મને તમે ઍડમિશન ન આપ્યું, નહીં તો હું ક્યારેય કાર્ટૂનિસ્ટ બની શક્યો ન હોત.' આ સાંભળીને એ લોકો મૂંઝાઈ ગયા હતા.

પણ આ જ લક્ષ્મણને આર.કે લક્ષ્મણ બનવા માટે ઘણો સંઘર્ષ વેઠવો પડ્યો. તેમના મોટાભાઈ આર.કે. નારાયણ લેખક. તેમની વાર્તાની સાથે લક્ષ્મણનાં ચિત્રો પણ એક જ કવરમાં 'સાભાર પરત' આવતાં. તે દિલ્હી ગયા, કૅરિયર બનાવવા. તેમનાં બનાવેલ કાર્ટૂનો જોઈ એક અખબારના તંત્રીએ તેમને રોકડું પરખાવ્યું, 'ભાઈ, આ કાર્ટૂન-બાર્ટૂન બનાવવાની ઝંઝટ છોડ ને કોઈ સારું કામ કર તો બે પૈસા પામીશ.'

નાગાલૅન્ડ

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતના (ઉત્તર-પૂર્વ) ઈશાન ખૂણે નાગાલૅન્ડ રાજ્ય આવેલું છે. તેની ઉત્તર સરહદ પર અરુણાચલ રાજ્ય, દક્ષિણમાં મણિપુર, ઉત્તર-પશ્ચિમની સરહદ પર આસામ રાજ્યના પ્રદેશો અને પૂર્વની સરહદે મ્યાનમાર (બર્મા) આવેલાં છે. તેનો વિસ્તાર ૧૬,૫૭૯ ચોરસ કિ.મી. છે. આ નાનકડા રાજ્યમાં નાગા પર્વતશ્રેણી આવેલી છે અને તેનું સૌથી ઊંચું શિખર સરામતી ૩૮૨૬ મીટર (૧૨,૬૦૦ ફૂટ)ની ઊંચાઈ ધરાવે છે. તેની ઈશાનમાં આવેલી પત્કાઈ પર્વતશ્રેણી અરુણાચલને મ્યાનમારથી અલગ પાડે છે. મ્યાનમાર સાથેની તેની સીમારેખાની લંબાઈ આશરે ૨૦૦ કિ.મી. છે. આ રાજ્ય અદ્વિતીય પ્રાકૃતિક સૌન્દર્ય ધરાવે છે. રાજ્યનો સમગ્ર પ્રદેશ કોહિમા, ત્યુએન સાંગ, વોખા, મોકોક ચુંગ સહિત કુલ આઠ જિલ્લામાં વહેંચાયેલો છે. રાજ્યનું પાટનગર કોહિમા છે.


૧૯૯૧ની ગણતરી મુજબ રાજ્યની વસતી ૧૨૦,૯,૫૪૬ છે. તેમાંથી ૧૭.૨ ટકા લોકો નગરોમાં વસે છે. વસતીના ૮૭.૭ ટકા લોકો અનુસૂચિત જાતિ અને જનજાતિનાં છે. કુલ વસ્તીના ૬૨ ટકા લોકો સાક્ષર છે. લોકોના ૮૭ ટકા ખ્રિસ્તી, ૧૦ ટકા હિંદુ અને ૧.૭ ટકા મુસ્લિમ વગેરે ધર્મ પાળે છે. રાજ્યમાં વિવિધ જાતિનાં લોકો અનેક ભાષાઓ બોલે છે. પરન્તુ રાજ્યની માન્ય ભાષા અંગ્રેજી છે. નાગાલૅન્ડમાં દરરોજનો લઘુતમ વેતન દર રૂપિયા ૨૫ છે તથા માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૧૯૦૦ છે. રાજ્યના ૮,૬૨૫ ચોરસ કિ.મી.ના વિસ્તારમાં જંગલો છે.

રાજ્યની પશ્ચિમ સરહદ પરના લગભગ ૪૦૦ કિ.મી. લાંબા, સાંકડા સપાટ વિસ્તાર સિવાય તેનો બાકીનો બધો જ વિસ્તાર ડુંગરાળ છે. એ રીતે આ રાજ્ય ખૂબ જ અસમાન ભૂપૃષ્ઠ ધરાવે છે. રાજ્યનો પશ્ચિમનો ભાગ દરિયાની સપાટીથી સરાસરી ૪૦૦ મીટરની ઊંચાઈ ધરાવે છે, તો તેની તુલનામાં પૂર્વનો પ્રદેશ સરાસરી ૨,૪૦૦ મીટરની ઊંચાઈ ધરાવે છે, તો તેની તુલનામાં પૂર્વનો પ્રદેશ સરાસરી ૨,૪૦૦ મીટરની ઊંચાઈ ધરાવે છે. ગીચ જંગલોથી ભરેલો સેકડો કિ.મી. લાંબી ટેકરીઓની વચ્ચે વચ્ચે ખૂબ ઊંડા ખીણપ્રદેશો આવેલા છે. આ ખીણપ્રદેશોમાં ખળખળ વહેતી નદીઓનાં વહેણ વધુ વેગવાળાં છે. ઉપર્યુક્ત શિખર સરામતી ઉપરાંત, બીજાં શિખરો પણ ૩૦૦૦ મીટરની ઊંચાઈ જેટલાં છે. કોહિમાની પૂર્વે આવેલા તેના મોનલેન શિખરની ઊંચાઈ, ૩૧૦૪ મી. અને કોહિમાની દક્ષિણે આવેલા તેના શિખર 'નીપવો'ની ઊંચાઈ ૨૯૯૫ મીટરની છે.

આ રાજ્યમાં મોટીનાની અનેક નદીઓ આવેલી છે. તેમાં તીજુ નદી રાજ્યના પૂર્વ વિસ્તારમાં વહેતી સૌથી મોટી નદી ગણાય છે. આ ઉપરાંત ધનસિરી, દિયુંગ, દિખુ, મિલક, ઝુંગકી વગેરે રાજ્યની મુખ્ય નદીઓ છે.

ઈતિહાસ : ભારતના ઉત્તર-પૂર્વ (ઈશાન) વિસ્તારનાં અન્ય લોકોની જેમ, નાગલોકોને પણ તેમની દંતકથાઓ તથા પરંપરાઓ છે. તે કથાઓમાંથી તેમના ઉદ્‌ભવ તથા વિકાસ વિશેની વિપુલ માહિતી પ્રાપ્ત થાય છે. ઈશાન ભારતના સીમાવર્તી વિસ્તારોમાં વસવાટ કરતાં વિવિધ જાતિનાં લોકો પ્રાચીન કાળમાં કિરાતો તરીકે જાણીતા લોકોના વંશજો છે. આ પર્વતવાસીઓ ભારતીય-મોંગોલ જાતિઓના મિશ્રણમાંથી ઊતરી આવેલાં લોકો હોવાનું નૃવંશશાસ્ત્રીઓ માને છે. નાગ લોકો કદાવર બાંધાના, દેખાવડા લડાયક અને શૂરવીર હોય છે. તેઓ સ્વાભિમાની લોકો છે.

અંગ્રેજોના આગમન અગાઉ આ વિસ્તારમાં ગામોનાં જૂથ હતાં. કેટલોક સમય અહોમ સત્તા હેઠળ આ પ્રદેશ રહ્યો હતો. ઈ.સ. ૧૮૭૯ની ખોનોમાની લડાઈ પછી અંગ્રેજોએ પોતાની સત્તા સ્થાપી. ૧૮૮૧માં આ પ્રદેશ નાગા હિલ્સ ડિસ્ટ્રિક્ટ તરીકે ઓળખાતો થયો. આ દરમિયાન ખ્રિસ્તી ધર્મોપદેશકો આવ્યા અને અસંખ્ય લોકોનાં ધર્માન્તરો થયાં. પરન્તુ ખ્રિસ્તી ધર્મ સ્વીકારનાર લોકોનાં જીવનમાં નોંધપાત્ર પરિવર્તન થયું નથી. ભારતની સ્વતંત્રતા બાદ નાગ લોકોએ શાસનતંત્રને જુદી જુદી રીતે પજવવા માંડ્યું. સરકારને સહકાર આપતા શાંતિપ્રિય લોકો માટે વિરોધીઓએ આતંક ફેલાવ્યો. જાગૃત અને પ્રગતિશીલ લોકોએ સરકાર સાથે મંત્રણા કરી સુમેળ સ્થાપવાના પ્રયાસો આદર્યા. બધી જાતિઓની મળેલી 'નાગપરિષદે' (૧૯૫૭) કરેલી માગણી અનુસાર 'નાગા પર્વત-ત્સુએન સાંગ વિસ્તાર'ની રચના કરી કેન્દ્ર સરકાર વતી આસામના ગવર્નરને શાસન સોંપવામાં આવ્યું. પહેલી ડિસેમ્બર, ૧૯૬૩થી



'નાગાલૅન્ડ' ભારતનું સોળમું રાજ્ય બન્યું. તેમ છતાં ભૂગર્ભ સંગઠનો દ્વારા ત્રાસવાદ ચાલુ રહ્યો. સરકારે નાગ બળવાખોરો સાથે મંત્રણા કરી તેમાંના ઘણાને માફી બક્ષી. છતાં છૂટાછવાયા હિંસાના બનાવો અને ભાંગફોડ ચાલુ રહે છે. ૧૯૮૦માં ફરી વાર નાગા ઉગ્રવાદીઓએ શિલોંગ કરારનો વિરોધ કરી ભૂગર્ભ પ્રવૃત્તિ ચાલુ કરી હતી.

લોકો : સદીઓથી નાગ લોકો પર્વત ઉપરનાં ગામોમાં તથા ઘાટાં જંગલોમાં વસવાટ કરતા આદિવાસીઓ છે. તેમનાં ગામો હજી પણ ડુંગરો ઉપર આવેલાં છે. નાગાલૅન્ડમાં ૧૬ જેટલી જુદી જુદી જાતિનાં લોકો વસે છે. તે દરેકને પોતાની અલગ બોલી, પહેરવેશ તથા રિવાજો અને પરંપરાઓ છે. દરેક જાતિનાં લોકોમાં સંગીત, નૃત્ય તથા ઠાઠમાઠ ભપકા માટેની તીવ્ર ઇચ્છા રહેલી છે. તેમની મુખ્ય જાતિઓ અંગામી, એઓ, સેમા, લોથા, રેંગમા, ચકેસાંગ, કોન્યાક, ફોમ, ચાંગ, કુકી વગેરે છે.

નૃત્ય : રાજ્યના ઉપર્યુક્ત આદિવાસી લોકોનાં જુદાં જુદાં નૃત્યો તથા યુદ્ધનાં નૃત્યો ત્યાંની કલાનો અમર વારસો છે. રંગબેરંગી પહેરવેશ તથા આભૂષણો સહિત નૃત્યકારો લડાઈ કરવા જવાનો દેખાવ કરે છે, જે ભયાનક લાગે છે. લોકો ખાસ કરીને લગ્નો, ઉત્સવો તથા પાકની કાપણી વખતે વિવિધ નૃત્યો કરે છે.

ઉત્સવો : જુદી જુદી આદિવાસી જાતિઓ પોતાના અલગ અલગ ઉત્સવો ઊજવે છે. મોકોચુંગમાં એઓ લોકો દ્વારા ઊજવવામાં આવતા મોઅત્સુ અને સુંગરમોંગ, મોનમાં કોન્યાકો જાતિનો એઓલિંગ ઉત્સવ, વોખામાં લોથા જાતિનો તોખુ ઈમોંગ અને પિખુચાક ઉત્સવો, અંગામી જાતિનાં લોકોનો સેક્રેની તથા ઝુનહી બોતોમાં સેમા જાતિનાં લોકોનો તુલુની તહેવારો મુખ્ય ગણાય છે. નાગા લોકો મોજીલું, ઉમંગ ઉલ્લાસભર્યું તથા શાંતિમય જીવન જીવે છે.

મુખ્ય પાક : આ રાજ્યના ૮૪ ટકા લોકો ખેતીનો વ્યવસાય કરે છે. રાજ્યનો મુખ્ય પાક ડાંગરનો છે. આ ઉપરાંત મકાઈ, જુવાર, બાજરી, કઠોળ, શેરડી, બટાટા, વિવિધ ફળો તથા શાકભાજીની ખેતી કરવામાં આવે છે. નાગાલૅન્ડનો ઘણોખરો પ્રદેશ ડુંગરાળ હોવાથી સપાટ મેદાનો નથી. પર્વતોના ઢોળાવ પરની જમીનો પડવાળી તથા બિનઉપજાઉ હોવાથી આશરે અડધા ભાગથી વધારે જમીન ખેતી માટે ઉપયોગમાં લઈ શકાતી નથી. લગભગ ૪૦ ટકા જમીન ખેતી માટે વપરાય છે. આદિવાસીઓ જંગલો સાફ કર્યાં હોય તે પ્રદેશોમાં ખેતી કરે છે. પ્રાથમિક કક્ષાની આ ઝૂમિંગ (zooming) તરીકે ઓળખાતી ખેતી, ૧,૬૦,૭૦૦ હેક્ટર જમીનમાં થાય છે. ભારે વરસાદને કારણે ત્યાં જમીનમાં ભારે ધોવાણ થાય છે અને જમીનની ફળદ્રુપતા પણ ઘટે છે. કોહિમા જિલ્લાના અન્ગામી અને ચાખેસાંગ જનજાતિના ખેડૂતોએ સ્થાયી ખેતીની રીત અપનાવી છે. સરકાર આવી ખેતી તથા ચા, કૉફીના બગીચાને તથા બાગાયતને પ્રોત્સાહન પૂરું પાડે છે. આ ઉપરાંત સેંકડો પ્રગતિશીલ ખેડૂતો સિટ્રોનેલા ઘાસની ખેતી કરે છે. તેમાંથી મળતા સુગંધીદાર તેલનો ઉપયોગ કૉસ્મેટિક ઉદ્યોગમાં થાય છે.

ઉદ્યોગો : રેશમ ઉદ્યોગ તથા હાથશાળ કાપડવણાટ મહત્ત્વના પારંપરિક ઉદ્યોગો સમસ્ત રાજ્યમાં પ્રસરેલા છે. નગાલૅન્ડ ઔદ્યોગિક વિકાસના નિગમ ઉદ્યોગના નવા સાહસિકોને માર્ગદર્શન તથા આર્થિક સહાય પૂરી પાડે છે. નાગાલૅન્ડમાં ખાસ કરીને ખેતપેદાશો તથા જંગલની પેદાશોમાંથી પ્રાપ્ત થતા કાચા માલ પર અવલંબિત મધ્યમ કક્ષાના ઉદ્યોગો વિકસ્યા છે. એ રીતે દિમાપુરમાં રોજની ૧૦૦૦ ટનની ક્ષમતા ધરાવતી ખાંડની મિલ, દારૂ બનાવવાનું કારખાનું, ટી.વી. બનાવવાનું એકમ, તુલીમાં કાગળ બનાવવાની મિલ તથા તિઝિતમાં પ્લાઈવુડનું કારખાનું આવેલાં છે.

આ રાજ્યમાંથી કોલસો, કાચરેતી, ચૂનાના પથ્થરો, ચીકણી માટી જેવી મહત્ત્વની ખનિજો મળે છે.

પ્રાણીસૃષ્ટિ : રાજ્યનાં જંગલોમાં વિવિધ પ્રકારનાં વનમાં રહેતાં પ્રાણીઓ જોવા મળે છે. તેમાં હાથી, સાબર, ચિત્તા, વાઘ, હરણ વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યમાં કેટલાંક એવાં પક્ષીઓ જોવા મળે છે, જે અન્યત્ર ભાગ્યે જ હોય છે. ત્યાં પ્રાણીઓનાં ચાર અભયારણ્યો છે. તેમાં ઈન્તાન્ગકી પ્રાણી અભયારણ્ય દિમાપુરથી ૩૭ કિ.મી. દૂર આવેલું છે.

વિશિષ્ટતા : નાગાલૅન્ડમાં પ્રવાસીઓને આકર્ષી શકે એવાં કોઈ ધાર્મિક કે જોવાલાયક સ્થળો આવેલાં નથી. આમછતાં પ્રદૂષણવિહીન હવા, શાંતિમય જીવન અને શાંત વાતાવરણ શહેરની ધમાલ તથા તનાવથી કંટાળેલા લોકો માટે આશીર્વાદ સમાન ગણાય. પાટનગર કોહિમામાં બીજા વિશ્વવિગ્રહનું કબ્રસ્તાન, રાજ્યનું સંગ્રહાલય તથા પ્રાણીસંગ્રહાલય જોવા. લાયક સ્થળો છે. દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન કોહિમામાં ખૂનખાર અને લાંબી લડાઈ ચાલી હતી. માર્ચ ૧૯૪૪માં આઝાદ હિંદ ફોજના સૈનિકોએ જપાની ડિવિઝન સાથે ઉખરુલ તથા કોહિમા કબજે કર્યાં હતાં. નવા પ્રદેશો મુક્ત કરવામાં આવ્યા તેમ આઝાદ ભારતની કામચલાઉ સરકારના નામે હવાલો સંભાળીને આવશ્યક જાહેરસેવાઓ, કાયદો અને વ્યવસ્થા, ભારતનાં લોકો સાથે સમાધાની વગેરે કાર્યો સંભાળી લીધાં હતાં. કોહિમા નજીક પર્વતનાં ઉન્નત શિખરો ઉપર ભારતનો ત્રિરંગી ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. ફોજના બહાદુર સૈનિકોએ કોહિમાનું થાણું અપૂર્વ વીરતાથી જાળવી રાખ્યું અને અંગ્રેજોના વારંવારના હુમલા મારી હઠાવ્યા હતાં. ❐

સંગીતશાસ્ત્ર – ૫૦

ડૉ. હસુ યાજ્ઞિક

સંગીતનું ધ્વનિમુદ્રણ

ભારતનો વિચાર કરો તો એકવીસમી સદી પહેલાના સાઠ-સિત્તેર વર્ષ પહેલાં તો જનસામાન્ય માટે શાસ્ત્રી સંગીત સાંભળવું અશક્ય નહીં તો બહુ જ સીમિત હતું. સમગ્ર વર્ગનો વિચાર કરો તો નગણ્ય સંખ્યાનાં લોકો જ ધર્માશ્રયી અને રાજ્યાશ્રયી સંગીતનો લાભ મેળવી શકતાં હતાં. એ પણ અમુક પ્રકારનું અને કક્ષાનું સાંભળવા મળતું હતું. એ પછી રંગભૂમિના વિકાસ સાથે થોડી પરિસ્થિતિ બદલાઈ. પરંતુ એનું સંગીત પૉપ્યુલર પ્રકારનું હતું. એમાં થોડી રાગદારીની છાંટ અને માળખું તથા આધાર શાસ્ત્રીય સંગીતના છોટા ખયાલનો. મધ્યકાલીન પરંપરાના માણભટ્ટ દ્વારા ગવાતાં આખ્યાનો દેશીઓના ઢાળમાં સોરઠ, બિહાગ, હમીર, કેદાર, જયજયવંતી, ધનાશ્રી, દેશ, ખમાજ, ભીમપલાસી, ધાની, પીલૂ, જેવાં રાગરાગિણીનો આધાર લેવાતો. મીર લંધા જેવા ગાયકો-વાદકો દ્વારા કેટલાંક રાગરાગિણી સાંભળવા મળતાં હતાં. એમાં રંગભૂમિનો વિકાસ થયો અને મોટાં નગરોનાં સુખી લોકોને નવા પ્રકારનો લાભ મળતો થયો. વળી, લગ્નગીત જેવા પ્રકારોમાં એની અસર પણ પડતી થઈ.

આ પછી મોટો લાભ આપ્યો તે ગ્રામોફોને. અહીંથી જ ક્રાંતિનો વેગ વધ્યો, વ્યાપક બન્યો. હવે સંગીત વાયુમાં દોરેલું શિલ્પ ન રહ્યું. લખેલું વાંચી શકાતું હતું તેમ હવે ધ્વનિમુદ્રિત થયું હોય તે સાંભળી શકાતું હતું. જોકે ગ્રામોફોનનો લાભ મળી શકતો હોય એવાં લોકોની સંખ્યા તો ખૂબ ઓછી, પરંતુ રસ ને લગન હોય તે પ્રયત્ને પણ પહોંચી જાય અને લાભ લઈ શકે.

ગ્રામોફોન કંપનીઓ દ્વારા ખ્યાત તવાયફો અને ઘરાનેદાર ઉત્તમ ગાયક-ગાયિકાઓનાં ગાનની રેકોર્ડ્ઝ નીકળવા લાગી. સર્વોત્તમને સાંભળવાના લાભની સાથે શાસ્ત્રીય સંગીતનાં રસ-રુચિ-સમજાદિનો વિકાસ થયો. રેકોર્ડ સાંભળીને કંઠને અને વાદનને કેળવવાની અદ્‌ભુત અભૂતપૂર્વ એવી તક મળતી થઈ. રજવાડી અને ઉચ્ચ શ્રીમંત વર્ગનાં લોકો જ જે ઉત્તમ સંગીત સાંભળી શકતા હતા, તે હવે આમવર્ગના માણસને પણ સંભળાતું થયું. ધ્વનિના મુદ્રિત સ્વરૂપની બીજી મોટી અસર એ પડી કે પ્રત્યક્ષરૂપમાં લઈ શકાય એવી ગુરુમુખી વિદ્યાને ભાષાની લિપિ જેવું જ સાંભળી શકાય તેવું માધ્યમ બન્યું. ગવાતો સ્વર અક્ષરરૂપ બન્યો. અને ટેપરેકોર્ડર આવતાં તો આ માધ્યમે જ દુરારાધ્ય એવી આ કલાના શિક્ષણમાં અદ્‌ભુત અને અભૂતપૂર્વ એવું યોગદાન કર્યું. પહેલાં તો શિષ્ય ગુરુ જ્યારે ગાતા હોય ત્યારે જ એને સાંભળી, એનું અનુકરણ કરીને લયબદ્ધ વિશિષ્ટ એવા ધ્વનિએકમોને પોતાના ગળામાં કે વાદ્યમાં ઉતારી શકતો હતો. ગુરુ જ્યારે ઉપસ્થિત ન હોય ત્યારે સાંભળેલા સ્વરએકમોની સ્મૃતિ પર જ આધાર રાખવો પડતો હતો અને આમ કરવામાં ક્યાંક ચૂક પણ રહી જતી હતી. રેકોર્ડ થયેલા ધ્વનિને તો ગાનાર કે વગાડનાર પોતે ઉપસ્થિત ન હોય ત્યારે પણ સાંભળી શકવાની સુવિધા મળી. જે લોકોએ રેકોર્ડના જમાના પહેલાં સંગીતનું શિક્ષણ લીધું છે, એ લોકોને ગુરુએ ગાયેલી કે વગાડેલી ચીજનું કેવળ સ્મૃતિને આધારે અનુકરણ કરવું, રિયાઝ કરવો કેટલો વિકટ હતો અને સ્મૃતિની ચૂકને કારણે ક્યારેક કેવી ભૂલો થતી અને ખોટું જ ગળામાં કે હાથમાં પકડાતું હતું, એનો વાસ્તવિક અનુભવ છે. આજનાં સંગીતનો અભ્યાસી આ દૃષ્ટિએ વિશેષ ભાગ્યશાળી છે. એ પોતાને મનગમતી ચીજ રેકોર્ડ પર વગાડીને, વારંવાર એકનો એક ટુકડો સાંભળીને પોતાના ગળાને કે હાથને તૈયાર કરી શકે છે. સંગીતમાં શ્રવણમધુર લાગતાં સ્વરએકમોનું મૂળભૂત બંધારણ અને એમાં પ્રયોજાયેલા સ્વરોનો લગાવ તથા લયબદ્ધ સીલસીલો એવા તો સંકુલ હોય છે કે એને લિપિમાં ઉતારવાનું શક્ય જ નથી. વેસ્ટર્ન નોટેશનની વિકસિત પદ્ધતિમાં પણ શક્ય નથી. ક્યારેક તો ગાનાર કે વગાડનાર પોતે ધાર્યો એવો શ્રવણમધુર ધ્વનિએકમ નિષ્પાદિત કરી શકે છે, પરંતુ એને ખુદને પણ, ક્યા સ્વરને ક્યાંથી લીધો, કઈ કઈ શ્રુતિઓનો એમાં સહારો લીધો, કયાં ગમકનો ઉપયોગ કર્યો, ક્યો સ્વર આંદોલિત લીધો, ક્યાં ઘસીટ-મીંડનો પ્રયોગ કર્યો, ઝમઝમાનો ઉપયોગ કર્યો, આ બધું પ્રગટરૂપે જાણમાં નથી હોતું. કોઈકનું ગાન અત્યંત મધુર લાગે છે તો કોઈક એ જ સ્વરોનો ઉપયોગ કરે છે છતાં તે એટલું મધુર નથી લાગતું એનું કારણ સ્વરલગાવ છે. ક્યા સ્વરો અને સંબદ્ધ શ્રુતિઓને ગાનાર કે વગાડનાર કેવી રીતે લે છે, એના પર જ માધુર્યનો આધાર હોય છે. આમાં અણુનું પેટા અણુઓમાં વિભાજન કરવા જેવી સૂક્ષ્મ પ્રક્રિયા હોય છે, જેનું સર્વાંશે પૃથક્કરણ કરી શકાતું નથી. એક જ માત્રામાં પ્રયોજાતા વિવિધ સ્વરોનું સમયમૂલ્ય ભિન્ન હોય છે તેમ તે તે સ્વરોના લગાવ પણ ભિન્ન હોય છે. હરકત, મુરકી, ગમક વગેરેથી એ બધાં એક જ એકમના પેટા-વિભાગો જુદા પડે છે, જે કેવળ સાંભળીને જ કંઠગત કે હસ્તગત થતા હોય છે. આ કારણે જ સંગીતને ગુરુમુખી વિદ્યા કહેવામાં આવે છે અને કેવળ જ્ઞાન જ નહીં, ક્રિયાને એનો પ્રાણ માનવામાં આવે છે. ધ્વનિનું મુદ્રાંકન વીસમી સદીમાં જ સિદ્ધ થયું અને વિશેષ પ્રમાણમાં એનો પ્રચાર-પ્રસાર થયો અને વિવિધ ક્ષેત્રે, વિવિધ હેતુએ એનો ઉપયોગ થયો, આમ, ધ્વનિમુદ્રણ સંગીતક્ષેત્રની અદ્‌ભુત, અભૂતપૂર્વ એવી સિદ્ધિ છે અને એને કારણે જ સંગીતને આગળની કોઈ પણ સદીમાં નહોતું મળ્યું એવું સમર્થ માધ્યમ મળ્યું. શિક્ષણ અને પ્રસાર બન્ને દૃષ્ટિએ ધ્વનિમુદ્રણે જ ક્રાંતિ આણી. વિશ્વના અનેક પ્રકારના સંગીતનું શ્રવણ આ કારણે જ સિદ્ધ થયું અને એમાંથી અનેક પ્રકારના સંમિશ્રણો શક્ય બન્યાં. પૉપ અને ફ્યૂઝનના ઉન્મેષો પ્રગટ થયા. આ બધા જ પ્રયોગો, ઉપયોગો સંગીતના વિકાસના પરિપ્રેક્ષ્યમાં નવી દિશા ખુલ્લી કરે છે, જ્યાં કેવળ પ્રયોગ ખાતર પ્રયોગ છે, કેવળ નાવીન્ય અને વૈચિત્ર્ય છે. અનુચિત સંકરીકરણનાં ધાંધલ-ધમાલનાં રૂપો છે, ત્યાં એ બધું જ કાળક્રમે લુપ્ત થશે અને એમાંથી જે શુદ્ધ રૂપનું સંગીત છે, તેને અનુકૂળ અને અનુરૂપ પ્રવાહમાં, પરંપરામાં રહેશે.

આમ, ધ્વનિમુદ્રણ સંગીતની સિદ્ધિનું વીસમી સદીનું સર્વોત્તમ શ્રૃંગ છે અને એને કારણે જ રેકોર્ડ, રેડિયો, ફિલ્મ અને ટેલિવીઝન જેવા સમર્થ માધ્યમે વીસમી સદીમાં સંગીતે વિકાસોન્મુખ હરણફાળ ભરી છે.

આકાશવાણીના વિકાસની સાથે જ ભારતીય શાસ્ત્રીય સંગીતને ભારતીય અને વૈશ્વિક ક્ષેત્રે વિકસાવીની તક મળી. દિલ્હી, મુંબઈ, કલકત્તા, વારાણસી, લખનઊ જેવાં આકાશવાણીનાં કેન્દ્રોએ ઉત્તમ ગાયક-વાદકોને ભારતના ખૂણેખૂણામાં પહોંચાડ્યા. એકવીસમી સદીના આરંભના વર્ષમાં પણ ભારતીય શાસ્ત્રીય સંગીતના વિશ્વખ્યાત જે જે ગાયકો અને વાદકો છે, તેમને લોકો સુધી પહોંચાડવામાં આકાશવાણીનું જ યોગદાન છે. ગ્રામોફોન રેકોર્ડઝ દ્વારા સંગીત પહોંચ્યું તે કરતાં આકાશવાણીના માધ્યમે હજારો જ નહીં, લાખો લોકો સુધી પહોંચ્યું. સામાન્ય રજવાડા અને જમીનદારો પણ જેમને બોલાવીને સાંભળી ન શકે એવા મૂર્ધન્ય સંગીતકારોને આકાશવાણીએ ઘરેઘરમાં પહોંચાડ્યા. હોળી, ઠુમરી, કજરી જેવા ઉપશાસ્ત્રીય પ્રકારોને પણ આકાશવણીએ સ્થાન આપ્યું. ભજન અને સંતવાણીનું નવું જ સ્વરૂપ આ માધ્યમે બાંધ્યું. જેને સુગમસંગીત કહીએ છીએ, તેનો જન્મ જ આકાશવાણીને કારણે થયો છે. વિવિધ રાજ્યોનાં લોકસંગીતને પણ ભારતભરમાં પહોંચવાની સુવિધા આ માધ્યમે કરી આપી. ભારતના વિવિધ રાજ્યોમાં આકાશવાણીનાં કેન્દ્રો સ્થપાતાં ગયાં, વિકસતાં ગયાં અને એનાં દ્વારા જ લોકસંગીત પણ વિકસતું ગયું. આધુનિકતાને કારણે અનેક પરંપરાઓ વીસમી સદીમાં લુપ્ત થઈ, પરંતુ લોકસંગીતને આકાશવાણીએ જ ટકાવ્યું, વિકસાવ્યું. જે વાદકો-ગાયકોની આજીવિકા લોકસંગીત પર હતી, તેમના માટે આધુનિક નગરસંસ્કૃતિમાં પોષણ કરે તેવા સંજોગો ન રહ્યા. પરંતુ આકાશવાણી કેન્દ્રોને કારણે તે વર્ગ પોષણ પામ્યો. એમને આધાર મળ્યો એ સાથે જ લોકસંગીતના અનેક પ્રકારોને લોકજીવનમાં, લોકોત્સવમાં સ્થાન મળ્યું. ગીત, ગરબા-રાસ-રાસડા, લગ્નગીત જેવા અનેક પ્રકારો જે ઓગણીસમી સદી પહેલાં લોકજીવનનું અંગ હતાં તે નગરસંસ્કૃતિમાં તો લુપ્ત થતાં જતાં હતાં, પરંતુ જ્યારે આકાશવાણીએ ઉત્તમ ગાયકો-વાદકો અને ઉત્તમ હૃદયસ્પર્શી રચનાઓ રજૂ કરી ત્યારે ફરી લોકોમાં એનું કામણ જાગ્યું અને આજે પણ લોકજીવનના વિવિધ સંસ્કાર-વિધિઓમાં, લોકઉત્સવોમાં, નવરાત્ર જેવા ધાર્મિક ઉત્સવોમાં તથા શાળા-કૉલેજની સાંસ્કૃતિક પરંપરાઓમાં લોકસંગીતનું જે સ્થાન છે, તે આકાશવાણીને કારણે છે. જો આ ગાળે, વીસમી સદીના ઉત્તરાર્ધમાં, લોકસંગીતને આકાશવાણીના માધ્યમનો લાભ મળ્યો ન હોત, તો આપણી બીજી અનેક પરંપરાઓ જેમ લુપ્ત થઈ તેમ આપણું લોકસંગીત પણ લુપ્ત થયું હોત. અમદાવાદ-વડોદરા અને રાજકોટ-ભૂજ જેવાં આકાશવાણીનાં કેન્દ્રો સ્થપાતાં શાસ્ત્રીય સંગીત, ઉપશાસ્ત્રીય સંગીત, લોકસંગીત, સુગમસંગીત, સંતવાણી એ બધાંને પ્રાણવાયુ મળ્યો. સૌરાષ્ટ્રનાં લોકગીતો આજે મહારાષ્ટ્રમાં અને દક્ષિણ ગુજરાતમાં ગવાતાં સંભળાશે. આકાશવાણી ન હોત તો ? એ રીતે ભજન કે સંતવાણીને જે નવું જ એવું રૂપ મળ્યું, કહો કે એક નવા જ પ્રકારનું ને એના સ્વરૂપનું સર્જન થયું, તેમાં પણ આકાશવાણીનું યોગદાન છે. કહો કે સુગમ સંગીતની જન્મભૂમિ કે એનું પારણું આકાશવાણી છે, તેમ વીસમી સદીની સંતવાણીનું પારણું પણ તે જ છે. ગાંધીઆશ્રમમાં નરસિંહ, મીરાં, કબીર, તુલસીદાસ, નાનક વગેરેનાં ઉત્તમ પદભજનો ગવાતાં થયાં. વિવિધ સંગીત સમ્મેલનોમાં તથા નાના-મોટા સાંગિતિક કાર્યક્રમોમાં પણ અંતે ભજનો ગવાતાં થયાં. અત્યાર સુધી તો પુષ્ટીમાર્ગીય સંગીતમાં રાગદારી પદ-ભજનો ગવાતાં હતાં અને લોકભજનો કે લોકસંતવાણીનું સ્વરૂપ એ કરતાં ભિન્ન હતું. બન્નેનાં કુળમૂળ જુદાં જ હતાં. પરંતુ આકાશવાણી દ્વારા આ બન્ને પ્રકારો પ્રસારિત થયાં. આને પરિણામે જે જે સ્વરનિયોજકોએ, ગાયકોએ પોતે પોતાની રીતે જ પરંપરાગત પદરચનાઓને સ્વરબદ્ધ કરી તેમાં રાગદારી સંગીત સાથે પરંપરાગત ભજનવાણીની પણ અસર પડી. આમાંથી જ એક અભિનવ પ્રકારની સંતવાણી પ્રગટી. જ્ઞાનભક્તિનાં પદ, થાળ, આરતી, ધૂન, દૂહા, ચોપાઈ એમ અનેક પ્રકારો ગવાતાં થયાં. એમાં પરંપરાગત ભજનવાણીની પ્રગટી જ્ઞાનભક્તિના પદ, થાળ, વગરતી, ધૂન, દૂહા, ચોપાઈ એમ અનેક પ્રકારો ગવાતાં થયાં. એમાં પરંપરા પણ રહી એ સાથે જ નવા ઉન્મેષો પ્રગટ્યા. દિલીપ રોય, જ્યૂથિકા રોય, સુબ્બુલક્ષ્મી, લતા મંગેશકર, અનૂપ જલોટા, હરિઁૐશરણ, પં. ભીમસેન જોશી, પં. જશરાજજી અને અન્ય અનેક ઉત્તમ ગાયકોની ભક્તિરચનાઓ સાંભળતાં જ વીસમી સદીએ પરંપરામાંથી એક નવું સાંગિતિક સ્વરૂપ સંતવાણી કે ભજનોનું સિદ્ધ કર્યું છે, તે જોઈ શકાશે.

લોકસંગીત, પદભજન વગેરેનાં તેમ જ સુગમસંગીતનાં જે સ્વરૂપો આકાશવાણીમાં બંધાયાં તેમાં સંગીતશાસ્ત્રીઓની દૃષ્ટિએ ક્યાંક અનુચિત થયું લાગે, ક્યાંક શુદ્ધ લોકસંગીત અશુદ્ધ થયેલું કે વિકૃત થયેલું પણ લાગે, તો ક્યાંક એમાં ઘણુંબધું કૃતક છે, એવું પણ લાગે. પરંતુ બધી જ કલાના નવપ્રસ્થાનમાં આરંભે આવું થાય છે અને કાળક્રમે જ બધું આછરેલાં નીર જેવું બને છે ને સાચું સારું હોય તે ઊભરી આવે અને પ્રવાહમાં ટકે છે.

(ક્રમશઃ)

લઘુકથા

અનુગામી

અશોક જોષી

પથારીવશ રામોડોસો આજ મરે, કાલ મરે, કરતાં છ-એક મહિના વટાવી ગયો હતો. ખબર પૂછવા આવનારાં એને જીવાદોરી જેવાં બની જિજીવિષા જગાડતાં.

તેવામાં પડોસમાં રામીડોસી અણધારી બીમારીમાં એકાએક ઊકલી ગઈ ને આખા ફળીની સહાનુભૂતિ એકદમ એ તરફ કેન્દ્રિત થઈ ગઈ. મોડી રાત લગી ત્યાં ભજનકીર્તનો થવા લાગ્યાં. 'સ્ટીરિયો-સાઉન્ડ' ઘોંઘાટ માંદા રામાડોસાને અસહ્ય થઈ પડ્યો. વળી, તેની ખબર પૂછવાને બહાનેય હમણાં તો ચકલુંય નહોતું ફરકતું, ડાયરો-મેળો બધો પડોસીને ત્યાં જ ભરાવા લાગ્યો હતો. ગતાનુગતિક ન્યાયે રામાડોસાનાં ઘરનાં લોકોય તે તરફ વધારે આંટા-ફેરા કરતાં થઈ ગયાં હતાં. રામો બિચારો એકલો પડ્યો કલાકો લગી કષ્ટાયા કરતો.

બારમાને દા'ડે તો નરી એકલતા ઉપરાંત ભજન-રમઝટની 'ક્લાઈમૅક્સ' ધમધમાટી રામા ડોસાને ગળે ઉતારવાની ને છાતીમાં ઘૂંટ્યા કરવાની કાળમુખી ક્ષણોય આવી. હાય રે ! જ્યારે બપોરે બારે રૂઢિના અનુગામીઓ ઘી-નીતરતા લાડવા ઉલાળવામાં ભયો-ભયો હતા, બરાબર ઈ ચોઘડિયે, છ-છ મહિનાથી ભીષ્મસમ અણનમ રહેલો રામોડોહો, ગણતરીની ક્ષણોય ન ટકતાં, રામીનો અનુગામી થઈ ગયો !

—————ધારાવાહી બંગાળી નવલકથા—————

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

એક દિવસ રીટાને લઈને હું એક ગામમાં ગયો. ત્યાં ઘણું ધાંધલ થયું. અમે મેદાનમાં બેઠાં હતાં. દૂર બીજી તરફ નાનાં છોકરાછોકરીઓ રમતાં હતાં.

રીટાએ કહ્યું, 'જુઓ જુઓ, પેલો છોકરો કેટલો સુંદર છે ?'

મેં ધારીધારીને જોયું. ખરેખર એ બહુ જ સુંદર હતો. રીટાએ પૂછ્યું, 'એનાં માબાપ આપણને છોકરો ન આપે ?'

મેં કહ્યું : 'તું કેવી વાત કરે છે ? એમનો છોકરો આપણને શા માટે આપે ?'

રીટાએ કહ્યું : 'શા માટે ન આપે ? આપણે એમને ઘણા બધા પૈસા આપીશું ?' મેં એને સમજાવતાં કહ્યું : 'જો બધાં કંઈ પૈસાનાં લાલચું નથી હોતાં... પૈસા લઈને એ લોકો છોકરો આપી દે એનો શો અર્થ ?'

રીટાએ કહ્યું : 'પૈસા આપીને બધું જ ખરીદી શકાય. એ છોકરાને એક વાર અહીં બોલાવો તો ખરા.'

હું ભારે મૂંઝવણમાં પડ્યો. પણ બીજો કશો ઉપાય નહોતો. એ છોકરાને બોલાવ્યા વિના છૂટકો નહોતો.

હું જઈને છોકરાને બોલાવી લાવ્યો. છોકરો એની પાસે આવ્યો. ત્યારે રીટાના મોઢા પર ઉજાસ આવ્યો. રીટાએ છોકરાનો હાથ પકડીને પોતાની તરફ ખેંચ્યો. એને પૂછ્યું, 'તારું નામ શું, બેટા ?'

છોકરો અમને જોઈને બહુ ડરી ગયો. એને બોલાવ્યો એટલે ઘણાંબધાં છોકરાછોકરી ત્યાં આવીને એકઠાં થઈ ગયાં. એમાંથી એક છોકરાએ કહ્યું : 'એનું નામ વિશુ છે.'

રીટાએ પૂછ્યું : 'તું ક્યાં રહે છે ?'

વિશુએ સામેના ગામ તરફ આંગળી ચીંધીને કહ્યું, 'ત્યાં'

રીટાએ પૂછ્યું, 'તમે કેટલાં ભાઈબહેન છો ?'

વિશુએ કહ્યું, 'અમે ત્રણ ભાઈઓ છીએ. ને એક બહેન.'

એની પાસેના એક છોકરાએ કહ્યું : 'હું એનો નાનો ભાઈ છું. મારું નામ શિશુ છે.'

રીટાએ કહ્યું, 'તમારાં નામ તો સરસ છે, વિશુ અને શિશુ. તમારા ઘરમાં કોણ કોણ છે ?'

એક જણે કહ્યું : 'એના બાપ છે, મા છે અને ફોઈ છે.'

'તમે અમને તમારે ઘેર લઈ જશો ?'

વિશુ શરમાઈ ગયો. એણે કહ્યું, 'તમે કેવી રીતે ત્યાં જશો ? રીટાએ કહ્યું, 'કેમ વળી, અમે ચાલતાં ચાલતાં ત્યાં આવશું.' 'વિશુએ કહ્યું, 'ના, તમે નહિ જઈ શકો. ત્યાં જતાં રસ્તામાં ઘણો કાદવ છે. તમારાં ચોખ્ખાં કપડાં કાદવથી ખરડાઈ જશે.'

રીટા ઊઠીને ઊભી થઈ. એણે કહ્યું, 'ભલેને કાદવ હોય, હું તો આવીશ જ. મને સાથે લઈને ચાલો.'

સાચેસાચ ડૉક્ટર ! એ એક જોવા જેવું દૃશ્ય હતું. વિચારી જુઓ- ઘણાબધા છોકરા હોહા કરતા ગામ તરફ જવા લાગ્યા. અને રીટા એમની જોડે ચાલવા લાગી. તમે હવે એક વાર મારી દશા વિચારી જુઓ. અમારે કાદવ ખૂંદતાં એ લોકોની પાછળ પાછળ ચાલવું પડ્યું. મારાથી કશું બોલાય એમ હતું નહિ. ના કહેવાય એમ પણ હતું નહિ. કહું તો રીટાનું મગજ પાછું બગડે. ડૉક્ટરે એને ન ગમે એવું કશું કહેવાની ના પાડી હતી.

એ રસ્તો એવો ખરાબ કે તમને શું કહું ? મારું પાટલૂન, મોજાં, જોડાંની કેવી ખરાબ દશા થઈ હશે તે તમે કલ્પી શકો છે અને રીટાની સાડીની કાદવમાં રગદોળાઈને જે દશા થઈ હશે, તે તો વર્ણવી શકાય એમ નથી. પણ તેણે જરાય નાક કે મોઢું મચકોડ્યાં નથી. એ પણ છોકરાંઓની જોડે હોહા કરતી ચાલતી હતી.

મને એની દશા જોઈને નવાઈ લાગતી હતી. એનું ગાંડપણ ચાલી ગયું હતું. જે વ્યક્તિ ઘરમાં પાણીના પ્યાલામાં જાતે પાણી રેડીને પી ન શકે. રાત્રે આયા પગ ન દબાવે તો જેને ઊંઘ ન આવે, તે વ્યક્તિ શી રીતે આટલો પરિશ્રમ કરે એ વિચારતાં મગજ બહેર મારી જતું.

હું તો મારી પત્નીનો ઉત્સાહ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો. ખરેખર ડૉક્ટર ! હું કાદવ ખૂંદતો જાઉં તેની કલ્પના કરો. જે પલટુ સેન ઍરકન્ડિશન્ડ ખંડ સિવાય એક મિનિટ પણ રહી શકે નહિ. તે જ પલટુ સેન એક અજાણ્યા ગામમાં પાણી, કાદવ અને ઘાસમાં ચાલતો ચાલતો જતો હતો. ગાંડપણની પણ સીમા હોય છે. પણ રીટાના ગાંડપણની જાણે કશી સીમા જ નહોતી.

છેવટે એ છોકરો એક ઘર પાસે આવીને ઊભો રહ્યો. એણે કહ્યું, 'આ મારું ઘર.'

અમને બન્નેને જોઈને મહોલ્લાનાં બધાં લોકો આવી પહોંચ્યાં. બહુ ભીડ થઈ ગઈ. તે લોકો સમજી શકતાં નહોતાં કે અમે કોણ છીએ. શા માટે આવ્યાં છીએ, અને અમને શું જોઈએ છે ? અમારા જેવા પોષાકવાળાં, અમારા જેવા ચહેરાવાળાં લોકોને તેમણે ક્યારેય ગામમાં પેસતાં જોવાં નહોતાં. પ્રાણીસંગ્રહાલયમાં માણસ જેમ વાઘને જોયાં કરે તેમ એ લોકો અમને તાકીને જોતાં હતાં. મને એમની નજર અકળાવતી હતી. એ લોકો જાણતાં નહોતાં, કે ગામના દરેક જણને નોકરી આપી શકીએ એમ છીએ. અને જરૂર હોય તો આખા ગામને ખરીદી શકીએ એમ છીએ.

પણ, ના; એ વખતે મારા મનમાં બીજી વિચારધારા શરૂ થઈ હતી. એમની વચ્ચે મેં મારા અસલ 'હું' ને ઓળખ્યો. એક વખત મારી પણ એ લોકો જેવી જ સ્થિતિ હતી. એમની જેમ જ મેલાં કપડાં પહેરીને હું ભટકતો.

કેટલી વાર હું અન્યમનસ્ક હતો તેની મને ખબર નથી. એકદમ એક માણસની વાતથી હું વર્તમાનમાં આવી ગયો. એક સ્ત્રી મારી પત્નીને બરાડી બરાડીને કહેતી હતી, 'રૂપિયા ! અમને તમે રૂપિયા આપવાની વાત કરો છો ? અમે છોકરાને વેચીએ એમ કહેતાં શરમ નથી આવતી ? ચાલ્યાં જાઓ અહીંથી.'

મારી પત્નીની વહારે ધાઈને મારે જ આગળ આવવું પડ્યું. મેં કહ્યું : 'તમે આટલાં બધાં ગુસ્સે કેમ થઈ ગયાં ? અમને સંતાન નથી તેથી તમારા છોકરાને એ અમારો છોકરો હોય તેવી રીતે ઉછેરવા ચાહીએ છીએ. બીજું કશું નથી. તમે જો તમારો છોકરો અમને આપો તો બહુ જ સારી રીતે ઉછેરશું, અને મહિને એક વાર એને લઈ આવીને તમને બતાવશું, આખો દિવસ તમારી પાસે રહેશે. એમાં આટલી ધાંટાધાંટ શા માટે કરો છો ?' એ સ્ત્રીએ કહ્યું, 'તમારી નફ્ફટાઈને તો હદ નથી. અમે ગરીબ હોઈશું, પણ એવાં હલકટ નથી કે છોકરાને વેચીને અમારું પેટ ભરીએ.'

મેં કહ્યું, 'ના; વેચવાનો તો સવાલ જ નથી. તમારે તો ત્રણ છોકરા છે. ભગવાને અમને એક પણ છોકરો આપ્યો નથી. તમે અમને એક છોકરો આપી શકો. એને અમે ખૂબ સારી રીતે ઉછેરશું. એને ભણાવવાને માસ્તર રાખશું. સરસ સરસ કપડાં પહેરાવશું. જ્યારે તમને મળવાનું મન થાય. ત્યારે અમને જણાવજો તો અમે તમને ત્યાં લઈ જશું અથવા અહીં એને લઈ આવીશું. એ છોકરો અમને બહુ ગમી ગયો છે. તેથી આ બધું કહું છું.'

એટલામાં એમ લાગે છે કે એનો બાપ ત્યાં આવી ગયો. એ ક્યાંક કામ કરવા ગયો હશે. એણે પૂછ્યું. 'શું થયું છે ? આટલી ભીડ કેમ છે ?'

એની વહુએ એને ફોડ પાડીને બધી વાત કરી. છોકરાને લેવા આવ્યાં છીએ જાણી બાપ તો ધૂઆંફૂઆં થઈ ગયો. તમે લોકો ગમે એટલાં પૈસાદાર હશો, પણ શું અમને માણસમાં ગણાતા નથી ? ગરીબ લોકોમાં શું દયામાયા હોતી નથી ? અમારો છોકરો તમારે ત્યાં રહે તો અમારે ગળે રોટલો કેવી રીતે ઊતરે તે સિવાય એ છોકરો મોટો થાય ત્યારે અમને કેવો મદદરૂપ થાય તેનો વિચાર કરો. આજકાલ મજૂરીના દરરોજના પાંચ રૂપિયા છે. છોકરો તમારે ત્યાં હોય એટલે મારે તો રોજ પાંચ રૂપિયાની ખોટને ?'

મેં કહ્યું, 'તો હું આ છોકરાને માટે દર મહિને તમને પાંચસો રૂપિયા મોકલીશ, હું વચન આપું છું. જો હું કહું છું તેમાં તમને વિશ્વાસ ન હોય તો હું સ્ટેમ્પ પેપર પર તમને સહી કરીને આપું છું.'

હું બોલતો હતો ત્યારે. એની વહુએ હાથ હલાવીને કહ્યું, 'તમે શા માટે એની જોડે આવી નાખી દેવા જેવી વાત કરો છો ? પૈસા વધારે કે છોકરો વધારે ? મારે છોકરાને આપવો નથી, એ તમને છેલ્લી વાર કહી દઉં છું.' એમ કહીને પોતાના છોકરાને ખેંચીને ઘરમાં લઈ ગઈ ને બારણું ...મ કરતાં બંધ કરી દીધું ને કહ્યું, 'વિશુ ! ઘરની બહાર પગ મૂકવાનો નથી.' રીટાએ મારી તરફ જોયું. એની બન્ને આંખોમાંથી કરુણતા ટપકતી હતી. મને ડર લાગ્યો કે એનો રોગ પાછો ઊથલો મારશે કે શું ?

મેં એનો હાથ પકડીને કહ્યું. 'ચાલ ઘેર જઈએ.' ગામનાં બીજાં લોકો જે આ બધું જોયા કરતાં હતાં તે મારી પાસે આવ્યાં. ને કહ્યું, 'તમે ખોટું ન લગાડશો. જુવતની વહુ તો છે જ એવી. ઝગડો કરનારી. તમે ક્યાંથી આવ્યા છો ?'

મેં કહ્યું, 'કલકત્તાથી'

અમે ચાલતાં ચાલતાં ગાડી તરફ જવા લાગ્યાં. એ લોકો પણ અમારી પાછળ પાછળ આવવા લાગ્યાં. અમે જ્યારે ગાડીમાં બેસવા જતાં હતાં ત્યારે એક જણ સાહસ કરીને અમારી તરફ આવવા લાગ્યો. આવીને એણે પૂછ્યું, 'તમે કોઈ બીજો છોકરો પાળોપોષો ખરાં ?'

મેં પૂછ્યું : 'બીજા છોકરાને આપી શકે એવો કોઈ ગામમાં છે ?'

એણે કહ્યું, 'હા, છોકરાઓની ખોટ નથી. તમારે કેટલા જોઈએ ?'

મેં કહ્યું, 'તમે બતાવી શકો ?'

'બીજી વાર તમારે અહીં આવવાનું થાય તો બતાવું. બોલો, ક્યારે આવશો ?'

મેં કહ્યું, 'પાછું એક વાર આવવું જ પડશે. અત્યારે ચોક્કસ દિવસ કહી શકું નહિ.'

એણે કહ્યું, 'તો તમે તમારું કલકત્તાનું સરનામું આપો એવું હશે તો હું છોકરાને લઈને તમારે ત્યાં આવીશ.'

મેં મારું સરનામું આપ્યું ને એને એક દસ રૂપિયાની નોટ પણ આપી. હવે હું ત્યાંથી ચાલી જાઉં એમાં જ સલામતી હતી. કાદવવાળાં પાણીથી ભીંજાઈ મારાં બૂટમોજાં ચાલતાં ચાલતાં ચપચપ અવાજ કરતાં હતાં.

મેં મદનને ગાડી ચલાવવા કહ્યું. ગામલોકોના હાથમાંથી છટકતાં હાશ થયું. 'જાણો છો ડૉક્ટર ! માણસને કેવા કેવા સંજોગોમાંથી પસાર થવું પડે છે તેનું એક દૃષ્ટાન્ત તમને મેં જણાવ્યું. આમ જોવા જઈએ તો સંતાન સિવાય બીજા કશાની અમારા જીવનમાં ઊણપ નહોતી. હું પૈસા આપીને એ ઊણપને પૂરી કરી શકત. પણ જે ન થવાનું હતું, તે થઈ જાય તે પછી ચિન્તા કરવાથી શું વળે ?'

ડૉક્ટરે પૂછ્યું : 'પછી શું થયું ?'

પલટુએ કહ્યું, 'એ પછી થોડા દિવસની વાત છે. મારું મન સ્વસ્થ નહોતું. એ બનાવ પછી મેં ડૉક્ટરને બોલાવ્યા.'

ડૉક્ટરે આવીને પૂછ્યું, 'રોગી કેમ છે ?' મેં ડૉક્ટરને માંડીને વાત કરી. ડૉક્ટરે રીટાની સારી રીતે ચકાસણી કરી. પછી મારા ઓરડામાં આવીને કહે, 'એમનું મન ખૂબ ડહોળાયેલું છે.' મેં કહ્યું. 'તો મારે શું કરવું જોઈએ ?' ડૉક્ટરે કહ્યું, 'જો શક્ય હોય તો કોઈ છોકરાને દત્તક લો. તમારા કોઈ એવા સગા છે જેને ઘણાં સંતાનો હોય ? તો એમાંથી એ એકાદને તમને સોંપે. 'મેં કહ્યું 'મારું કોઈ એવું સગું નથી.'

ડૉક્ટરે કહ્યું, 'આ પરિસ્થિતિમાં બીજી વ્યવસ્થા થઈ શકે. મેડિકલ કૉલેજમાંથી પણ એવાં અનેક બાળકો મળી શકે. જેમની મા હોસ્પિટલમાં જ મરી ગઈ હોય અથવા કોઈ મા હોવાનો દાવો ન કરતી હોય એવું બાળક પણ તમે દત્તક લઈ શકો.'

મેં પૂછ્યું, 'તમે એવી વ્યવસ્થા કરી શકો ?'

ડૉક્ટરે કહ્યું, 'એ કંઈ મારા ડિપાર્ટમેન્ટમાંનું કામ નથી. કોઈ પણ નર્સિંગહોમમાં પ્રયત્ન કરો તો એવાં બાળકો તો ઘણાં મળી રહે.'

મેં કહ્યું, 'હું દત્તક લેવા માટે બાળક શોધું છું, એ વાતની જો બધે જાણ થઈ જાય તો મારી ક્લબમાં મારે મોઢું બતાવવું ભારે પડે. એના કરતાં તમે જ પ્રયત્ન કરો. તમારાં તો ઘણાં નર્સિંગહોમ જાણીતાં હશે.'

હું પહેલાંની જેમ જ રીટાને લઈને ફરવા નીકળી જતો. ક્યારેક ઑફિસમાં ટેલિફોન કરીને કામકાજ કેમ ચાલે છે તેની વિગતો મેળવતો. જરૂર જણાય તો ઑફિસના માણસોને ઘેર બોલાવતો. ચાલુ કંપનીની એ એક સગવડ હોય છે કે માલિક હાજર ન હોય તો પણ કામકાજ રાબેતા મુજબ ચાલ્યા કરે. ખાસ કશો મહત્ત્વનો નિર્ણય લેવાનો હોય તો મૅનેજિંગ ડિરેક્ટરની શોધાશોધ થાય. એ તો હું ઘરમાં બેસીને પણ નિપટાવી લેતો. ઑફિસમાં બધાને કહી દીધું હતું કે મારી તબિયત સારી નથી એટલે થોડા દિવસ આરામ લેવાની જરૂર છે. તબિયત સુધરતાં લાગે તો જ ઑફિસમાં આવીશ. આમ, બધું ગોઠવાયું હતું ત્યાં આ બનાવ બન્યો.' (ક્રમશઃ)

કલાસ્મૃતિ

વિશ્વવિખ્યાત તવારીખી તસવીરકાર :
હેન્રિ કાર્તિએર બ્રેસૉં




આપણા દેશમાં છેલ્લાં ૧૫૦ વર્ષોમાં તસવીરકલાનો જે વિકાસ થયો તેમાં ઘણા બધા તસવીરકારોનો ફાળો રહેલો છે. મહારાજા સવાઈમાનસીંગ દ્વારા ઈ.સ. ૧૮૬૨માં આગ્રામાં સ્થપાએલ સ્ટૂડિઓ 'બોર્ન ઍન્ડ શેફર્ડ', સન ૧૮૯૭માં મુંબાઈમાં સ્થપાએલ સ્ટૂડિઓ, અને ચિત્રકાર અમૃતા શેરગીલના પિતા ઉમરાવસીંગ શેરગીલનો સીમલાનો સ્ટૂડિઓ, જેમાં મોટાં કુટુંબની તસવીરો લેવામાં હતી — આ બધાનો મહત્ત્વનો ફાળો છે. ત્યાર બાદ ભારતમાં ઘણા બધા પરદેશી તસવીરકારો આવવા લાગ્યા. ભારતના તસવીરકારો પણ વિદેશ પરિભ્રમણ કરવા લાગ્યા, અને આમ ભારતને ઉત્તમ કક્ષાના તસવીરકારો મળ્યા, જેની નામાવલી ઘણી મોટી છે.

પરદેશથી જે તસવીરકારો આવ્યા તેમાં જેમનું મહત્ત્વનું નામ અને પ્રદાન કહી શકાય તેવા શ્રી હેન્રિ કાર્તિએર બ્રેસોં જરૂર ગણાય. તેમણે આપણા દેશની આઝાદીની મહત્ત્વની ક્ષણોને તેમના કૅમરામાં કંડારી છે, જેનો ઇતિહાસ સાક્ષી છે. આજે તેઓ ૯૪ વર્ષની જૈફ ઉંમરે પહોંચ્યા છે અને દુનિયાભરમાં તસવીરકલાના પિતામહ સમાન ગણાય છે.

હેન્રી કાર્તિએર બેસાંનો જન્મ પૅરિસ પાસેના એક નાના ગામમાં થયો હતો. નાનપણથી ફોટોગ્રાફીનો શોખ. તેમના પિતાનો બૉક્સ કૅમરા લઈને નીકળી પડે. સાથે સાથે ચિત્રકલા અને ફોટોગ્રાફી શીખવાના વર્ગોમાં પણ જતા. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સન ૧૯૩૦માં તસવીરકલાના રસને કારણે નોકરી સાથે ફોટોગ્રાફી કરવાનું કામ ચાલુ રાખ્યું અને એક જૂનો જર્મન મિનીએચર કૅમરા ખરીદ્યો. સન ૧૯૩૨માં પ્રથમ ૩૫ એમ.એમ. કૅમરા ખરીદ્યો. સાથે ન્યૂ યૉર્કમાં અને માડ્રીડમાં પ્રથમ વૈયક્તિક ફોટોપ્રદર્શનનું આયોજન કર્યું. તેમનો પ્રથમ ફોટોગ્રાફ 'વુ' નામના જાણીતા સામાયિકમાં પ્રગટ થયો, જેનાથી તેમની હિંમતને બળ મળ્યું. ત્યાર બાદ ફોટોગ્રાફીની કલાની તેમની સર્જનયાત્રા વણથંભી ચાલુ રહી. રિપોર્ટર ફોટોગ્રાફર તરીકેનું કામ, ફિલ્મ માટેની છબીકલાનો ન્યૂ યૉર્કમાં અભ્યાસ, પૅરિસના પ્રખ્યાત ફિલ્મ ડિરેક્ટર જેન રોનોઆરના મદદનીશ ફોટોગ્રાફર બન્યા. ૧૯૪૦માં વિશ્વ યુદ્ધના જર્મન કેમ્પમાં કેદીઓની યાતનાઓની ફોટોગ્રાફી કરી, ૧૯૪૫માં ન્યૂ યૉર્કમાં તેમનું ફોટોગ્રાફી-પ્રદર્શન યોજાયું. સન ૧૯૪૭માં ફોટોગ્રાફ કો-ઑપરેટિવ એજન્સીના સ્થાપક બન્યા. સન ૧૯૪૭થી ૧૯૫૦ દરમ્યાન સમગ્ર વિશ્વને તસવીરોમાં કંડારવાના એક ભાગરૂપે તેઓ પૂર્વના દેશોમાં આવ્યા જેમાં ભારત, પાકિસ્તાન, બર્મા, ચીન, અને ઇન્ડોનેશિયાના પ્રદેશો તેમણે આવરી લીધા.

અહીં એ નોંધવું અગત્યનું છે તે એ કે તેમણે કેટલીક મહત્ત્વની ઐતિહાસિક તસવીરો ઝડપી છે, જેમાં ભારતમાં અંગ્રેજી હકૂમતની અંતની ક્ષણો, ભારત-પાકિસ્તાનના ભગલા અને શરણાર્થીઓ, મહાત્મા ગાંધી ઉપર ગોળીબાર થયો તેના એક કલાક પહેલાં ઝડપેલી તસવીર અને ગાંધીજીની મહાન સ્મશાનયાત્રાની તસ્વીરો જે જગતભરનાં વર્તમાનપત્રો તેમજ સામયિકોમાં પ્રગટ થઈ હતી, તે મુખ્ય છે. આવી ઘણી ઉત્તમ તસવીરો તેમનાં પુસ્તકોમાં સચવાએલી છે.



રેખાંકન (પેન્સિલ સ્કેચ-૧૯૭૬)

સન ૧૯૫૦માં તેમણે પ્રકટ કરેલા ફોટો સામયિકની તસવીરો જે 'નિર્ણયની ક્ષણો' નામે પ્રકટ થઈ હતી તે વિશ્વભરમાં ફોટોજર્નાલિઝમ કેવું હોઈ શકે તેની સાક્ષીરૂપ ગણાઈ. તેઓ વિશ્વના સૌથી પ્રથમ ફોટોગ્રાફર હતા જેમને ૧૯૫૪માં સોવિયેત યૂનિઅન રશિયામાં તસવીરો ઝડપવા માટે પરવાનગી મળી અને રશિયાના એ બધા ફોટોગ્રાફ 'લાઇફ' નામના પ્રખ્યાત મૅગેઝીને તે સમયે ૪૦,૦૦૦ અમેરિકન ડૉલરમાં ખરીદ્યા હતા. સન ૧૯૬૦ના દાયકામાં તેમનાં ઘણાં બધાં પ્રદર્શનો થયાં. ડૉક્યૂમેન્ટરી બનાવી અને ઘણા દેશોનું પરિભ્રમણ પણ કર્યું.

સન ૧૯૭૪માં શ્રી હેન્રિ કાર્તિએર પણ બ્રેસોંના સર્જનકાર્યમાં જોરદાર બદલાવ આવ્યો. તસવીર-કલામાંથી નિવૃત્તિ લઈને બાકીનો સમય ચિત્રકલા અને ડ્રૉઈંગ કરવા પાછળ વિતાવવાનું નક્કી કર્યું. ક્યારેક કોઈક અંગત મિત્રના ફોટોગ્રાફ પાડે તેટલું જ. તેઓ છેલ્લાં ૨૫ વર્ષથી પૅરિસના એક મોટા ફ્લૅટમાં રહી ચિત્રસર્જન સાથે રેખાંકન કરતા હોય છે. રેખાંકનમાં તેમનો મુખ્ય વિષય છે મોટાં મ્યૂઝીઅમોમાં સચવાએલાં પશુ, પક્ષી તેમજ માનવોનાં હાડપિંજરોનાં ડ્રૉઈંગ કરવાં.

તેમના અનુભવના કેટલાંક સુવચન યુવા તસવીરકારો માટે ઉપયોગી થઈ પડે તેવાં છે. 'હું માત્ર તસવીર ઝડપવામાં નથી માનતો પણ એક ક્ષણ માટે પ્રકટ થતી ભાવના પકડવા માગું છું.

(અનુસંધાન પૃ. ૩૬૯)

એક દડ કો

ભાવનાએ વર્ષગાઠ ઊજવી

શ્રદ્ધા ત્રિવેદી

રોજ જ્યારે ભાવના નિશાળે આવે ત્યારે કરુણા ત્યાંથી પસાર થતી હોય. ભાવનાને કરુણા સાથે વાતો કરવાનું મન થાય. પણ એકદમ અજાણી છોકરી સાથે વાત કેવી રીતે કરવી ? તે મૂંઝાય. પણ એક વાર ભાવનાની બહેનપણી સરલાની સાઇકલ પર બેસી કરુણા આવી. ઝાંપાં પાસે કરુણા ઊતરી ગઈ ને જતી રહી. ભાવનાએ સરલાને પૂછ્યું, 'આ કોણ છે ?' સરલા કહે : 'એ તો મારે ત્યાં કામ કરે છે તે અમરતકાકીની દીકરી કરુણા છે. આજે હું આવતી હતી. મેં એને જોઈ. એની નિશાળ અહીંથી થોડીક જ આગળ છે. હવે તે જતી રહેશે.'

ભાવના : 'સરલા, કહું ? હું એને ઘણી વાર જોઉં છું. મને તેની આંખો બહુ ગમે છે. મને ઘણી વાર તેની સાથે વાતો કરવાનું મન થાય છે. પણ કેવી રીતે કરાય ? એ કેવી સરસ છે નહીં ?'

સરલા : 'હા, ને તેનું કામ પણ સરસ છે. એ રહે છે પણ કેવી ચોખ્ખી ? નેક તેની ઓરડી તું જુએ ને તો તું છક જ થઈ જાય.'

ભાવના : 'ઓરડી ? ઓરડી કેમ કહે ? ઘર નથી ?'

સરલા : 'ના, એ લોકો એક ઓરડીમાં રહે છે. તળાવકિનારે મંદિર પાસે પેલી ઓરડીઓ છે ને તેમાં.'

'અરે રે !' ભાવનાથી બોલાઈ ગયું.

એ પછીના થોડા દિવસ કરુણા દેખાઈ નહીં. વળી અચાનક એક દિવસ નિશાળના ઝાંપા પાસે ભાવના અને કરુણા મળી ગયાં. ભાવનાએ પૂછ્યું : 'કરુણા ! હમણાંની કેમ દેખાતી નહોતી ?'

કરુણા : 'મારી મા માંદી હતી ને તેથી તેને બદલે કામે હું જતી હતી. હવે મા સાજી થઈ ગઈ. તેથી હું નિશાળ જઉં છુ'

'અરે, તો તારે કામ કરવા પણ જવું પડે છે ?'

ભાવનાએ કહ્યું, 'તે જવું જ પડે ને ! એમાં શું ?' કહી તે હસી પડી 'હજી ઘંટ પડવાની વાર છે, ઊભી રહેને ! ચાલ, આપણે બાંકડે બેસીએ.' બંને બાંકડા પર બેઠાં. ને વાતો કરવા માંડ્યાં. વાતવાતમાં જ ભાવનાએ પૂછ્યું : 'તું કઈ નિશાળમાં ભણે છે ?'

'હું તો સરકારી નિશાળમાં ભણું છું'

'કેમ, તું અમારી નિશાળમાં ભણને ! તું મારી સાથે હોય તો મને ખૂબ ગમે.' ભાવનાએ કહ્યું.

'મારી મા કહે છે કે બેટા ! આ તો મોટા લોકની નિશાળ છે. અહીંની ફી, ડ્રેસ, ચોપડીઓ એ બધું આપણને ના પોસાય. આપણે તો સરકારી નિશાળ સારી. એક તો ફી માફી હોય. વળી બપોરનો નાસ્તોય મળે એટલે મારી તેને થોડી ચિંતા ઓછી રહે. ને વળી ચોપડીયોય મફત મળે. જો ઘંટ વાગ્યો. હું ય જઈશ.' કહી તે ગઈ. ભાવના વિચારમાં ડૂબી ગઈ.

પછી તો ભાવના અને કરુણા વચ્ચે સરસ બહેનપણાં થઈ ગયાં હતાં. એક દિવસે ભાવના કહે, 'કરુણા, આવતા સોમવારે એટલે કે પૂનમે મારી વર્ષગાંઠ છે. આ વખતે હું મારી બધી બહેનપણી-ઓને બોલાવવાની છું. તું જરૂર આવજે હો !'

'એમ ? મારી વર્ષગાંઠ પણ તે જ દિવસે છે. હું તો મંદિરે જઈ પગે લાગી આવીશ એટલે વર્ષગાંઠ ઊજવાઈ જાય. પણ હું તારી વર્ષગાંઠે જરૂર આવીશ.' કહી બેઉ છૂટાં પડ્યાં.

ભાવના જ્યારે એક વર્ષની થયેલી ત્યારે તેની વર્ષગાંઠ તેનાં મમ્મી-પપ્પાએ સરસ રીતે ઊજવેલી તે આજે અગિયાર વર્ષની થઈ. હવે તેને મન થયું કે વર્ષગાંઠ ઊજવવી છે. તેણે તેનાં મમ્મી-પપ્પાને કહ્યું. મમ્મી-પપ્પા તો તૈયાર જ હતાં. ને પછી તો કોને કોને બોલાવવા તેની યાદી તૈયાર થવા માંડી. કાકા-કાકી, મામા-મામી અને તેમનું કુટુંબ, બહેનપણીઓ વગેરે યાદી લાંબી થતી ગઈ. વર્ષગાંઠને હજી અઠવાડિયાની વાર હતી. વાનગીઓ કઈ કઈ કરવી તેય નક્કી થઈ ગયું.

ને જેની તે રાહ જોતી હતી તે દિવસ ઊગ્યો. સવારના પહોરમાં મમ્મી-પપ્પાએ ગુલાબ ભરેલું સફેદ ઝૂલવાળું ફ્રોક તેને આપ્યું ને કહ્યું : 'હૅપિ બર્થ ડે અવર બેબી....' મમ્મી-પપ્પાએ તેને ખૂબ વહાલ કર્યું. તે હસતી-હસતી ઊઠી. બપોર પછી કાકા-કાકી, મામા-મામી વગેરે આવ્યાં. સાંજ પડ્યે તો તેનું ઘર ને આંગણું મહેમાનોના હાસ્યથી ગુંજી ઊઠ્યાં. તેણે સવારવાળું ફ્રોક પહેર્યું હતું. માથે મોગરાની વેણી નાખેલી, તેને જોઈ બધાં બોલી ઊઠ્યાં : 'અરે વાહ ભાવના ! તું તો અદ્દલ પરી લાગે છે !' તે મલકી ઊઠી. ધીમું ધીમું સંગીત રેલાઈ રહ્યું હતું. વાતાવરણ સુગંધિત હતું. થોડી વાર પછી સૌએ ભાવનાને વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવી. તેને જાતભાતની ભેટ આપવા લાગ્યા. તે એક હાથે ભેટ લેતી અને બીજે હાથે મમ્મીને આપતી. તેની બહેનપણીઓ તેની આસપાસ ટોળું વળી ગઈ હતી.

ભાવનાની મમ્મીએ જો બધી જ બહેનપણીઓને એક મોટા ટેબલ પર નાસ્તો કરવા બેસાડી એટલામાં તો બહાર ધોધમાર વરસાદ વરસવા લાગ્યો. બધાં જ ઘરમાં આવી ગયાં. વરસાદ ખાસ્સો કલાકેક મન મૂકીને વરસ્યો. ને પછી ધીમો પડ્યો. બધાં ઘરમાં હતાં તેથી કોઈ તકલીફ ના પડી. ભાવના થોડી થોડી વારે દરવાજા તરફ જોતી હતી. આ બાજુ બધાંએ ખાધું-પીધું, ગીતો ગાયાં. વરસાદ બંધ થયો. ધીમે ધીમે સૌ પોત-પોતાને ઘેર ગયાં.

ભાવનાએ પૂછ્યું : 'મમ્મી, કરુણા હજી કેમ ના આવી ? તેને તો મેં ખાસ આવવાનું કહ્યું હતું. વળી આજે તેની વર્ષગાંઠ પણ છે.'

'બેટા ! તને ખબર છે ને કે આજે કેટલો બધો વરસાદ પડ્યો હતો ! કરુણા કેવી રીતે આવી શકે ? તું કહેતી હતી ને કે તેનું ઘર તળાવકિનારે છે. કોણ જાણે શુંય હાલત થઈ હશે !' મમ્મીએ તેને સમજાવતાં કહ્યું.

આ સાંભળી ભાવનાથી એક ચીસ પડાઈ ગઈ. તે તેનાં મમ્મી-પપ્પાને કહે, 'પપ્પા ! ચાલો, આપણે અત્યારે જ ત્યાં જઈએ.'

મમ્મી : 'બેટા ! અત્યારે કેટલું બધું મોડું થયું છે. ને તુંય થાકી ગઈ હોઈશ. વળી, હજી આપણે ખાધુંય નથી. આપણે કાલે સવારે જઈશું, હો !'

'ના મમ્મી, તું ના આવતી. હું અત્યારે જ જઈશ. ને મમ્મી, ડબ્બામાં ખાવાનું ભરી આપ.' પછી એક મોટા થેલામાં પોતાને મળેલી ભેટોમાંથી થોડી ભેટો ભરી ને પપ્પાને કહે : 'પપ્પા, ચાલો.' તેની મમ્મી સમજી ગઈ કે ભાવના હવે રોકી રોકાશે નહી. તેમણે વધેલું બધું ખાવાનું ડબ્બાઓમાં ભર્યું. થોડી કાગળની ડિશો લઈ લીધી. ત્રણે જણ જ્યાં કરુણા રહેતી હતી ત્યાં પહોંચ્યાં.

ત્યાં જઈ જોયું તો...

પાંચ-છ ઓરડીઓ જમીનદોસ્ત થઈ ગયેલી. એક તૂટેલી ઓરડી પાસે એક ખાટલામાં કરુણા અને તેની મા બેઠેલાં. પાસે થોડાં ડબલાં, વાસણ ને કરુણાનું દફતર હતું. આજુબાજુય એવી જ સ્થિતિ હતી. ભાવના તો અવાક જ થઈ ગઈ. 'આ શું ?' તે માંડ બોલી શકી. ભાવનાને જોઈ કરુણા દોડતી તેની પાસે આવી ને વળગી પડી. રડી પડી. પણ રડતાં રડતાંય કહે 'હૅપિ બર્થ ડે...' પછી પોતાની માને કહે : 'બા, આ મારી બહેનપણી ભાવના. મેં તને કહ્યું હતું ને કે, મારી બહેનપણીની વર્ષગાંઠ છે. હું જઈશ. તે આ બહેનપણી.' થોડી વારમાં તો તેમની આસપાસ ટોળું જમા થઈ ગયું. ભાવનાની મમ્મીએ કરુણાની માને આશ્વાસન આપ્યું. પછી તેમણે ડબ્બો ખોલી ડિશમાં ખાવાનું કાઢવા માંડ્યું. સેન્ડવીચ, સમોસા, કોપરાપાક...ને ત્યાં રહેલાં સૌને આપવા માંડ્યું. થોડી વાર માટે તૂટેલી ઓરડીનું દુઃખ સૌ ભૂલી ગયાં. છોકરાંઓને તો ખૂબ મઝા પડી ગઈ. ભાવનાએ કરુણાને 'હૅપિ બર્થ ડે' કહ્યું ને પોતે લાવેલી ભેટો તેને આપી દીધી. કરુણાએ દફતરમાંથી એક પેન્સિલ અને એક ગુલાબનું ફૂલ કાઢ્યું ને ભાવનાને આપ્યું. કરુણાની મા કહે : 'ભાવના, તને ખબર છે ? આ ગુલાબનું ફૂલ કરુણાએ ભગવાનના ફોટા પાસે મૂકેલું. ઓરડી તૂટવા માંડી. સૌએ બૂમાબૂમ કરી. પહેલાં તો બધો સામાન બહાર કાઢ્યો. તે પાછી અંદર દોડી ને આ ગુલાબ લઈ આવી. કહેતી હતી કે, આજે નહીં તો કાલે ભાવનાને આ ફૂલની પ્રસાદી જરૂર આપીશ. ભગવાન તેને હંમેશાં આનંદમાં રાખશે.' આ સાંભળી ભાવનાની મમ્મીની આંખો ભીની થઈ ગઈ. તેમના હાથમાં હજી નાસ્તાની ડિશો હતી. ભાવના, કરુણા, ચાલો આપણે બધાં અહીં જ સાથે બેસીને ખાઈએ.' તળાવકિનારે વાતાવરણ આનંદમય થઈ ગયું. આકાશ એકદમ સાફ હતું. પૂનમનો ચંદ્ર ચાંદની વરસાવી રહ્યો હતો. તેમણે કરુણાને પોતાની પાસે બેસાડી. તેને માથે હાથ ફેરવાતા કહે : 'ભાવનાની વર્ષગાંઠ તો અત્યારે જ ઊજવાઈ !' ભાવનાના આનંદનો પાર નહોતો. ❒

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૩૬૭ થી

'તસવીરકલા એ એક કિસ્મતને અધીન કલા છે.' તેઓ કહેતા, 'સવારમાં દાઢી કરવાના સમય સિવાય મારો કૅમેરા સતત મારી સાથે હોય ! એ મારી બીજી શીકારી આંખો છે. કૅમેરા મારી અંગત શારીરિક જરૂરીઆત જેવો છે. હું કૅમરાથી શિકાર કરું છું. શિકારને મારતો નથી એને ચિરંજીવ બનાવું છું.' બીજી જાણવા જેવી વાત છે કે તેઓએ જીવનભર માત્ર બે જ કૅમરાથી પોતાનાં સર્જનો કર્યા છે. તેઓ સૌપ્રથમ ફોટોગ્રાફર હતા જે સ્ટૂડિઓની બહાર નીકળી પ્રજા સમક્ષ પહોંચ્યા અને સ્ટૂડિઓનાં પ્રકાશ-છાયાને બદલે કુદરતી પ્રકાશછાયામાં તસવીરો ઝડપી અને યાદગાર બનાવી.

યુવાન તસવીરકારો માટે તેમનો સંદેશ છે, 'તમારે જેકાંઈ કરવું હોય તે જ કરો. પ્રેક્ષકો અને ધંધાને ધ્યાનમાં ન રાખો. જો તમે સોમથી શનિવાર સુધી તમારા જીવનધોરણ માટે કામ કરતા હો તો રવિવારે તમે તમારા આત્માનો અવાજ કહે તેમ કામ કરો, નહીં તો તમે રોજિંદી ઘટમાળમાં રહી જશો અને કલાદેવી તમારી પાસે ક્યારેય ફરકશે નહીં.'

હેન્રિ કાર્તિએર બ્રેસોં ઉપર એક ફિલ્મ બની રહી છે, જેના અંશ ક્યારેક જોવા મળે તેવી અપેક્ષા સેવીએ. - ગજેન્દ્ર શાહ

કલાવાર્તા

નિધુ મોન્ડાલની ચિત્રસૃષ્ટિ

પશ્ચિમ બંગાળના બિરભમ જિલ્લામાં ૧૯૬૬માં જન્મેલા નિધુ મોન્ડાલે બી.એસસી.



અને બી.એડ.ની પરીક્ષાઓ પસાર કર્યા પછી શાંતિનિકેતનની વિશ્વભારતીમાંથી સર્જનાત્મક ચિત્રકલામાં એમ.એ. ફાઈન આર્ટ્સની ઉપાધિ પ્રાપ્ત કરી. ૧૯૯૭માં એન.આઈ.ડી. અમદાવાદમાં વિઝિટિંગ ફૅકલ્ટિ તરીકે દાખલ થયા, તેમણે મહત્ત્વની સ્કૉલરશિપ મેળવી ચિત્રકલાનો વધુ અભ્યાસ કર્યો. ચંડીગઢની પંજાબ લલિત કલા અકાદમી તરફથી તેમને ડ્રૉઈંગમાં ઍવૉર્ડ મળ્યો. ૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૯માં તેમણે ત્રણ કલાશિબિરોમાં ભાગ લીધો. ૧૯૯૩થી ૨૦૦૧ સુધીમાં તેમણે અનેક મહત્ત્વપૂર્ણ પ્રદર્શનોમાં ભાગ લીધો. અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં થોડા સમય પૂર્વે તેમનાં તાજેતરનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું. કલાકારો, કલાવિવેચકો તથા કલારસિકોએ આ પ્રદર્શનમાંનાં તેમનાં ચિત્રોની કલાત્મક તથા સૌંદર્યશાસ્ત્રીય ગુણવત્તાને કારણે યોગ્ય રીતે વખાણ્યાં છે. ભારતમાં તથા પરદેશમાં તેમનાં ચિત્રો મહત્ત્વનાં સ્થળોએ તથા વ્યક્તિગત સંગ્રહોમાં સચવાયાં છે.

બંગાળના બાઉલ ગાયકોનાં હૃદયસ્પર્શી ગીતો સાંભળવાનો નાનપણમાં જે ચિરસ્મરણીય અનુભવ થયેલો તેની સુખદ આનંદદાયક અનુભૂતિમાંથી નિધુ મોન્ડાલના આ પ્રદર્શમાંનાં કેટલાંક ચિત્રો સર્જાયાં છે. નિધુના મતે બાઉલ ગાયકોનું સંગીત બે તૂટેલી વસ્તુઓ કે બે ભગ્ન હૈયાંને સાંધી શકે છે, તેમની વચ્ચે સંવાદિતા સર્જી શકે છે. તેમના સંગીતયુક્ત શીર્ષકવાળાં ચિત્ર 'મધ્યરાત્રીય ગીતો'માં ઘરનું ફર્નિચર આમતેમ ચિત્રાવકાશમાં વેરાયલું પડેલું દર્શાવાયું છે. મોટે ભાગે ટેમ્પેરા પદ્ધતિના રંગોથી આ ચિત્રોમાં તેજસ્વિતા અને ઊંડાણ છે. રંગરૂપો સ્પષ્ટપણે વ્યાખ્યાયિત ન થયાં હોવા છતાં તે અંદરના પ્રકાશથી ધબકી રહ્યાં છે. લગભગ અમૂર્ત કક્ષાએ પહોંચ્યા છે. નિધુનો ચાક્ષુષ શબ્દકોશ સાંપ્રત ચેતનાયુક્ત છે અને ચિત્રાવકાશમાં આમતેમ વેરાયલાં પડેલાં વસ્તુઓનાં, મનાવકૃતિઓનાં રંગરૂપો આગળ-પાછળ આવતાં-જતાં દેખાય છે અને તેમના અન્યોન્યના સંબંધોમાં એક પ્રકારના દૃશ્ય-તનાવનો અનુભવ થાય છે તથા સમગ્ર સંરચનામાં ગત્યાત્મકત્તાનો પણ અનુભવ થાય



અમૂર્ત કક્ષાના કૃતિ

છે. તેમનાં ચિત્રોમાંનો તેમનો દૃષ્ટિકોણ ઉપરથી અને સામેથી એમ બંને રીતે રંગરૂપોને રજૂ કરે છે.

સાંપ્રત જીવનમાં વિસંવાદિતાનાં દર્શન કરનાર કવિહૃદયી કલાકાર નિધુ તેમનાં ચિત્રોમાં આ વાતને વિશેષ ઊંચાં સ્તંભોને નીચે પડતાં દર્શાવી તેમજ વસ્તુઓને આમતેમ પડેલી દર્શાવીને કાવ્યમય રીતે અભિવ્યક્ત કરવા માગતા હોય એમ લાગે છે. આવી અરાજકતાપૂર્ણ માનવીય પરિસ્થિતિમાં કલાકાર નિધુને બાઉલ સંગીત-ગીતો અને તેમની ભક્તિપૂર્ણ શક્તિ તથા શાતા આપતી કલાઓની અસર પ્રતીકાત્મક રીતે જ વિસંવાદી માનવજીવનમાં સંગીતમય સંવાદિતા પ્રસરાવી શકે છે. રાઈસ પેપર પર ટેમ્પેરા રંગોના ઉપયોગ ઉપરાંત કેટલાંક ચિત્રોમાં ઍક્રિલિક રંગોનો પણ ઉપયોગ કરી માધ્યમને વધુ પસંદગી આપી છે. ડ્રૉઈંગ પરનું પ્રભુત્વ પણ કેટલાંક ચિત્રોમાં દેખાય છે.

-બંસીલાલ દલાલ



વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્યકાળ (કાગળ પર ઍક્રિલિક અને કોલાજ)



બાઉલ ગાયક

કલાવૃત્ત

અમદાવાદમાં રાષ્ટ્રીય કક્ષાના મેટલ-કાસ્ટિંગ શિલ્પસર્જન કેમ્પ

અમદાવાદમાં ચાંદલોડિયા વિસ્તારમાં આવેલી ચીકુવાડી જેવા સુરમ્યસ્થળે ગુજરાતના સુખ્યાત શિલ્પકાર શ્રી કાંતિભાઈ પટેલના ભારતના સૌથી વિશાળ અને અદ્યતન સ્ટૂડિઓમાં દિલ્હીના સન્ટ્રલ નેશનલ અકાદમીએ ૨૯-૩-૨૦૦૧થી દસ દિવસ માટે ફક્ત 'મેટલ કાસ્ટિંગ' કૅમ્પ યોજ્યો. સમગ્ર ભારત અને ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં વયસ્ક તેમ જ યુવા શિલ્પકારોને આ રાષ્ટ્રિય કક્ષાના કૅમ્પમાં ભાગ લેવા માટે આમંત્ર્યા હતા.



ગાંધીજી (શિલ્પકાર : વેંકટ ચલપથિ -બેંગલોર)

પરંતુ ગુજરાતમાં ભૂકંપને કારણે આપત્તિકાળ પ્રવર્તતો હતો અને તેને કારણે કેમ્પમાં ઓછા શિલ્પકારો હાજર રહી શક્યા. કેમ્પનું આયોજન શરૂઆતથી અંતિમ દિન સુધી ખૂબ જ સફળ અને સંતોષજનક રહ્યું.

આ સમગ્ર કેમ્પનું સંચાલક તરીકેનું જવાબદારીભર્યું કાર્ય ગુજરાતના સુખ્યાત યુવા શિલ્પકાર શ્રી રતિલાલ કાંસોદરિયાને સોંપવામાં આવ્યું હતું. અમદાવાના ઉનાળામાં પ્રખર તાપમાં પણ તેમણે ઉપસ્થિત શિલ્પકારોની બધી જ જરૂરિયાતો તેમજ અન્ય સગવડો પૂરી પાડી.

કાંતિભાઈ પટેલ તો તેમની સાદી, નિર્દંભી, ગાંધીવાદી જીવનશૈલી અને વિચારધારાને કારણે તથા તેમના લોહચૂંબકીય વ્યક્તિત્વને કારણે સમગ્ર શિબિર દરમ્યાન છવાઈ રહ્યા.



સાંથાલ સ્ત્રી (શિલ્પકાર : તારક ગરાઈ -કોલકતા)



એક કૃતિ (શિલ્પકાર : રતિલાલ કાંસોદરિયા)

તેમની ઉદારતા અને વિશાળ હૃદયતાને કારણે જ તેમણે કરોડો રૂપિયાની કિંમતનો સમગ્ર સ્ટૂડિઓ તથા ચીકુવાડી દિલ્હીની સેન્ટ્રલ લલિત કલા જેવી સંસ્થાને અર્પિત કરી છે.

કેમ્પના પ્રથમ દિવસથી જ શિલ્પસર્જનનું કાર્ય ગંભીરપણે શરૂ થઈ ગયું. બૅંગલોરના શિલ્પકાર શ્રી વી. ચલપથિજીએ ગાંધીજીથી પ્રભાવિત થઈ ગાંધીજીના તેમણે સર્જેલા શિલ્પમાં ભૂકંપપીડિત એક વ્યક્તિના શરીરને ગાંધીજીના બે હાથમાં પકડાવેલું દર્શાવ્યું છે. સમુચિતપણે શિલ્પકારે ગાંધીજીના પગની આસવાસ કાટમાળ પણ દર્શાવ્યો છે. તેમણે તેમનું શિલ્પકાર્ય રબરના મોલ્ડના પ્રયોગથી પાર પાડ્યું.

કોલકાત્તાના શિલ્પકાર તારક ગરાઈએ કાંતિભાઈ પટેલનું વ્યક્તિ પોર્ટ્રેટ શિલ્પ બનાવી સર્વને મુગ્ધ કરી દીધા. તેમણે વધુમાં પોતાની શૈલીમાં સંથાલની એક આદિવાસી સ્ત્રીનું સ્ટ્રોક શૈલીવાળું શિલ્પ પણ તૈયાર કર્યું. કેમ્પ દરમિયાન તેમણે તેમના કલાવિષયક અનુભવોનું રસપ્રદ કથન પણ કર્યું હતું.

વડોદરાની ફૅકલ્ટિ ઑવ્ ફાઈન આર્ટ્સના એક વેળાના શિલ્પ વિભાગના પ્રાધ્યાપક તથા શિલ્પકાર શ્રી. ગિરીશભાઈ ભટ્ટે તેમની પોતાની શૈલીથી તથા કાસ્ટિંગની ટૂંકી પદ્ધતિથી પણ નાના કદનાં મેટલ કાસ્ટિંગનાં શિલ્પોનું નોંધપાત્ર સર્જન કર્યું.

દિલ્હીથી પધારેલા શિલ્પકાર અમિતાભ ભૌમિક કલાકાર ઉપરાંત સાહિત્યિક જીવ પણ છે, અને તેથી જ તેમણે રવીન્દ્રનાથ ઠાકુરના એક કાવ્યની પંક્તિ પર આધારિત સંવેદનાયુક્ત શિલ્પ સર્જ્યું. મૂળ પંક્તિનો બંગાળીમાં ભાવ હતો, 'આમિ કોથાય પાબો થારે મોનાર માનુષિ જેરે' ગુજરાતીમાં તેનો અર્થ છે, 'જે મારા આત્મામાં રહે છે. તે મારાં સ્વપ્નો માનવી હું ક્યાં મેળવીશ ?'

અંતમાં આ સમગ્ર કેમ્પના સંચાલક રતિલાલ કાંસોદારિયાએ રોજબરોજની કોઈ ઘટનાની સ્મૃતિને આધારે એક શિલ્પનું સર્જન કર્યું. રતિલાલને મતે તેમનું આ શિલ્પ પ્રયોગલક્ષી છે.

કેમ્પના સ્થાનને દસ દિવસ સુધી છોડ્યા વિના આ શિલ્પકારોનો મેટલ-કાસ્ટિંગનો કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો.

નવી આર્ટ ગૅલરી 'કર્ણાવતી'

ઍલિસબ્રિજના નાકે આવેલા ભીખાભાઈ ગાર્ડનમાં તાજેતરમાં શરૂ થયેલી 'કર્ણાવતી આર્ટ ગૅલરી'નું ઉદ્‌ઘાટન અમદાવાદના મેયરશ્રી દ્વારા થયું. આ પ્રથમ પ્રદર્શન ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિએશન દ્વારા સંચાલિત થયું હતું અને તેના મહામંત્રી શ્રી. અરવિંદભાઈ વાકાણીએ તેમાં ખાસ રસ લીધો હતો.

અમદાવાદના કુલ ૧૮ કલાકારોએ આમાં ભાગ લીધો હતો. મોટી ઉંમરના કલાકારો સાથે યુવા કલાકારો પણ સામેલ હતા. ભાગ લઈ રહેલા કલાકારોની પ્રદર્શિત કલાકૃતિઓ ધ્યાનપાત્ર હતી. કલાકારો હતા અનંત મહેતા, અશ્વિન મોદી, બંસીધર ખત્રી, ભાનુ શાહ, ભંવરસિંહ પવાર, ભરત પટણી, જી.ડી. પરમાર, હકુ શાહ, હિંડોળ બ્રહ્મભટ્ટ, જનક



પશુ (ચિત્રકાર : ભંવરસિંહ પવાર)



અશ્વ (ચિત્રકાર : કિશોર વાળા)

પટેલ, કિશન કાંબલે, કિશોર વાલા, મહેન્દ્ર કડિયા, નબીબક્ષ મન્સુરી, નવીન ઢગત, રાજેશ સાગરા, ડૉ. સુરેશ શેઠ તથા વૃંદાવન સોલંકી.

અલગ અલગ માધ્યમ તથા અલગ અલગ શૈલીમાં તૈયાર થયેલી કલાકૃતિઓ ગૅલરીની અંદરની સુંદર પ્રકાશયોજના તથા તેમની આકર્ષક ગોઠવણીને કારણે વધુ પ્રભાવશાળી લાગતી હતી. આ ગૅલરીની સ્થાપત્યકીય ડિઝાઇન જાણીતા સ્થપતિ અનિલ બકેરીની છે. વળી, બગીચાને કિનારે અને તેના પ્રવેશદ્વારે આવેલી આ ગૅલરી આજુબાજુના રમ્ય વાતાવરણને કારણે વધુ આકર્ષક બની છે. અઢાર કલાકારોનું 'ચિત્રિત જગત' નામના શીર્ષકવાળું આકર્ષક કેટલૉગ પણ પ્રકટ થયું છે

આશા છે કે આવા સુંદર વાતાવરણમાં સ્થિર નવી કર્ણાવતી ગૅલેરી ભારતના, અમદાવાદના તથા ગુજરાતના યુવા તથા અનુભવી કલાકારોનાં પ્રદર્શનો યોજી, આખું વર્ષ સંપૂર્ણત : પ્રવૃત્ત રહે અને અમદાવાદનાં લોકોની કલાચેતના વધારતી રહે.

બંસીલાલ દલાલ



એક કૃતિ (ચિત્રકાર : હિડોલ બ્રહ્મભટ્ટ)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

સને ૧૯૬૯માં (ઑશો) આચાર્ય રજનીશ દ્વારકા આવ્યા હતા. અડધું દ્વારકા તેમને રત્નેશ્વરના દરિયાકાંઠાના મેદાનમાં સાંભળવા એકઠું થયું હતું. વિષય હતો 'પરમાત્મા ક્યાં છે ?' અને પ્રવચન, સાર હતો કે, પરમાત્મા તમારી અંદર છે, એને બહાર ખોજવાની જરૂર નથી. એમની સાથે અભિનેતા મહિપાલ હતા, તે મંદિરમાં શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન માટે આવ્યા. પણ રજનીશ આવ્યા નહિ.

મેં પૂછ્યું તો કહે, 'શ્રીકૃષ્ણને વિશ્વની પ્રબુદ્ધ ત્રણ વ્યક્તિ, જે માનવમાંથી 'પરમતત્ત્વ' પામી તેમાંના શ્રેષ્ઠ ગણું છું. અને હું તેને સાક્ષાત્ પરમાત્મા તરીકે જાણું છું. હવે મેં પ્રવચનમાં પ્રતિપાદિત કર્યું છે કે પરમાત્મા તમારા હૃદયમાં બિરાજે છે. તેને બહાર ખોજવાની જરૂર નથી. પછી એ કૃષ્ણપ્રભુ મારા હૃદયમાં જ બિરાજતા હોય તો મારે મંદિરે જવાનું રહે ?' એમના 'શ્રીકૃષ્ણ મેરી દૃષ્ટીમેં'નાં પ્રવચનો ત્યાર પછી તેમણે મનાલીમાં હિમગિરિની છાયામાં કર્યાં, તે સુવિદિત છે.

પ્રસંગપરાગ

પરમ સારસ્વત

નટવરલાલ પટેલ

ગુજરાત કૉલેજના અંગ્રેજીના પ્રોફેસર ફિરોઝ દાવર એક વાર પ્રેમાભાઈ હૉલમાં વ્યાખ્યાનો આપતા હતા તે સંદર્ભમાં કવિવર નાનાલાલે એમના માટે 'વિદ્વત્તાની ઝડીઓ વરસાવે છે' એવા શબ્દોમાં પોતાનો અહોભાવ વ્યક્ત કરેલો. પરન્તુ ગુજરાત કૉલેજમાં ઈ.સ. ૧૯૩૫-૩૬ અને ૩૬-૩૭માં અમારા બી.એ.ના અંગ્રેજીના વર્ગમાં આવી ઝડીઓ તેમણે અમારી ઉપર વરસાવેલી. તેમનાં વિદ્વત્તાપૂર્ણ અને રસાળ આવાં રોજિંદાં ભાષણો અમે મંત્રમુગ્ધ બનીને સાંભળતા. એક વાર તો 'માડી મરે તો છો રે મરે એને બાળજો બોરડી હેઠ' એ લોકગીત પણ લલકારેલું. આપણા દેશની સ્વરાજ પ્રતિ પ્રગતિ માટે અંગ્રેજ રાજે 'મોર્લી-મિન્ટો સુધારા' અમલમાં મૂકેલા તેના પ્રણેતા તે વખતના સેક્રેટરી ઑફ સ્ટેટ લૉર્ડ મોર્લી કૃત **'On Compromise'** અમારે બી.એ.ના અંગ્રેજીના અભ્યાસમાં પાઠ્યપુસ્તક તરીકે આવેલું. તેના દુર્બોધ વિષયને રસાળ બનાવી શકાય તો જ અંગ્રેજીના વિદ્યાર્થીઓ તે સમજી શકે તેવી પરિસ્થિતિમાં અંગ્રેજીના ત્રણ પ્રાધ્યાપકોમાં પ્રા. વેલિંગકર તથા પ્રા. ભાંડારકર બન્ને ઑક્સફર્ડના સ્નાતક હોવા છતાં તેમને લાગેલું કે તેઓ આ પુસ્તકને આવી રીતે શીખવી શકે તેમ ન હોવાથી પ્રોફેસર દાવરને આ મુશ્કેલ કામ સોંપવામાં આવેલું. તેમણે જરા પણ આનાકાની વગર સ્વીકારી લીધેલું. કિશોરલાલ મશરુવાલાએ આ પુસ્તકનો છાયાનુવાદ કરેલો, પણ મૂળ સાથે તેની જરા પણ સરખામણી થઈ શકે નહીં.

અંગ્રેજી સાહિત્યના કોઈ પણ પુસ્તકનું નામ લ્યો અને દાવરસાહેબે તે વાંચ્યું ના હોય તેવું બને નહીં. પણ એક વખત આવું બનેલું તે કિસ્સો યાદ આવે છે. પાછળથી એલ.ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ થયેલા વસંત જોષીએ વર્ગમાં જ દાવરસાહેબને, આ અરસામાં જપાનના ગાંધીનું નામાભિધાન પામેલા ટી.કાગાવાની તે સમયે બહુ જ પ્રકાશમાં આવેલી નવલકથા **'A Grain of Wheat'** વિશે પૃચ્છા કરી. તેમનો આશય તો આ પુસ્તક ઉપર પોતાની આગવી શૈલીમાં પ્રો. દાવરસાહેબ કશોક રોચક પ્રતિભાવ આપે તે જ હોવા છતાં આ પુસ્તક વિશે પોતાને કોઈ માહિતી નહીં હોવાનું તેમણે કહ્યું અને તે વાંચવા માટે વસંત જોષી પાસે તરત જ માગણી કરી, પરન્તુ તેઓ સહેજ ઓઝપાઈ ગયેલા તેવું તે વખતે લાગેલું એવું યાદ છે

આપણા સુભાગ્યે આવા પરમ સારસ્વત અમદાવાદમાં કાયમ વસતા જ હોય છે.

વહી જતી નર્મદા

રમેશ બાપાલાલ શાહ

વદ પાંચમની પાછલી રાત. સાડા ત્રણ વાગ્યે બાજુની રૂમમાંથી સળવળાટ સંભળાયો. જાગીને, ત્યાં જઈને જોયું તો અમારા યજમાન તૈયાર થઈ રહ્યા હતા. અમને માલસર આશ્રમમાં સાથે રહેવા આમંત્ર્યાં તો ખરાં, પણ ચારેક દિવસથી પોતે બીમાર પડી ગયા હતા. થાકીને હતાશ પણ થયા હતા. કમને ઘરે પાછા જવાનું એ દંપતીએ વિચાર્યું. આશ્રમના પ્રાંગણમાંથી જ સાડાચારે બસ ઊપડતી. હું ને મારા મિત્ર તૈયાર થઈ તેઓનો સામાન ઊંચકી બસ-સ્ટૅન્ડે લઈ ગયા.

હજુ તો ચાર પણ વાગ્યા ન હતા. પરિસરમાં નીરવ શાંતિ હતી. સારી સૃષ્ટિ મધુર ચાંદનીમાં નાહી રહી હતી. ઠંડકભરી તાજગીએ નિંદર ઉડાડી દીધી હતી. ગઈ કાલે સાંજે સ્ટૅન્ડ પાસેનું આ દૃશ્ય ઘટ્ટ વનરાજિ, સત્યનારાયણ મંદિર, અંગારેસ્વર મહાદેવ, આશ્રમ ગૌશાળા બધું ભક્તિમય હતું. તેમાં ચાંદનીની આ છટા ઉમેરાઈ.

ઘડીભર તો થયું : આને અંધારિયું તે કેમ કહેવાય ? અજવાળિયાની રાત્રિમાં જેટલા કલાકો ચાંદની રેલાય એટલા જ કલાકો બરાબર ગણીને અંધારિયામાં પણ રેલાતી હોય છે ! શું આપણી ઊંઘ દરમિયાન રેલાતી ચાંદનીને અંધારિયું કહેવાય ?

યજમાનો બસમાં ગોઠવાયા અને અમે નર્મદાને ઘાટે જઈ પહોંચ્યાં. વાહ ! અહીં તો ચાંદનીનું અદ્‌ભુત સામ્રાજ્ય છવાયું હતું ! નર્મદાનો વિશાળ જળ-પટ ચાંદનીથી ખરેખર અમૃતમય થયો હતો. નીર મટીને ક્ષીર થયાં હતાં. નર્મદાનું આ જળ ગુજરાતની ભૂગોળ પર ફરી વળે તો આ પ્રદેશમાં 'દૂધની નદીઓ'વાળી કહેતી સાકાર થાય !

આ શુભ્ર જળ-પટને સામે કિનારે હારબંધ વૃક્ષરાજિ. એમાંથી ઝાંખો દેખાતો દગડુ મહારાજનો આશ્રમ અને મંદિરોનો પરિસર, થોડાં જૂના ઘાટનાં મકાનો, બધું આછું આછું દેખાતું. કુશળ ફોટોગ્રાફર દૃશ્યને બરાબર ફોકસમાં ગોઠવી, પછી એને ક્લિક કરતાં પહેલાં જરા આઉટફોક્સ કરે અને હિપ્નોટિક અસર ઉપજાવે એવું આ દૃશ્ય હતું. !

મારી સાથેના વિપ્રે મંત્રોચ્ચારથી આ મૂક ચિત્રને મુવિમાંથી ટોકી બનાવ્યું ! નદીના પટને બોલ-પટ બનાવ્યો ! એમના ધીર-ગંભીર ઉચ્ચારો રોમાંચક બન્યા. જાણે ધ્રુપદના ગાનના તાલ પ્રકૃતિમાં પડઘાતા મંત્રોનો આ સાઉંડ-ટ્રૅક શરૂ થતાં જ કિનારે નાંગરેલ નાવડીઓ આળસ મરડીને જાગી ઊઠી અને મંત્રોના તાલેતાલે ડોલવા લાગી.

ગઈ કાલે બપોરે અમે અહીં માલસર આશ્રમમાં આવ્યાં. ત્રણ દિવસ નર્મદામૈયાનું સાન્નિધ્ય માણવા આવ્યાં હતાં. જમીપરવારી અમે અમારી રૂમમાં આરામ કરવા આડા પડ્યાં ત્યાં વીજળી ગઈ, પંખા બંધ ! ગરમીમાં કરવું યે શું ? જેમ તેમ સાંજ પાડી. તડકો નમ્યો કે તરત નદીતટે પહોંચ્યાં. મૈયા નર્મદાનાં જળ શાંત વહી રહ્યાં હતાં. નદીમાં પગ મૂકતાં પહેલાં ખોબો ભરી જળ લઈ અંજલિ ભરી તર્પણ કર્યું. શ્રાદ્ધના દિવસો હતા. વડીલોને યાદ કરી પ્રણામ કર્યા. સામે કિનારે, પશ્ચિમે સૂર્યનારાયણ અસ્તાચળે ડગ દઈ રહ્યા હતા. આકાશમાં લાલશ લીંપાઈ રહી હતી. એની આભા પાણીની સપાટી પર પૂર્ણપણે પ્રગટ થઈ હતી. જળ-થળ બધું કેસરી-પીળા-લાલ રંગે રંગાયું હતું. પવિત્ર વાતાવરણ ભગ ભગવા રંગે રંગાઈ ગયું !

બીજે દિવસે વહેલી પરોઢે મારા મિત્ર મંત્રોચ્ચારથી નર્મદાતટના દૃશ્યને મુવિમાંથી ટોકીમાં રૂપાંતર કરી રહ્યા હતા. ત્યાં દૂરથી આશ્રમની ઘંટી સંભળાઈ. સવારના ચા-નાસ્તાનું એ નિમંત્રણ હતું. એ ઘંટડીના પડઘા અમારા ખાલી પેટમાં પડતા હતા ! એ અવાજથી અમે આકર્ષાયા...

પછી, નાહી-ધોઈ તૈયાર થઈ અમે નારેશ્વર જવા નીકળ્યાં. હજુ વહેલી સવાર હતી. પળેપળે બદલાતું દૃશ્ય એ જ જગ્યાને નવાનવા વાઘા પહેરાવતું હતું. હવે નાવડીઓ જળ-પટ પર અહીંતહીં સરકતી હતી. યાત્રીઓ જતાં-આવતાં હતાં. અમારે પણ સામે કાંઠે જવાનું હતું. ત્યાં સુહા ગામમાં દગડુ મહારાજના આશ્રમે જઈ પછી ત્યાંથી જીપમાં સફર કરી નારેશ્વર જવાનું હતું.

નાનકડી નાવડીમાં અમે બે જણ ગોઠવાયાં. નાવિક ભીખાભાઈએ પહેલાં અગરબત્તી કરી, મૈયાની પૂજા કરી. નાવડીએ સઢ છોડ્યો. પવનની દિશામાં નાવડી સરકી. ભીખાભાઈની તળપદી ભાષામાં નર્મદામૈયાની વાતો સાંભળતાં અમે વીસેક મિનિટમાં સામે કાંઠે પહોંચ્યાં. નીચે ત્રીસચાલીસ ફૂટ ઊંડું પાણી હતું. એ કાંઠે ઊતરી ઊંચો ઢાળ ચડવાનો હતો. ત્યાં જ આશ્રમનાં મંદિરો અને ધર્મશાળા તથા સમાધિ-મંડપ હતાં. એ જોઈ ત્યાંના સાધુઓ પાસેથી દગડુ મહારાજ વિશે જાણકારી મેળવી.

જીપનો રસ્તો જલદી પૂરો થયો. ફરી નાવડીમાં બેસી સામે કિનારે પહોંચ્યાં.

શ્રી રંગઅવધૂતના આશ્રમના મંદિરમાં આરતી થતી હતી. કોઈ પણ હિન્દુ મંદિરમાં આરતી થતી હોય ત્યારે ત્યાં પગ સ્થિર જઈ જ જાય. પૂજારી જમણા હાથમાં આરતી-દીવા પકડી લયબદ્ધ લહેકાઓથી આરતી કરી રહ્યા હોય.. મોટાં, નાનાં નગારાં અને ઘંટ, ઝાલર વાગી રહ્યાં હોય... એમ થાય કે ભગવાન પણ રોજ, આ આરતી ક્યારે થાય એની રાહ જોતા હશે !

આશ્રમ વિશાળ છે. હજુ નવા રંગ-મંડપ બની રહ્યા છે. શ્રી રંગ-અવધૂતની સમાધિ પાસે એક મોટું નીમ વૃક્ષ છે. કોઈએ કહ્યું : આ લીમડાએ પણ એની કડવાશ સંતના સમાગમથી છોડી છે. મેં બેચાર પાંદડાં તોડીને મોંમાં નાખ્યાં. ચાવી ગયો. ખરે જ ! લીમડાએ સંતઉપદેશથી કડવાશ છોડી છે ! માણસોને જ હૃદય હોય એવું થોડું છે ?

બધું જોતાં, ફરતાં વાર લાગી. વળતાં અમારા રહેઠાણે આશ્રમે વેળાસર પહોંચવાનું હતું. જમવાની ઘંટી અહીં આટલે દૂર સંભળાવાની નથી. પાછાં વળ્યાં. એ જ ઓવારે મશીનવાળી નાવડી નાંગરેલી પડી હતી. થયું, હાશ ! રાહ જોવી પડશે નહીં. પણ નાવવાળો ઉપર હોટેલમાં બેઠેલો તે ખસે જ નહીં. અમારી પહેલાંનાં બે જણાં કલાકથી બેઠેલાં અને કરગરતાં ! નાવવાળો વધુ યાત્રીઓની રાહ જોતો નિરાંતે બેઠો હતો. અમે પણ રાહ જોતાં બેઠાં. કંટાળીએ એટલામાં તો એક મોટું ટોળું આવ્યું. પાછળ નાવડી વાળો આવ્યો. મશીનની દોરી ખેંચી, ફટ્ ફટ્ કરતું ડિઝલ એન્જિન શરૂ થયું. નાવડીને જરા ધક્કો માર્યો એટલે એ સરિતામાં સરવા લાગી. વળી. પાંચ મિનિટમાં સામે પાર...

નદીનો અડધો પટ ચાલીને ઓળંગવાનો હતો. પગરખાં હાથમાં લઈ સુંવાળી રેતી પર પગ માંડ્યા. ચોથે પગલે તો તળિયેથી દાઝવાના ખબર આવ્યાં ! રેતી તાપથી તપીને એવી તો ગરમ થઈ હતી કે લાલચોળ થવાનું જ બાકી હતું ! ઝટ ઝટ પગરખાં પહેર્યાં અને જેમતેમ જીપને રસ્તે પહોંચ્યાં.

જીપ ત્યાં હાજર હતી. છ છ રૂપિયામાં અમને સુહા ગામ-આશ્રમ સુધી પહોંચાડ્યાં. ત્યાંથી પાછાં નાવડીમાં સામે પાર... સૂરજ માથે ચડ્યો હતો. વળી ભાદરવો, એટલે તો જાણે મીની ઉનાળો ! રેબઝેબ થતાં લાંબું

ચાલીને અમે આશ્રમે પહોંચ્યાં. રૂમમાં જઈ હાથ-પગ-મોં ધોઈ ટાઢાં થયાં ત્યાં જેની રાહ જોતાં જોતાં નારેશ્વરથી પાછાં આવવા ખેંચાયાં હતાં એ ઘંટડી વાગી ! આટલી ખેપ એ નર્મદા-પરકમ્માનો અંશ જ ગણાય, કદાચ એટલે જ અમને આજે જમણમાં ફાડા-લાપસી મળી !

જમણ પછી, આશ્રમનાં કેટલાંક યાત્રીઓ, એક દિવસનું પર્યટન ગોઠવી, નર્મદામૈયાના કિનારાનાં અન્ય યાત્રાસ્થળોએ જવા જીપ નક્કી કરી રહ્યાં હતાં. અમે બન્નેએ નામ નોંધાવી દીધાં. સ્થળોની યાદીમાં નર્મદા બંધ – સરદાર સરોવર પણ હતું.

અમારી નાનકડી ટૂરનો આ ત્રીજો દિવસ. વહેલી સવારે આશ્રમ નજીક એક ચા-લારી પાસે ગયાં. લારીવાળો અને તેની પત્ની હમણાં જ દૂધ લઈને આવ્યાં હતાં. બે ચાનો ઑર્ડર આપ્યો. સામે મોટો વડ હતો. એ નજીક જઈ જોવા જતો હતો ત્યાં લારીવાળાનાં પત્ની બોલ્યાં : અહીં દાતણ છે, લ્યો. રોજ બ્રશ-પેસ્ટ વાપરવાવાળાં અમે બન્નેએ વડનાં દાતણ ઘસ્યાં. ઘસતાં ઘસતાં એનાં ગુણગાન પણ ગાયાં. થોડી વારે ચાવાળો એક હાથમાં પાણીનો ગ્લાસ અને બીજા હાથમાં ચાનો કપ લઈ રસ્તાની વચ્ચે ઊભો રહ્યો. મનમાં કાંઈ પ્રાર્થના કરી, પહેલાં પાણીનો લાંબો રેલો કર્યો. પછી કપમાંથી ચા ઢોળી, ઢોળી ન કહેવું જોઈએ. જે શ્રદ્ધાથી એ આમ કરી રહ્યો હતો એ જોઈને તો નહીં જ. લારી-હૉટેલવાળાઓનો આ રિવાજ છે. ચાનો પહેલો કપ ધરતીમાતાને અર્પણ. થોડી વારે અમે પણ ચા પીધી, એટલામાં તો જીપ આવી. અમે નવ યાત્રીઓ એમાં ગોઠવાયાં.

સૌપ્રથમ સૌભાગ્યસુંદરી અને અનસૂયા તીર્થનાં દર્શન કર્યાં. દરેક સ્થળે નર્મદામૈયાની વિવિધતાનાં પણ દર્શન કરતાં રહ્યાં. ક્યાંક મંદિરના પ્રાંગણમાં જ નદી વહેતી હોય, તો ક્યાંક ઊંડે ઊતરીએ પછી જળસ્પર્શ થાય. એ માટેના સુંદર અને સગવડભર્યા ઘાટ પણ હોય.

સૌભાગ્યસુંદરીના પૂજારી ગોસાંઈ કોઈ રિટાયર્ડ મામલતદાર હતા. એમની વાતોમાં શ્રદ્ધા સાથે વિજ્ઞાન પણ હતું. સૌભાગ્યસુંદરીની કથા કરતા એમણે ગીતાશ્લોકનું રટણ કર્યું :

કીર્તિઃ શ્રીવાક્ચ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિઃ ક્ષમાઃ ॥

સ્ત્રીનું નામ આવે એટલે વાસનાપૂર્તિ જ યાદ આવે ! પણ શ્રી કૃષ્ણ કહે છે... સ્ત્રીઓમાં હું કીર્તિ છું... જેને જોઈ વાસના પણ શમી જાય એવી સ્ત્રી તે કીર્તિ... ગોસાંઈની આ કથામાં રસ પડ્યો.

પ્રાચીન તીર્થોનાં દર્શન કરતાં, ઘરથી દૂર ટી.વી., છાપાં, કમ્પ્યૂટર વગેરેની માયાજાળમાંથી છૂટીને, રિવાઇન્ડ કરેલાં કોઈ સતયુગમાં વિહરતાં હોઈએ એવું લાગ્યું. નર્મદામૈયાના કિનારે આ ત્રણ દિવસમાં જેટલાં તીર્થો કર્યાં ત્યાં નવી સદીએ પગપેસારો કર્યો નથી. આપણા દેશમાં આવાં સ્થળો અસંખ્ય છે, જ્યાં લોકોને જીવવા માટે ટેક્નોલૉજિની જરૂર પડતી નથી. હજુ બીજાં કેટલાંયે વર્ષો સુધી આ તીર્થો અભડાયાં વિનાનાં રહેશે. શહેરની ધાંધલ-ધમાલવાળી જિંદગીથી ઉબાઈ ગયેલાં લોકો રાહત પામવા અહીં આવ્યાં જ કરશે. તીર્થોમાં આ કૌવત છે.

નાનાં-મોટાં તીર્થોનાં દર્શન કર્યાં પછી અમારી જીપ લાંબી મજલ કરવા દોડતી રહી. વૃક્ષાચ્છાદિત રસ્તો આંખોને ઠારતો રહ્યો. આ વિસ્તારમાં જાત-જાતનાં અને ભાત-ભાતનાં મોટાંમોટાં વૃક્ષોમાં વટવૃક્ષ ખૂબ જોવા મળ્યાં. કોઈ કુશળ ચિત્રકાર આવા વિવિધ વટવૃક્ષનાં ચિત્ર દોરે તો સો જેટલાં જુદાં જુદાં ચિત્રોનું ઔદુંબર-આલ્બમ થઈ શકે ! લાંબી, ફેલાયેલી વડવાઈઓવાળાં, નાનાં, મોટાં, વિશાળ ઊંચાં, ઘટાદાર ઔદુંબર વૃક્ષો રસ્તાની બન્ને બાજુએ જોવા મળ્યાં. આશ્રમોના જટાધારી, લાંબી દાઢીવાળા સાધુઓ જેવાં આ વૃક્ષો હતાં તો સાધુઓનું સાંનિધ્ય વટવૃક્ષ જેવી શીતળતા બક્ષતું હતું. સંત-મહંત જેવાં વટવૃક્ષો અને વટવૃક્ષ જેવાં સાધુ-સંતો ! અજબ છે મૈયાનું સાન્નિધ્ય !

યાત્રાને આમ માણતાં માણતાં અમે ગરુડેશ્વર પહોંચ્યાં. પચાસસાઠ જેટલાં પગથિયાંનો ઘાટ ઊતરી, રેવામાતાને અંજલિ આપી વંદન કર્યાં. મૈયા ! તું જ અમારું જીવન છે. તું જ અમારું પોષણ છે.

પાછા ઉપર ચડી, એથી પણ ઉપર ઘણાં પગથિયાં ચડી, ગરુડેશ્વર મહાદેવનાં દર્શન-પૂજા કરવા મંદિરનાં ઠંડકભર્યા ગભારામાં પ્રવેશ કર્યો. પાછળથી એક સાથીદારે બીલી-પત્ર લાવી આપ્યું. અને એક બહેન બેત્રણ જાતનાં ફૂલો ચૂંટી લાવ્યાં હતાં તે અમને આપ્યાં.

વિપ્ર મિત્ર પાસે તો પ્રાર્થનાઓ, શ્લોકો, મંત્રોનો ભંડાર ભર્યો હતો. એમણે શિવ-સ્તોત્ર ગાવાનું શરૂ કર્યું. હું અર્ઘ્ય ચડાવી બહાર આવ્યો ત્યાં મારી આંખો પર ચળકાટનાં ચાંદરણાં નાચવા લાગ્યાં ! પ્રકાશની દિશામાં જોયું તો મંદિરની બાજુનાં, પૂજારીના ઝૂંપડાના આંગણામાં એક મોટા પથ્થર પર બેઠેલી આઠ-દશ વર્ષની એક બાળકી સ્નાન કરી રહી હતી. પિત્તળના મોટા કળશામાં પાણી લઈ લઈને પોતાને માથે રેડી રહી હતી. એ કળશ પર સૂર્યકિરણો અથડાઈને મારા પર પ્રતિબિંબિત થયાં હતાં. નાનકડી નિર્વસ્ત્ર બાળકી નહાતી, રમત કરતી હતી. જાણે સાક્ષાત્ નર્મદામૈયા સ્વયં પર અભિષેક કરી રહ્યાં હતાં !

નીચે જીપનું હૉર્ન વાગ્યું. હું જાણે કોઈ સ્વપ્નમાંથી જાગ્યો ! પાછાં ગોઠવાયાં. જીપ ઊપડી. નર્મદા પરનો ડેમ-બંધ જોવા પાસ-પરમીટનો વિધિ કરી. કેવડિયા કૉલોનીનો વસવાટ, વિસ્તાર જોતાં ડેમની નજીક પહોંચ્યાં. આટલો મોટો જળ-રાશિ ધોધની જેમ નીચે પડતાં એનો અવાજ દૂરથી સંભળાતો.

ઈજનેર-કળાનું અદ્ભુત કૌશલ તે આ સરદાર સરોવર ! ઈષ્ટ પકવાનના મોટા થાળ જેવું સરોવર એકે એક ગુજરાતીને તૃપ્ત કરી શકે એટલું વિશાળ છે ! વ્યૂ-પૉઈન્ટ પરનો ગાઈડ ટેક્નિકલ ખૂબીઓ સમજાવતો હતો. મને તો એટલું જ યાદ રહ્યું કે આ પાણી ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છને મળે તો પાંચ વર્ષ સુધી વરસાદનું એક ટીપું ન પડે તો પણ ત્યાં મબલખ પાક ઊતરે !

પણ રે નસીબ ! પળેપળે લાખ્ખો લીટર પાણી આમ વેડફાતું અમે જોઈ રહ્યાં હતાં ! આઝાદી પછી લોહપુરુષ સરદાર વલ્લભભાઈને તે સમયનું રાજકારણ નડ્યું. પ્રચંડ તાકાતવાળા સરદારની બાહોશી દેશને ઉપયોગી ન થઈ શકી ! વેડફાઈ ગઈ !

એમના નામનું આ વિશાળ સરોવર પણ આજ સુધી કશા ઉપયોગમાં આવી શક્યું નથી ! સરદાર તો આપણને નસીબે મળ્યા હતા. આ બંધ કાંઈ નસીબની કુંડળીએ બંધાયો નથી. કુશળ ઈજનેરોએ પ્રાણ રેડ્યા છે. પાણીના એક એક ટીપા માટે ટળવળતા ગુજરાતની તૃષા છિપાવવા, હરિયાળી ક્રાંતિ કરવા આ બંધ બંધાયો છે. આપણે ગુજરાતીઓ શું નસીબને દોષ દઈ જોયા કરીશું ? નર્મદાજળ આમ જ વ્યર્થ વહી જશે ?

ગુજરાતમાં પાણી નથી એમ કહેવું નાનમ નથી, પણ ગુજરાતીઓમાં પાણી નથી એવું આળ આપણે આપણા ઉપર ચડવા દઈશું ? ચાંદનીમાં જોયેલું ક્ષીર-સમું આ નર્મદાનીર અત્યારે તો ઝાંઝવા જેવું નીવડ્યું છે. શોધ છે કોઈ બત્રીસ લક્ષણાની, જેનાં લોહીનું એક ટીપું આ નીરને ગુજરાતનાં ગામે ગામે પહોંચાડશે. ❐

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૩૩૦થી

નહિ આપવામાં આવે. દા.ત. ડિસેમ્બર-૨૦૦૦ના અંકમાં આવા ત્રણ ભારેખમ લેખો છે.

(૧) ક્વોન્ટમવાદ (૨) સંગીતશાસ્ત્ર - ૪૪ (૩) બારકોડ

અગાઉના અંકો જોતાં તેમાં વાર્તાઓ, નાટકો, તથા અન્ય હળવા લેખોનું ઠીકઠીક પ્રમાણ હતું. સાથેસાથે રસમય કટારો જેવી કે 'આ માસ ઇતિહાસમાં', 'પ્રસંગવિશેષ' 'વ્યક્તિવિશેષ', 'પચીસ કે પચાસ વર્ષ પહેલાં', ચાલુ કરવા જોઈએ. 'કુમાર'નું જૂનું ફૉર્મેટ 'અકબંધ રાખીને, 'કુમાર'માં અપાતું વધારે પાનાંનું વાચન તેમાં બંધબેસતું કરવું જોઈએ. આપે મહદ અંશે ફૉર્મેટ જાળવી રાખ્યું છે. પણ આટલા ફેરફાર કરવાથી 'કુમાર'ના વાચકવર્ગનો પણ ફેલાવો વધશે તેવું મારું મંતવ્ય છે. -હેતલ કે. શાહ (અમદાવાદ)

•

'કુમાર'ના એપ્રિલ ૨૦૦૧ અંકમાં મારા વડીલ બંધુ ભીખુભાઈ ભાવસાર વિશે શ્રીમતી તરલિકા આચાર્યનો પરિચયલેખ સુંદર હતો. એક હકીકતદોષ તરફ ધ્યાન દોરું. હું જશવંત ભાવસાર, ભીખુભાઈનો લઘુબંધુ 'આર્કિટેક્ટ' નથી. હું સિવિલ એન્જિનીઅરિંગની ડિગ્રી ધરાવું છું અને જીવનભર કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલો રહ્યો છું.

આ ટાણે થોડી વધુ પૂરક માહિતી રજૂ કરવાનો લોભ થાય છે. શ્રી કાશીનાથ તુલપુલે પાસેની શ્રી ભીખુભાઈની સઘન તાલીમનો હું સાક્ષી છું; કારણ કે તે સઘળી બેઠકોમાં મને તબલા સંગતની તાલીમ પ્રાપ્ત થઈ હતી. સાથે સાથે મારા પૂ. પિતાશ્રી પાસેથી ગીતો (ખાસ કરીને નાટ્યગીતો)ની તાલીમ પણ મને મળેલી, જે પાછળથી સુગમસંગીત ક્ષેત્રે મને કામ લાગેલી. મુંબઈ રેડિયોના તે વખતના સ્ટાફ આર્ટિસ્ટ શ્રી અમૃતલાલ નવસારીવાલા પાસે મને સુગમ સંગીતની બહોળી તાલીમ પ્રાપ્ત થઈ. મુંબઈ રેડિયો પર ભીખુભાઈનું શાસ્ત્રીય સંગીતનું તથા મારું સુગમ સંગીતનું ઑડિશન સાથે જ થયેલું. મેં લગભગ ૩૦ વર્ષ સુધી મુંબઈ-વડોદરા રેડિયો પરથી ગુજરાતી ગીતોના કાર્યક્રમો આપેલા. આજે નિવૃત્ત જીવનમાં સુગમ-સંગીત ક્ષેત્રે નવાં નવાં સ્વરાંકનો કરી જરૂરતમંદને શીખવવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. ઘરમેળે સ્વરાંકનોની ૨૫ જેટલી કસેટો પણ બનાવી છે.

મારા લઘુબંધુ હરેશભાઈ શાસ્ત્રીય સંગીતના અચ્છા ગાયક છે અને તેઓ પણ રેડિયો ના 'એ' ગ્રેડના આર્ટિસ્ટ છે. ગાયકીમાં કદાચ તેઓશ્રી ભીખુભાઈથી એક મૂઠી ઊંચા ઊઠે એટલા સશક્ત છે, જેમને પંડિત જશરાજજીએ પણ બિરદાવેલ છે. તેઓ પણ દેશ-વિદેશમાં શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો આપે જ છે અને ઘરમેળે શિષ્યોને તૈયાર કરી રહ્યા છે.

બીજા લઘુબંધુ ધનેશભાઈ બીલીમોરાની કૉલેજના પ્રિન્સિપાલ છે. બેઠકમાં ધનેશભાઈ હાજર હોય તો પંડિત જશરાજજી એમની પાસે જ હાર્મોનિયમ વગડાવે એવી એમની હાર્મોનિયમ-વાદનમાં કુશળતા છે. સિતાર ઉપર પણ તેમણે હાથ અજમાવ્યો છે. એથી વધુ કોઈ પણ સૂરાવલી કે ગીતના શીઘ્ર નોટેશન ગાઈને બતાવવાની તેમની કળા અદ્‌ભુત છે, જેની માહિતી કદાચ ઘણાને નથી.

અમારા કુટુંબમાં ભીખુભાઈના દીકરા સુશીલભાઈ એક અચ્છા ગાયક છે. મારો પુત્ર નિખિલ ધંધાદારી તબલાવાદક છે અને તબલાના વર્ગો પણ ઘરમેળે તથા બહાર જઈ ચલાવે છે. અમારી નાની બહેનની પુત્રી શ્રીમતી સ્વાતિ વ્યાસ (અમદાવાદ) તથા શ્રી હરેશભાઈની દીકરી શ્રીમતી નેહા ભાવસાર (કૅનેડા) આ બે બહેનોએ સુગમસંગીતમાં ખાસ્સી પ્રગતિ કરી છે.

આ વિગતો દ્વારા આપવડાઈ કરવાનો હેતુ બિલકુલ નથી. પરંતુ જ્યારે અમારા કુટુંબની એક વડીલ વ્યક્તિનો પરિચય 'કુમાર' આપે તો સાથેસાથે તેમની સાથે સંકળાયેલ કળાકારોની જાણ પણ વાચકોને થાય એ હેતુથી આ લખવા પ્રેરાયો છું. -જશવંત ભાવસાર (વલસાડ)

•

'કુમાર'નો એપ્રિલ અંક જોયો. વાંચવાની મઝા આવી. સંગીતકાર શ્રી ભીખુભાઈ ભાવસાર વિશે માહિતીસભર સરસ લખાણ મૂકવા બદલ મારા ખાસ અભિનંદન સ્વીકારશો. સંગીતક્ષેત્રે શ્રી ભીખુભાઈ તેમજ સમગ્ર ભાવસાર કુટુંબનું સારું એવું પ્રદાન છે. એટલે આ જાતનું પરિચયાત્મક લખાણ ખૂબ યોગ્ય બની રહ્યું છે

ગુજરાતમાં સાહિત્ય-સંગીત-કલાક્ષેત્રે આવી મૂલ્યવાન સાધના કરતી અનેક વ્યક્તિઓ છે. આવા મહાનુભાવો માટે લખાણ મૂકી, એમના વ્યક્તિત્વને પ્રજા સમક્ષ મૂકવા, કામ અગત્યનું છે ને 'કુમાર' એ કરી રહ્યું છે તે બદલ અભિનંદન.

ભીખુભાઈના નાના ભાઈ જશવંતભાઈ પણ સારા સંગીતકાર છે. હમણાં એમણે એક બાળકાવ્યોની કૅસેટ તૈયાર કરી છે ને એના ઉદ્‌ઘાટન માટે મને વલસાડ બોલાવ્યો હતો. ભીખુભાઈ પણ એ વખતે મંચ ઉપર હતા. બીજા દિવસે ભીખુભાઈને રૂબરૂ મળવા એમના ઘરે ગયો ત્યારે 'કુમાર'માં વર્ણવ્યા મુજબ જ 'રિયાઝ'ની બેઠક ચાલુ હતી. આવા સિદ્ધહસ્ત કલાકાર વિશે 'કુમાર'માં લખાણ મૂકવા બદલ ફરી એક વાર અભિનંદન સ્વીકારશો.

-આઈ.જી. આચાર્ય (મુંબઈ)

•

૨૦૦૧, મે, 'કુમાર' ઊઘડતે પાને જ 'સૃષ્ટિ નવલી' નજરમાં વસી ગઈ, હૃદયને સ્પર્શી ગઈ, રોમરોમ પુલકિત થવાયું.

નયનરમ્ય પંચવિધ ચિત્રાવલિ રજૂ કરતું પ્રકૃતિગાન મનોહારી છે. અવારનવાર તેમાં ડૂબકી મારતાં રસતરબોળ થવાયું. ગવાતું સાંભળવાની કલ્પનાવશ નયનતૃપ્તિની જેમ શ્રવણતૃપ્તિ પણ અનુભવાઈ. આપણી કવિતાવાડીમાં આવાં ગાનપુષ્પો ખીલ્યાં કરે તો કેવું સારું એવી લાગણી થઈ.

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

•

સોનેરી ભોંયના પૂંઠાવાળું 'કુમાર' મળ્યું. વિવિધતા ગમી. કે.સી.ડે.ની વાતો વિગતે છપાઈ છે. મારી પાસે એક **Rare** કહી શકાય એવી ગ્રામોફોન રેકર્ડ છે. ૭૬ની સ્પીડની લાખની બનેલી ! કે.સી.ડે.એ ગુજરાતી ગીત ગાયાં છે એ બહુ ઓછાં સંગીતપ્રેમીઓ જાણતાં હશે. આ રેકર્ડનાં બંને ગીતો આપણા રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટની રચના છે ! ફરી ફરી સાંભળવાં ગમે એવા આ બંને ગીતો આજે પણ વહેતાં થાય તો શ્રોતાઓ રસથી સાંભળે ! સરસ મજાનું ભાવવાહી કવિતાતત્ત્વ અને કે.સી.ડે.નો દર્દભર્યો અવાજ !

HMV : N.15402

કે.સી.ડે. ગાયક રઘુનાથ બ્રહ્મભટ્ટ કવિ.

૧. મને આપો આંખ મુરારી **OML2898**

૨. અધુરી ગુંથી મોહ માલા **OML2899**

-રમેશ શાહ (સુરત)

સાહિત્યસંપર્ક

'માલગુડી'ના સર્જકની વિદાય

'ઇન્ડિયન થૉટ' જેવા સામયિક દ્વારા ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાને યોગ્ય રીતે



અભિવ્યક્ત કરવા મથનાર, માલગુડી જેવા કાલ્પનિક સ્થળવિશેષ સાથે અંગત પ્રસંગોનું આલેખન કરનાર, અંગ્રેજી ભાષામાં લખતા વાર્તાકાર-નવલકથાકાર રાસીપુરમ્ કૃષ્ણાસ્વામી નારાયણ અર્થાત્ આર.કે. નારાયણનું ૧૩મી મે ૨૦૦૧ના રોજ અવસાન થયું. એમનું વય પંચાણું વર્ષનું હતું.

'સ્વામી ઍન્ડ ફ્રેન્ડ્ઝ' એ પહેલી નવલકથાથી ખ્યાતિ પ્રાપ્ત કરનાર આર.કે. નારાયણનો જન્મ ૧૦ ઑક્ટોબર ૧૯૦૬માં ચેન્નાઈ ખાતે થયો હતો. પ્રાથમિક શિક્ષણ ત્યાં જ લઈને ૧૯૩૦માં મૈસુરથી સ્નાતક થયા. થોડોક સમય શિક્ષણકાર્ય કર્યું. ત્યાંથી 'જસ્ટિસ' નામક સમાચારપત્રમાં જોડાયા. એ સાથે જ 'ધ હિન્દુ' માં વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. એ જ અરસામાં પહેલી નવલકથા 'સ્વામી ઍન્ડ ફ્રેન્ડ્ઝ'નું સર્જન થયું. એ નવલકથાનું પ્રકાશન સરળ રીતે શક્ય બન્યું નહોતું. વારંવાર એના મુસદ્દામાં પરિવર્તન કરવું પડ્યું હતું. અને છતાં ય પ્રકાશનનો મેળ પડતો નહોતો. કંટાળીને નારાયણે એને ટેમ્સ નદીમાં ફેંકવાની સૂચના સાથે ઇંગ્લન્ડ મોકલી ત્યારે એ ગ્રેહામ ગ્રીન પાસે પહોંચી અને એમની ભલામણ સાથે પ્રકાશિત થઈ. ગ્રીનને એમાં ચૅખોવનાં દર્શન થયેલાં. એના પ્રકાશન સાથે નારાયણનું નામ નવલકથાકાર તરીકે ખ્યાત થઈ ગયું. એનું પ્રકાશન ૧૯૩૫માં થયું હતું. લગભગ સોળ જેટલી મહત્ત્વની નવલકથાઓનું એમણે સર્જન કર્યું, જેમાં 'ધી ઇંગ્લિશ ટીચર' (૧૯૪૬) 'ધ ફિનાન્સ્યલ ઍક્સપર્ટ' (૧૯૫૨), 'વેઇટિંગ ફૉર ધ મહાત્મા' (૧૯૫૫), 'ધ ગાઇડ' (૧૯૫૮), 'મૅનઈટર ઑફ માલગુડી' (૧૯૬૨), 'ધ વેન્ડર ઑફ સ્વીટ્સ' (૧૯૬૭), 'ધ પેઈન્ટર ઑફ સાઈન્સ' (૧૯૮૦) એ મુખ્ય છે. નવલકથામાં પ્રતીકનું આયોજન કરવામાં નારાયણ સફળ રહેલા છે. નદી, કમળ, સરોવર, ખંડિત મંદિર એમનાં પ્રતીકો છે, જે એમણે પારંપરિક સાહિત્યમાંથી લીધેલાં છે. ગાંધીજીની સીધી અસર ઝિલાઈ છે 'વેઇટિંગ ફૉર ધ મહાત્મા'માં. 'ધ ગાઈડ' એમની મહત્ત્વની કૃતિ છે. એના પરથી અંગ્રેજી અને હિન્દી ભાષામાં ફિલ્મ બનાવાઈ હતી. પરન્તુ મૂળ વાર્તાનું ખાસ્સું પરિવર્તન થઈ ગયું હતું. હિન્દી ફિલ્મ વિજય આનંદે બનાવી હતી અને અંગ્રેજી ફિલ્મ ટેડ ડૅન્યલ વસ્કી દ્વારા દિગ્દર્શિત થઈ હતી. એનાં પ્રોડ્યૂસર પર્લ બક હતાં.

વાર્તાકાર નારાયણ એમની કથનરીતિથી ધ્યાનપાત્ર બને છે. એમની વાર્તાસૃષ્ટિ વિપુલ છે. વાર્તાઓમાં ક્યાંક નવલકથાનું કથાવસ્તુ જ વ્યક્ત થયેલું છે. 'ધ વ્હાઈટ ફ્લાવર' અને 'ધ સેવન્થ હાઉસ' જેવી વાર્તાઓમાં 'ધ ઇંગ્લિશ ટીચર' નવલકથાનું કથાવસ્તુ જ ભિન્ન રૂપે આકારિત થયું છે. એમની પહેલી નવલકથા 'સ્વામી ઍન્ડ ફ્રેન્ડ્ઝ'ના પડઘા 'ડોડુ' અને 'ફાધર્સ હેલ્પ' વાર્તામાં સંભળાય છે. નારાયણ કથા પહેલા પુરુષ એકવચનથી કહે છે ત્યારે માલગુડીનો વાતોડિયો માણસ દેખા દે છે. જે ભારતીય ગ્રામસમાજનો પ્રતિનિધિ છે. જિંદગીના મુખ્ય પ્રવાહથી એ થોડો અળગો છે. એમની વાર્તાનો કથક ત્રીજો પુરુષ હોય ત્યારે એ તટસ્થ છે અને ક્યારેક એમની વાર્તાનો કથક સર્વજ્ઞ હોય એવું લાગે છે. વાર્તામાં આત્મકથાના અંશો જોવા મળે છે. એમની પહેલી વાર્તા 'અ બીચ ઑફ પ્રૉમિસ'માં આ તત્ત્વ છે. એ પારંપરિક ઢબના વાર્તાકાર છે. પ્રયોગનું દાસત્વ એમને વળગ્યું નથી.

આર.કે. નારાયણે 'માઈ ડેઝ' નામક આત્મકથા લખી છે અને એમની પ્રવાસકથા છે 'અ ડેટલેસ ડાયરી'. કથાસર્જક નારાયણ આ બન્ને જગ્યાએ સતત હાજર રહે છે તેથી એનું વાચન રસભર લાગે છે. એમણે 'નેક્સ્ટ સનડે' (૧૯૮૬) અને 'રિલક્ટન્ટ ગુરુ' (૧૯૭૪) જેવા નિબંધસંગ્રહો દ્વારા એ સાહિત્ય સ્વરૂપમાં પણ ખેડાણ કર્યું છે. ૧૯૪૦માં એમણે 'ધ વૉચમૅન ઑફ ધ લેક' નાટક લખ્યું હતું. પણ પછી એ સ્વરૂપ એમણે છોડી દીધું.

કૉમનવેલ્થના સાહિત્યકારોમાં એમનું સ્થાન મહત્ત્વનું હતું. આજીવન લેખન જ એમનો મુખ્ય વ્યવસાય રહ્યો. એમણે પત્રકારત્વ પણ કર્યું. એમની સાહિત્યસેવાને અનેક વાર સન્માનિત



'માલગુડી' નામક કાલ્પનિક ગામને આબેહૂબ ચિત્રિત કરનાર આર.કે. નારાયણની એ પાત્રસૃષ્ટિને રજૂ કરતું એમના નાનાભાઈ આર.કે. લક્ષ્મણનું કાર્ટૂન

કરવામાં આવી છે. એમને સાહિત્ય અકાદમીના એવૉર્ડ મળ્યા છે. ૧૯૬૪માં પદ્મભૂષણથી એમને સન્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય અનેક પુરસ્કારોના એ વિજેતા હતા. ૧૯૮૯માં એમને રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. એમની નવલકથા અને વાર્તાઓ પરથી ટી.વી. સીરિયલ પણ બનેલી છે. એમની અનેક કૃતિઓ ભારતીય ભાષાઓ ઉપરાંત અનેક ભાષામાં અનૂદિત થયેલી છે.

આર.કે. નારાયણનું જીવન ભારે વિટંબણામાં પસાર થયું હતું. એમાંય એમનું પ્રારંભનું જીવન અનેક આર્થિક યાતનાઓસભર હતું. લગ્ન પછી થોડા જ સમયમાં એમની પત્નીનું અવસાન થયેલું છતાંય એમની કથામાં કરુણના સ્થાને જીવનની હળવાશ વિશેષ છે. એમની કથનશૈલીમાં રમતિયાળપણું જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિનાં દર્શન એમનાં પાત્રોમાં જરૂર દેખા દે છે. એમનામાં સંવેદનશીલતા અપાર હતી. પણ પ્રતિષ્ઠાનો શોખ નહોતો. એમની કથાઓને એમના નાના ભાઈ આર.કે. લક્ષ્મણનાં ચિત્રોનો લાભ મળ્યો હતો. એમનું વ્યક્તિત્વ સરળ હતું, સ્વભાવ રમૂજી હતો. હળવી રીતે ભારતીય સંસ્કૃતિની ગાથાનું ગાન ગાનાર આર.કે. નારાયણના અવસાનથી અંગ્રેજી ભાષામાં લખતા ભારતીય સર્જકની ખોટ સાલશે છે. -પ્રફુલ્લ રાવલ

અવલોકન

નામાંકિત નટ સોમનાથ 'કલ્યાણી'

એક સો વર્ષનું પૂરું આયુષ્ય ભોગવી ચૂકેલા અને પોતાના કાર્યમાં સાચી નિષ્ઠા દાખવી અનેક લોકોનાં હૈયાં ઉપર લગભગ ૪૦ વર્ષ સુધી, અભિનયને કારણે રાજ કરી ચૂકેલા એક અદના માનવીની આ કથા છે.


સોમનાથ 'કલ્યાણી' ૧૦૦ વર્ષે

૧૮૯૯માં જન્મેલા સોમનાથભાઈએ રંગભૂમિના ક્ષેત્રે ૧૯૨૦થી ૧૯૫૦ સુધી નાટકોનાં રસિયાંઓ ઉપર અનન્ય જાદુ કર્યો હતો. જેવા કુશળ નટ તેવા જ ઉમદા માનવ હતા. એવું તે શું હતું એ સમયમાં કે માનવી પોતાનાં સ્વીકારેલાં કાર્યને નિષ્ઠાપૂર્વક વળગીને ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરતો હતો અને નીતિમૂલ્યોની સહજ પણ ઉપેક્ષા કરતો નહિ ?

તેઓએ ૧૯૩૧-૩૨માં આર્યનૈતિક નાટક સમાજના 'સમ્રાટ હર્ષ' નાટકમાં કલ્યાણીની ભૂમિકા ભજવી હતી. કરાચીમાં આ નાટકમાં તેમનો અભિનય જોઈને ત્યાંની નાટ્યરસિક પ્રજાએ તેમને 'કલ્યાણી'નું બિરુદ આપ્યું. ત્યારથી તેઓ સોમનાથ 'કલ્યાણી' તરીકે જ ઓળખાયા. ૧૦૦ વર્ષ પૂર્ણ થયે જ્યારે કલોલમાં તેમનો સન્માન-સમારંભ યોજાયો ત્યારે પણ એ જ જુસ્સાથી તેઓએ સન્માનના પ્રત્યુત્તરમાં 'કલ્યાણી'ની ભૂમિકાની બેતબાજી રજૂ કરી શ્રોતાઓને રસતરબોળ કર્યા હતાં.

વીસમી સદીના સમગ્ર પૂર્વાર્ધમાં જૂની રંગભૂમિનું મનોરંજન ક્ષેત્રે વર્ચસ હતું. નાયક, ભોજક કોમમાંથી આવેલા અનેક કલાકારો અભિનયના પંથે પ્રજાને જીવંત બોધ અને નીતિ-આદર્શનો પંથ ચીંધતા હતા.

કોઈ પણ નાટક છેવટે તો નીતિ અને બોધદાયક પ્રસંગો દ્વારા સમગ્ર પ્રજાના સંસ્કારઘડતરનું કાર્ય કરતું આખ્યાન હતું. અનેક ઐતિહાસિક અને પૌરાણિક પ્રસંગો ઉપર આધારિત નાટકો ભજવાતાં હતાં. કલાકારો પણ એ યુગમાં સાધનસવલતોના અભાવમાં પણ અવાજની બુલંદી અને જીવંત ઓતપ્રોતતા દ્વારા લોકહૈયાં પર રાજ કરતાં હતાં.

આ સમયે જ સોનાથભાઈએ ૧૯૧૧થી બાળકલાકારની ભૂમિકા ભજવીને આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો, પણ ૧૯૧૯થી ૧૯૪૯ સુધીમાં અનેક ધાર્મિક અને ઐતિહાસિક નાટકોમાં સ્ત્રીપાત્ર ભજવીને તે યુગની મુખ્ય અભિનેત્રી બની રહ્યા હતા !

તેમના જીવનનો મહત્ત્વનો પ્રસંગ હતો એ છેક ૧૯૩૫માં જ્યારે કલોલમાં તેમનો જ લગ્ન-પ્રસંગ ઉજવાઈ રહ્યો હતો ત્યારે શ્રી આર્યનૈતિક નાટક સમાજના 'સમ્રાટ હર્ષ' નાટકમાં 'તેમની ભૂમિકા ભજવવા માટે તાત્કાલિક જૂનાગઢ આવવું' તેવો તાર તેમને મળ્યો, અને માત્ર ફરજની સભાનતાથી લગ્ન-વિધિ પૂર્ણ થતાં જ કેશોદ ગયા હતા. આ નાટકમાં ઉત્તમ અભિનયને કારણે જ નવાબે તેઓને ચાંદીની મૂઠવાળી કટાર, જરીનો સાફો અને ૧૦૧ ચાંદીના રૂપિયા ભેટ આપ્યા હતા !

આવો જ પ્રસંગ આ પહેલાં ૧૯૧૯માં કરાચીમાં શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીના 'ભક્ત સુરદાસ' નાટકમાં ચિંતામણિની ભૂમિકા માટે બન્યો હતો. તેઓને ૧૦૪ ડિગ્રી તાવ હતો, તેથી જાહેરાત થઈ કે તેમના બદલે આજે બીજા કલાકાર રજૂ થશે. ત્યારે પણ પ્રેક્ષકોએ તેમના માટેનો આગ્રહ રાખ્યો અને કહ્યું કે ભલે તેઓ ખુરશીમાં બેસીને ભૂમિકા ભજવે પણ અમને તો સોમનાથભાઈ જ ચિંતામણિની ભૂમિકામાં જોઈએ. છેવટે સોમનાથભાઈએ પોતે જ આવા પ્રેમના પ્રત્યુત્તરમાં એ ભૂમિકા ભજવી હતી.

મોટે ભાગે તેઓએ સ્ત્રીભૂમિકાઓ જ ભજવી હતી છતાં તેમના માટે જ ત્રાપજકરે લખેલું 'વીરપસલી' નાટક શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજે વડોદરામાં રજૂ કર્યું. ત્યારે પ્રથમ વાર જ તેમની ભૂમિકા રાજેન્દ્ર નામના ખલનાયક તરીકેના પુરુષપાત્રની હતી. તેમાં તેઓ રંગભૂમિના રસિયાઓ ઉપર અભિનયનાં ઓજસ દ્વારા એવા તો છવાઈ ગયા કે ૧૯૪૪ના જાન્યુઆરીથી રજૂ થયેલા આ નાટકે સળંગ ૧૦૦ નાઈટ ભજવી અને કહેવાય છે કે અમદાવાદથી સાંજે વડોદરા જતી ટ્રેન તો આ નાટક માટેની સ્પેશ્યલ ટ્રેન કહેવાતી અને તેમાં આવતાં પ્રેક્ષકોની રાહ જોઈને નાટક મોડું શરૂ થતું હતું.

આવી હતી સોમનાથભાઈની નાટ્યયાત્રા આ નાનકડી પુસ્તિકામાં તેનું સરસ દર્શન શ્રી ધીરેન્દ્રભાઈ સોમાણીએ કરાવ્યું છે.


(સોમનાથ કલ્યાણી : લે. ધીરેન્દ્ર સોમાણી, પ્રકાશક, અસાઈ, સાહિત્ય સભા, ઊંઝા; ડિમાઈ સાઈઝ, - પૃ. ૪૩, કિ.રૂ. ૨૫.

-પ્રા. સુરેશ મ. શાહ

સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





નફા ને ખોટનો ખયાલ ન કર,
ફકીર સાથે ભાવતાલ ન કર.

કેમ કે, તું નથી તારી મિલકત
દોસ્ત, તારામાં ગોલમાલ ન કર.
-અદમ ટંકારવી

તમે ચાંદ-સૂરજ તરફ દોટ મૂકી,
અમારી છે મંઝિલ હૃદયની દિશાઓ.

અમે મેળવ્યું છે દરદ એ કે જેણે
ન આપી કદી એક તક પણ દવાને.
-અઝીઝ ટંકારવી

પ્રાપ્ત પ્રકાશનો

ગુજરાત સાહિત્ય અકાદમી (ટાઉન હૉલ સંકુલ, સેક્ટર ૧૭, ગાંધીનગર ૩૮૨ ૦૧૭)નાં પ્રકાશનો જયદેવકૃત ગીતગોવિંદ (કાવ્યાનુવાદ) અનુ. રાજેન્દ્ર શાહ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૪, રૂ. ૫૦. પાછલે બારણે (નવલકથા) લે. પન્નાલાલ પટેલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૩૫. **Moral and Social Thinking in Modern Gujarat : By C. N. Patel,** ડિમાઈસાઈઝ, કાચુંપૂઠું પૃ. ૯૨, રૂ. ૫૦. સ્વપ્નદ્રષ્ટા (નવલકથા) લે. કનૈયાલાલ માણેકલાલ મુનશી, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું પૃ. ૨૭૮, રૂ. ૫૦. એમ.એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી ? (નવલકથા) લે. અમૃત કેશવ નાયક, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું પૃ. ૩૧૦, રૂ. ૧૨૦ સ્વાધ્યાય અને સંશોધન (લેખસંગ્રહ) લે. ડૉ. બળવંત જાની, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૩૦. એક દિવસની મહારાણી (ડેમોન રનિયનની વાર્તાઓ) અનુ. ચન્દ્રવદન મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૮૫. અદાવત વિનાની અદાલત : લે. ચન્દ્રવદન મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૯૫. મ.ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૩ આત્મનિમજ્જન : લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૩૮૪, રૂ. ૧૩૦. કલાપીનો કેકારવ (કાવ્યસંગ્રહ) લે. સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી', ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૬૪૦, રૂ. ૧૨૫. અમેરિકામાં ભારતીયો (ઓળખની ખોજ, વિકાસની દોડ) લે. પ્રવીણ ન શેઠ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૧૫. ઈંગ્લંડમાં પ્રવાસ (પ્રવાસકથા) લે. કરસનદાસ મુલજી, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૧૨૦ દલપત ગ્રંથાવલિ-૩ (દલપતકાવ્ય ભાગ-૩ લે. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૫૧૨, રૂ. ૧૮૦. વેદના એ તો વેદ (ગીત સંગ્રહ) લે. ઉશનસ્, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૬૦. લોકગુર્જરી (અંક પંદર) સં. ડૉ. બળવંત જાની અને રાજુલ દવે, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું પૃ. ૧૯૨, રૂ. ૮૦.

કૈલાસ માનસરોવર
(દેશાટન-૨૯)



કૈલાસ અને ત્યાંનું પ્રવાસ-પ્રાણી યાક-(ચમરીગાય)

ઉત્તરાખંડ હિમાલયની બીજી બાજુ દિલ્હીથી લગભગ ૮૩૫ કિ.મી. દૂર ચીનના આધિપત્ય હેઠળના પશ્ચિમ તિબેટમાં આવેલાં કૈલાસ પર્વત અને માનસરોવર ચાર મોટા ધર્મો-બોનપા(તિબેટ), હિંદુ, બૌદ્ધ, જૈન ધર્મો-નું પવિત્ર તથા સુંદર ધામ છે.

સમુદ્રતટથી લગભગ ૧૯૪૫૦ ફૂટની ઊંચાઈએ આવેલા માનસરોવરની ઊંડાઈ ૩૦૦ ફૂટ કરતાં વધારે છે અને તેનો પરીઘ લગભગ ૯૦ કિલોમીટર જેટલો છે. ૫૫ કિ.મી.ની માનસરોવરની પરિક્રમા બે દિવસમાં પૂરી કરી શકાય છે. હવે તો બસની સુવિધા હોવાથી ઓછા સમયમાં પરિક્રમા થઈ શકે છે.

માનસરોવરથી થોડેક દૂર બીજું સરોવર રાવણહૃદ યા રાક્ષસતાલ સરોવર આવેલું છે, અને તેની ઈશાન તરફ આ બે સરોવરથી થોડુંક નાનું પણ વધુ ઊંચાઈએ આવેલું ગૌરીકુંડ સરોવર ચોમેર પહાડોથી ઘેરાએલું છે. એ પહાડોમાં પોતાની ઊંચાઈને લીધે જુદા તરી આવતા કૈલાસ અને ગુર્લા માંધાતા બે ભવ્યતમ પહાડ છે માન સરોવર આ બે પહાડોની વચ્ચે આવેલું છે.

પૌરાણિક કાળથી આજ સુધી ભારતના ઉગ્ર મહાતપસ્વીઓ, સાધુસંતો, યોગવિદ્યા-અભ્યાસીઓ આ માનસરોવરની પરિક્રમા કરતા આવ્યા છે, અને કૈલાસ પર્વતનાં દર્શન કરતા આવ્યા છે. ઑક્ટોબરથી એપ્રિલ દરમ્યાન બંને પર્વતમાળાઓ અને સરોવરો બરફથી જામ થઈ જાય છે. માનસરોવરનું પર્યટન મેથી સપ્ટેમ્બર મહિના દરમ્યાન થઈ શકે છે. ભારતના વિદેશ મંત્રાલય, દિલ્હી અને ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડ-ગાંધીનગરનો સંપર્ક સાધી પર્યટને જઈ શકાય છે. (સંકલિત)



આર્દ્ર ક્ષણો

ગોરંભશે મેહુલિયો આભમાં જરીક ને
આંગણિયે ઝૂમશે ઢેલડી
લીલુંછમ બની જાય સહરાનું રણ
તો તો નર્તશે ઉલ્લાસે ધરણી.
મળી જાય મારગમાં માધવ ઘડીક
એને ભીંજવશે રાધા એકલડી.

('સુરતા'માંથી) -ડૉ. દિવ્યાક્ષી દિવાકર શુક્લ

રાષ્ટ્રવાદી પ્રયોગશીલ કલાકાર જગુભાઈ શાહનું નિધન

'મારા બધા જ વિદ્યાર્થીઓ ચિત્રકાર થઈ જશે એવું હું નથી માનતો પણ તે વિદ્યાર્થીઓ જીવનના ગમે તે ક્ષેત્રમાં જાય તો પણ તેમને મળેલી કલાસૂઝ તેમની જિંદગીને શુષ્ક બની જતી અટકાવનાર જરૂર બનશે.'

પોતાના 'ટાબરિયા' વિદ્યાર્થીઓમાં ભવિષ્યના કલાસંસ્કાર-મંડિત નાગરિકોનાં દર્શન કરનાર એક સાચા કલાકાર શિક્ષકના છે આ શબ્દો, જેમનું નામ છે શ્રી જગુભાઈ શાહ.

ઈ.સ. ૧૯૧૬માં સૌરાષ્ટ્રમાં તેમનો જન્મ. નાનપણથી જ માવતરની છત્રછાયા ગુમાવી બેઠેલા જગુભાઈએ અંગ્રેજી પાંચ ધોરણ સુધીનું શિક્ષણ પૂરું કરતાં સુધીમાં તો તેમને સંજોગવશાત્ શાળા છોડવી પડી. તે વખતથી જ ચિત્રમાં રસ ધરાવતા જગુભાઈ પેન, ચૉક કે કોલસા વડે ચિતરામણ કર્યા કરે. વિધિવશ મુંબઈ જઈ પહોંચેલા આ યુવાનમાં રહેલી કલાસૂઝને પારખી ગયેલા નામાંકિત ચિત્રકાર શ્રી 'કલાબ્ધિ'એ આપેલી સલાહ મુજબ તેઓ સર જે.જે. સ્કૂલ આંક આર્ટ્સમાં દાખલ થયા. ૧૯૩૪માં ડ્રૉઈંગ અને પેઈન્ટિંગની અંતિમ પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે ડિપ્લોમા મેળવ્યો.

અભ્યાસક્રમ દરમિયાન જ તેમનાં ચિત્રોની ઉચ્ચ કક્ષાએ સૌને પ્રભાવિત કરેલાં, જેમાંથી કેટલાંક તો એ કાળે લંડન પ્રદર્શનમાં મોકલાયેલાં. ૧૯૩૨માં તેમને શ્રેષ્ઠ ચિત્ર માટેનો 'ડૉલી ખોરશેદજી એવૉર્ડ' મળેલો. ૧૯૩૫માં તેમને 'મ્યૂરલ પેઈન્ટિંગ માટે શિષ્યવૃત્તિ પણ મળેલી. એ જ વર્ષે પોસ્ટ ડિપ્લોમાના આ અભ્યાસીને 'લૉર્ડ વિલિંગ્ડન ઍવૉર્ડ' પણ મળેલો.

આમ, ચિત્રકલાક્ષેત્રે પ્રગતિનાં સોપાનો સર કર્યે જતા જગુભાઈને સંગીતનો નાદ લાગતાં સિતારવાદન શરૂ કરેલું. પુનઃ 'શ્રી કલાબ્ધિ' એ તેમને કલાશિક્ષણમાં મળતી તક માટે મુંબઈ બોલાવી લીધા, જ્યાં ૧૯૩૭ થી ૧૯૪૦ સુધી તેમણે 'નૅશનલ અકાદમી ઑફ ફાઈન આર્ટ ઍન્ડ કમર્શ્યલ આર્ટ' સંસ્થામાં ઈન્સ્ટ્રક્ટર તરીકે કામ કર્યું.



૧૯૪૦માં એક વર્ષ તેઓ મદ્રાસની કલાશાળામાં જોડાયા અને જાણીતા કલાકાર શ્રી દેવીપ્રસાદ રોયચૌધરી પાસે શિલ્પકામની તાલીમ મેળવી, જેમાં સારી એવી સફળતા મળી છતાં અહીં તેમનું મન કૉળ્યું નહીં. તેમની ઈચ્છા શાંતિનિકેતનમાં કલાચાર્ય શ્રી નંદબાબુ પાસે શીખવાની હતી, પણ તે શક્ય ન બનતાં ૧૯૪૧-૪૨માં વેડછી આશ્રમમાં કલાશિક્ષકની નોકરી સ્વીકારી લીધી.

અહીં તેઓ રાષ્ટ્રવાદ અને ગાંધી-તત્ત્વદર્શનથી પૂરેપૂરા પ્રભાવિત થયા, જેની અસર તેમનાં ત્યાર પછીનાં ચિત્રોમાં વર્તાય છે. દરમિયાન ૧૯૪૨નાં અસહકાર આંદોલનમાં ઝુકાવીને જેલયાત્રા પણ કરી. સત્યાગ્રહીઓને તેમણે સાબરમતી જેલમાં કલાના પાઠ આપ્યા.

ત્યાંથી મુક્ત થયા પછી પોતે સૌરાષ્ટ્રના લોકજીવનને આલેખવાની ભાવના સાથે ભાવનગર આવ્યા અને 'ઘરશાળા' સંસ્થામાં ૧૯૪૩ થી ૪૮ સુધી કલાશિક્ષણ આપ્યું. તેમના આ દિવસોને યાદ કરતાં કલાકાર શ્રી ખોડીદાસભાઈ પરમાર લખે છે :

'એકલ પંડે હોવાથી, ઘર હોવા છતાં પોતે આખો દિવસ કલાવર્ગમાં જ રહેતા. જ્યાં ચિત્રો અને ચિત્રપ્રસંશકોથી ઘેરાયેલા રહેતા. દર અઠવાડિયે લૅન્ડસ્કેપ શીખવવા વિદ્યાર્થીઓને બહાર લઈ જતા. પોતે ટેકનિકનું પ્રત્યક્ષ જ્ઞાન શીખવવા સૌની વચ્ચે બેસીને કામ કરતા. જ્યાં જાય ત્યાં મંદિર કે શાળાની ભીંતે ચિત્રો દોરી આવે. સાથે લઈ ગયેલા વિદ્યાર્થીઓ પાસે પણ ચિત્રો કરાવે. પોતે ટેમ્પેરા રંગોમાં સફેદ રંગ ભેળવીને સુશોભનાત્મક કથનાત્મક પેનલો આલેખતા. 'ભક્ત સુરદાસ અને ગાય, ગાયોનું ધણ, પીછવાઈની ગાયો, ત્રીજી પેઢી ઘરદીવડો, વૃદ્ધા અને તેનો પૌત્ર, ઉપરાંત વૉશ ટેકનિકમાં સીતા અને સુવર્ણમૃગ, ગોવાળો વગેરે તેમનાં ૧૯૪૯ સુધીનાં પારંપરિક શૈલીનાં ચિત્રો હતાં.

ઈ.સ. ૧૯૫૦-૫૧માં જગુભાઈએ નવી દિલ્હીની જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાંથી કલાશિક્ષણનો ડિપ્લોમા મેળવ્યો. ૧૯૫૪માં વનસ્થલી વિદ્યાપીઠ જયપુરમાંથી ફ્રેસ્કો પેઈન્ટિંગની તાલીમ પણ મેળવી હતી. ૧૯૫૨થી પોતે જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાં ફાઈન આર્ટના વ્યાખ્યાતા તરીકે જોડાયા, જ્યાંથી પોતે ૧૯૭૬માં નિવૃત્ત થયા. અહીં જ તેમને શ્રી વનલીલાબહેન સાથે પરિચય થયો. જે લગ્ન સંબંધમાં પરિણમ્યો. શ્રી વનલીલાબહેન પણ સારાં ચિત્રકાર અને સ્વાતંત્ર્યસેનાની હતાં.

પ્રકૃતિસૌન્દર્યના ચાહક આ કલાકારે કાશ્મીર, નૈનિતાલ, રાનીખેત, ...વેલી, મનાલી અને બદ્રીકેદાર પાસેના હિમાલયનાં પહાડી સૌંદર્યને પોતાનાં સર્જનોમાં ઉતાર્યું છે. તેમનાં આ જલરંગી દશ્યચિત્રોમાં પીંછીના લસરકા અને રંગમિલાવટમાં જે સૂઝ દર્શાવી છે તે મુગ્ધકર છે. તૈલરંગી ચિત્રોમાં બ્રશના બદલે પેલેટ નાઈફથી રંગપુરણીની ટેકનિક અપનાવી છે. ભારતીય પ્રણાલીના આ ચિત્રકારે પ્રયોગશીલતામાં પણ ભારતીય જીવનની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસાને જાળવીને રંગ અને આકારનાં પ્રતીકોને જ પ્રાધાન્ય આપ્યું છે. તેમનાં પછીનાં કલાસર્જનોમાં મુખ્યત્વે ગાંધીવિચાર અને વિશ્વબંધુત્વની ભાવના મુખ્ય રહી છે. તેની રજૂઆતમાં તેમણે શાંતિનિકેતન શૈલી 'બંગાળ સ્કૂલ'નો જે આધાર લીધો છે તે ઊંડી અસર નિષ્પન્ન કરે છે. તેમનાં લોકજીવનને સાકાર કરતાં ચિત્રોમાં ગ્રામજનો સાથેની તદ્રુપતા વર્તાય છે. ખાસ તો વિશાલ સમૂહને આવરી લેતાં વિહંગ દશ્યો સમાં વિસ્તૃત ફલકવાળાં ચિત્રો દોરવાની હથોટી તેમણે કેળવી છે. તેમનાં રેખાંકનમાં રેખા પરનું સચોટ પ્રભુત્વ તથા રંગ-આયોજન સ્વચ્છ-સ્પષ્ટ ને સંતુલિત હોય છે. આધુનિક કલાસ્વરૂપોનાં અભિગમને અપનાવીને બુદ્ધિગમ્ય ભાવવાહિતા ઉત્પન્ન કરતાં તેમનાં ચિત્રસંયોજનોમાં પ્રતીકવાદ, અતિવાસ્તવવાદ, અમૂર્તવાદ જેવાં અદ્યતન શૈલીઓના પ્રયોગો પણ અપનાવી શક્યા છે.

ભાવનગરની 'ઘરશાળા' જેવી નાનકડી સંસ્થાથી લઈને નવી દિલ્હીની જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી સુધીની કારકિર્દીમાં કલાશિક્ષણ દ્વારા અનેક ઉત્તમ ચિત્રકારો તૈયાર કરનાર જગુભાઈએ જાહેર જીવનમાં આપેલી કલાસેવા પણ નોંધનીય છે. ૧૯૫૧માં જયપુર તથા ભાવનગર ખાદીગ્રામોદ્યોગ પ્રદર્શન માટે તેમણે ૫૦ જેટલાં ચિત્રો તથા સુશોભન પેનલો તૈયાર કરેલાં. ૧૯૫૨માં 'ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કુટિર'નું સુશોભન ગોહિલવાડ કેળવણી શતાબ્દી મહોત્સવ નિમિત્તે ૧૦૦ જેટલાં પોસ્ટરો, અખીલ ભારતીય કૉંગ્રેસ અધિવેશનો માટે સુશોભન-સજાવટ, ઉપરાંત જામિયા મિલિયામાં યોજાતાં શૈક્ષણિક મેળા-પ્રદર્શનોમાં તેમની કલાનો ઓપ અર્પતા રહ્યા.

કલાશિક્ષકોને અનુલક્ષીને 'બાળકો માટે કલાશિક્ષણની પદ્ધતિ અને સિદ્ધાંતો' પર તેમણે તૈયાર કરેલું પ્રદર્શન આ ક્ષેત્રે તેમનું શૈક્ષણિક પ્રદાન કહી શકાય. વેડછી, વનસ્થલી, ગાંધીસ્મૃતિ (ભાવનગર), લોકભારતી (સણોસરા), રાજભવન (અમદાવાદ), સાહિત્ય અકાદમી (નવી દિલ્હી) તથા મુંબઈની જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાં તેમણે કરી આપેલાં ભીંતચિત્રો-સુશોભનો આજેય તેમની કલાની સૌરભ પ્રસરાવે છે.

છેક ૧૯૪૦માં મદ્રાસ ખાતે જગુભાઈનાં ચિત્રોનું વૈયક્તિક પ્રદર્શન યોજાયેલું તે ઉપરાંત અમદાવાદમાં ત્રણ (૧૯૫૬, ૧૯૫૮, ૧૯૭૮) તથા નવી દિલ્હીમાં છ (૧૯૬૨, ૧૯૬૮, ૧૯૭૧, ૧૯૭૫, ૧૯૮૮, ૧૯૯૭) વન-મૅન-શો યોજાઈ ગયા છે. શ્રી જગુભાઈની વિશિષ્ટ સિદ્ધિઓ અને પ્રદાનને લક્ષમાં લઈને ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીએ ૧૯૭૮માં અમદાવાદમાં સંસ્કાર કેન્દ્રમાં યોજાયેલા સમારંભમાં તેઓને શાલ-સન્માનપત્ર પારિતોષિક વડે સન્માનિત કર્યા છે.

ઠીંગણું કદ, હસતો ચહેરો, સતત પ્રેમાળ અને ભાવનાશીલ કલાશિક્ષક એવા શ્રી જગુભાઈનું તાજેતરમાં તેમના પુત્રને ત્યાં અમેરિકા ખાતે ૨૨મી મે ૨૦૦૧ના રોજ ૯૫ વર્ષની વયે અવસાન થતાં કલાજગતે એક સાચો કલાકાર અને કલાશિક્ષક ગુમાવ્યો છે. -ડૉ. પ્રિયબાળા શાહ

ષટ્ - ષડ્

(૧) ષટ્ કર્મ : અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, યજન અને યાજન. (બ્રાહ્મણના)

જારણ, મારણ, ઉચ્ચાટન, મોહન, સ્તંભન અને વિધ્વંસન (તાંત્રિકના)

ધૌતિ, બસ્તી, નેતી, વૌલી, ત્રાટક અને કપાલભાતી. (યોગીનાં કર્મ)

(૨) ષટ્સાધન : શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને શ્રદ્ધા

(૩) ષડ્ઋતુ : વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર.

(૪) ષડ્ગુણ : સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રય, (રાજનીતિના ગુણ)

ધર્મ, યશ, વીર્ય, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય (ઈશ્વરને પ્રાપ્ત કરવાના ગુણ)

(૫) ષડ્દર્શન : સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા, અને વેદાંગ (વૈદિક તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્ર)

(૬) ષડ્રસ : મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો અને તૂરો

(૭) ષડ્રિપુ (શત્રુ) : કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર.

-સંજય ભટ્ટ

પુસ્તક-વર્ષની ઉજવણી

ભારત સરકારે ઈ.સ. ૨૦૦૧ને પુસ્તક વર્ષ તરીકે જાહેર કરેલું છે. ટેલિવિઝનના આ યુગમાં થીએટરોની જેમ પુસ્તકોની હાલત પણ બદતર થતી હોવાની વ્યાપક ફરિયાદ છે. સરકારે કરેલી આ જાહેરાતના અનુસંધાને પુસ્તકોને પ્રોત્સાહન આપવા માટે કેટલીક યોજનાઓ અવશ્ય અમલમાં આવશે. કેટલાંને મળશે તેનું અનુમાન કરવું મુશ્કેલ છે. પરંતુ આ જાહેરાત થતાંની સાથે પુસ્તકપ્રેમીઓ, શાળાઓ, કૉલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રકાશન-ગૃહોની જવાબદારી પણ વધી જાય છે.

પુસ્તકોના મહત્ત્વ વિશે ઘણું બધું કહેવાયું અને લખાયું છે. ગુજરાત પુસ્તકાલય, વડોદરાએ ચાલુ વર્ષમાં બે વાર ગ્રંથયાત્રાનું આયોજન કરીને સ્તુત્ય પ્રયાસ કર્યો છે. પરંતુ આ તમામ સંસ્થાઓએ મળીને બાળકોમાં પુસ્તક પ્રતિ રુચિ અને વાચનવૃત્તિની કેળવણી માટે પ્રયત્નો કરવા જોઈએ.

(૧) બાળસાહિત્ય છેલ્લાં કેટલાં વર્ષોથી ઠીકઠીક પ્રમાણમાં પ્રકટ થતું રહ્યું છે. બાળકોની જિજ્ઞાસાવૃત્તિ ધ્યાનમાં લઈએ તો તે મુજબ આવા સાહિત્યનો વ્યાપક ઉપયોગ થતો નથી. આમાં કિંમત કદાચ અવરોધ રૂપ બનતી હશે. પરંતુ આના યે ઉપાયો છે જ. એ કે શાળાઓમાં વાર્તા કહેવાની પદ્ધતિ વિકસાવવી જોઈએ. વાર્તાકથન બાળકોમાં હકારાત્મક અસર ઉત્પન્ન કરશે તેટલું નક્કી છે.

(૨) હેતુલક્ષી અને કુતૂહલલક્ષી બાળસાહિત્યના પ્રકાશન માટે સરકારે યોજનાઓ જાહેર કરવી જોઈએ. તેમાં વિવિધતા જાળવવાના ખાસ પ્રયાસો થવા જોઈએ. આ બાબતમાં એક વિશેષ કાળજી એ પણ લેવાવી જોઈએ કે બાળકોને ગેરમાર્ગે દોરતા અને અંધશ્રદ્ધાયુક્ત સાહિત્યને બદલે બાળકોની સંભાવ્ય શક્તિઓના પ્રગતીકરણ માટેના સાહિત્યનું સર્જન થવું જોઈએ.

(૩) શાળા અને કૉલેજોમાં અને જ્યાંજ્યાં ક્લબો, સામાજિક કે સ્વૈચ્છિક સંસ્થાઓ હોય, ત્યાં પુસ્તકમેળાઓનું આયોજન થવું જોઈએ. વાચનવૃત્તિની કેળવણી માટેનો આ એક સરળ ઉપાય છે, કારણ કે દરેક ગામ કે શહેરમાં સારાં પુસ્તકો મળતાં હોતાં નથી અને ઇચ્છુક વાચકો મોટાં શહેરમાં જઈ એ પુસ્તક ખરીદવાની ત્રેવડ ધરાવતાં હોતાં નથી. શાળાકૉલેજો આ બાબતમાં સ્થળની સવલત કરી આપે તો બહુ સહેલાઈથી આ લક્ષ્ય સિદ્ધ કરી શકાય.

(૪) અનુભવે એમ જણાવ્યું છે કે પુસ્તકની કિંમતમાં ખર્ચ ઉપરાંત આશરે ૫૦% ગાળો રાખવામાં આવે છે. પુસ્તક-રસિકો માટે પુસ્તકની વધારે પડતી કિંમત મોટામાં મોટો અવરોધ છે. માત્ર પુસ્તકાલયો જ ખરીદ કરી શકે તેટલી મોટી કિંમત કેટલાંય પુસ્તકોની હોય છે. કિંમત નક્કી કરતી વખતે આ ગાળાનું પ્રમાણ જો ઘટાડી શકાય તો પુસ્તકવર્ષની ઉજવણી સાર્થક થયેલી ગણાશે.

(૫) પુસ્તકને મોકલવાના ટપાલ-ખર્ચમાં ખાસ રાહત મળવી જોઈએ. સરકાર અનેક વસ્તુઓ ખરીદવા માટે સબસિડી અને રાહતો જાહેર કરે છે. સરકારના પક્ષે જ્ઞાનપ્રસાર જેવું કોઈ ઉત્તમ કામ નથી. વર્તમાન દર પ્રમાણે પુસ્તકો મોકલવાનો ખર્ચ ઘણો વધારે છે. સરકાર પુસ્તકવર્ષની ઉજવણીને સાચી રીતે ઇચ્છતી હોય તો ટપાલદરોમાં અનિવાર્યપણે રાહત મળવી જોઈએ. -અ.ન. કરીઆ

ઊગતું ઘર

ઘર દરેક માનવ માટે જરૂરિયાત બની ગઈ છે. આદિકાળમાં વનવાસી માનવો જંગલમાંથી જે મળે તેની ઝૂંપડી બાંધી જીવન જીવતાં. ધીરેધીરે પાકાં મકાનો બંધાવા લાગ્યાં. માનવે પોતાની અક્કલથી કુદરતી શક્તિનો ઉપયોગ કરી સંસ્કૃતિનો વિકાસ કરવા માંડ્યો છે. પણ વિકાસના નામે જે કુદરતનો વિનાશ થઈ રહ્યો છે તે આજે માનવજાત ભોગવી રહી છે.

પાણીનો બેફામ અંધાધૂંધ વપરાશ, ખોરાકનો બગાડ, હવાનું પ્રદૂષણ, નદીનાળાંનાં પાણીનું પ્રદૂષણ. આમ બધું જ બગડી રહ્યું છે. ત્યારે એનો કોઈ ઉપાય છે ? તેનો ઉપાય છે ઊગતું ઘર, સજીવ ખેતી.

૧૯૯૯ના ચોમાસામાં શ્રી દાભોલકરજીને ઊગતું ઘર બનાવવાની કલ્પના આવી. તે પ્રમાણે તેમણે ઊગતું ઘર બનાવવાનું શરૂ કર્યું છે.

૨૦ ફૂટ લાંબી, ૨૦ ફૂટ પહોળી જગામાં દીવાલ કરવાને બદલે દર ૫-૫ ફૂટને અંતરે માનવેલ વાંસ ઉગાડ્યા છે. આ વાંસ જંગલની પડતર જમીનમાં એકબે વર્ષમાં ૧૫-૨૦ ફૂટ જેટલા ઊંચા ઊગી નીકળશે. તે વાંસની ચારે બાજુ નાની મોટી ડાળીઓ ફૂટી નીકળે છે. દીવાલને બદલે વાંસની ડાળીઓ જોડીને ચારે બાજુથી દીવાલ બનાવવાની છે. વાંસની દીવાલની બહારની બાજુએ જાતજાતના ફૂલછોડ ઉગાડીને ૩ ફૂટ જેટલી ઊંચી ઘટ્ટ દીવાલ બનાવવાની કલ્પના છે. તેથી રંગબેરંગી ફૂલોવાળી સુગંધી દીવાલ બનશે. આ વાંસની ઘટ્ટ દીવાલની અંદરની બાજુએથી છાંટણી થતી રહેશે અને બહારથી તેમજ ઉપરથી તેને કુદરતી રીતે વધવા દેશે. જતે દહાડે આ દીવાલ અને છાપરું મજબૂત બની જશે. અવારનવાર જાળવણી કરીને ૫૦-૭૫ વર્ષ સુધી આ ઘર રહેવાલાયક બનાવતા રહેશે.

એકવીસમી સદીમાં જ્યારે ઘરની તંગી વર્તાશે ત્યારે ગામડાંઓની ખુલ્લી જમીનમાં આવાં ઊગતાં ઘરોમાં મસ્તીથી જીવન જીવનારાઓનાં ગામો ઊભાં થશે. ('સ.પ્રે.સ.'માંથી સાભાર)

મનઝરૂખો

ઈ.સ. ૧૯૧૩ની દીપાવલિના દિવસે ભારતના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ જી.ડી. બિરલાએ પોતાના પુત્ર વસંતને એક પત્ર લખ્યો. પત્ર આ પ્રમાણે છે :

ચિરંજીવી વસંત,

હું જે લખું છું તે અત્યારે અને એ પછી મોટી વયે પણ વાંચતો રહેજે. મારા અનુભવના પરિપાકરૂપે આ લખું છું. એ સાચું છે કે માનવજન્મ પામવો અત્યંત વિરલ છે. આવો મનુષ્યજન્મ પામ્યા પછી તેનો દુરુપયોગ કરે તે પ્રાણી સમાન છે. તારી પાસે સંપત્તિ અને આરોગ્ય છે. જિંદગી સારી રીતે પસાર કરવાનાં સાધનો પણ છે. આ બધું સાર્થક ત્યારે જ થાય જ્યારે તેને બીજાની સેવામાં જોતરીએ, નહીંતર એ અનિષ્ટનાં સાધન બની જશે. નીચેની બાબતોની ખાસ કાળજી રાખજે.

૧. ક્યારેય મજાક કે અટકચાળા કરવા ખાતર ધનનો ઉપયોગ કરીશ નહીં. રાવણે આ રીતે ધનનો ઉપયોગ કર્યો, જ્યારે જનકે બીજાની સેવામાં ધનનો ઉપયોગ કર્યો. સંપત્તિ સદાય સાથે રહેતી નથી, તેથી જ્યાં સુધી એ છે ત્યાં સુધી એનો પરોપકારાર્થે ઉપયોગ કરવો જોઈએ. પોતાની જાત માટે ઓછામાં ઓછું ખર્ચો. વધેલી સંપત્તિ બીજાંનાં દુઃખો અને યાતનાઓ ઓછી કરવા વાપરો.

૨. સંપત્તિ એ શક્તિ છે, પરંતુ જો એ શક્તિનું અભિમાન આવી જાય તો બીજાંઓને અન્યાય કરી બેસીએ તેવી શક્યતા છે. આ વાત તમારાં બાળકોને પણ કહેજો.

૩. જો તમારાં બાળકો સુખચેનનાં શોખીન અને ભાગોમાં ડૂબી જશે તો તેઓ પાપ કરશે અને આપણા ઉદ્યોગો નાશ પામશે. આવાં ધનને વ્યર્થ વેડફી દેનારાં બાળકોને તમારી સંપત્તિ આપશો નહીં. તમારું ધન આવાં સંતાનના હાથમાં જાય તેને બદલે ગરીબોમાં વહેંચી દેજો. એટલું યાદ રાખજો કે તમે આ સંપત્તિના ટ્રસ્ટી છો. અમે ભાઈઓએ વ્યવસાયના વિકાસ માટે સાચે જ મહેનત કરી છે. એ સંપત્તિ યોગ્ય રીતે વપરાય તેનો ખયાલ રાખજો.

૪. હંમેશા યાદ રાખજો કે તમારું ધન એ અંતે તો પ્રજાનું ધન છે. સ્વાર્થી હેતુઓ માટે એને વાપરશો નહીં.

૫. ઈશ્વરને ક્યારેય ભૂલશો નહીં. એ આપણને સાચી સમજણ આપે છે.

૬. તમારી ઇંદ્રિયો પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરો.

૭. નિયમિતપણે કસરત કરજો.

૮. ખોરાકને શરીર માટેનું ઔષધ માનીને ખાજો. જીભના સ્વાદને વશ થઈને ખાનાર વહેલા મૃત્યુ પામે છે અથવા કામ કરવા અશક્તિમાન બને છે. -કાકોજી (જી.જી. બિરલા) ('સંદેશ'માંથી)

ચોમાસાનું શાક અને ઔષધિ : કારેલાં

કોઈ વસ્તુ કડવી હોઈને પણ ગુણકારી હોઈ શકે છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ કારેલાં છે. કારેલાંનું શાક બનાવીને ખાવામાં ઉપયોગ થાય છે અને એના ઔષધીય ઉપયોગ પણ ઘણા થાય છે.

ચોમાસાના શાક તરીકે કારેલાંને આપણે ઓળખીએ છીએ. આમ છતાં આજના સમયમાં તો હવે બારેમાસ કારેલાં મળતાં થયાં છે અને અજાણપણે મોટા ભાગનાં લોકો તેનો ઉપયોગ બારેમાસ કરતાં થયાં છે. કારેલાં ભેજવાળી ઠંડી ચોમાસાની ઋતુમાં જ શાક તરીકે ખાવા આરોગ્યને માટે હિતાવહ છે. જ્યારે બાકીના દિવસોમાં ખાવાથી ઝાડા, ઊલટી કે મરડો થઈ જાય છે.

'આર્યભિષક'માં લઘુ કારેલાં અને મોટાં કારેલાં એમ કરીને નોંધ છે. કે લઘુકારેલાં : અતિ કડવાં, અગ્નિદીપક, લઘુ, ગરમ, શીત, ભેદક, સ્વાદ્ય અને પથ્યકર છે. તે અરુચિ, કફ, વાયુ, રક્તદોષ, જ્વર, કૃમિ, પિત્ત, પાંડુ તથા કોઢનો નાશ કરે છે. મોટાં કારેલાં : તીખાં કડવાં, અગ્નિદીપક, અવૃષ્ય, ભેદક, રુચિકર, ખારાં, લઘુ, વાતલ અને પિત્તનાશક છે તથા રક્તરોગ, પાંડુ, અરુચિ, કફ, શ્વાસ, વ્રણ, કાસ, કૃમિ, કોઢરોગ, કુષ્ઠ, જ્વર, પ્રમેહ અને કમળાનો નાશ કરે છે. પાન : ડીંટડાં સહિત કોમળ પાન કટુ, પૌષ્ટિક, મૂત્રજનક, વામક અને રેચક છે. કોઈ વખત ઊલટી અને દસ્ત બહુ જ થાય છે. માત્રા : ડીંટડાં સહિત પાનનો રસ ૧ થી ૨ ગ્રામ મોટા માણસને માટે. બાળકને પા થી એક ગ્રામ.

કારેલાં અતિ ઉપયોગી અને હાથવગી ઔષધિ છે. પણ જેને ઝાડા કે મરડો થયો હોય કે આંતરડાંમાં ગરમી પેદા થઈ હોય, લોહી પડતું હોય તેવાંઓએ કારેલાંનો ઉપયોગ કરવો નહિ.

બીજું, ધ્યાનમાં એ રાખવું કે કારેલાંનું શાક કદી કાચું ન રહી જાય. વળી, શાક ચાવીને જ ખાવું. આમ ન થાય તો વાયુનો પ્રકોપ થઈ શકે છે. ઔષધ તરીકે હમેશાં રસનો જ ઉપયોગ વધુ ગુણકારી છે. કારેલાંમાં લસણનો વઘાર કરીને તથા તેમાં ડુંગળી ઉમેરીને શાક બનાવવાથી તે પાચક બને છે.

કારેલાંના ઉપયોગમાં મહત્ત્વની બાબત એ છે કે તેની કડવાશ જળવાઈ રહેવી જોઈએ. તેની છાલ બહુ કાઢવી નહિ ને મીઠું બહુ ચડાવવું નહિ. કારેલાંની જેટલી કડવાશ દૂર થશે એટલા તેના ગુણ ઓછા થશે. કડવાશથી જ કારેલાંનો ઔષધીય ફાયદો મળે છે. ચોમાસા જેવી બોદી ઋતુમાં તેનો ભરપૂર ઉપયોગ કરીએ, જેથી શરીરમાં પડેલાં દર્દો દૂર થાય અને શરદ ઋતુમાં આવતા રોગોથી બચી શકાય. ('વિજ્ઞાનદર્શન'માંથી)

'અખંડ આનંદ' તમે જોયું ?

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી ૧૯૪૭માં શરૂ થયેલું સર્વોપયોગી અને સર્વદેશીય માસિક 'અખંડ આનંદ' ૧૯૯૦ના વર્ષમાં આઠ મહિના માટે સંજોગવશાત્ બંધ રહ્યું હતું. ૧૯૯૧માં ભિક્ષુ અખંડાનંદ ટ્રસ્ટને સોંપાયેલું આ માસિક છેલ્લાં અગિયાર વર્ષોથી નવેસરથી સુપેરે પ્રકાશિત થઈ રહ્યું છે. સર્વસાધારણ સુશિક્ષિત નાગરિકોને સત્ત્વશીલ અને રસપ્રદ પારિવારિક વાચન આપતા આ માસિકમાં માહિતી (જ્ઞાન), શિષ્ટ મનોરંજન અને મૂલ્યબોધનો સંગમ થયેલો છે. વાર્ષિક લવાજમ રૂપિયા દોઢસો, વિદેશમાં (એરમેલથી) રૂપિયા એક હજાર. વિશેષ માહિતી માટે સંપર્ક : વ્યવસ્થાપક, ભિક્ષુ અખંડાનંદ ટ્રસ્ટ, આનંદભુવન, રિલીફ રોડ, જી.પી.ઓ. બૉક્સ નં. ૧૨૩, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ❐

ઊગે છે જે કટાણે તે આથમે પણ એ રીતે,
વખ્તને પારખીને જે ભરે છે ડગ એ જીતે.

ભારતીય રાષ્ટ્રિય કૉંગ્રેસના પ્રમુખ પુરુષોત્તમદાસ ટંડન રાજ્યસભાના સભ્ય હતા, ત્યારે ભથ્થાનો ચેક લેવા રાજ્યસભાના કાર્યાલયમાં ગયા. ચેક મેળવ્યો.

બાજુમાં એક મિત્ર ઊભા હતા તેમની પેન માગી. ચેક 'ભારત સેવક સમાજ'ને નામે એન્ડોર્સ કરી ટપાલમાં રવાના કર્યો.

પેલા મિત્ર : 'બાબુજી, તમારે તો અન્ય કોઈ આવક નથી. આ ચારસો રૂપિયા મળ્યા તેય 'ભારત સેવક સમાજ'ને આપી દીધા. તો હવે ખાશો શું ?'

'ભાઈ, મારે સાત પુત્રો છે. સાતેય સારું કમાય છે. તે સાતેય દર માસે સો-સો રૂપિયા સ્વેચ્છાએ મને આપે છે. તે સાતસોમાંથી માંડ બસો-ત્રણસો ખર્ચાય છે. જે વધે છે તે પણ દર માસે 'સમાજ'ને મોકલી આપું છું. મારી બધી બચત 'સમાજ'ની જ છે.

*

મૂત્રપિંડની નબળાઈ હોય કે પેશાબમાં આલ્બ્યુમિન જવાથી હાથે-પગે-આંખે સોજા રહેતા હોય તો લાંબા સમય સુધી કારેલાં અગર તેના રસનું સેવન કરવાથી ફાયદો થાય છે.

*


જર્મનીમાં હેર હીટલરનો જન્મ ૧૮૮૯માં થયો હતો અને ૧૯૪૫માં તેણે આપઘાત કર્યો હતો.

*

અરેબિક ભાષામાં પહેલું કુરાન ઈ.સ. ૧૪૮૫માં તૈયાર કરવામાં આવ્યું હતું.

*

ભારતના ગોવા શહેરમાં પોર્ટુગીઝ સાધુઓએ ઈ.સ. ૧૫૬૧માં છાપખાનું શરૂ કર્યું હતું.



पचात्रान्युपवासश्च व्यायामश्चेति लङ्घनम् ।
चतुष्प्रकारा संशुद्धिः पिपासा मारुतातपौ ॥
જે સ્વાસ્થ્યને ઝંખે છે તેણે પાચક આહાર (ફળ શાક, દૂધ, છાશ વગેરે) લેવો, વ્યાયામ કરવો, ઉપવાસ કરવા, વમન, વિરેચન, બસ્તિ (એનિમા), સ્વેદન (સ્ટીમબાથ) લેવાં, જળપાન-સ્નાન કરવું, વાયુ અને પ્રકાશનું સેવન કરવું.

ફિનલૅન્ડનો હાથબનાવટનો કાગળ વિશ્વનો સૌથી કિંમતી કાગળ છે, જેની એક કાગળની કિંમત ૮૦ ડૉલર છે અને તે ન્યૂ યૉર્કમાં કોરીર્સ નામના સ્થળે મળે છે

*

ગણિતગમ્મત

૭૨૦૭૧૯ એવી રકમ છે કે જેને-
૨ વડે ભાગતાં ૧ શેષ વધે
૩ વડે ભાગતાં ૨ શેષ વધે
૪ વડે ભાગતાં ૩ શેષ વધે
૫ વડે ભાગતાં ૪ શેષ વધે
અને આમ ને આમ આગળ છેલ્લે-
૧૬ વડે ભાગતાં ૧૫ શેષ વધે.

ગણિતના એક સાદા નિયમને કારણે આવું બને છે. આ નિયમ શોધી કાઢીને વાચકો આ જાતની બીજી સંખ્યાઓ પણ બનાવી શકે.

-નૌતમભાઈ વખારિયા

*

ચામડીના કોઈ પણ રોગોમાં ખેર (ખદિર)ની છાલનું ચૂર્ણ ત્રણથી ચાર ગ્રામ જેટલું સવારે, બપોરે અને રાત્રે સહેજ ગરમ પાણી સાથે ફાકવાથી કે ખદિરારિષ્ટ પીવાથી રોગમાં મૂળભૂત ફાયદો થાય છે.

*

લિકન્સ : આ એક અષ્ટભુજાકાર છોડ છે, તે તેની નજીક આવતાં કોઈ પણ જીવડાં કે કીટકોને ક્ષણાર્ધમાં જ જકડી લઈ ચૂસી લે છે. આ છોડ પર્વતની ટોચે કે ઊંડી ખીણ ગમે ત્યાં ઊગી નીકળે છે. આ છોડને વધુમાં વધુ તડકો-ગરમી, હીમ કે તેજ વર્ષા કોઈ પણ નષ્ટ કરી શકતું નથી. તેનું બી કચડાતું-વટાતું પડી રહે અને અનુકૂળ સંજોગો મળતાં પચાસ વર્ષ પછી પણ ઊગી નીકળે છે, અને લાંબું આયુષ્ય ભોગવે છે.



ડુંગળીનો ડચકો ને બાજરાનો રોટલો ખાતો હોઉં તેવા ફોટા... છાપાં-ટીવી માટે પતી ગયા હોય તો ચાલો બધા, નજીકની કોઈ ફાઈવસ્ટાર હોટેલમાં લંચ પતાવી આવીએ.

*

ઈ.સ. ૧૫૨૦માં યૂરપમાં સૌપ્રથમ ચાંકલેટ બનાવવાનું શરૂ થયું હતું.

*

વકીલ : મિ. લૉર્ડ, આ માણસને પૂછવામાં આવે કે, પોતાની આટલી સુંદર, સુશીલ પત્નીને છૂટાછેડા આપવા એ કેમ ઇચ્છે છે ?

પ્રતિવાદી : જજસાહેબ, મેં જે બૂટ પહેર્યાં છે, તેનો દેખાવ સુંદર છે, પણ તે ક્યાં ડંખે છે, તેની ખબર મને જ હોય ને ? વકીલસાહેબને તે કેવી રીતે સમજાય ?

*

કલાકણિકા : ઈ. ૧૫૭૦ની આસપાસનું હાથે પહેરવાનું લોખંડનું કવચ, જેના પર સોનાનું જડતર કરેલું હોય છે. અત્યારે એ આઉગ્સબુર્ગ જર્મનીના નૅશનલ મ્યૂઝીઅમમાં છે.

